મે, ૨૦૧૫

# પાવન હૃદય દૂત

મૂળ સામયિકની સ્થાપનાઃ ૧૯૧૧
વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-



આવ્યો મે મહિનો, દિલ મારું રાચે, વા'લી માતાને વધાવવા રે. માતા મારિયાનાં બાળકો

"તારી કરુણા, હે પ્રભુ, પહોંચે આભની પાર
આસમાનને આંબી જતું તારું અવિચલ વ્હાલ."

# Happy 50th Anniversary





## ધનજીભાઈ એલ. મકવાણા ● આનંદીબેન ધનજીભાઈ મકવાણા

**લગ્ન સંસ્કારઃ** ૨૦ મે, ૧૯૬૫ (ફાધર કબાનાના હસ્તે બોરસદ મુકામે)

**લગ્નસંસ્કાર સુવર્ણજયંતીઃ** ૨૦ મે, ૨૦૧૫


વ્હાલાં મમ્મી-પપ્પા,

દિવ્યદયાની અસીમ કૃપાની ડગલે ને પગલે હામ રાખી, મુસીબતોનો સામનો કરી બનાવી છે જિંદગી. સુખ-દુઃખના પ્રસંગો ભરી નિરાશાને ત્યાગી, કર્યા આઠ બાળકોને આશાવાદી.


જીવનનાં તડકા-છાયડામાં સતત પડખે રહી, જિંદગીના દરેક પડકારને પહોંચી વળવાનું બળ પૂરું પાડી, એકબીજાના સંગાથ અને સહવાસથી પ્રભુને રસ્તે ચાલવા સતત ધાર્મિક મૂલ્યોનું સિંચન કરતાં લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરો છો ત્યારે સમગ્ર પરિવાર પ્રભુનો આભાર માને છે.

દિવ્ય દયા આપને પુષ્કળ આશીર્વાદિત કરે તથા આપનું જીવન પ્રભુના મહિમા અર્થે ખર્ચાય એ જ અભિલાષા સહ

**તમારા હાથે સિંચાઈને વટવૃક્ષ બનેલ આપના 'બાગબાન'નાં પુષ્પો**







**સૂર્યકાન્ત - નયના　　જાગૃતિ　રોશની　પુષ્પા　નિર્મળા　દક્ષા　શિલ્પા　　કિરિટ - નયના**

**સૂર્યાનગર સોસાયટી, કંથારિયા, જિ. આણંદ**

# HAPPY BIRTHDAY PAPA & MUMMY

*Congratulation on your 37th Marriage Anniversary*






**ચૌહાણ નટુભાઈ ભીખાભાઈ**

જન્મ તા: ૧૧-૦૫-૧૯૫૫

**ચૌહાણ જશીબેન નટુભાઈ**

જન્મ તા: ૨૮-૦૪-૧૯૫૫

**લગ્ન તારીખ:**

૧૫-૦૫-૧૯૭૮

પરમકૃપાળુ પરમેશ્વરની અસીમ કૃપાથી આપ, આપનાં લગ્નજીવનનાં ૩૭ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી રહ્યાં છો – એ વાતનો અમને અનહદ આનંદ છે. આપે આપની જવાબદારીઓનો સુંદર રીતે નિર્વાહ કર્યો છે. અમારા ઘડતર-ચણતરમાં આપનું બહુમૂલ્ય યોગદાન છે. સારા સ્વાસ્થ્ય સાથે ૬૦ વર્ષ પૂર્ણ કરવા બદલ તમારાં સંતાનો તમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. ઈશ્વર આપને ઘણું ઘણું લાંબુ આયુષ્ય બક્ષે એવી અમારી પરમકૃપાળુને પ્રાર્થના.

**લિ. આપનાં સંતાનો**

**હેતલ - હર્ષદ**

**ડો. રીતેશ અને આરતી**
**(અર્પણ ક્લીનીક - પેટલાદ)**

**હિતેશ**
**M.Sc. મરિન બાયોટેકનોલોજી**
**JRF (GSBTM)**
**ઉદ્યોગભવન - ગાંધીનગર**

**એન્જલિના અને બ્લેસી**

# ગુજરાતી કેથોલિક સમાજનું ગૌરવ



**જન્મ તારીખ: ૦૫-૦૮-૧૯૮૮**
(M. Pharm)

માતા મરિયમની અસીમ કૃપાથી અમારા ચિ. રોબિન સેમ્યુઅલ મેકવાનની GPSC દ્વારા લેવાયેલ નાયબ મામલતદારની પરીક્ષામાં સફળતા મેળવી નિમણૂંક પામવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.



**જન્મ તારીખ: ૨૦-૦૮-૧૯૯૦**
(M.Sc. Biotech)

અમારી સુપુત્રી ચિ. ડોરિન સેમ્યુઅલ મેકવાન M.Sc. Biotechnologyમાં જવલંત સફળતા મેળવી ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા જવા બદલ હાર્દિક અભિનંદન.

**સપ્રેમ શુભેચ્છકો**

**વિલિયમ જોસેફ ડાભી (મામા)**
**સીરિલ ડાભી (મામા)**
**પોલ ડાભી (મામા)**
**ફાબિયાન ડાભી (મામા)**

**ડો. સેમ્યુઅલ જે. મેકવાન (પિતા)**
**વિમળા સેમ્યુઅલ મેકવાન (માતા)**
**ફ્રેન્ક સેમ્યુઅલ મેકવાન (ભાઈ)**
**જે.જે. ખ્રિસ્તી (કાકા), લલીતાબેન (કાકી)**

૬/૬૨, HIG, સેક્ટર-૧૪, ગાંધીનગર
મો. ૯૪૦૯૨ ૧૦૮૩૧ / ફોન નંબર: ૦૭૯-૨૩૨-૪૯૧૬૧ / www.healthmary.com

# અનુક્રમણિકા

**આમંત્રિત તંત્રીલેખ**

મા... ✧ શૈલેષ ક્રિસ્ટી ૦૭

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૧૦

યાકૂબ પરમાર ✧ રમેશ મેકવાન ✧ સિલાસ પટેલિયા ✧ કલ્પેશ 'કલ્પ' ✧ બકુલ મેકવાન

**તમારો પત્ર** ૧૧

મનોજ અંતોન પરમાર ✧ શાંતિલાલ મેકવાન ✧ અમિત ચૌહાણ

**લેખો**

સંત યોસેફ ✧ 'રાજબંધુ' જયંત એમ. પરમાર ૧૨
પુત્ર સ્નેહ ✧ ફાધર વિલિયમ 'રિશ્તા' ૧૩
જરૂરિયાતમંદ પ્રત્યે અનુકંપા ✧ બ્રધર જોબીન ઈ.સં. ૧૪
ગુણવંતી અને ગતિશીલ ગુજરાત ✧ અલ્પેશ પરમાર ૧૬
સંત દોમિનિક સાવિયો ✧ ફાધર અશ્વિન પરમાર એસ.ડી.બી. ૧૮
પુનરુત્થાનને પ્રતાપે ✧ ફાધર ડો. અરસકુમાર ૨૦
બાળકોને મારી પાસે આવવા દો ✧ લોરેન્સ ૨૨
પરિવાર – પ્રેમનું બંધન ✧ અમ્રિતા જિતેન્દ્ર માર્શલ ૨૪
ઈશ્વરનો પુત્ર ✧ ફાધર એન્ડ્રુ સિલ્વેરા એસ.જે. ૨૬
'મા' અમૂલ્ય મૂડી ✧ મથુર વસાવા ૨૯
ગાડરાંની ભાળવણી ✧ પોલ મેકવાન ૩૦
આપણે ક્યાં જઈ રહ્યા છીએ ✧ જયંતી એ. મેકવાન ૩૨

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૩૩-૩૬

શ્રદ્ધાંજલિ ✧ ફાધર જોયલ પાયસ ૩૭
સુખનું સરનામું ✧ પ્રવીણ પ્રવાસી ૩૮
સફળ લગ્નજીવન ✧ અનુપ ડાભી ૪૦
અંતર્યામી આત્માનો અવાજ ✧ ફાધર રિચાર્ડ લોપીસ ઈ.સં. ૪૨
સુખી પરિવારની સાત ચાવીઓ ✧ ઈન્દુ રાવ ૪૪
પવિત્ર આત્માનો સંઘ ✧ સંકલનઃ તંત્રીશ્રી ૪૬

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ૬૦

**આવરણઃ** 'મા' પરમાત્માનું મૂર્તિમંત સ્વરૂપ છે. માની મમતાથી બ્રહ્માંડનું સર્જન સંપૂર્ણ બને છે. મે મહિનો માતા મરિયમને સમર્પિત છે અને માતૃદિનની ઉજવણી સફળ કરતાં માતા મરિમયને વંદન કરીએ છીએ.

આ અંકમાં અને કિશોરમિત્રમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ
coverpage courtesy: hellohealth.in

**Publisher's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન (મોઃ ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી (મોઃ ૯૪૨૭૦ ૦૪૦૦૨)


**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
ફાધર રત્નાસ્વામી

**જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**લવાજમઃ** બિનલ પી. મેકવાન


**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન



“જીવન અણમોલ બક્ષિસ છે, જ્યારે આપણે અન્યને પ્રદાન કરીએ છીએ ત્યારે જ આ સમજણ વિકસે છે.”

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ ‘પાવન હૃદય દૂત’ ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને ‘દૂત’ પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ ‘પાવન હૃદય દૂત’ ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ ‘પાવન હૃદય દૂત’ સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

‘પાવન હૃદય દૂત’ ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમયઃ

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### એપ્રિલ, ૨૦૧૫ ‘દૂત’ અંકથી જાહેરખબરના નવા દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૧,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

‘દૂત’ ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

‘પાવન હૃદય દૂત’ ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**

# આમંત્રિત તંત્રીલેખ

## મા...

મા એટલે મા! મા એટલે વાત્સલ્યની મૂર્તિ, જ્યૌતિર્મયીજનની, કરુણામૂર્તિ, ત્યાગમૂર્તિ, પ્રેમસ્વરૂપ એવા અનેક વિશેષણ માતાના ગુણગાન કરતાં જનસમાજમાં પ્રચલિત છે. કવિ બોટાદકરે "જનનીની જોડ સખી નહિ જડે રે લોલમાં" માતૃપ્રેમનો અનેરો મહિમા આલેખ્યો છે. આવી 'મા'નો અર્થ બધીજ ભાષામાં 'મા' જ થાય છે, એમ રવીન્દ્રનાથ ટાગોર લખે છે.

ભારતીય સંસ્કૃતિ મુજબ આપણે ભારતભૂમિને માતા તરીકે પૂજીએ છીએ, નદીઓ, વૃક્ષો, ગાય તથા તુલસીને માતા તરીકે ગણીએ છીએ. અર્થાત્ જે તત્વ થકી જીવન, પ્રકાશ અને પોષણ મળે તેવા કુદરતનાં પ્રત્યેક સ્વરૂપમાં આપણે માતાનાં દર્શન કરીએ છીએ ત્યારે આપણી જન્મદાત્રી માતા માટે માન સન્માન અને પૂજનીયભાવ હોય તે સ્વાભાવિક છે પરંતુ આજે ભૌતિકવાદ તરફની આંધળીદોટ અને વ્યસ્ત જીવન અને ટેલિવિઝનની મોહ-માયાજાળમાં માતા હાંસિયામાં ધકેલાતી જોવા મળે છે. વળી, કેટલાક તો એવું માને છે કે માબાપ જન્મ આપીને સંતાનને ઉછેરે એમાં એ કંઇ ધાડ મારતી નથી. દરેક મા આમ કરતી જ હોય છે. સંતાનોમાં આવી માનસિકતા વકરી અને વિકસી રહી છે, ત્યારે પશ્ચિમની માતૃદિનની ઉજવણી એક દીવાદાંડી બની રહી છે.

હાલમાં માતૃદિનની ઉજવવાની જે પ્રથા છે તે અમેરિકન સંસ્કૃતિની દેન છે. સૌ પ્રથમ ૧૧ મે ૧૯૦૮માં માતૃદિન ઉજવવામાં આવ્યો હતો. તેની શરૂઆત આન્ના જેરવીસ નામની મહિલાએ કરી હતી. આન્નાની માતા એન રેવીસ જેરવીસ એક સન્ડે સ્કૂલમાં શિક્ષકા હતાં. "સિવિલવૉર" દરમ્યાન બંને પક્ષોએ ઘવાયેલાં સૈનિકોની તેમણે સેવા ચાકરી કરી હતી. સને ૧૯૦૫માં તેમની માતાનું મૃત્યુ થતાં આન્ના એકલી પડી ગઈ. માતાના મૃત્યુથી તે દુઃખી અને નિરાશ થઈ ગઈ હતી. આ વિકટ સમયે તેની માતા ઉપર લખેલા લોકોનાં પત્રો વાંચીને તે આશ્વાસન મેળવવા લાગી. લોકોના પત્રોમાં પ્રશંસાના શબ્દો હતા. તેની માતાએ શાંતિદૂત તરીકે લોકોની જે સેવા કરી હતી તે પ્રત્યે આભારનો ભાવ હતો. આ પત્રોમાંથી આન્નાને એક વિચાર સૂઝ્યો કે માતા તેના જીવન દરમ્યાન જે કાર્યો કરે છે, જે બલિદાન આપે છે તે માટે તેનો આભાર માનવામાં આવતો નથી. આ વિચારમાંથી આન્નાએ માતૃદિનની ઉજવણીની ચળવળ શરૂ કરી. અને જ્યાં તેની માતા શિક્ષણ આપતી હતી તે સન્ડે સ્કૂલમાં પ્રથમ માતૃદિનની ઉજવણી કરવામાં આવી. જેને પ્રચંડ પ્રતિસાદ અને ટેકો મળ્યો. લોકો માતૃદિન ઉજવવા લાગ્યા અને તેની પ્રેરણાથી જ વિશ્વભરમાં ૪૬ જેટલા વિવિધ દેશોમાં જુદી જુદી તારીખે માતૃદિન ઉજવવામાં આવે છે. માતા એ સંતાનના જીવનનું સર્વોત્તમ અમી છે તે વિવિધ રીતે સંતાન ઘડતર કરે છે.

માતા એક પ્રેરક : સંતાનના જન્મ બાદ તેને પ્રેરણાનાં પિયુષ પાવાનું પાયાનું કાર્ય માતા કરે છે. સંતાનને ઉછેરતાં ઉછેરતાં, રોજિંદા જીવનમાં માતા જે સંસ્કાર સીંચન કરે છે. જે મૂલ્યો શીખવાડે છે તેની અસર સંતાનના સમગ્ર જીવન દરમ્યાન જોવા મળે છે. બલ્કે વિકટ અને કપરા સમયમાં માતાના આજ સંસ્કાર જીવન રાહ ચીંધે છે. એક પુખ્ત વ્યક્તિને સુધારવા કરતાં એક બાળકનું ઘડતર કરવું વધુ સરળ છે આમ બાળકના જીવનની ઉન્નતિ કે અવનતિનો આધાર માતાની પ્રેરણા અને સંસ્કાર ઉપર રહ્યો છે. માતા પ્રેરણાનાં જેટલાં ઊંડા મૂળિયા નાંખે તેટલી સંતાનના વિકાસની પાંખો વિકસે છે.

જગતના દરેક મહાન પુરુષોના જીવન ઘડતરમાં તેમની માતાઓનો અનન્ય ફાળો રહેલો છે. ગાંધીજીનાં માતા પૂતળીબાઈ, શિવાજીનાં માતા જીજીબાઈએ આપેલ યોગદાનની નોંધ ઈતિહાસે લીધેલ છે. એટલે જ કહેવાય છે કે, 'જે કર ઝૂલાવે પારણું તે જગ પર શાસન કરે.' ઈતિહાસમાં વિદુલા નામની એક સાધારણ માની કથા છે. જે પોતાના પુત્રને દીનહીન જીવન જીવવા માટે ઠપકો આપતાં કહે છે કે "તું ભૂસાની જેમ ધીરે ધીરે ન બળીશ. ભલે થોડા સમય માટે પણ દાવાગ્નિ જેમ તારા તેજનો વિસ્તાર કરીને જીવ." આમ પ્રત્યેક માતા તેનામાં રહેલી શ્રેષ્ઠતા બહાર લાવવા પ્રેરતી રહે છે. એટલે જ "હું આજે જે કંઈ કરી શકુ છું અને ભવિષ્યમાં જે કંઈ પણ કરી શકુ તેમ છું તે મારી માતાની દિવ્ય પ્રસાદી છે." એમ અબ્રાહમ લિંકન જણાવે છે. આમ માતા પ્રત્યેક સંતાન માટે પ્રેરણાતીર્થ હોય છે.

માતા એક સંયોજક : માતા અનેક ભૂમિકાઓ ભજવે છે. પુત્રી પત્ની, અને માતાની ભૂમિકા સાથે સાસરી અને પિયરપક્ષ સંબંધીત કેટલીય ભૂમિકાઓ ભજવવાની જવાબદારી માતાને શિરે હોય છે. સામાજિક રીતરિવાજો જન્મથી મરણ સુધીમાં સાજામાંદાના અનેક પ્રસંગો સાચવવા માતા પોતાની જાતને ઘસી નાખતી હોય છે. વળી માતા એક ચુંબકીય તત્ત્વ ધરાવે છે. તે પરિવારમાં સૌ સંતાનો અને સંતાનોના પરિવારોને એક સૂત્રે બાંધી રાખવાની સૂઝ ધરાવે છે. સૌનું માન-સન્માન જળવાઈને સૌ સંપીને રહે તેવું પ્રત્યેક માતાનું સંયોજન હોય છે. જેથી પરિવાર સલામતી ભર્યો સ્નેહાળ અને હૂંફાળો બને અને આવા વાતાવરણમાં જ સૌ સંતાનોનો વિકાસ સહજ બને છે.

ટોલ્સટોયે પોતાના 'ચાઈલ્ડ હૂડ' નામના લેખ સંગ્રહમાં નોંધે છે કે મારી માનો ચહેરો ખૂબજ સુંદર હતો. 'મા આવે અને માહોલ બદલાઈ જાય.' ખરેખર ટોલ્સટોયેના માતા વિરૂપ કહી શકાય એવાં હતાં. આમ માની સુંદરતા બહારની ત્વચા ઉપરથી નહિ પણ ભીતર હૃદયના ભાવો ઉપર આધારિત હોય છે. માતાનું સ્થાન હૃદયમાં છે. માતૃહૃદય સૌને સ્વીકારી સૌને જોડી રાખે છે. આથી માતાની હયાતીનો ખરો અનુભવ તેની બિન હયાતીમાં થાય છે જ્યારે કેટલાંક પરિવારમાં માતાના મૃત્યુ બાદ સંતાનોના સંબંધોનો માળો વિખરાઈ જતો જોવા મળે છે. ભૌતિકવાદનાં આ યુગમાં સંબંધો સ્વાર્થી બની રહ્યા છે. ત્યારે માતા જ નિઃસ્વાર્થભાવે સંબંધ જાળવી રાખે છે. અને અળવીતરા અને વિદ્રોહી સંતાન સાથે બાપ સંબંધ કાપી નાખે છે ત્યારે માતા જ સંબંધ જાળવી રાખવા પિતાને સમજાવે છે. આમ, માતા એમ.બી.એ થયેલી હોતી નથી છતાં સંયોજક તરીકે સુંદર અને અસરકારક ભૂમિકા ભજવી શકે છે.

માતા એક દીવાદાંડી : "તારી માની શિખામણ ઉવેખીશ નહિ, એ સદા તારે હૈયે રાખજે. તારે કંઠે રાખજે, તું જ્યારે ચાલતો હશે ત્યારે એ તને માર્ગ બતાવશે. ઊંઘતો હશે ત્યારે એ તારી ચોકી કરશે. અને જાગતો હશે ત્યારે એ તારી સાથે વાત કરશે." એમ સુભાષિતો ૬:૨૦ બાઈબલ સંતાન પ્રત્યે માતાની ભૂમિકા સ્પષ્ટ કરે છે.

આ ભૂમિકા મુજબ માતા સંતાન માટે દીવાદાંડીનું કાર્ય કરે છે. દીવાદાંડી દીશા દર્શાવે છે. એટલું જ નહિ ચેતવણી આપે છે. અને એમ કરતાં ક્યારેક લાલ આંખ પણ કરે છે. માની એક આંખમાં ઠપકો-ઝાટકણી તો બીજી આંખમાં લાડકોડ હોય છે. કુંભારની જેમ બહારથી થાપટ મારે છે પણ ભીતરથી સાચવી લે છે. એટલે જ કહેવાય કે "માતા મારે પણ માર ખાવા ન દે." કે જેથી સંતાન યોગ્ય જીવન જીવી શકે. ફાધર વાલેસ પણ લખે છે કે "માતાના શુભ સંસ્કારો દ્વારા, ઘડતર દ્વારા સંવાદો દ્વારા, કુટુંબમાં સ્વીકારેલા મૂલ્યો દ્વારા પાલન પોષણ થતું રહે છે. આમ માતા રોલમોડલ બને છે કારણ માતા જે વર્તન અને નિર્ણય કરે તેનું અનુકરણ સંતાનો સ્વાભાવિક રીતે કરે છે. આમ દીવાદાંડી બની માતા ચોવીસેય કલાક સંતાનોને પ્રકાશ અને રાહ ચીંધતી રહે છે."

માતા એક હૂંફ : સંતાન જન્મે છે ત્યારે શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણપણે માતા ઉપર આધારિત હોય છે. પરાવલંબી હોય છે. પોતાનું પોષણ કે રક્ષણ કરવા અસમર્થ હોય છે. વિશેષ તો બીમારીના પ્રસંગોએ માતા જ બાળકને સાચવે છે, સંભાળે છે. માતા સંતાનના રક્ષણ કાજે એક ગાભુ ઓઢાડી રાખે છે. આ ગાભાથી સંતાન હૂંફ અને સલામતી અનુભવે છે. શારીરિક સ્વાવલંબી બન્યા બાદ માતારૂપી એક અદૃશ્ય ગાભુ પ્રત્યેક સંતાનને હૂંફ આપતું હોય છે.

એક બાળક તેની માતા સાથે અભાવો અને ગંદકી વચ્ચે પૂંઠાના ઘરમાં રહેતું હતું. મધર ટેરેસા તે બાળકને પોતાના આશ્રમમાં લાવી, નવડાવી, ધોવડાવી, સ્વચ્છ કપડાં અને ખોરાક આપી સુવડાવે છે. પણ બીજા દિવસે તે બાળક તેની માતા પાસે ગંદકી અને પૂંઠાના ઝૂપડાંમાં દોડી જાય છે. બીજા વખત મધર ટેરેસા તેને આશ્રમમાં લઈ આવે છે. એજ રીતે નવડાવે ધોવડાવે છે. પણ બાળક ફરી પાછું માતા પાસે દોડી જાય છે. ત્યારે મધર ટેરેસા કહે છે કે, "હું એ દિવસે એક પાઠ શીખી કે ભૌતિક સુખ સગવડ કરતાં બાળક માટે માતાની હૂંફ અત્યંત અનિવાર્ય છે. આમ, માતા પણ હૂંફ અને કાળજી દ્વારા સંતાનને શારીરિક અને માનસિક રીતે સ્વાવલંબી બનાવે છે."

માતા એક શિક્ષિકા : નેપોલિયન બોનાપાર્ટનું જાણીતું કથન 'માતા એ સો શિક્ષકની ગરજ સારે છે.' ખરેખર પ્રત્યેક સંતાન માટે માતા જ એની પ્રથમ શિક્ષક છે. માતા પાસેથી સંતાન જીવન ઘડતરના પાયાના પાઠ સરળતાથી અને સહજતાથી શીખે છે. રોજિંદા જીવનમાં માતા સંતાનને સતત સમજાવતી અને શિખામણ આપતી રહે છે. જાણે કે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડની ભૂમિકા ભજવતી રહે છે. વળી દીકરી અને વિકલાંગ સંતાન માટે માતા વિશેષ કાળજી લેતી જોવા મળે છે.

વળી પ્રત્યેક માતા પોતાના સંતાનને શિક્ષણ... ઉચ્ચશિક્ષણ આપવા ઈચ્છતી હોય છે. સંતાન પગભર બની શકે તે હેતુથી તેને પ્રાથમિક શિક્ષણ જાતેજ આપે છે. વળી વધુ અભ્યાસ કે વિદેશ અભ્યાસ અર્થે પોતાના દર-દાગીના, જર-જમીન ખર્ચી નાખતા અચકાતી નથી.

માતા એક જવાબદાર વિભૂતિ : આધુનિક સમયમાં સંતાન ઉછેર મુશ્કેલ અને પડકારજનક બન્યાં છે. ઈન્ટરનેટ સહિતના અનેકવાનાંઓ સંસ્કૃતિ અને સંતાનનું હરણ કરી જવા રાવણની જેમ મ્હોં ફાડીને પ્રત્યેક લક્ષ્મણ રેખાની બહાર ઊભાં છે ત્યારે માતાની જવાબદારી વધારે ઊંડી અને વ્યાપક બની છે. પિતાની સરખામણીમાં માતા અનેક ક્ષેત્રે સંતાનની જવાબદારી ઉઠાવે છે. ઈશોપનિષદ્‌ના સૂત્ર "તેન ત્યક્તન ભુંજિયા" અથાત્ ત્યાગ કરીને ભોગવ તે સૂત્ર મુજબ માતા જીવે છે. પોતાનું સર્વસ્વ આપી દેવાની ઉદારતા એક માતામાં જ હોય છે.

વળી એક નાના બાળકના રક્ષણ માટે ચાદર ઓઢાડતી માતા એજ સંતાન વિકસે અને માતા તેના રક્ષણ માટે ચાદર ઓઢાડી શકવા અસમર્થ બને છે ત્યારે પ્રાર્થનાનો સહારા સાથે સંતાનને મજબૂત કવચ પૂરું પાડે છે. લિંકન હમેશા કહેતા 'મને યાદ છે મારી માતાની પ્રાર્થનાઓ સતત મારી સાથે રહેતી. મારી જિંદગી સાથે જોડેયેલી છે.'

આજ બાબતની પૂર્તતા યહૂદી કહેવત છે કે "ભગવાન સર્વત્ર પહોંચી ન શકે એટલા માટે એણે માતાનું સર્જન કર્યું" આમ આ માતૃત્વ એક રહસ્યમય બાબત છે. એક જીવમાંથી જીવ, એક દેહમાંથી દેહને જન્મ આપવાનો અનુભવ માત્ર એક સ્ત્રીને જ હોય છે. અને સ્ત્રી આ અનુભવ કોઈને ક્યારેય સમજાવી કે વર્ણવી શકાતી નથી.

બાહ્ય રીતે જોઈએ તો એક સ્ત્રી તેના જીવનકાળ દરમ્યાન ત્રણ વખત જન્મ ધારણ કરે છે. પ્રથમ તે બાળકી તરીકે અવતરે છે ત્યારે, બીજી વખત તેના લગ્ન થાય છે ત્યારે અને ત્રીજી વખત તેને બાળક જન્મે છે ત્યારે. અને જ્યારે તે પોતાના ગર્ભમાં સંતાન ધારણ કરે છે પછી તેના જીવનનું કેન્દ્ર અને જીવન બંને બદલાઈ જાય છે. તેનું સમગ્ર જીવન સંતાનને નિતાંતપણે ચાહવાનાં અને સંતાનને

સુખી કરવામાં જ વીતે છે. આથી જ માતાઓનું ઋણ આપણે ક્યારે ઉતારી શકીએ એમ નથી. માના ઋણ વિશે ઉમા શંકર જોષી કહે છે કે માતાનું ઋણ અનેક વિધ હોય છે. ઉમાશંકર જોષી 'મા'ના ઋણ વિશે કહે છે કે માતાનું ઋણ અનેકવિધ હોય છે. માતાનું ઋણ કોઈ ચૂકવી શક્યું છે? ખરુ જોતાં એ ઋણ નથી. ઋણ ગણીને એના રૂપિયા પૈસાનો હિસાબ માંડવામાં આવે અને જગતની માતાઓનાં ઋણ ચુકવવામાં સ્વયં ભગવાન હવાલો લે તો ભગવાનનું પણ દેવાળું નીકળે. એ તોજ કહેવાય છે કે જો ત્રાજવામાં એક પલ્લામાં આખી દુનિયા હોય અને બીજા પલ્લામાં માતા હોય તો પણ માતાનું પલ્લું જ ભારે બને. માતાની મૂલ્યવાન સેવાનો બદલો કોઈનાથી ક્યારેય વાળી શકાય તેમ નથી.

વળી આધુનિક કાળમાં પુખ્ત થયેલા સંતાનો પોતાની બાલ્ય અવસ્થા કે ભૂતકાળ અંગેના માબાપે લીધેલા કેટલાક નિર્ણયના લેખાંજોખાં કરીને તેમને દોષિત ઠેરવે છે પણ ભૂતકાળના નિર્ણય જે તે સમયના શ્રેષ્ઠ નિર્ણય હોય છે જેને બદલતા જતા સમય સાથે મુલવીને માબાપને દોષિત ઠેરવવા એ નરી બાલિશતા છે. હા એવી કેટલીક માતાઓ હોય છે. જે ઈર્ષાળુ, જુઠાં બોલી, પ્રપંચ કરનારી, કાવાદાવા રમનારી, ચારિત્ર્યહીન, કુલટા હોય છે. આવી માતાઓના વર્તનને કારણે માતૃત્વ શરમાતું હોય છે. વળી મા અને સાસુની બેવડી ભૂમિકા ભજવતી વેળા કેટલીક વખત સાસુ જીતી જતી હોય છે. ત્યારે પણ માતૃત્વ લજવાતું હોય છે. ખાસ તો જે માતાઓ પોતાની વહુ પાસેથી જે અપેક્ષા રાખે છે તેવી અપેક્ષા દીકરીમાંથી વહુ બનેલી પોતાની દીકરી પાસેથી રાખતી નથી બલ્કે પોતાની દીકરીને કાનમાં એવી ફૂંક મારે છે કે "સાસરીમાં ગાંઠતી નહિ"

વળી આધુનિક કાળમાં પુરુષ સમોવડી બનવાના બાલિશ અભરખામાં કેટલીક સ્ત્રીઓ પોતાની પ્રકૃતિને ઓળખી શકતી નથી અને માતૃત્વથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. 'માય ચોઈસ'ના રૂવાડે ચઢીને વિકૃતિ અને વિનાશ તરફ ઢળતી જાય છે. આવી સ્ત્રીઓને પોતાની સ્ત્રી સહજ પ્રકૃતિ ઓળખતા અને સ્વીકારતા શીખવું રહ્યું. કારણ સંતાન સર્જનની મહાન પ્રક્રિયા ઈશ્વરે તેમને બક્ષિસમાં આપેલ છે એક માત્ર સ્ત્રી જ સંતાનને જન્મ આપી સંસ્કૃતિનું સર્જન કરી શકે છે. કારણ માતૃત્વ થકીજ સ્ત્રી મહાન લેખાય છે. આવી માતાઓનું, મૃત્યુ થાય ત્યારે જગતમાંથી એક એવી સ્ત્રી ચાલી જાય છે જે ગમે તે પરિસ્થિતિમાં આપણે લાયક હોઈ કે ન હોઈએ આપણને અનરાધાર સ્નેહ કરતી હોય છે. શ્રી અરવિંદે લખ્યું છે તે મુજબ "માની કૃપા" સર્વત્ર વરસતી હોય છે. માત્ર આપણે એ ઝીલવા માટે ખૂલ્લા રહેવું જોઈએ. એટલે જ કુરાનમાં લખ્યું છે કે "માના પગમાં સ્વર્ગ છે. આ સ્વર્ગમાં શીતળતા છે..." ત્યારે "શીતળતા પામવાને માનવી તું દોટ કાં મુકે? જે માની ગોદમાં છે તે હિમાલયમાં નથી હોતી!"

આવી માને... પ્રત્યેક માને... તેનામાં ધબકતા માતૃત્વને માતૃદિન નિમિત્તે સો સો સલામ....

"માતા સમાન બીજી કોઈ છાયા નથી, માતાતુલ્ય કોઈ
રક્ષક નથી, માતા સમાન બીજી કોઈ પ્રિય વસ્તુ નથી."
(મહાભારત)

**ઓળિયું**

"પ્રત્યેક માતા મોશે સમાન છે, જે ઈશ્વરના આશીર્વાદિત
પ્રદેશમાં પહોંચી શકતી નથી પરંતુ આશીર્વાદિત પ્રદેશનું
સર્જન કરે છે." (સ્વ. વડાધર્મગુરુ પોલ છઠ્ઠા)

— શૈલેષ ક્રિસ્ટી Email : shaileshchristie@yahoo.com

## આહ્વાન : નેતૃત્ત્વનો અભાવ કેમ?

ઓગસ્ટ એટલે ક્રાંતિ...

ઓગસ્ટમાં આપણો દેશ કારમી ગુલામીમાંથી આઝાદ થયો હતો. આઝાદીના ભગીરથ કાર્યમાં અનેકાનેક નેતાઓનાં યોગદાન - બલિદાનની અનેક કથાઓ ભારતીય ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી છે.

આઝાદીના આટલા વર્ષે ખ્રિસ્તી તરીકેની આપણી સામાજિક પરિસ્થિતિથી શું તમને સંતોષ છે? સામાજિક અને રાજકીય ક્ષેત્રે 'આપણા નેતૃત્વ'ની કમી તમે અનુભવો છો? 'આપણું નેતૃત્વ' સફળ નહીં થવા અંગે તમે શું માનો છો? કેવી રીતે રાજકીય નેતૃત્વ ઊભુ કરી શકાય? **'નેતૃત્ત્વનો અભાવ કેમ?'** વિષય અંગે આપના મૌલિક વિચાર ૫૦૦ શબ્દની મર્યાદામાં પાંચમી જુલાઈ પહેલાં 'દૂત' કાર્યાલયને મોકલી આપવા વિનંતી. તે સાથે આપનો મોબાઈલ નંબર, ઈમેઈલ, પરિચય (એક વાક્યમાં) અને પાસપોર્ટ સાઈઝનો ફોટો અવશ્ય મોકલવો.

- સહતંત્રી

**જુલાઈ માસ માટે કવિ/લેખકોને લેખનકાર્ય માટે આમંત્રણ**

**જુલાઈ માસના મહત્ત્વના દિવસો.**

૧ જુલાઈ — ડોક્ટર્સ ડે -
વનમહોત્સવ સપ્તાહનો આરંભ
૪ જુલાઈ - વિશ્વ સહકાર દિન
૧૧ જુલાઈ - વિશ્વ વસ્તી દિન
૨૫ જુલાઈ - પેરન્ટ્સ ડે (વાલી દિન)
૨૬ જુલાઈ - કારગિલ વિજય દિવસ.

**ધર્મસભાના મહત્ત્વના દિવસો**

૩ જુલાઈ - ભારતના પ્રેષિત સંત થોમાસ
૧૬ જુલાઈ - કાર્મેલગિરિનાં માતા મરિયમ
૨૨ જુલાઈ - મગ્દલાનાં સંત મરિયમ
૨૫ જુલાઈ - પ્રેષિત સંત યાકોબ
૨૮ જુલાઈ - ભારતીય સંત આલ્ફોન્સા મુત્તાથુપાડાથુ
૩૧ જુલાઈ - લોયોલાના સંત ઈગ્નાસ

**નોંધ :** લેખ/કાવ્ય પાંચમી જૂન પહેલાં મોકલવા અને કાવ્ય, કાવ્યધારાના સંપાદકશ્રીને સીધાં મોકલવાં વિનંતી.

# કાવ્યધારા



## આપણે

વતનમાં આવતાં સ્વાગત
ઈસુજીનાં કરેલાં આપણે,
ખજૂરીની હલાવી ડાળખી,
દુઃખડાં લીધેલાં આપણે.
અને દરબારમાં ઈન્કાર
ઈસુનો કરેલો, યાદ છે?
પીતરના રૂપમાં,
ઈન્કાર તે જાતે કરેલો આપણે.
પિલાતે હાથ ધોઈને પછી
સોંપ્યા ઈસુને મારવા,
સૂબાને હાથ ધોવા નીર
લોટાથી ધરેલાં આપણે.
જવાને ગુલગાથા જ્યારે
ચાલ્યા ઈશ ખભે લઈ ક્રોસ,
ઊભીને કાલવારી પહાડના
રસ્તા ચીંધેલા આપણે.
હથોડા ઝીંકવામાં સૈનિકો
પાછા પડે એ બીકથી,
હથોડા એક બે ખીલા ઉપર
ભારે ઝીંકેલા આપણે.
બતાવી માર્ગ જીવનનો
ઈસુ તો સ્વર્ગમાં ચાલ્યા ગયા.
અને આ ભાર ઝલ્લા
દિલથી રડતા રહેલા આપણે.

— યાકૂબ પરમાર

## આશ છે

સૂરજ ડૂબી ગયો છતાં કિરણોની આશ છે,
ક્ષિતિજની પેલે પાર પણ એની તલાશ છે!

મરું તો અડી દેહને, ના ખાતરી કરો,
દિલને અડો, તો જાણશો, હજીય શ્વાસ છે!

દટાયું છે અહીંયા કોઈ સંઘર્ષ કરીને,
સૂકું છે ચારેકોર, અહીં લીલું ઘાસ છે!

કરો ના શોક મોતનો, એતો પડાવ છે,
શ્રદ્ધા મને ઈશ્વર ઉપર, જે ખૂદ ઉજાસ છે!

— રમેશ મેકવાન

## મજૂર દિન

(૧લી મે આંતરરાષ્ટ્રીય મજૂરદિન નિમિત્તે)

બાવડાના બળે બળે
મળે શ્રમના આનંદનો કણ!
કણકણમાં
મણમણના કર્મનો પરસેવો રેલાય
ને ફેલાય
આયખાના ખેતરમાં
સંતોષનો ઉજાસ!
શ્રમ વિનાનું, રસકસ વિનાનું,
શ્રમ વિનાનું, ના ટકે,
શ્રમ વિનાનું વેળા પહેલાં વહી જાય!
શ્રમના તાંતણે
બંધાયેલા આપણે સહુ મજૂર —
એવા ભાવમાં જ
સાથે હોવાનો આનંદ,
એ આનંદમાં જ શ્રમ મહિમા!
હો ભલે શ્રમ તનનો,
હો ભલે શ્રમ મનનો,
હો ભલે શ્રમ મગજનો,
અંતે શ્રમભર્યા આપણે
એક યા બીજી રીતે છીએ મજૂર!

— સિલાસ પટેલિયા

## અડધા ફરીથી

તું ગણીને આપ, આ મણકા ફરીથી,
ભીતરેથી ઊઠશે અફવા ફરીથી.

એ મને જોઈ ભલે હસતા રહે,
હું નજર નાંખું, પડે પડદા ફરીથી.

એમના ફળિયા વિષે તો શું કહું?
આ તરફ આવ્યા હશે, પગલાં ફરીથી.

હું સવારે નીકળું માણસ બનીને,
સાંજ પડતાં વીંધશે, સણકા ફરીથી.

રાત પડતાં એમને જોયા ના કરો,
જાગશે ફાનસ લઈને, અડધા ફરીથી.

— કલ્પેશ 'કલ્પ'

## શિકાયત પ્રભુની

કહેવાની મારી પાસે બસ એક જ વાત છે,
મારે મન ના કોઈ નાત છે, ના જાત છે;

મંદિર, મસ્જિદ ને ગિરજાઘર છે તમારું સર્જન
નથી એ રહેવાનું, થશે એનું પણ વિસર્જન;

બનાવ્યા છે તમે જે જુઓ વાડા ને બધાં વર્ણ,
હાલે પણ નહિ ઈચ્છા વિણ મારી એકે પર્ણ;

ધર્મને નામે હળાહળ ઓકતાં રહો છો ઝેર,
શમતું નથી કદાપિ બસ વેર ને સાટે વેર;

છે બસ "ભાવના" જ મારી એકમાત્ર ભૂખ,
નથી દેતી વાત બીજી એકે એથી અધિક સુખ;

મંદિરિયે તમે નહિ આવો નિત તો પણ ચાલશે,
અનાદર રંકનો ને રાંકનો ખચીત મને સાલશે.

— બકુલ મેકવાન





# તમારો પત્ર



### (૧)

માર્ચ, ૨૦૧૫નાં અંકમાં આગ્નેસ વાઘેલાનો લેખ 'ઈસુના મહિલા શિષ્યોઃ ધર્મસભામાં મહિલાનું સ્થાન' ઉત્તમ રહ્યો. લાંબા અંતરાલ પછી 'દૂત'માં બીજી વેટિકનનાં ઉઘાડનો ચમકારો અનુભવ્યો. લેખિકા અને તંત્રીને અભિનંદન. ધર્મસભા દ્વારા ચલાવતા અન્ય સામયિકો, ન્યુ લીડર, એક્ઝામિનર, જીવન અને મુંબઈથી મરાઠીમાં છપાતા સુવાર્તા જેવાં સામયિકોમાં બીજી વેટિક્નનો પ્રભાવ જોવા મળે છે. છેલ્લાં કેટલાંક વર્ષથી 'દૂત'માં આ પ્રકારના લેખ નહિવત્ જોવાં મળે છે. લેખિકાના લેખથી આશા જન્મી છે. આવા ચમકારા અવારનવાર અનુભવાશે તો 'દૂત'નાં વાચકો, ગ્રાહકોની તરસ છીપાશે.

— મનોજ અંતોન પરમાર (જિટોડિયા-આણંદ)

### (૨)

એપ્રિલ-૨૦૧૫નાં પાવન હૃદય 'દૂત'નું વાંચન કર્યું. સૌ પ્રથમ મુખપૃષ્ઠ પર કંડારેલ, મુખ પર કાળી પટ્ટી લગાવેલ, વળી બંને હાથની પકડમાં જકડાયેલો ક્રોસ મુખ પર સંવેદનશીલ લાગણી સભર સન્યસ્ત જીવન જીવતા સાધ્વીનું દૃશ્ય જોઈ આંખમાંથી દડદડ આંસુ વહેવા જેવી પરિસ્થિતિ અનુભવવા લાગી. તાજેતરના ખ્રિસ્તીઓ પરના અત્યાચારોનું મૂક પ્રતીક દર્શાવી સમસ્ત ખ્રિસ્તીઓની લાગણીની પ્રતીતિ દર્શાવતુ પ્રતીક એળે નહીં જાય તે નિઃશંક હકીકત બની રહેશે.

વાચન સામગ્રીમાં 'ઈસુનું પુનરુત્થાનનો મારા જીવનમાં અર્થ' લેખ સમયોચિત હોતાં પ્રેરણાદાયી અને અસરકારક રહયો. લેખના સમાપનમાં કંડારેલ પ્રશ્નો ખૂબ ચિંતન-મનન અને પુનરાવર્તિત વાચન કરી વાગોળવાં જેવાં જણાયા. પ્રત્યેક ખ્રિસ્તીજન માટે પડકારરૂપ હોવા છતાં આધ્યાત્મિક રીતે મૂલ્યવાન જણાયો. સંન્યસ્ત જીવનનું પગથિયું ચઢવા જ્યારે ઓટ જોવા મળે છે, ત્યારે 'પરિવર્તનનો વાહક' અને નવદીક્ષિત પુરોહિતના માહિતી લેખો ધર્મસભામાં સંન્યસ્ત જીવનમાં પ્રવેશ મેળવવા પ્રેરણાસ્રોત બની રહે છે. છેલ્લે 'બચતથી બની બળવત્તર' લેખ સૌ કોઈને દિશાસૂચક બનશે તેમાં બેમત ન હોઈ શકે. સુંદર આધ્યાત્મિક લેખો લખવા બદલ સૌ લેખકોને અભિનંદન.

— શાંતિલાલ મેકવાન (બોચાસણ)

### (૩)

એક ગુજરાતી લેખકે લખ્યું હતું, કે 'જે માણસ હસવાનું ભૂલી ગયો છે એ મારી દૃષ્ટિએ બીમાર છે, 'દૂત'ના એપ્રિલ ૨૦૧૫ના અંકમાં ડો. થોમસ પરમારનો 'એપ્રિલની હળવી હવા' લેખ ઘણાની બીમારી દૂર કરશે, ખરુને! અભિનંદન.

'પરિવર્તનનો વાહક' લેખમાં જેનેટ જે ફાર્મરે ફાધર એડવીન વિશે સરસ લેખ લખ્યો છે. હંમેશા ગુણવત્તાવાળું લખાણ જ આપણ સૌને આકર્ષતુ અને ગમતું હોય છે. અને એ દૃષ્ટિએ જોઈએ તો 'દૂત'માં હવે સારો એવો બદલાવ જોવા મળી રહ્યો છે.

તંત્રીશ્રી જસવંત મેકવાનનો લેખ, 'બચતથી બની બળવત્તર' સમાજની મહિલાઓ માટે પ્રેરણારૂપ છે. અહીં 'સ્વ સહાય જૂથ'ની વાત છે. જે આજે આપણા સમાજની સ્ત્રીઓ માટે ખૂબજ અગત્યની બાબત છે. કપડવંજ અને એની આસપાસના ગામડાંની બહેનો બચત દ્વારા બળવાન બની છે, તે લેખમાંથી ફલિત થાય છે. તંત્રીશ્રી ફરી એકવાર આપને Congratulatian આવો લેખ લખવા માટે.

'પુસ્તક ઘરનો પ્રાણ' લેખ વાચન સંબંધિત હોવાને લીધે વાંચવો ગમ્યો. મારી પોતાની વાત કરું તો હું મોટાભાગે ઉત્તમ પુસ્તકો અને સામયિકો વચ્ચે જ ઘેરાયેલો રહું છું અને એટલે વાચન સંબંધિત ક્યાંક લેખ વાંચવા મળે તો હું અચૂક વાંચુ છું. આ લેખમાં કાર્લ માર્ક્સના 'દાસ કેપિટલ' ગ્રંથનો ઉલ્લેખ જોઈને આ ગ્રંથ વાંચવાની ઈચ્છા થઈ આવી. વેકેશનના સમયમાં ઈતરવાચન કરવામાં આવે તો ઘણો લાભ થાય છે.

'દૂત'માં જે તે લેખકનો ફોટોગ્રાફ મૂકવામાં આવે છે. 'દૂત' તંત્રીમંડળની આ પહેલને હું આવકારું છું. આપણા સમાજમાં નવોદિત લેખકોને જો અત્યારથી જ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે તો ભાવિમાં એમની પાસેથી ઘણું મેળવવાની અપેક્ષા રાખી શકાય. લેખન શિબિર પણ યોજી શકાય. દીવાળી અને ઉનાળુ વેકેશનમાં શાંત અને રમણીય વિસ્તારમાં આવી શિબિરનું આયોજન થાય તો હું માનું છું કે રસ ધરાવતા લોકો તેમાં ચોક્કસ ભાગ લે. તંત્રી અને 'દૂત' તંત્રીમંડળને લેખક-પત્રકાર અમિત ચૌહાણ તરફથી અભિનંદન.

— અમિત ચૌહાણ (વલાસણ)

# સંત યોસેફ

✍ **‘રાજબંધુ’ જયંત એમ. પરમાર**

*નિવૃત્ત શિક્ષક, ગોરવા - વડોદરા*

‘સંત શબ્દની મૂળધાતુ સંસ્કૃતમાં ‘સત્’ છે અને પ્રાકૃતમાં સંત. જેના અર્થ નિષ્પન્ન થાય છે સાધુપુરુષ, સત્યપુરુષ-ભલો, પવિત્ર માણસ. શાસ્ત્રમાં પુરુષના ચાર પ્રકરાંતરો જણાવાયાં છે. સત્યપુરુષ - જે સાદુ, નિર્મળ જીવન જીવે અને ગૃહસ્થાધર્મ નિભાવે. કાપુરુષ જે વિષય-વ્યસનમાં લિપ્ત રહે. સત્પુરુષ જે સત્યનું સમાચરણ કરતાં નિષ્ઠાપૂર્વક જીવે અને સમષ્ટિનું હિતસંપાદન ચાહે. જ્યારે સંતપુરુષ એ ત્રણેથી ઉપર ઉઠી માનવસેવાને પ્રભુસેવા માને, અધ્યાત્મને આરાધે, કલ્યાણયાત્રાના યાત્રી બની નિઃસ્વાર્થભાવે પોતાનું જીવન સમર્પી દે.’ શ્રેયાર્થી ધર્મગુરુ આમ્બ્રોસ ડાભીના ‘સંતોની કેડીએ’ ગ્રંથની પ્રસ્તાવનામાં સ્વ. જોસેફ મેકવાન સંતની સંકલ્પનાના શબ્દ સંત યોસેફ માટે યથાર્થ ઠરે છે.

માતા ધર્મસભા ‘ઈસુના પાળક પિતા’ સંત યોસેફને તહેવાર ૧૯ માર્ચ અને ‘કામદાર સંત યોસફનું પર્વ જો મે મહિનાના પ્રથમ દિવસે ઉજવે છે. ૧૫મી સદી પછી સંત યોસફની ભક્તિ ધર્મસભામાં પ્રચલિત બની છે. જ્યારે કામદાર સંત યોસફના પર્વનો આરંભ વડાધર્મગુરુ બારમા પિયુષે ૧૯૫૫માં કર્યો હતો માનવશ્રમને ગૌરવ આપવા તથા મજૂર સંઘને આધ્યાત્મિકતાનો દૃષ્ટિકોણ આપવાના પ્રયોજને પર્વની ઉજવણી મહાશ્રી પોપે શરૂ કરી હતી, એટલે જ તેઓ સૌ કામદારોના રક્ષક અને આદર્શ ગણવામાં આવે છે.’

સંત જોસેફ ‘ધર્મનિષ્ઠા માણસ’ હતા એટલો જ ઉલ્લેખ શુભસંદેશ (માથ્થી ૧:૧૯)માં મળે છે. ‘ધર્માનુરક્ત માનવ’નું સન્માન મેળવનાર સંત યોસેફ વિશે ‘શુભસંદેશ’માં જૂજ માહિતી મળે છે. ભગવાન ઈસુના બાળપણના પ્રસંગોમાં તેમના નામના ઉલ્લેખ સિવાય ભાગ્યે જ તેમના વિશે વાંચવા મળે. તેઓ એક સામાન્ય હાથ કારીગરનું જીવન જીવી ગયા, ક્યાંય પણ તેમની વ્યક્તિગત મહાનતા કે પરંપરાગત પવિત્રતાની નોંધ જોવા મળશે નહિ. તેમના મુખેથી ઉચ્ચારાયેલ એકપણ શબ્દ શાસ્ત્રમાં ન મળે. મૌન તેમની ભાષા હતી, ઈસુ બાળ જન્મના પ્રસંગમાં, તેઓ ગમાણના પશુઓના કે ભરવાડના પડછાયા સમાન જોવા મળે છે. હા, દેવદૂત સાથે સ્વપ્નમાં થયેલા વાર્તાલાપમાં તેમના સદાચરણનો રણકો સંભળાય છે. દૈવી આયોજનને ચૂપચાપ શરણે જવાનો ભાવ અહીં છે. ધર્મભીરુતાએ જ સંત યોસફને, ઈશ્વરેચ્છા પાર પાડવા હિંમત અને નિર્ણય શક્તિ આપી.

સુવાર્તાકારની નોંધ અને ધર્મસભાના શિક્ષણને આધારે સંત યોસફના ચરિત્રચિત્રણમાં કેટલીક બાબતો અવશ્ય જોવા-જાણવા મળે છે.

ઈશ્વરના અનન્ય ભક્ત : ઈશ્વરની આજ્ઞાને હમેશાં આધીન રહેવું, એ એમના સ્વભાવનું પ્રમુખ લક્ષણ છે. જીવનની દરેક પરિસ્થિતિમાં હમેશાં શાણપણ અને સમજણદારીથી કામ કર્યું, તેથી જ ઈશ્વર પિતાએ મરિયમના ‘વર’ તરીકે પસંદ કર્યા, અને બાળઈસુના પાળક પિતા બનાવ્યા.

પત્ની પરાયણ પતિ : નમ્ર, માયાળુ અને આજ્ઞાંકીત યોસફનાં વેવિશાળ કુમારી મરિયમ સાથે નક્કી થયાં. તેમનું વતન યહુદિયા પ્રાંતનું નાનું ગામ બેથલેહેમ. મરિયમ પવિત્ર આત્માની કૃપાથી ગર્ભવતી બન્યા સમાચાર જાણી ડરી ગયા, ત્યારે દૂતે દર્શન દઈ હિંમત આપી.

દૂતવાણી સાંભળી મરિયમનો સ્વીકાર કર્યો, તેમને પોતાના ઘેર તેડી લાવ્યા. તે સમયે બાદશાહ ઑગસ્તસના ફરમાને નામ નોંધાવવા વતન ગયાં. ત્યાં વેણ ઊપડી, બાળનાં જન્મ આપ્યો, ને બાળકને મંદિરમાં અર્પણ કર્યું.

પુત્ર વત્સલ પાળકપિતા : યોસેફના પુત્ર વત્સલ પ્રેમે, બાળકને ઈશ્વરના પ્રેમનો અનુભવ કરાવ્યો. તેઓ પ્રેમાળ પિતા, વિશ્વાસુ પાળક પિતા બન્યા. પુત્ર અને તેની માતાના બચાવ કાજે મિસરદેશ ચાલ્યા ગાયા.

કર્મનિષ્ઠ અને પ્રમાણિક કામદાર : આજીવન સુથારી કામ કરી, પરિવારનું ગુજરાન ચલાવનાર પ્રામાણિક કામદાર બની, માતા ધર્મસભાના ‘રક્ષકસંત’ તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી.

‘બાળ ઈસુના પવિત્ર નામે, હર્ષિત રહ્યો તાત,
પોષણ કર્યું, પૂરણ પ્રેમે, થઈ શ્રમિક બાપ.’

પવિત્ર ધર્મસભાના રક્ષક : પવિત્ર શ્રીસભાની મોટી પ્રતિષ્ઠા સમાન, પરોપકારી જીવન તેમનું હતું. તેથી જ તેમને માતા ધર્મસભાએ ‘રક્ષકસંત’નું નોબેલ પ્રાઈઝ આપ્યું. ધર્મજનો તેમનું સન્માન કરી, તહેવારદિને શ્રદ્ધાસુમન અર્પણ કરે છે.

તેઓ એક આદરણીય પતિ, પિતા અને રક્ષક સ્વરૂપમાં હજારો કેથલિકોના હૃદયમાં સ્થાન પામ્યા છે. ખૂદ પિતાએ જ તેમને પોતાના પરિવારમાં વડીલ તરીકે નિમ્યા છે.

‘ઈસુ-મારિયા-યોસેફ સા’ય કરજો સદા અમોને સહાય...’ તો ચાલો... આપણે બધા જ શ્રદ્ધાળુઓ વડીલ સંત યોસેફને પાયે લાગી, બે હાથ જોડી, નત-મસ્તક ઝૂકાવી, કોટિકોટિ વંદન કરીએ. ●

મો.નં. ૯૯૯૮૯૭૩૫૧૮





**આભાર**

ખ્રિસ્તમાં વ્હાલા ફાધરો, સિસ્ટરો, ધર્મજનો, મિત્રો, સગાંસ્નેહીઓ, હિતેચ્છુઓ, નામી-અનામી સર્વને **મિતેષ**ના નવજીવન માટે પ્રાર્થનારૂપી જે ઓસડથી સાજાંપણું મળ્યું છે તે બદલ અમો માતા મરિયમ, પિતા, પુત્ર, પવિત્રઆત્માનો તથા આપ સર્વનો મેકવાન પરિવાર તરફથી અંતઃકરણથી આભાર.

**પ્રકાશ, લત્તા, અભી, રંજા તથા ગોહિલ પરિવાર**
વ્રજધામ ફ્લેટ, ટી.પી.૧૩, વડોદરા

# પુત્ર સ્નેહ



✍ ફાધર વિલિયમ ‘રિશ્તા’

પ્રશાંત, વિધવા મા ગુણવંતીબહેનનો એકનો એક વહાલસોયો પુત્ર હતો. અભ્યાસમાં આમ તો સામાન્ય. પરંતુ સખત પરિશ્રમ કરીને પહેલી જ ટ્રાયલે તેણે સી.એ.ની પરીક્ષા પાસ કરી. શહેરમાં એક નાનકડી ઓફિસ ભાડે લઈ તેમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકેનો પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. કામનો ભાર હોવા છતાં ઓફિસેથી રોજ તે છ વાગે ઘેર આવી જતો હતો. જેથી માની સાથે નિરાંતે બેસી શકાય. આજે તે ખાસ્સો મોડો આવ્યો. બા સાંજની રસોઈ પતાવી હીંચકા પર બેસીને તેની રાહ જોતાં હતાં.

“બા, આજે બહુ મોડું થઈ ગયું. તને બહુ રાહ જોવડાવી”, પ્રશાંતે બાને પગે લાગી, ઘરમાં પ્રવેશી હાથપગ ધોવા બાથરૂમમાં ગયો અને બહાર આવી ટુવાલથી હાથ-મોં લૂછતાં બોલ્યા : “બા, ચાલ જમી લઈએ. તને પણ ભૂખ લાગી હશે. ઓફિસમાં ઓચિંતાનું બહુ અગત્યનું કામ આવી ગયું એટલે મોડું થઈ ગયું. તને કહું છું બધું એ.” ગુણવંતીબહેને પ્રશાંતની તથા પોતાની થાળીમાં રસોઈ પીરસી. બંને જમવા બેઠાં. પ્રશાંત કંઈક બોલવા જતો હતો ત્યાં જ તેને અટકાવીને ગુણવંતીબહેન બોલ્યાં : “બેટા, પહેલાં જમી લે. પછી શાંતિથી મને બધું કહેજે. શી ઉતાવળ છે?”

“ના, બા બહુ ઉતાવળ છે અને તારા ઉપર બધો આધાર છે”, પ્રશાંતે વાત શરૂ કરી. “જો બા, આજે મારી ઓફિસમાં મોટી મોટી પેઢીઓના બે વેપારીઓ આવ્યા હતા. બહુ મોટી કમાણી કરી આપે એવા એક વેપારનો તેમને કોન્ટ્રાક્ટ લેવાનો છે. એમાં તેમને મારો સહકાર જોઈએ છે. હિસાબોમાં ખાસ્સી ગરબડ કરવી પડે તો જ મોટો ફાયદો થાય એવું એમનું કહેવું છેં. હું એ કરી આપું તો મને પાંચ લાખ રોકડા આપવાનું વચન આપ્યું છે. ફક્ત એક અઠવાડિયામાં બધું પતાવી દેવાનું છે. બા, તું હા પાડે તો હું તેમને હા પાડું.”

પાંચ વર્ષ પહેલાં પ્રશાંતના પિતા એક ગોઝારા મોટર અકસ્માતમાં સ્થળ ઉપર જ મૃત્યુ પામ્યા ત્યાર પછી ગુણવંતીબહેને પતિના પ્રોવિડન્ડ ફંડ અને વીમાના વળતરની રકમને ફિક્સમાં મૂકીને તેના વ્યાજની આવકમાંથી કરકસર કરીને ઘર ચલાવ્યું, પ્રશાંતને ભણાવ્યો અને સી.એ. બનાવ્યો હતો.

પુત્રની વાત સાંભળી થોડીવાર મૌન રહી ગુણવંતીબહેને કહ્યું: “બેટા, તું બહુ થાકેલો છે એટલે સૂઈ જા. કાલે સવારે ઓફિસે જતાં પહેલાં તને મારો જવાબ આપીશ. મને થોડો વિચાર કરવા દે.”

ઓફિસમાં પ્રશાંતને કામકાજ ઘણું રહેતું એટલે રોજ ૯ વાગે તે ઘેરથી નીકળી જતો હતો. બા એને ૭ વાગ્યે ઉઠાડી દેતાં, જેથી એ નાહીંધોઈ, નાસ્તો કરીને પરવારી જાય. રોજની જેમ આજે પણ ગુણવંતીબહેન પુત્રને જગાડવા તેની રૂમમાં ગયાં. પ્રશાંત તો કુંભકર્ણની જેમ ઊંઘે. બા બૂમ પાડે એની કશીયે અસર ના થાય. પડખું ફેરવે અને ઊંઘવાનું ચાલુ રાખે. બે-ત્રણ વાર હલાવે ને બૂમ પાડ્યા કરે ત્યારે જ આંખો મસળતો એ જાગે. પથારીમાંથી ઊઠી જાય. ગુણવંતીબહેનને વર્ષોની રોજની આ રામાયણ હતી. ક્યારેક તે કંટાળી જતાં, પુત્ર પર ગુસ્સો પણ ઠાલવતાં. પરંતુ, પોતાના વહાલસોયા પુત્રને રોજ સ્વસ્થ, નિરોગી અને ચિંતામુક્ત ઊંઘતો જોઈને તે બહુ રાજી થતાં હતાં.

પ્રશાંત ઊઠી ગયો. પ્રાતઃક્રિયાઓમાં રોકાયો. દરમ્યાન બા નાસ્તો તૈયાર કરવા રસોડામાં આવ્યાં. દીકરાએ રાત્રે પૂછેલાં પ્રશ્નનો જવાબ આપવાની ગડમથલ તેમના મનમાં ચાલુ હતી. સ્નાનાદિથી પરવારી, તાયાર થઈ પ્રશાંત નાસ્તાના ટેબલે આવ્યો અને બાને પ્રશ્ન કર્યોઃ “બા, મને કહે, વેપારીઓની ઓફર સ્વીકારી લઉં?”

ગુણવંતીબહેને જવાબ વાળ્યોઃ “ના, બેટા. વેપારીઓને ના કહીં દેજે”, અને પ્રશાંતના માથે હેતથી હાથ ફેરવતાં બોલ્યાઃ “બેટા, મારે તો તને રોજ રાત્રે પથારીમાં સ્વસ્થ, નિરોગી અને ચિંતામુક્ત ઊંઘતો જોવો છે.”

વાત્સલ્ય સાથે ભળેલી ચિંતાની લાગણીઓ વરસાવતાં બાનાં ચક્ષુઓ સામે પ્રશાંત દીર્ઘ પળો નિઃશબ્દ બનીને જોઈ રહ્યો. તેની આંખોએ, બાની લાગણીઓનો, આંસુ સારીને પ્રતિસાદ આપ્યો. વિલંબ વિના ડાઈનિંગ ટેબલ પર રાખેલા ફોનનું રીસીવર ઉપાડ્યું, નંબર ડાયલ કર્યો અને ફોન ઉપર જ ટૂંકી વાત કરી વેપારીઓની ઓફરને ઠુકરાવી દીધી. ●

Email : wmacwan@jesuits net.

**ગુડ લક એન્જિનીયરિંગ**

**જૉબ વર્ક જેવાંકે**

સ્ટ્રક્ચરલ, પાઈપલાઈન (ડ્રોંઈંગ વગર / સાથે) અને દરવાજા, બારણાં વગેરે કામ તાત્કાલિક ધોરણે કરી આપવામાં આવશે.

**સંપર્કઃ રાજેશ પટેલિયા**

**મો. ૯૪૨૭૬ ૫૫૮૯૨ / ૮૭૩૪૮ ૨૧૨૬૮**

**ગુડ લક એન્જિનીયરિંગ કમ ટ્રેનિંગ**

વેલ્ડર, ફિટર, ઈલેક્ટ્રિશિયન, કાર્પેન્ટર, સ્કૅફફોલ્ડિંગ વગેરેની તાલીમ લઈ પગભર બનો, જેમાં તમને મળશે-

★ ૧૦૦% જૉબ ગેરન્ટી ★ અનુભવી ભણતરને મેળવડે પંથ ભૂલેલા દરેક માટે આવકાર ★ ૧૮ વર્ષથી ઉપરની આયુ ★ પરદેશ જવાનું માર્ગદર્શન.

**સંપર્કઃ રાજેશ પટેલિયા : મો. ૯૪૨૭૬ ૫૫૮૯૨ / ૮૭૩૪૮ ૨૧૨૬૮**

**Email: rajesh26patelia@gmail.com**

# જરૂરિયાતમંદ પ્રત્યે અનુકંપા

(એપ્રિલ મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ **બ્રધર જોબીન ઈ.સં.**

ગુજરાત વિદ્યાદીપ, સેવાસી - વડોદરા

આવો, આપણે પીડિત, બીમાર અને ગરીબો પ્રત્યે અનુકંપા દાખવી સહાયભૂત બનીએ. માતા મરિયમની વિનંતીઓ દ્વારા ઈસુપંથીઓ પ્રભુ ઈસુની ઘોષણા કરવા તૈયાર થઈ જાવ. આજના જમાનામાં લોકો પોતાનો 'સેલ્ફી' લેવામાં અને જીવનમાં બનતી ઘટનાઓને પોતાના મિત્ર અને અન્ય લોકો સાથે આદાનપ્રદાન કરવામાં ખૂબ જ રસ ધરાવે છે. એની સાથે લોકોની બીજી એક ટેવ છે કે અલગ અલગ વીડિયો લઈને ગમે તે સોશિયલ નેટવર્ક સાઈટ પર અપલોડ કરવાની. અઠવાડિયા પહેલાં આવો એક વીડિયો એક સોશિયલ નેટવર્ક સાઈટ પર મેં જોયો. એ વિડિયોમાં એવું બતાવવામાં આવ્યું હતું કે એક મધ્યમ વયનો પુરુષ, એક સ્ત્રીને ઢોર માર મારતો હતો, આશરે સોએક લોકો, આજુબાજુ ઊભાં આ બધું જોઈને, ઘટનાના ફોટાં પાડતાં હતાં. એનો વીડિયો ઉતારતાં હતાં. આ ઘટના આશરે ત્રણથી ચાર મિનિટ ચાલી.

આવી ઘટનાઓ બીજા પ્રત્યેનું આપણું વલણ કેવું છે, તે દર્શાવે છે. ગમે તે પરિસ્થિતિમાં લોકો પોતાનું જ જુએ છે. માત્ર એટલું નહિ, પણ અમુક સમયે પોતાના લાભ અને સ્વાર્થ માટે લોકો બીજાનો ઉપયોગ પણ કરે છે!

મધર થેરેસાનાં મિશનરીસ ઓફ ચેરિટીના દરેક ઘરના દેવળમાં ક્રૂસે જડાયેલા ઈસુના પૂતળા સાથે લખેલું છે 'મને તરસ લાગી છે' (યોહાન ૧૯:૨૮). ક્રૂસ ઉપર મરણની અંતિમ ઘડીએ જ નહિ, બલ્કે આજે પણ ઈસુ તરસ્યા છે! અને એ તરસ છીપાવવાનું કામ મધર થેરેસાના સાધ્વીબહેનો કરે છે. કેવું કામ? ભૂખ્યા લોકોને ખવડાવવાનું કામ, તરછોડાયેલાં અને નિરાશ્રિતોને આશરો આપી તેઓની સંભાળ લેવાનું કામ, માંદા લોકોની કાળજી લેવાનું કામ, અનાથ અને માબાપથી તરછોડાયેલાં બાળકોને સંભાળી તેઓને ઉછેરવાનું કામ વગેરે વગેરે. ઈસુએ એવું કરનારને જ શાશ્વત સુખનું વરદાન આપ્યું છે.

'મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી પાયું હતું, હું અજાણ્યો પ્રવાસી હતો ત્યારે તમે મને આશરો આપ્યો હતો, હું ઉઘાડો હતો ત્યારે મને વસ્ત્રો પહેરાવ્યાં હતાં, હું માંદો હતો ત્યારે તમે મારી ભાળ કાઢી હતી, હું કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા આવ્યા હતા... આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે'. **'હું તમને સાચું કહું છું કે, આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે નથી કર્યું તે માટે જ નથી કર્યું'** (માથ્થી ૨૫). અને જ્યાં સુધી આપણે આ કામ કરવા તૈયાર ના રહીએ ત્યાં સુધી ઈસુનું દુ:ખ અને એમની પીડા આ દુનિયામાં ને આપણી આજુબાજુમાં સતત ચાલુ રહેશે. ઈસુ હજુ તરસ્યા છે અને તે માટે આપણે દરેક જણ જવાબદાર છીએ - દીન-દલિત, ગરીબ-ગુરબાં, લાચાર, પીડિત અને બીમાર લોકોની આપણી અવગણના દ્વારા.

ઈસુના જીવનમાં આપણે ડોકિયું કરીએ તો આપણને ખબર પડશે કે ઈસુ હંમેશાં ગરીબ, પીડિત અને બીમાર લોકોને મનમાં રાખીને પોતાના નિર્ણયો લેતા હતા. ખાસ તેઓના માટે કામ કરતા હતા. એટલું જ નહીં, પોતાના ઉપદેશ અને દૃષ્ટાંત દ્વારા તેમણે લોકોને સમજાવવા કોશિશ કરી. ઈસુએ કરેલા બધા ચમત્કારો દુ:ખિત, પીડિત, ગરીબ અને માંદા લોકોને સહાય આપવા માટે હતા, પોતાનું નામ રોશન કરવા નહિ. ઈસુએ પોતાનાં દૃષ્ટાંત દ્વારા પણ એ જ પુષ્ટિ કરી. ભલા શમરુનીનું દૃષ્ટાંત (જુઓ લૂક ૧૦:૨૫-૩૭), ખોવાયેલા દીકરાનું દૃષ્ટાંત (જુઓ લૂક ૧૫:૧૧-૩૨), લાઝરસ અને શ્રીમંત માણસનું દૃષ્ટાંત (જુઓ લૂક ૧૬:૧૯-૩૧) વગેરે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે 'વૈદની જરૂર સાજાને નથી હોતી, પાપીઓને હોય છે' (માર્ક ૨:૧૭).

ઈસુના આ સંદેશને કાં તો આપણે સમજ્યા નથી, અથવા સમજ્યા પછી પણ આપણે જુદું જ વર્તન રાખીએ છીએ, એમ કરવું આપણે ઈચ્છતા નથી. અમુક સમયે આપણી ખોટી માન્યતાઓ અને ખોટા વિચારો આપણને સ્વાર્થી બનાવે છે. દાખલા તરીકે, અમુક લોકો એવું માને છે કે જે લોકો આર્થિક, શારીરિક અને માનસિક દુ:ખ વેઠે છે, તેઓ પોતાના કર્મોનું પરિણામ ભોગવે છે. અન્ય લોકોને એમાં કશું લેવાદેવા નથી. એવી માન્યતા ખોટી છે. ભલે, અમુક બાબતોમાં આ સાચું હોઈ શકે. દા. ત. એક દારૂડિયો આર્થિક સમસ્યામાંથી પસાર થતો હોય, તંબાકુ-ગુટખા ખાનાર કેન્સરથી પીડાતો હોય, તો આ તેનાં જ કુકર્મોનું પરિણામ છે. દુ:ખનું કારણ ગમે તે હોય, દુ:ખ વેઠતા લોકોને મદદ કરવી એ એક ખ્રિસ્તી તરીકે મારી અને તમારી ફરજ છે. આપણે એવું ના કરીએ તો આપણે સાચા ખ્રિસ્તીઓ નથી.

દક્ષિણ આફ્રિકાના પત્રકાર કેવીન કાર્ટરે ૧૯૯૩માં પાડેલો એક ફોટો વિશ્વ વિખ્યાત થઈ ગયો હતો. સુદાનમાં લીધેલા એ ફોટામાં ભૂખથી મરતાં એક બાળકની પાસે બેઠેલા એક ગીધને દર્શાવવામાં આવેલો છે. જાણે ગીધ બાળકના મરણની રાહ જોઈ બેઠો છે. દુનિયામાં અનેક લોકો આજે પણ ભૂખથી મરે છે. આવી પરિસ્થિતિ માટે આપણે પણ જવાબદાર છીએ. આપણે એવાં સમયમાં

જીવીએ છીએ જ્યાં શેરબજારના આંકડાઓ જરાયે ગબડે તો એ મોટાં સમાચાર બની જાય છે. બીજી બાજુ એક ઘર વગરનો માણસ ભૂખ અને ઠંડીને લીધે મરી જાય તો એ સમાચાર જ ના બને. આપણે કઈ દિશામાં જઈ રહ્યાં છીએ? આપણા પોતાનાં ઘરમાં ખોરાક, પાણી વગેરેનો બગાડ કેટલો બધો થાય છે. જ્યારે આપણાં પાડોશીઓ ભૂખતરસથી મરે છે!

આપણે વધુ સંવેદનશીલ બનવું જોઈએ. બીજા લોકોનાં પીડાને દુઃખથી આપણામાં પણ વેદના પેદા થવી જોઈએ, જેથી આપણી શક્તિ અનુસાર એમને મદદ કરી શકીએ. કારણ આપણે બધાં એક જ ઈશ્વરનાં સંતાનો છીએ (જુઓ ગલાતિયા ૩:૨૬ અને ૧ યોહાન ૩:૧). ઈશ્વર બધાને સમાન રીતે પ્રેમ કરે છે. 'પરમપિતા ભલા અને ભૂંડા સૌને સૂર્યનો પ્રકાશ આપે છે અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે' (માથ્થી ૫:૪૫). કારણ કે, આપણા 'ઈશ્વર તો પ્રેમસ્વરૂપ છે' (૧ યોહાન ૪:૮).

તમામ ધર્મમાં પ્રેમ, સત્ય, શાંતિ, આશા જેવાં મૂલ્યોને મહત્ત્વ આપવામાં આવેલું છે. બધાં ધર્મોમાં આ મૂલ્યોમાંથી પ્રેમ સૌથી અગત્યનું સ્થાન ધરાવે છે. આ છે આપણા ધર્મનો પાયો. ઈસુએ આપણા પરના પ્રેમના લીધે પોતાનું જીવન અર્પી દીધું હતું. આપણે પણ ઈસુની જેમ, બીજા પ્રત્યેના પ્રેમને લીધે આપણાં સુખનો ત્યાગ કરી દુઃખ વેઠતા, બીમારીથી પીડાતા લોકોને મદદ કરીએ, જેથી તેઓ આપણી મારફતે ઈશ્વરના સાચા પ્રેમનો અનુભવ કરી શકે અને આશાભર્યું જીવન ગાળી શકે.

સમૂળગા પરિવર્તનના પ્રેરક હાલના વડાધર્મગુરુ ફ્રાન્સિસ આપણને અનુરોધ કરે છે, આપણે પીડિત, બીમાર અને ગરીબ જરૂરિયાત પ્રત્યે અનુકંપા દાખવી સહાયભૂત બનીએ. સાથોસાથ ઈસુના બધા અનુયાયીઓ, પ્રભુ ઈસુની ઘોષણા કરતાં રહે. માતા મરિયમની વિનંતીઓ દ્વારા આપણે પ્રભુ ઈસુના પ્રેમ અને દયાની સાક્ષી પૂરીએ. ●


## ટેનામેન્ટ વેચવાનું છે

વડોદરા ૧૪, પરમપાર્ક, સંતોકનગરની બાજુમાં, ગેસ લાઈન
તથા બધી જ સુવિધા સાથે ટેનામેન્ટ વેચવાનું છે.
પ્લોટ એરિયા ૧૩૦૦ sq. ft.

**કોન્ટેક્ટ નંબરઃ ૯૪૨૬૩ ૭૧૨૩૯**

**નોંધઃ** ખ્રિસ્તી સમુદાયને પ્રથમ પસંદગી.

## ડુપ્લેક્ષ બંગ્લોઝ વેચવાનો છે

2BHK, ત્રણ બાજુ જગ્યા. રેડી પઝેશન, એન.એ., એન.ઓ.સી. ક્લીયર, લોન પેપર ઉપલબ્ધ. આર.સી.સી. રોડ, સિક્યુરીટી ગાર્ડન, ચિલ્ડ્રન પ્લે એરિયા, કોમન પ્લોટની ફેસીલીટી.

સેફરોન વીલા, ગ્રીનલેન્ડ સોસાયટીની પાસે, મિશન રોડ, નડીઆદ

**મો. ૯૪૨૮૩ ૩૧૫૨૭**

**પ્રભુએ કહ્યુંઃ ''હું કોને મોકલું? કોણ મારો સંદેશો લઈ જશે?''**
**મેં કહ્યું, ''આ હું હાજર છું; મને મોકલો.''**
**(યશાયા ૬:૮)**

ઈસુસંઘી તરીકે ઓળખ મેળવવા માગતા હોય
અને પ્રભુ અને તેઓના લોકની સેવા કરવા
ઈચ્છા ધરાવતા પ્રતિભાશાળી અને ઈચ્છુક યુવાનોને
ઈસુસંઘ દિલ્હી પ્રાંત નિમંત્રણ પાઠવતાં
આપને સત્કારે છે.

શું આપ તેઓ પૈકીના એક છો?

**જો હો તો, સંપર્ક કરોઃ**
ધી વોકેશન પ્રમોટર
સહયોગ ૪, રાજ નિવાસ માર્ગ, દિલ્હી ૧૧૦૦૫૪
મો.: (ઓ) ૯૮૬૮૬ ૫૪૦૫૦, ૮૧૩૦૩ ૨૫૬૪૬
Email: vocationpromoterdjs@gmail.com / georgekaiprampattsj@gmail.com

# ગુણવંતી અને ગતિશીલ ગુજરાત

## (પહેલી મે, ગુજરાત સ્થાપના દિન નિમિત્તે)

✍ **અલ્પેશ પરમાર**

*રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગુજરાત*

ભારત લોકશાહી ધરાવતો બિનસાંપ્રદાયિક દેશ છે. લોકશાહી શબ્દ સમગ્ર વિશ્વમાં સુયોગ્ય શાસનનો પર્યાયી બની ગયો છે. લોકશાહી એટલે લોકોની, લોકો માટેની અને લોકો વડે ચાલતી સરકાર.

૧ મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્ય કાયદાકીય રીતે અસ્તિત્વમાં આવ્યું. બ્રિટિશોએ તેમની વહીવટી સરળતા માટે પરાધીન દેશના જે કૃત્રિમ ભાગલા કરેલા, એ ભાગલાઓથી વિવિધ ભાષી પ્રજાને પોતાની અસ્મિતા રૂંધાતી હોય તેવું લાગી રહ્યું હતું. તેને દૂર કરીને ભાષાવાર પ્રાંતની રચનાનો લોકઆગ્રહ વધતાં રાષ્ટ્રીય મહાસભાએ અથવા કોગ્રેંસ સત્તા પ્રાપ્તિની સાથે ભાષાવાર પ્રાંત રચવાનો ઠરાવ ઈ.સ. ૧૯૨૧માં સ્વીકાર્યો. આઝાદી બાદ સરકારશ્રીએ પોતાની તમામ ચર્ચાવિચારણા બાદ તે સમયના વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરુએ ૧૭-૦૧-૧૯૫૬ના રોજ આકાશવાણી પરથી સ્પષ્ટ પ્રજાજોગ જાહેરાત કરી, "સૌરાષ્ટ્ર સહિત ગુજરાત, વિર્દભ સહિત મહારાષ્ટ્ર અને મુંબઈ શહેર અલગ પાડવામાં આવશે."

આ જાહેરાત થતાંની સાથે જ સમગ્ર ગુજરાતે તેને હર્ષભેર વધાવી લીધી હતી. આ સમયે ગુજરાતે તો સૌરાષ્ટ્ર, કચ્છ અને અન્ય સંબંધિત પ્રદેશો સાથે પોતાની અસ્મિતાના વ્યાપ માટે 'મહાગુજરાત સીમા સમિતિ'ની પણ રચના કરી દીધી હતી. આ સમયે સમગ્ર ગુજરાતમાં હર્ષનો માહોલ હતો. વડાપ્રધાનની જાહેરાત થવાની સાથે ગુજરાત રાજ્યના તમામ અખબારોએ પ્રથમ પાને, મોટાં મથાળે, લાલ અક્ષરોમાં "જયજય ગરવી ગુજરાત, દીપે અરુણુ પ્રભાત" એવા શબ્દોથી કવિશ્રી નર્મદના કાવ્યોને પ્રગટ કર્યા હતાં.

મહાગુજરાતના આંદોલનોને ઘણાં વર્ષો થઈ ગયા. પરંતુ ગુજરાતની સ્થાપનામાં મુખ્યત્વે બે મહાનુભાવો, પૂજ્ય રવિશંકર મહારાજ અને પૂજ્ય ઈન્દુલાલ યાજ્ઞિકનો અગત્યનો ફાળો રહેલ છે. આ બંને મહાનુભાવોના અથાગ અને વણથંભ્યા પ્રયત્નો બાદ ગુજરાત રાજ્યની સ્થાપના શક્ય બનેલ છે.

પૂજ્ય રવિશંકરદાદા તે સમયે કહેતા, "હંમેશા એ યાદ રાખવું કે તમારા ટીકાકારો વધ્યા હોય તો એ તમારી સફળતાની નિશાની છે, ટીકા થાય ત્યારે એને આત્મનિરીક્ષણનો અવસર માનજો." આવી ટીકાઓ ગાંધીજી પર પણ થતી. એવા સમયે ગાંધીજી કહેતા, "આવું થાય ત્યારે કાન સરવા રાખવા અને હોઠ બીડેલાં. ટીકામાં તથ્ય હોય તો તેને કબૂલ કરી, ભૂલ સુધારી લેવી અને તથ્ય ના હોય તો તેને હસી કાઢી મનમાંથી કાઢી નાખવી."

આઝાદી અને મહાગુજરાતના આંદોલનોને આજે તો ઘણા વર્ષો થઈ ગયા, પછી તો ગુજરાત અને દેશના જાહેર જીવન તેમજ રાજકારણના પ્રવાહોમાં અનેક ઉથલપાથલ થઈ ગઈ છે. આજે તો ગુજરાત રાજ્ય એક પ્રગતિશીલ અને અન્ય રાજ્યો કરતાં સુખી અને સમુદ્ધ ગણાય છે. ગુજરાતે ૨૧મી સદીના પ્રથમ દાયકાથી લઈ આજદિન સુધીમાં પ્રગતિના અદ્ભુત સીમા શિખરો સર કરેલ છે.

૨૧મી સદીના પ્રારંભમાં માનવસર્જિત અને ભૂકંપ જેવી આફતોને લીધે કચ્છ-ભૂજનું પુનઃનિર્માણ તે સમયે એક પડકાર હતો. આજે એ પ્રદેશની જાહોજલાલી, સુંદરતા તેમજ વિકાસ સરકારશ્રીના પ્રયાસોથી નિહાળી શકાય છે. આ ઉપરાંત સ્ત્રીભૃણહત્યાને રોકવા, ૨૦૦૧માં 'બેટી બચાવો અભિયાન' કાર્યરત કરાયું. નારી શક્તિને ગ્રામીણ અર્થતંત્રના ચાલકબળ તરીકે જોડવાના ભાગરૂપે 'મિશનમંગલમ' યોજના અમલી બનાવી. આજે રાજ્યમાં ૨.૫૦ લાખ સખીમંડળો સાથે સંકળાયેલી ૨૬ લાખ બહેનો કરોડોનો વહીવટી કરી રહેલ છે. આ ઉપરાંત કન્યાકેળવણી ઝુંબેશ, ઈ-ગર્વનન્સ, ગરીબ કલ્યાણ મેળાઓ, નાણાંકીય બાબતો, ઉદ્યોગો, વનબંધુ યોજના, પરંપરાગત અને બિનપરંપરાગત SEZ વગેરે જેવી બાબતોમાં ગુજરાતે આજે પ્રગતિ સાધેલ છે. આ ઉપરાંત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ, ઈન્વેર્સ્ટસ સમીટ દ્વારા ગુજરાતમાં મૂડીરોકાણ અને ઉદ્યોગવિકાસને પણ પ્રાધાન્યતા અપાયેલ છે.

શિક્ષણક્ષેત્રે રાજ્યમાં કુલ ૪૨ યુનિવર્સિટી અને ૧૭૬૩ કોલેજો કાર્યરત છે. પ્રાથમિક શિક્ષણક્ષેત્રે પણ ૧.૩૩ લાખ પ્રાથમિક શિક્ષકો કરતાં વધુ, શિક્ષણના મહાયજ્ઞમાં યોગદાન આપી રહેલ છે. રાજ્યનો સાક્ષરતા દર ૮૦% છે.

ગુજરાતે કૃષિક્ષેત્રે અને ઔધોગિક વિકાસમાં પણ હરણફાળ પ્રગતિ સાધેલ છે. આ બાબતને બિરદાવતાં પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી. જે. અબ્દુલ કલામે કહ્યુ હતું કે, "રાષ્ટ્રની સરેરાશ ઉત્પાદનવૃદ્ધિ કરતાં ત્રણ ગણા એટલે કે નવ ટકા વૃદ્ધિદર ધરાવતા ગુજરાતના કૃષિ મોડેલને અન્ય રાજ્યોએ પણ અનુસરવું જોઈએ."

ગુજરાતના હરણફાળ વિકાસમાં લઘુમતી સમુદાયોએ પણ મહત્ત્વનો ફાળો રહેલ છે. ગુજરાતમાં કેથલિક ધર્મસભાએ ગુજરાતનો સર્વાંગી વિકાસ માટે અથાગ પ્રયત્નો કરેલ છે. કેથલિક ધર્મસભાએ આરોગ્ય અને શિક્ષણ આ બંને ક્ષેત્રે ખૂબજ ઉમદા કામગીરી કરેલ છે. કેથલિક ધર્મસભા અને પ્રજા હંમેશા સેવા, પ્રેમ અને કર્મનિષ્ઠ હોવાથી તેની કામગીરી સમગ્ર રાજ્યમાં પ્રશંસનીય રહેલ છે.

ગુજરાત સમગ્ર દેશના વિકાસ માટે એક ગ્રોથ એંજિન બની રહેલ છે. દેશની કુલ વસ્તીના ૫ ટકા અને દેશના કુલ ભૌગોલિક વિસ્તારના ૬ ટકા વિસ્તાર ધરાવતું ગુજરાતનો દેશના GDP (જીડીપી)માં ૧૦% પ્રદાન છે.

આપણે ગુજરાતની સ્થાપનાને ૫૫ વર્ષ પૂરાં થયાની ઉજવણી કરી રહેલ છીએ. તે પ્રજા, નાગરિકો તેમજ સમુદાય માટે હર્ષનો પ્રસંગ કહેવાય. પરંતુ ભારતને આઝાદી પ્રાપ્ત થઈ ત્યારે સ્વરાજ્ય પછી ગાંધીજીને એક પ્રશ્ન ગૂંચવતો હતો. “સ્વરાજ તો મળ્યું, સુરાજ્ય ક્યારે સ્થપાશે?” આપણને પ્રશ્ન થાય કે સુરાજ્ય એટલે શું? સુરાજ્ય એટલે “જ્યાં કુશળ પ્રશાસન હોય, લઘુમતી સમુદાય પ્રત્યે જવાબદેહિતા હોય, સમાજના તમામ વર્ગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી નીતિઘડતર થાય, ભ્રષ્ટાચાર ના હોય, ઝીરો ટોલરન્સ, લાંચરુશ્વત ના હોય તે.”

ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયાનાં આટલા વર્ષો પછી પણ આપણે સ્વરાજ પ્રાપ્ત થયાનો જશ્ન મનાવી શકીએ છીએ, પરંતુ સુરાજ્યનું શું? એનો જવાબ કોઇ આપી શકવા તૈયાર નથી.

ગુજરાતમાં સુયોગ્ય શાસનની વાતો ચાલે છે. પરિવર્તનની વાતો બધાં કરે, પરંતુ તે રાતોરાત ન આવી જાય. તે માટે દરેક નાગરિકે સજાગ રહી પોતાના કાર્યક્ષેત્ર પ્રત્યે વફાદાર રહેવું પડશે. સમાજના દરેક વર્ગે, દરેક સમુદાયએ દેશવિકાસમાં પોતાનાથી શક્ય તેટલું શ્રમદાન તેમજ યોગદાન કરવું પડશે. આ બધું શક્ય બનશે તો જ સરકારશ્રી યોગ્ય કાર્યપ્રવૃત્તિ કરી શકશે. આ તમામ શક્ય બને તો જ આપણાં ગુણવંતી ગુજરાતની સ્થાપના દિનની ઉજવણી સાચા અર્થમાં સાર્થક બનશે. રાષ્ટ્રનો દરેક નાગરિક નાતજાતના, સમુદાયના, ભાષાના કે અન્ય તમામ બાબતોથી અલગ રહીને સાચા માનવી રાષ્ટ્રવિકાસના નિર્માણમાં ભાગીદાર થવાનો સંકલ્પ કરે તો સમગ્ર દેશ અને આપણું ગુજરાત ખૂબજ પ્રગતિ સાધી શકે તેમ છે.

**વધારે સુખસુવિધાઓને ચેતવણી માનજો. જ્યારે આપણે સુખી-સંપન્ન છીએ ત્યારે સરળતાથી અન્યને ભૂલી જઈએ છીએ. - વડાધર્મગુરુ**

ગુજરાતના સ્થાપના દિન પર્વે આપણે સહુ ગુજરાતીઓ નાતજાત, સમુદાય, ભાષા, પ્રાંત કે અન્ય કોઈપણ જાતના ભેદભાવને ભૂલીને રાષ્ટ્રના વિકાસમાં સાચા કર્મયોગી બની, રાષ્ટ્ર નિર્માણમાં અતૂટ ભાગીદારી નોંધાવીએ તો આપણું રાજ્ય અને આપણો દેશ પ્રગતિના સોપાન સર કરશે. અને ત્યારે જ સાચા અર્થમાં ગુજરાત સ્થાપના દિનઋની ઉજવણી સાર્થક કહેવાશે. ●

Email : alpeshkumar.2333@gmail.com

જય અનાથોની માતાની કૃપાથી
**ચાલો (કોલકત્તા) વેલાંગની (મદ્રાસ) માતાનાં દર્શનાર્થે**
**તારીખ:** ૧૬-૦૫-૨૦૧૫ થી ૨૯-૫-૨૦૧૫ **ટિકિટ:** રૂા. ૯,૫૦૧,
**ગાડી ઉપડવાનું સ્થળ:** ઓડ-ખંભોળજ કેથોલિક ચર્ચ, આણંદ, નડીઆદ રેલ્વે સ્ટેશન
**જોવાલાયક સ્થળો:** ઉજ્જૈન, ભોપાલ, રાંચી, વિશાખાપટ્ટનમ, કોલકત્તા- મધર ટેરેસા આશ્રમ, સંત થોમાસ ચર્ચ - મદ્રાસ, મદુરાઈ, કોડાઈકેનાલ, કન્યાકુમારી

**:: આયોજક ::**
**રાજુભાઈ** (પે.કા. પ્રમુખ, ખંભોળજ) **મો. ૮૩૪૭૪ ૬૪૭૮૦**
**જયેશ પરમાર** (આર.સી.મિશન શાળા, ખંભોળજ) **મો. ૯૦૩૩૮ ૦૪૨૧૬**

**The Delhi Province**
**of the Society of Jesus (Jesuits)**
**invites and welcomes**
**talented and desirous young men**
**who feel being called by Jesus to be a Jesuit**
**and to serve the Lord and His people.**

**Are you one of them.......?**

**If so, kindly contact:**

**The Vocation Promoter**
**Sahayog, 4, Raj Niwas Marg, Delhi-110054**
**Mob: (0)9868654050; (0)8130325646**
**Email: vocationpromoterdjs@gmail.com**
**georgekaiprampattsj@gmail.com**

# સંત દોમિનિક સાવિયો

✍ ફાધર અશ્વિન પરમાર એસ.ડી.બી.

*મદદનીશ સભાપુરોહિત, નારુકોટ (વડોદરા ધર્મપ્રાંત)*

ખ્રિસ્તી સમુદાયે હમણાં જ તપઋતુની સાધના પૂર્ણ કરી, પુનરુત્થાન પર્વ ઉજવ્યું અને પવિત્ર આત્માના અવતરણ તરફ મીંટ માંડી રહ્યો છે ત્યારે કેટલાંક તપઋતુની સાધના માટે સંકલ્પ કર્યો હશે. દા.ત. સવારે ખ્રિસ્તયજ્ઞમાં જવું, બીડી વગેરે વ્યસનથી દૂર રહેવું વગેરે વગેર... કેટલાક સંકલ્પનું તપઋતુકાળ દરમિયાન વફાદારીપૂર્વક પાલન કર્યું હશે. કેટલાંક પાસ્ખાપર્વ નજીક આવતાં બાષ્પીભવન થઈ ગયા હશે! પણ અહીં સાત વર્ષના એક છોકરાના પ્રથમ ખ્રિસ્તયજ્ઞ અંગીકાર સમયના સંકલ્પ જાણીને આશ્ચર્ય થયા વિના નહીં રહે. આ સંકલ્પ તેણે નાની નોંધપોથીમાં નોંધ્યા હતા, વારંવાર તેનું વાચન કરતો અને જીવનપર્યંત પાલન કર્યું હતું?

૧. હું વારંવાર પ્રાયશ્ચિત સંસ્કાર ગ્રહણ કરીશ અને જેટલી વાર મારું પ્રાયશ્ચિત સાંભળનાર પુરોહિત ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કરવા પરવાનગી આપશે તેટલીવાર અંગીકાર કરીશ.
૨. બધા જ રવિવાર અને તહેવારની પવિત્રતા જાળવીશ.
૩. માતા મરિયમ અને પ્રભુ ઈસુને મારા અંગત મિત્ર બનાવીશ.
૪. પાપમાં પડવા કરતાં મૃત્યુને વહોરી લેવું, એ મારી પસંદગી હશે.

ઓગણીસમી સદીના મધ્યભાગમાં ઈટાલીમાં ૧૧ વર્ષની ઉંમરે બાળકને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ અંગીકારની પરંપરા હતી ત્યારે બ્રિજિદા અને કાર્લોના સંતાનને સભાપુરોહિતે સાત વર્ષની ઉંમરે જ પરવાનગી આપી હતી. નિર્ણય પણ વાજબી હતો. ચાર વર્ષની ઉમરે તે જાતે જ પ્રાર્થના બોલતો, ભોજન પહેલાંની પ્રાર્થના તે કરાવતો અને જો કોઈ પ્રાર્થના કરવાનું ભૂલી ગયું હોય તો તે અચૂક યાદ કરાવતો, તે હતા સંત દોમિનિક સાવિયો.

દોમિનિકનો જન્મ બીજી એપ્રિલ, ૧૮૪૨માં ટ્યુરિન (ઈટાલી) માં થયો હતો, જ્યારે તે બે વર્ષનો થયો ત્યારે તેનાં માબાપ પોતાની જન્મભૂમિ મુરિયાલ્દો પાછાં ફર્યાં. જે સંત જોન બોસ્કોની પણ જન્મભૂમિ હતી. માબાપે બાળપણથી જ દીકરાના ધાર્મિક ઉછેરની વિશેષ તકેદારી રાખી હતી. પાંચ વર્ષની ઉમરે તે નિયમિતપણે માતા સાથે દેવળમાં જતો, વેદીસેવક બનતો. વહેલી સવારે દેવળના દરવાજા હજુ ખુલ્યા ન હોય, પગથિયાં પર બરફ છવાયેલો હોય તો પણ દોમિનિક ત્યાં ઘુંટણિયે પડી પ્રાર્થના કરતો હોય! ગામની શાળામાં એક મહેનતુ વિદ્યાર્થી તરીકે આગવી છાપ હતી, તેની ઉંમર અને સમજણ પ્રમાણે ખરાબ પ્રવૃત્તિઓથી તે દૂર રહેતો અને બીજા છોકરાઓને પણ તે સમજાવતો!

દસ વર્ષની ઉંમરે ગામથી પાંચ કિ.મી દૂર કાઉન્ટિ શાળામાં ચાલતાં જતો-આવતો. ગરમીમાં ચાલવાનો તેને થાક કે અફસોસ ન હતો. શાળાના આચાર્યની નજરમાં સાવિયોના અર્થ પ્રમાણે, પ્રત્યેક વ્યવહારમાં, અભ્યાસમાં, ચાલચલગતમાં શાણપણ જોવા મળતું. વર્ગમાં એક દિવસ શિક્ષકની ગેરહાજરીમાં, વર્ગખંડને હૂંફાળો રાખવાની ભઠ્ઠીમાં દોમિનિકના બે સહાધ્યાયીઓએ બરફ અને કચરો નાંખ્યો, ને દોષ દોમિનિકના માથે ઢોળી દીધો. ફાધરે બધાની હાજરીમાં દોમિનિકને સખત ઠપકો આપ્યો, પણ તે શાંત નિરુત્તર રહ્યો. બીજા દિવસે પેલા બે મસ્તીખોર જાહેર થયા ત્યારે દોમિનિકને ચૂપ રહેવા કારણ પૂછતાં જણાવ્યું હતું : 'ગુના બદલે મારે તો માત્ર સાંભળવું પડ્યું, પેલા બે જાણને શાળામાંથી પાણીચું પકડાવી દીધું હોત!'

ઓક્ટોબર ૧૮૫૪માં 'પવિત્ર ગુલાબમાળાનું પર્વ'ની ઉજવણી પ્રસંગે જોન બોસ્કો મુરિયાલ્દો આવ્યા ત્યારે દોમિનિકને મળવાનું થયું. જોન બોસ્કોએ તેનો બુદ્ધિ આંક તપાસવા એક ચોપાનિયું આપ્યું અને બીજા દિવસ સુધી તૈયાર કરવા જણાવ્યું. પિતાજીએ દસેક મિનિટ જોન બોસ્કો સાથે વાતચીતમાં ગાળી હશે ત્યાં તો તે ચોપાનિયાનો લેખ કડકડાટ મોંઢે બોલી ગયો હતો. સભાપુરોહિતે ખૂબ જ સારો અભિપ્રાય આપ્યો અને તેણે પણ જોન બોસ્કો આગળ પુરોહિત બનવાની ઈચ્છા પ્રગટ કરી. તે પ્રમાણે દોમિનિક, ઓર્ટરીમાં પ્રવેશ મેળવ્યો. જ્યાં બોસ્કોના માર્ગદર્શન પ્રમાણે જ આચરણ કરતો, શાળાના નિયમ હરખભેર પાળતો, કોઈ બાબતમાં સમજણ ન પડી હોય તો શરમ વિના પૂછી લેતો.

આજ વર્ષે ધર્મસભાએ 'માતા મારિયાના નિષ્કલંક ગર્ભધારણ પર્વ'ની ઘોષણા નિમિત્તે પૂર્વ તૈયારીરૂપે ઓરેટરીમાં નવ દિવસની ભક્તિ કરવામાં આવી ત્યારે પુરોહિતની સલાહ પ્રમાણે માતા મારિયાની પ્રતિમા આગળ, પ્રથમ ખ્રિસ્તપ્રસાદ અંગીકાર વેળાએ કરેલાં વચનનો પુનરોચ્ચાર કર્યો હતો. ઓરટરીમાં જોન બોસ્કોનાં માતા માર્ગોરેટ છોકરાંની સંભાળમાં મદદરૂપ બનતાં, દોમિનિક વિશે તેમનાં મનમાં ખૂબ ઉંચો ખ્યાલ હતોઃ "ઓરટરીમાં ઘણા સારા છોકરાઓ છે પણ દોમિનિક એ બધાની વચ્ચે એક હાથ ઉંચો! તેના હાથ હંમેશા પ્રાર્થનામાં જોડાયેલા. દેવળમાંથી બહાર આવવામાં તે સૌથી છેલ્લો હોય. રમતના સમયે પણ સમય કાઢીને પ્રીતસંસ્કારની મુલાકાતે તે અવશ્ય જતો. દેવળમાં તેની હાજરી સ્વર્ગના દૂત જેવી લાગે છે."

સંતપદ વિશેના ઉપદેશમાંથી ત્રણેક મુદ્દાઓ તેને સ્પર્શી ગયા.

૧. દરેકે સંત બનવું જોઈએ, એવી પ્રભુની ઈચ્છા છે.
૨. સંત બનવું સરળ છે.
૩. પવિત્ર જીવન ગાળવાની કોશિશ કરનારને સ્વર્ગમાં બદલો મળે છે.

તે સંત બનવાની ઉત્કંઠા કરવા લાગ્યો. નાના પથ્થરો કે લાકડાના ટુકડાઓ પથારી નીચે રાખતો અને આરામને કષ્ટદાયી બનાવતો, કડકડતી ઠંડીમાં માત્ર પાતળી રજાઈ ઓઢતો, શરીરે ખંજવાળ આવે તેવાં ખમીશ પહેરતો. બ્રેડ અને પાણી લઈ ઉપવાસ કરતો. જો કે પુરોહિત, સ્વાસ્થ્ય પર અસર થશે એમ જણાવી. આ ઉંમરે આ પ્રકારનાં શારીરિક દમન ન કરવા સલાહ આપી હતી, ત્યારે દોમિનિકનો પ્રત્યુત્તર હતોઃ 'મોટાં કામ કરવા હું અશક્ત છું, પણ મારું પ્રત્યેક કામ પ્રભુના મહિમા અર્થે જ કરીશ'. બીજા છોકરાઓની જેમ ખોરાક, હવામાન કે કામકાજની દોમિનિકે ક્યારેય ફરિયાદ કરી ન હતી. સર્વ પ્રસન્ન ચહેરે સહન કરતો.

માતા મરિયમના નિષ્કલંક ગર્ભધારણ પર્વના પ્રભાવમાં, મૃત્યુની પળોમાં માતા મરિયમનું શરણું મેળવવાના આશયથી, સાથીમિત્રોના સહકારમાં 'માતા મારિયા નિષ્કલંક ગર્ભધારણ સંઘ'નો તેણે આરંભ કર્યો જેમાં મજબૂત બનવા કેટલીક પ્રવૃત્તિઓનો નિર્ધાર કર્યો. જેવી કેઃ (૧) પોતે અને અન્ય લોકો, અનેકવિધ રીતે માતા મરિયમને આદર આપે એવું કરવું. ૨. વારંવાર ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કરવા પ્રોત્સાહન આપવું. ફળ સ્વરૂપે ૮મી જૂન, ૧૮૫૪ના રોજ માતા મરિયમની પ્રતિમા સમક્ષ દોમિનિક અને તેના સાથીઓએ સમૂહમાં ૨૧ વ્રતનું વાંચન કર્યું હતું. આ ૨૧ વ્રતની નોંધ જોન બોસ્કો લિખિત 'દોમિનિક જીવનચરિત્ર'માં જોવા મળે છે.

દર મહિને એક દિવસ, જોન બોસ્કોના વિદ્યાર્થીઓ 'આનંદી મૃત્યુની કવાયત' તરીકે ઓળખતા અને ઉજવણી કરતા. જેના નિમિત્તે પ્રાયશ્ચિત સંસ્કાર અને ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર અંગીકાર કરવામાં આવતો. વડાધર્મગુરુ પીયૂષ નવમાએ આ પ્રથાને વેગ આપ્યો હતો. ધર્મસભામાં આજે આ પ્રથા 'માસિક આત્મનિરીક્ષણદિન' તરીકે અસ્તિત્વમાં છે. દોમિનિક આ કવાયતમાં ઉત્સાહથી ભાગ લેતો, વળી તેણે અચાનક જાહેર કર્યું, 'આ સંઘમાં સૌ પહેલાં પોતે મૃત્યુ પામશે.' પછી તો તે શક્ય હોય તેટલાં સતકૃત્યો કરવા ઉતાવળો બન્યો. એક દિવસ દોમિનિક દોન બોસ્કોની ઓરડીમાં આવ્યો, અને પોતાની સાથે આવવા વિનંતી કરી. ગલીઓ વટાવી તેઓ એક ફ્લેટ પાસે આવ્યા. બારણા પર ટકોરા મારી દોમિનિક પાછો ફર્યો. બોસ્કોએ દરવાજો ખોલતાં જોયું તો એક માણસ મરણ પથારીએ હતો, તે મૃત્યુ પહેલાં પ્રાયશ્ચિત અંગીકાર માટે પુરોહિતની રાહ જોતો હતો. પાછળથી બોસ્કોએ દોમિનિકને આ અંગે પૂછ્યું હતું ત્યારે ખુલાસો આપવા તે રાજી ન હતો અને બોસ્કોએ પણ ક્યારેય આ પ્રશ્ન પૂછ્યો નહીં.

બન્યું પણ એવું જ. મુસીબત અનુભવતા મિત્રોને પ્રોત્સાહન આપનાર, હોસ્પિટલમાં દાખલ મિત્રની કાળજી લેનાર, દોમિનિક જાતે બીમાર પડ્યો. એકાદ વખત ઘેર જઈ, આરામ કરી ઓરટરીમાં પાછો ફર્યા પણ હવે ડોક્ટરની સલાહ પ્રમાણે ૧૮૫૭માં, તેના પિતાજીને બોલાવી ભારે હૈયે ઓરટરીમાંથી વિદાય આપી. જતાં પહેલાં ઘણી બાબતો અંગે તેણે જોન બોસ્કો સાથે ચર્ચા કરી અને 'મૂએલાં શ્રદ્ધાળુઓના આત્મા માટે પરમેશ્વરની દયાયાચના અરજમાળામાં પોતાનું નામ ઉમેરવા અરજ કરી.

ઘેર આવ્યા પછી બીમારી વધી ગઈ. તેના બાવળા પર ચાર વખત ઓપરેશન થયું, ઘણું લોહી વહી ગયું. દોમિનિક જોખમથી બહાર છે એવું ડોક્ટરે આશ્વાસન આપ્યું. પણ તેને ખાતરી થઈ ગઈ હતી કે તેનું મરણ નજીક છે. એટલે પ્રાયશ્ચિત સંસ્કાર અને ખ્રિસ્તપ્રસાદ અંગીકાર કરવા તેમ જ થોડાં દિવસ બાદ રોગીઓના સંસ્કાર માટે માંગણી કરી, ૯મી માર્ચ, ૧૮૫૭ના રોજ વડાધર્મગુરુના આશીર્વાદ તેને આપ્યા. પુરોહિતની મુલાકાત બાદ તેણે પિતાજીને 'સુખી મૃત્યુની કવાયત' વાંચવા કહ્યું, પ્રસન્ન અને પ્રશાંત રહેતા દોમિનિકે આંખો બંધ કરી, થોડી વારમાં ખોલી, સ્પષ્ટ અવાજમાં બોલ્યોઃ 'આવજો પિતાજી, અરે કેટલું અદ્‌ભુત દૃશ્ય હું જોઈ રહ્યો છું?' શબ્દની સાથે તેણે છેલ્લો શ્વાસ લીધો. દોમિનિકના પિતાજીએ પત્ર દ્વારા ભગ્ન હૃદયે જોન બોસ્કોને તેના મૃત્યુના સમાચાર પાઠવ્યા. દોમિનિકના મૃત્યુ પછી તરત જ જોન બોસ્કોએ 'દોમિનિકનું જીવન ચરિત્ર' લખ્યું. જે સંતપદની ઘોષણા માટે મહત્ત્વનું સિદ્ધ થયું. ધર્મસભામાં 'સંતપદની પ્રતિષ્ઠા માટે તે ઘણો નાનો' કહેવાય એમ માનતા હતા પણ વડાધર્મગુરુ સંત પિયુષ દસમાએ તેના 'સંતપદ'ની પ્રક્રિયા શરૂ કરી. 'નાની ઉંમરના પણ વિરાટ આત્માની વિજેતા' એવું નામ આપી વડાધર્મગુરુ પિયૂષ અગિયામાએ તેમનું ૧૯૩૩માં 'પૂજનીય' અને ત્યારબાદ વડાધર્મગુરુ પિયૂષ બારમાએ ૧૯૫૦માં 'પુનિત' અને ૧૯૫૫માં સંત જાહેર કરવામાં આવ્યા.

ધર્મસભા ૬ઠ્ઠી મેના રોજ સંત દોમિનિક સાવિયોનો તહેવાર ઉજવે છે. ●


# અભિનંદન

**ડૉ. રિષિતા અશોકભાઈ મેકવાન**





અમારી વહાલસોયી દીકરી રિષિતા, AISECT Uni. Bhopalમાં કોમર્સ વિભાગના ડીન ડૉ. દિપ્તીબહેન માહેશ્વરીના માર્ગદર્શન હેઠળ Impact of Development of Gujarat Economy on Gujarat Tourism Industry (A study of post Globalization)ના વિષય પર મહાશોધ રિજૂ કરીને Ph.Dની ડિગ્રી મેળવેલ છે. નાની વયે ડૉક્ટરેટની ઉચ્ચ સિદ્ધિ મેળવવા બદલ ડૉ. રિષિતાને ખૂબ ખૂબ અભિનંદન.

તારા જન્મદિન નિમિતે શુભેચ્છાઓના પુષ્પગુચ્છ અર્પતા પરમપિતાને પ્રાર્થીએ છીએ તારા આગામી જીવનપંથમાં સઘળું આનંદમય બની રહે.

અનુરાધા સોસાયટી, ગામડી, આણંદ

**લિ. અશોકભાઈ અને કપિલાબેન મેકવાન**
**સ્વપ્નીલ મેકવાન**

# પુનરુત્થાનને પ્રતાપે

✍ ફાધર ડૉ. અરસકુમાર

પ્રા. ગુજરાત વિદ્યાદીપ, સેવાસી - વડોદરા અને સભાપુરોહિત - બોચાસણ

દુનિયાના મોટા ભાગના લોકો મૃત્યુ પછી પણ જીવન છે એમ માને છે. પુનરુત્થાન ખ્રિસ્તી ધર્મનો પાયો હોવાથી એમ કહી શકાય કે પુનરુત્થાન ન હોય તો ખ્રિસ્તી ધર્મ નથી. આપણી શ્રદ્ધા છે કે મૃત્યની પેલી પાર શાશ્વત અને સંપૂર્ણ જીવન છે. જે આપણને ઈસુ દ્વારા પ્રાપ્ત થયેલા પુનરુત્થાન સાથે મળે છે. જૂના કરારમાં જ્ઞાનવાણીનો ગ્રંથ દાવો કરે છ કે,

> પણ ધર્મભીરુ લોકોના પ્રાણ તો ઈશ્વરના હાથમાં છે; તેમને કોઈ યાતના અડે એમ નથી. અજ્ઞાનીઓને મન તો તેઓ મરી પરવાર્યા હતા; લોકોએ એમના મોતને આફતરૂપ લેખ્યું, લોકો તો માની બેઠા કે, તેઓ આપણી વચ્ચેથી ગયા એટલે એમનો સર્વનાશ થયો છે. પણ તેઓ તો સુખશાન્તિમાં છે. (૩:૧-૩)

તેમ છતાં જૂના કરારમાં સ્પષ્ટપણે પુનરુત્થાન વિષે ક્યાંય ઉલ્લેખ નથી. ઈસુના પુનરુત્થાનથી જે નવા યુગનો પ્રારંભ થાય છે એનું સંત પાઉલ કરિંથના ધર્મસંઘ પહેલા પત્રમાં વિસ્તૃત રીતે વર્ણન કરે છે.

> હવે, અમે જો એમ ઘોષણા કરતા હોઈએ કે, ઈસુને મરેલાંમાંથી ફરી સજીવન કરવામાં આવ્યા હતા, તો તમારામાંથી કોઈ કોઈ એમ શી રીતે કહી શકે કે, મરેલાં ફરી સજીવન થઈ શકતાં નથી.? મરેલાં ફરી સજીવન ન થતાં હોય, તો ખ્રિસ્ત પણ ફરી સજીવન થયા નથી; અને જો ખ્રિસ્ત ફરી સજીવન ન થયા હોય, તો અમારો ઉપદેશ વ્યર્થ છે, અને તમારી શ્રદ્ધાનો પણ કશો અર્થ નથી. (૧ કરિંથ ૧૫:૧૨-૧૪)

સંત પાઉલનું કહેવું છે કે આપણે ઈસુ ખ્રિસ્તના મરણમા સહભાગી થઈશું તો ચોક્કસપણે એમના પુનઃજીવનમાં પણ સહભાગી થઈશું. (રોમ ૪:૬) ઈસુનું પુનરુત્થાન આપણને ખાતરી આપે છે કે આપણે તેમની સાથે ફરી જીવતાં ઊઠીશું. સંત પાઉલ આનું કારણ આપતાં કહે છે:

> ઈસુને મરેલાંમાંથી સજીવન કરનાર ઈશ્વરનો આત્મા આપણા અંતરમાં પણ વસે છે એટલે જ તે આત્મા દ્વારા ઈશ્વર આપણને પણ સજીવન કરશે. (રોમ ૮:૧૧).

પાઉલની આ ખાતરીનું મૂળ કારણ એનો સજીવન થયેલા ઈસુનો અંગત અનુભવ હતો. તે કહે છે, 'છેવટે તેમણે મને પણ દર્શન દીધાં હતાં, જો કે હું તો અકાળે જન્મ્યા જેવો છું.' (૧ કરિંથ ૧૫:૮)

પોતાના ઉપદેશમાં ઈસુ કહેતા કે મરેલાં ફરી જીવતાં ઊઠશે. જ્યારે પોતાનો મિત્ર લાઝરસ મરણ પામે છે ત્યારે લાઝરસની બહેન માર્થાને ઈસુ જે શબ્દોમાં દિલાસો વ્યક્ત કરે છે તે જ શબ્દોમાં કબર આગળ ઊભા રહીને પોતાની વહાલી વ્યક્તિની ચિર વિદાયથી વ્યથિત દરેક માણસને ઈસુ સાંત્વન પાઠવે છે:

> "હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું. જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તોપણ, તે જીવતો થશે." (યોહાન ૧૧:૨૫).

વળી ઈસુ ખાતરી પણ આપે છે કે, મને મોકલનારની ઇચ્છા એવી છે કે, તેણે મને જે કંઈ આપ્યું છે તેમાંથી કશું જ મારે ખોવું નહિ, પણ છેલ્લે દિવસે તેને સજીવન કરવું. મારા પિતાની ઇચ્છા એવી છે કે જે કોઈ પુત્રનાં દર્શન કરીને તેના ઉપર શ્રદ્ધા રાખે તે શાશ્વત જીવન પામે, અને હું તેને છેલ્લે દિવસે સજીવન કરું." (યોહાન ૬:૩૯-૪૦). ઈસુનું પુનરુત્થાન પ્રેષિતોને નવું જીવન આપે છે. ડરપોક થઈને ઈસુને સંપૂર્ણ રીતે ઈનકાર કરનાર પીતર જેવા લોકોને પણ પુનઃજીવન પામેલા ઈસુના અનુભવથી જુસ્સો અને હિંમત મળી જાય છે, અને તેઓ મોટા મોટા અભિકારીઓ સામે પણ ઈસુની સાક્ષી પૂરવા નીકળી પડે છે. (પ્રેષિતોના ચરિતો ૨:૨૩-૨૪)માં તે કહે છે:

એ જ ઈસુને, ઈશ્વરનાં સંકલ્પ અને પૂર્વજ્ઞાન અનુસાર, તમારા હાથમાં પકડાવી દેવામાં આવ્યા ત્યારે, તમે વિધર્મીઓને હાથે ક્રૂસે જડીને મારી નાખ્યા; પણ ઈશ્વરે તેમને મૃત્યુની યંત્રણામાંથી મુક્ત કરી ફરી સજીવન કર્યા; બાઈબલનો છેલ્લો ગ્રંથ દર્શન પણ આ દુન્યવી જીવનના અંત પછીના જીવનની વાત કરે છે અને કહે છે કે ઈશ્વર ઈસુમાં શ્રદ્ધા રાખનારનાં એક એક આંસુ લૂછી નાખશે. અને મરણ, રુદન, વિલાપ અને દુઃખનો અંત આવશે. (દર્શન ૨૧:૪)

આમ બાઈબલ, એમાંય નવો કરાર પુનરુત્થાન તથા શાશ્વત જીવનની ખાતરી કરાવે છે અને કહે છે કે ઈશ્વર ઈસુમાં શ્રદ્ધા રાખનારનાં એક એક આંસુ લૂછી નાખશે અને મરણ, રુદન, વિલાપ અને દુઃખનો અંત આવશે. (દર્શન ૨૧:૪). આમ બાઈબલ એમાંયે નવો કરાર પુનરુત્થાન તથા શાશ્વત જીવનની ખાતરી કરાવે છે. આપણી શ્રદ્ધા બાઈબલ આધારિત છે એટલે બાઈબલના આવા વચનને લીધે આપણે પુનરુત્થાન અને શાશ્વત જીવનની ઘોષણા કરીએ છીએ, તેમ છતાં પુનરુત્થાનની વાત કરતી આ વેળાએ ગેરસમજ દૂર કરવા માટે કેટલીક બાબતો 'મારી શ્રદ્ધા' પુસ્તકની મદદથી સ્પષ્ટ કરવાની જરૂર છે.

દેહનું પુનરુત્થાન અને અમર જીવનનો એકરાર ખ્રિસ્તીઓ કરે છે એનો અર્થ એવો નથી કે તેઓ પીડા અને મૃત્યુ ટાળે છે.

આવતા ભવમાં તમને સુખ મળશે એવી વાતોથી તેઓ પોતાનાં ઓછાં ભાગ્યશાળી અને કચડાયેલાં ભાઈભાંડુંઓને ખોટું સાંત્વન આપવાનો પ્રયત્ન કરતાં નથી. દેહનું પુનરુત્થાન અને અમર જીવનનો એકરાર ખ્રિસ્તીઓ કરે છે એનો અર્થ આ થાય છે: "આપણે મક્કમતાપૂર્વક માનીએ છીએ અને તેની આશા રાખીએ

છીએ કે જેમ ખ્રિસ્ત મરેલાંમાંથી સજીવન થયા છે અને સદાને માટે જીવે છે, તેમ મૃત્યુ પછી પુણ્યશાળી માણસો પુનરુત્થાન પામેલા ખ્રિસ્ત સાથે અનંતકાળ જીવશે અને ખ્રિસ્ત તેમને કયામતને દિવસે જીવતાં ઉઠાડશે (૯૮૯)." ભવિષ્યની આશા વર્તમાનનો અર્થ પૂરો પાડે છે.

આપણે શ્રદ્ધા રાખીએ છીએ કે એક દિવસ આપણે સમગ્રપણે રૂપાંતર પામવા અને આપણે કલ્પના પણ ન કરી શકીએ એવું સુંદર જીવન જીવવા નિર્મેલાં છીએ. કારણ, ખુદ ઈશ્વર જ આપણને આવા સોહામણા ભવિષ્યની ભેટ આપશે. પુનરુત્થાન અને અમર જીવનમાંથી શ્રદ્ધા આપણને સંતોષકારક જીવન જીવવા પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. પ્રલોભનો, જુલમ તથા હિંસા વચ્ચે પણ સત્યની સાક્ષી પૂરવા હિંમત પ્રેરે છે. ચાલો આપણે આપણને મળેલ જીવન અને પુર્નજીવનની આશામાં ભરપટ્ટે જીવીએ. ●

Email : arayappan@gmail.com

**Milan M. Makwana (Director)** **(M) +91 97257 18708**
**(M) +91 81548 79300**

Hotel Booking, Air Ticket, Visa, Passport, Railway Ticket, Dom/INT Packages

**Magic fly**
**Tours & Travels**

E-mail: macmaxicool@yahoo.com • magicflytravels@gmail.com
Web : www.magicflytoursandtravels.com

**G-16, R.K. Complex Centre, Opp. Home Science College,**
**Mota bazar, V.V. Nagar, ANAND 388120**

# અભિનંદન



**ડૉ. મહેશકુમાર સ્ટેલીન**
આચાર્યશ્રી
આઈ.બી. પટેલ ઈંગ્લીશ સ્કૂલ
વિદ્યાનગર

આપશ્રીને કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આણંદ દ્વારા આયોજિત શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન વર્ષ ૨૦૧૪-૧૫નો ''શ્રેષ્ઠ શાળા સન્માન'' (રૂા. એક લાખ) પ્રાપ્ત કરવા બદલ અભિનંદન.

આપના ઉત્તમ નેતૃત્ત્વ અને કર્તૃત્ત્વ થકી મેળવેલ આ સિદ્ધિ બદલ સમગ્ર સમાજ આનંદ તથા ગર્વની લાગણી અનુભવે છે.

| | | |
|---|---|---|
| **પ્રદીપ પરમાર** | **અમિતાભ મેકવાન** | **સંજય વાણિયા** |
| **આચાર્યશ્રી** | **આચાર્યશ્રી** | **આચાર્યશ્રી** |
| **શારદા હાઈસ્કૂલ** | **આણંદ હાઈસ્કૂલ** | **એચ.એલ.પટેલ હાઈસ્કૂલ** |
| **આણંદ** | **આણંદ** | **સામરખા** |

## હાર્દિક આમંત્રણ આપને... આપના પરિવારને
### 'સેંટ મેરીસ હોસ્ટલ, નડીઆદ - ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિવાર સ્નેહ સંમેલનમાં...'

છેલ્લા સાત દાયકા દરમિયાન, સેંટ મેરીસ હોસ્ટેલ, નડીઆદમાં આપના નિવાસથી ઉભય સમૃદ્ધ બન્યાં છે - એક આપ અને સેંટ મેરીસ હોસ્ટેલ. સેંટ મેરીસ હાઈસ્કૂલ અને હોસ્ટેલથી વિદાય લઈ આપ જ્યાં પણ સ્થાયી થયા હો, આપ ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિવારના એક સભ્ય બની ગયા છો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ પરિવારને મળવા, જૂનાં સંસ્મરણોનો આહલાદ્ક આનંદ અનુભવવા અને એકબીજાની સિદ્ધિના સથવારે પ્રેરણા મેળવવા પધારો... **'સેંટ મેરીસ હોસ્ટલ, નડીઆદ - ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિવાર સ્નેહ સંમેલનમાં...'** હાર્દિક આમંત્રણ.

**૧૪મી જૂન, ૨૦૧૫ રવિવાર સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦**
**સેંટ મેરીસ પ્રાર્થના હોલ, નડીઆદ - ૩૮૭૦૦૨**

**વિશેષ નોંધ:** *આપ, આપના પરિવારજનો, સગાંસ્નેહી કે હિતેચ્છુએ સેંટ મેરીસ હોસ્ટલ - નડીઆદમાં રહી અભ્યાસ કર્યો હોય તો... હોસ્ટેલ સાથે નાતો સંબંધ ધરાવતા સર્વ કોઈને સંમેલનની જાણ કરવા વિનંતી. આપના આગમનની જાણ સંચાલકશ્રીને કરશો.*

**ફાધર ડેવિડ પરમાર (આસિ. મેનેજર)**
મો. ૯૯૭૪૬ ૭૮૨૯૪
Email: davidparmar14@gmail.com

**ફાધર મેરી જોસેફ (મેનેજર)**
મો. ૯૪૨૯૧ ૮૨૮૬૨, (ઓ) ૦૨૬૮-૨૫૫૮૨૫૧
Email: majoead@gmail.com

# ‘બાળકોને મારી પાસે આવવા દો’

✍ લોરેન્સ સી. મેકમુન

*યુવાનો સાથે અને યુવાનો માટે કામ કરવા ઉત્સુક અને ઉદ્યોગ સાહસિક*

મારી ભાષા કદાચ સુશોભિત નહીં હોય કે મારા સંદર્ભ હજી પરિપક્વ નહીં થાય પણ જે ભાવના વ્યક્ત કરવા માંગુ છું એ સુદૃઢ ઉત્ક્રાંતિની શરૂઆતથી પ્રસ્તુત થયેલા અને અભિવ્યક્ત થયેલા વિચારો મૂળભૂત હોવા છતાં (અને એથી જ) કેવા સમૃદ્ધ હતા/છે કે આજે પણ આપણે અલગ અલગ સમયે એકના એક વાક્યને અનેક રીતે અર્થ, ભાવાર્થ, સંદર્ભ કરી શકીએ છીએ.

એક ઓલિયો બહુ જ સાદાઈથી કહી ગયો હતો કે “બાળકોને મારી પાસે આવવા દો” અને આપણે કેટલું સમજ્યા એ તો એ જ જાણે અને આપણે જાણીએ. બીજી કહેવત આપણી બનાવેલી, એ જૂની પુરાણી “રાંડ્યા પછીનું ડહાપણ...” હજી કેટલું રંડાવાનું છે એ જ નક્કી કરવાનું છે. (આ વાક્ય કાઢી શકાય તો સારું)

જન્મીને સવા મહિનાનું થાય ત્યાંથી માંડીને (હવે તો) ત્રીજા ચોથા ધોરણમાં આવે ત્યાં સુધીમાં તો આપણા બાળકોમાં આમૂલ (ધરમૂળ) પરિવર્તન થાય છે અને આ સમયગાળો એમના માટે વણ ખેડેલી જમીન જેવો છે. આ સમયમાં આપણે એમને ઈશ્વર પાસે ના આવવા દઈએ તો એવું ખરું કે જમીન તળે ઉપર ન થાય અને આપણે બીજ રોપી ન શકીએ. રવિવારની સવારની પવિત્ર ફરજ રૂપે અને ધર્મસભાના (કહેવાતા) કાયદા પ્રમાણે આપણે પરમપૂજામાં ભાગ લઈએ તોય “હાફ પ્લેટ” પ્રમાણે ફરજ અદા કરીએ છીએ. ક્યાં તો પપ્પાના ખભે ટીંગાઈને ફુગ્ગાવાળા પાસે સિસોટીનો અવાજ સાંભળીએ ક્યાં તો મમ્મી પાણીના નળ પાસે સમદુ:ખિયાઓ જોડે ડાઈપરના બ્રાન્ડની (સાસુના ત્રાસની) ચર્ચા કરતી હોય. એમાંને એમાં શાસ્ત્રપાઠ સાંભળ્યો ન સાંભળ્યો, પાલટમાં ઈશ્વરને વંદન કર્યા ન કર્યા ત્યાં તો શાંતિપ્રદાન થઈ ન થઈને પ્રભુ પ્રસાદની લાઈનમાં પ્રથમ પુરસ્કાર ને ત્રીજા પુરસ્કારની લડાઈ શરૂ થઈ જાય.

આ બધું પત્યું નથી કે મારી મચડીને પેલાં નાનાં જીવને તેડી રાખ્યું હોય, કે ધર્મગુરુ ક્યારે લગ્નની જાહેરાત/ચર્ચની જાહેરાત કરે (ખબર તો પડે કઈ કયા સાથે પરણે છે) બસ દોડવા જ માંડે... છેલ્લા આશીર્વાદ (એ તો કબરમાં જતાં પહેલાં ધર્મગુરુ આપશે જ ને) તો ધર્મગુરુ પોતાની સંતુષ્ટી માટે જ રાખતા હશે. આજકાલ (સ્માર્ટ ધર્મગુરુ) એવું કરે છે કે પહેલાં આશીર્વાદ આપી દે, રખેને ઈશ્વર એમની પાસે આશીર્વાદ માંગે કે બધું શું થયું આશીર્વાદ નથી આપતા? ' બધી વાત સાચી પણ મુદ્દો હજી એ જ છે, શું આપણે બાળકોને એમની પાસે જવા દઈએ છીએ? શું આપણે દોડાદોડ કરીએ છીએ કે વારું મારું બાળક ચાલુ વિધિએ વેદી પાસે ના પહોંચી જાય... કે નિત્ય સહાયક માતાની વેદીના ફૂલ ખેંચી ના નાખે કે ધર્મગુરુનો ઝભ્ભો ખેંચી ના નાખે. વેદી સેવકની ઘંટડી વગાડી વગાડીને બધાંનું ધ્યાન ખોરવી ના નાખે. આ બધી ‘ઘટનાઓ’ પછી આવતા પ્રત્યાઘાતોની ચિંતા. સાસુમા શું કહશે. કાકાસસરા અને કાકીસાસુ તો રાહ જ જોતાં હશે, ‘સંભળાવવામાં માટે કે પેલી અભણને તો બાળક સાચવતાયે નથી આવડતું’. માસીસાસુનું દાંતના ખૂણેથી સંભળાવવું કે જમાઈના જ ગુણ આવ્યા છે. તોફાની ઝપતું જ નથી. ના ભાઈ (કે ભય) હવે તો એને દેવળમાં ના લઈ જવાય. બસ પત્યું. મોટું અલ્પવિરામ. પછી ક્યાંથી એને ખબર પડે ઈશ્વર કોણ અને સેતાન કોણ...? ઘરે બેસીને એણે તો કાર્ટુન નેટવર્ક પર ફોટા જોવાનાને એમાં જ સિમોન અને પીતર શોધવાના! ‘બાળકોને મારી પાસે આવવા દો.’

કિશોરાવસ્થામાં પહોંચવાની શરૂઆતમાં પ્રભુપ્રસાદ લેવાની છ મહિનાની તાલીમ(જેલ) લેવી પડે (એવું ભારેખમ લાગે... બાપરે) એ જેમ તેમ કરી પૂરી કરે ત્યાં બળસંસ્કારમાં જબરદસ્તી જવું પડે. આજકાલ છોકરા છોકરીઓ છઠ્ઠા સાતમાં માંજ એટલા મોટા (ફેશન કોન્શિયસ અને કોમ્પિટેટીવ) થઈ જાય છે કે એમને ભક્તિપૂર્વક (એકચિત્ત તો કદાચ જ કોઈ થયું હોય) બેસવું શરમ આવે. બાકીના લોકો કેવું “ફીલ કરે...” કે આ છોકરા/છોકરી નીચે બેસીને ભગવાન સાથે વાત કરે છે. લેવાં પડે એટલે સંસ્કાર લેવા આવે પછી ક્યાંથી કોઈ આવે છે! નાતાલ કે પાસ્ખા સિવાય અને આવે તોય દેવળની બહાર ઊભા રહે. આઠમા ધોરણથી છૂટા પડેલા છેક કોલેજમાં આવે ત્યારે ફરી પાછું દેવળ યાદ આવે. કેમ? તો કહે યુથમાં જોડાવું છે. ક્વાયરમાં જવું છે. હશે હશે હેતું ફેર હોય તેવું લાગે ત્યાં સુધી માબાપ ભયો ભયો કરીને ચલાવે. “અલી બેન તારી છોકરી પેલા ફલાણાભાઈના છોકરા સાથે છે” બસ પતી ગયું. આપણી ફલાણીની આસપાસ કિલ્લેબંધી થઈ જાય કાલથી ક્વાયર બાયર નહીં... VBS/BBS નહીં... દેવળ જવું હોય તો મારી બાજુમાં બેસવાનું. મારી જોડે છૂટીને આવવાનું! ‘બાળકોને મારી પાસે આવવા દો.’

તમને શું લાગે છે આજકાલ (અને જોવા જાવ તો તમારા ભૂતકાળમાં) કોઈની પણ સ્વતંત્રતા તમે રોકી શકવાના? પેઢીએ પઢીએ પ્રસંગો સંજોગો બદલાય, તોય બાળકો/કિશોરો/યુવાનો પોતાનો રસ્તો કરી જ લેતા હોય છે. હવે સમજવાનું આપણે છે. આ ત્રણે વર્ગને કયા વાતાવરણમાં આપણે સ્વતંત્રતા આપીએ છીએ. કયા વાતાવરણમાં આપણે છૂટ્ટા મૂકી દઈએ છીએ. બાલ્યાવસ્થા/ કિશોરાવસ્થા/યુવાવસ્થા એવી છે કે જ્યાં ભૂલો થવાની અને અપાર જાગૃતિ એ હોવી જોઈએ કે ભૂલો ક્યાં થાય છે. દેવળના પ્રાંગણમાં થઈને સુધરેલી ભૂલો ઈશ્વરની દેખરેખમાં/સાંનિધ્યમાં જ થવાની.

થોડું ઘણું તો ઈશ્વર પણ સંભાળશે જ ને. એને નહીં દેખાતું હોય કે ક્યાં સાચવવું? ક્યાં ટપારવું ને ક્યાં આ બાળકમાં સુબુદ્ધિનું સિંચન કરવું? ૩/૪ અઠવાડિયામાં એ વેદીના ફૂલ ખેંચનાર બાળક ચોક્કસ પાંચમા અઠવાડિયે થાકશે પછી વેદી સેવકના પાથરણાં પાસે ખેંચાખેંચ કરશે... પ્રભુ આ બધું ક્યાં? એ જે દેવળમાં એ જ ધર્મગુરુના “આ ખ્રિસ્તનો દેહ છે” અને “ઓ ખ્રિસ્તના આત્મા પવિત્ર મને કર”ના ઉચ્ચારણો વચ્ચે નહીં કે “ચાર બોટલ વોડકા, કામ મેરા રોજ કા” વચ્ચે ‘બાળકોને મારી પાસે આવવા દો.’

તમારા અને મારા વડીલોએ ચાલીઓ, શેરીઓ અને મહોલ્લાઓમાંથી કાઢી કાઢીને રમવા મૂકેલા દેવળના ચોગાનમાં... તે એટલે જ હજી આપણને ચેન નથી પડતું. રવિવારે સવાર દેવળમાં ગયા વગર અને તમારું અને મારું બાળક જો અડધું વર્ષ દેવળમાં ન જાય તો લખીને રાખજો કે “પ્રણામ ઓ રાણી” બોલતાં ફાંફા પડશે... ‘બાળકોને મારી પાસે આવવા દો.’

આ યુવાન યુથમાં નહીં જોડાય, ક્વાયરમાં નહીં બેસે અને કટક્ટ નહીં કરે તો “કહેવાતા સમાજમાં” ભળશે નહીં અને “ભળશે નહીં” તો એને સમાજનું કોઈ મળશે નહીં. પછી બહાર એ પોતાની ડાળીઓ ફેલાવે કે પોતાના પુષ્પોની સુવાસ બહાર પ્રસરાવે. દુનિયા તો છે જ મુક્ત એને ઓફર આપવા. માનો યા ના માનો, જીવન પોતાનો રસ્તો કરે લે છે. વૃક્ષો પાસેથી શીખ લો, વડની વડવાઈઓ પોતાનું અવલંબન શોધી લે છે. પોતાની આસપાસ મળે તોય ખરું નહીં તો “યત્ર તત્ર સર્વત્ર” ‘બાળકોને મારી પાસે આવવા દો.’

મળવા દો યુવાનોને, દેવળમાં બેસવા દો અને વાતાવરણ મુક્ત રાખો. મુક્ત વાતાવરણમાં સ્વચ્છ રહે છે. એમાં ટૂંકા ગાળાનું પરિણામ ન જુઓ. લાંબા ગાળાની સ્વસ્થતા અને સમૃદ્ધતા જુઓ. આજકાલના યુવાનો ફક્ત “લફ્ડું” નથી કરતા પણ વિચાર સમૃદ્ધતા લાવે છે. સ્વસ્થ હરીફાઈ લાવે છે. પોતાને યોગ્ય હરીફ પસંદ કરે છે અને એ સ્વસ્થ હરીફાઈમાં જાણે-અજાણે એકબીજાનું ઘડતર કરે છે. એ સ્વસ્થ હરીફાઈ થવા દો. ચર્ચના પ્રાંગણમા આ ફકરા સુધીનો લેખ વાંચનાર ૨૮/૩૮ વર્ષના માબાપને એવું લાગ્યું હશે કે કંઈક તો છે આ વાતમાં ભલે સો ટકા પોતાની ભાવના નહીં હોય પણ છે ખરું અને આ છેલ્લો ફકરો વાંચનાર યુવાનને પણ લાગ્યું હશે “અમે મૂરખ નથી. અમે બાળક નથી, અમને જ્યાં ત્યાં મોં મારવાની આદત નથી.” અમને યોગ્ય પાત્ર શોધતાં ભલે ના આવડતું હોય, અમને યોગ્ય બનતાં જરૂર આવડે છે. જરૂરત છે એ યોગ્યતાઓના સંયોજન/સમાયોજનની. હજીયે ઘણી પ્રજાપતિઓ પછાત છે કારણ કે એમને યોગ્ય અને મુક્ત વાતાવરણ નથી મળતું ભળવા/મળવા અને કેળવવા માટે.

આપણા કહેવાતા (૩૨/૩૫ થી ૪૫/૫૫) વડીલોએ પોતાની સીમિત માન્યતાઓને થોડી ઢીલી કરવી પડશે, જડતાને કોરાણે મૂકવી પડશે. તો જ આ બાળકો/કિશોરો/યુવાનો પાછા આવશે ઈશ્વરની નિશ્રામાં. રોગનું મૂળ અંદર છે બહારના પડમાં તો ફક્ત એનાં ૧૦% એંધાણ દેખાયછે. જો અંદર સાફસફાઈ નહીં કરીએ તો કેન્સર પ્રસરતું જશે. કિમોથેરપી પણ કામ નહીં આવે. મારું માનવું એવું છે કે જેઓ ૧૮/૨૨ થઈ ગયા છે એમને “બ્લેમ” કરવા કરતાં જે ૭/૧૫ ના છે એમને જરૂરી મુક્તતા આપો જ્યાં સુધીમાં એ ૨૫/૨૮ થશે ત્યાં સુધીમાં સુધાર આવશે એમનામાં અને ત્યાં સુધીમાં પેલા જે ૨૫/૨૮ છે તેઓ ૩૫/૪૦ થયા હશે તો થોડી ઘણી બુદ્ધિ એમનામાં પણ આવશે અને પછી બન્ને પક્ષ સ્વસ્થ સમાજ તરફ મળીને પગલાં ભરશે.

હજી પણ એમને ખાના ખરાબીની ખબર ક્યાં છે...
હજી પણ એ મને પૂછી રહ્યા છે, તારું ઘર ક્યાં છે.! ●

Email: makmoon@gmail.com

**CANADA CALLING**

Apply under **EXPRESS ENTRY PROGRAM** through Registered Canadian Immigration Consultant (RCIC) (ICCRC) Lawyer.

* **Federal Skilled Category :** All Engineers, Software developers & Programers, Physiotherapists, HR Managers, Financial Planners, Investment advisors etc.

* **Federal Skilled Trade Category :** Machinists, Tool & Die Makers, Sheet Metal Workers, Welders, Fitters, Plumbers, Auto Mechanics, Refrigeration & Air Conditioning Mechanics, Chef Cook etc.

**WORK PERMIT FOR CANADA AVAILABLE FOR 4 YEARS**

**Elim Academy**
401, 4th Floor, Kishor Plaza,
Station Road, Anand. (M) 98252 99192
E-mail : elimacademy45@yahoo.com

# પરિવાર – પ્રેમનું બંધન

(વિશ્વ પરિવાર દિન - ૧૫ મે નિમિત્તે)

✍ અમ્રિતા જિતેન્દ્ર માર્શલ

*આ.પ્રો. બાવીસ ગામ બી.એડ.કોલેજ, વલ્લભ વિદ્યાનગર*

પરિવારની કલ્પના વિના માનવીની કલ્પના થઈ શકે ખરી? આ પ્રશ્નનો જવાબ ના હોય તો એ પરિવારનું મહત્ત્વ બતાવે છે. માનવીનો જન્મ થાય ત્યારે એ પ્રથમ વાર જેના સંપર્કમાં આવે છે એ પરિવાર ઈસુ ગમે તેના ઘરે જન્મી શક્યા હોત. પરંતુ એવું ના બન્યું, કારણ પરમેશ્વર તેમના એકના એક દીકરા માટે યોગ્ય પરિવારનું મહત્ત્વ સમજતા હતા. વ્યક્તિના વ્યક્તિત્વનું ઘડતર અને તેની સફળતા અને નિષ્ફળતાનું રહસ્ય પરિવારમાં પડેલું હોય છે. વર્તમાન સમયમાં પરિવારની હાલત આપણે જોઈ શકીએ છીએ. તૂટતાં પરિવારોની વધતી સંખ્યા આપણને નિરાશ કરે છે ત્યારે એક આશાભરી સવારની હું રાહ જોઉં છું જ્યારે પરિવારના બધા સભ્યો એકબીજા સાથે પ્રેમના તાંતણે વણાયેલા હશે! કદાચ આ બાબતને ધ્યાનમાં રાખીને વિશ્વ પરિવાર દિનની ઉજવણીનો વિચાર આવ્યો હશે. આપણી માતા ધર્મસભા પણ મજબૂત અને સફળ પરિવાર ઈચ્છે છે જેનાથી સમતોલ નાગરિકનું ઘડતર થાય, મૂલ્યોનું શિક્ષણ મળે અને સમગ્ર વિશ્વને 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાથી જોવામાં આવે. આથી વર્તમાન સમયમાં તૂટતાં પરિવારને બચાવી લેવાની અને અન્ય પરિવાર સુમેળપૂર્વક જીવે એ માટે પ્રયત્ન કરવાની જવાબદારી આપણા સૌની છે.

પરિવારને સફળ અને મજબૂત બનાવવા આપણે શું કરી શકીએ, તે બાબતે મારાં અંગત મંતવ્યો અહીં એ ખાતરી સાથે રજૂ કરું છું કે તે અસરકારક નીવડશે જ.

(અ) નિષ્ઠા - પરિવારને સફળ બનાવવા દરેક પરિવારજન નિષ્ઠા બતાવશે. કુટુંબ એક સાથે સંપીને જીવે તે માટે દરેક સભ્ય નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરશે. દરેક પરિવારના સભ્ય એકબીજાની ખુશીને પ્રાધાન્ય આપે તો ચોક્કસ પરિવાર હંમેશા સાથે જ રહેશે. આનો અર્થ એ કે –

૧) દરેક વ્યક્તિ પોતાના કુટુંબને અગ્રતા આપશે.
૨) કુટુંબનો દરેક સભ્ય કિંમતી છે એમ માનશે.
૩) મુશ્કેલ સમયમાં સંબંધોને વધુ મજબૂત કરશે.
૪) એકબીજાને સમજવાનો પ્રયત્ન કરશે.
૫) સમાધાનકારી વલણ અપનાવશે.
૬) પતિપત્ની એકબીજાને સંપૂર્ણ વફાદાર રહેશે.
૭) જરૂર પડ્યે ત્યાગની ભાવના પણ સ્વીકારશે.

(બ) પ્રોત્સાહન : દરેક વ્યક્તિને પ્રોત્સાહનની જરૂર હોય છે, પરિવારના સભ્ય એકબીજાને જરૂર પડ્યે પ્રોત્સાહન આપશે. સારાં કામો માટે વખાણ કરવાનું ક્યારેય ન ભૂલીએ અને ભૂલ થાય ત્યારે મિત્રભાવે ભૂલ સુધારીએ અને માફી આપીએ તો ક્યારેય પરિવાર તૂટશે નહિ. આનો અર્થ એ થાય છે –

૧) દરેક સભ્યની હકારાત્મક બાબતોને વખાણવી અને નકારાત્મક બાબતોને કાળજીપૂર્વક સુધારવી.
૨) રોજબરોજના જીવનમાં બનતી નાનીનાની દરેક ઘટનાઓમાં એકબીજા પ્રત્યે પ્રેમ દર્શાવવો.
૩) દરેકને હૂંફનો અનુભવ કરાવવો.
૪) વ્યક્તિ એકલી નથી અને તારી સાથે અમે છીએ, એ બાબતનું પુનરાવર્તન કરવું.
૫) વર્તનની સારી ટેવ ઘરમાં નાનપણથી જ વિકસાવવી.
૬) દરેક વ્યક્તિને માન આપવું અને ઘરના નાનામાં નાના, દરેક નિર્ણયમાં દરેકને સામેલ કરવાં.
૭) ઘરમાં હકારાત્મક વાતાવરણ સર્જવું.

(ક) સંવાદઃ આપણે ઠેકેકાણે જોઈએ છીએ કે સભ્ય ખૂબ ઓછી વાત કરે છે. ફેસબૂક, વોટ્સએપના જમાનામાં માબાપ-બાળકો-ભાઈ-બહેનો પોતાની લાગણી વ્યક્ત કરે એ ખૂબ જરૂરી છે. સાથી પરિવારના દરેક સભ્યે દરરોજ એકબીજા માટે સમય ફાળવવો જોઈએ. બાળકો માટે માબાપે આપેલા સમય જેટલી મોંઘી ભેટ બીજી એક પણ નથી. પરિવારના સભ્ય પરસ્પર સંવાદ કરશે તો દિલનો બોજો હળવો થશે. હાર્ટ એટેકનું પ્રમાણ, આત્મહત્યાનું પ્રમાણ ઘટશે. ડિપ્રેશન જેવી અનેક સમસ્યાઓ દૂર થશે.

આથી કુટુંબના દરેક સભ્યે એકબીજાની વાત સાંભળવી અને દરેક વ્યક્તિની સમસ્યાને જાણવી આનો અર્થ એ કે –

૧. સારા શ્રોતા બનવું
૨. એકબીજા પર વિશ્વાસ રાખવો
૩. સમય ફાળવી અસરકારક પ્રત્યાયન કરવું .
૪. મુશ્કેલીના સમયે એકબાજાની સાથે ઊભા રહેવું.
૫. સમસ્યાનો સામનો સાથે મળીને કરવો.
૬. સમજણનું વલણ વિકસાવવું.
૭. સાથે જમવું
૮. દરેક પ્રવૃત્તિમાં સાથે રહેવું.
૯. જન્મદિવસ અને ખાસ તહેવારના સમયે એકબીજાને નિકટતાનો અહેસાસ કરાવવો.
૧૦. ધાર્મિક પ્રવૃત્તિમાં સાથે રહી આધ્યાત્મિકતાનો અનુભવ કરાવવો.

ઉપર દર્શાવેલી બાબતોને પરિવારના દરેક સભ્ય અનુસરે તો એક પ્રેમભર્યા કુટુંબનું નિર્માણ થઈ શકે. માબાપ બાળકોને ટી.વી., કમ્પ્યુટર, વીડિયો ગેમના બદલે પોતાનો સમય આપે તો બાળક ન ધારેલાં કાર્યો કરી શકે. પતિપત્ની પૈસાને જ પ્રાધાન્ય ન આપતાં એકબીજા સાથે સંવાદ રચતાં થાય, પ્રેમ આપતાં થાય અને બંને એકબીજાનાં માબાપને માન આપતાં થાય તો છૂટાછેડાના બનાવો ચોક્કસ ઓછા કરી શકાય. માબાપ પોતાના પરિણિત બાળકોના જીવનમાં જરૂર પૂરતી મદદ કરે, તેમને સ્વાવલંબી થવા દે, તેમનાં નિર્ણયોમાં દખલ ન દે તો ચોક્કસ દીકરી રિસાઈને ઘરે નહીં આવે. પરિવાર મજબૂત હશે તો સમગ્ર વિશ્વ હકારાત્મક અસરો વડે મજબૂત અને શાંતિભર્યું બની શકશે. બધાંને મારાં તરફથી પરિવાર દિનની શુભેચ્છાઓ.

You don't choose your family. They are God's Gift to you, as you are to them.

Email: amritamarshal@gmail.com

પરેશ એ. વાઘેલા ૯૭૨૩૧ ૬૦૭૭૩

દિપક એ. વાઘેલા ૮૪૬૦૦ ૮૨૬૬૫

**અગ્નેલ એર કંડિશનિંગ**

ફ્રીઝ, એ.સી., એરકૂલર, વોટરકૂલર રીપેરિંગ, સર્વિસીંગ કરનાર

ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા.જિ. આણંદ


## લગ્નજીવનનાં ૪૪ વર્ષ પૂરાં કરવા બદલ

**આપ નટવરભાઈ અને રેગીનાબેન (પપ્પા-મમ્મી)ને**

## હાર્દિક શુભેચ્છા

**લગ્ન તારીખ: ૧૮-૦૫-૧૯૭૧**

**Congratulation**



**લિ. આપનાં**
**સિ. સંગીતા વાઘેલા (પુત્રી) (Mission Sisters of Ajmer)**
**જગદીશ વાઘેલા (પુત્ર), હેતલ જગદીશ, પ્રિયાંશુ**
**મધુ (પુત્રી) તેમજ આશિષ પરમાર, પ્રીતિશ**
ગામ: ગોઠડા

# સંન્યસ્ત જીવનની રજતજયંતી

**"ફસલ ખરેખર મબલક છે; પણ કામ કરનારા થોડા છે." (માથ્થી ૯:૩૭)**



**સિસ્ટર પુષ્પા એફ. ટેલર**

પવિત્ર શાસ્ત્રનું આ સત્ય જેના જીવનમાં ઉજાગર થયેલ છે તેવા, ઈસુની ખેડેલી પગદંડીના પથિક **સિસ્ટર પુષ્પા**, જેમણે રાજનગરના સ્વ. ફ્રાન્સિસભાઈ તથા સ્વ. રેગીનાબેનની વત્સલ માવજતે, સમગ્ર પરિવારની શ્રદ્ધાસભર પ્રાર્થનાએ, પ્રભુઈસુના સ્નેહાળ સાદે, આત્મિક બળપ્રદ ઉત્સાહે, ૧૩ મે, ૧૯૯૦માં કાર્મેલાઈટ સિસ્ટર ઑફ ચેરીટી, વેદ્રુના મંડળમાં પગરણ માંડી, પ્રથમ વ્રત ગ્રહી પ્રભુની વાડી સંભાળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કર્યું. વર્ષ ૧૯૯૧થી સેંટ મેરીઝ હાઈસ્કૂલ, સાણંદ ખાતે શિક્ષિકા તરીકે શિક્ષણ તથા પ્રેમ અને સેવાની ધૂણી ધખાવી. વર્ષ ૨૦૦૧ થી આજ પર્યંત જ્યોતિઘર લુસડિયા મુકામે શિક્ષિકા તથા સમાજસેવિકારૂપે અદનાજનમાં, પ્રભુના પ્રેમના મહિમા રૂપ અઢી દાયકાથી કર્મનિષ્ઠામાં લીન છે. પ્રભુએ ચીંધેલા માર્ગ પર અંતરમનની કરુણા, સેવા અને સમર્પણની ભાવનાને ચરિતાર્થ કરનાર પ્રભુની નમ્ર સેવિકા અને પરિવારની દીકરીઓને, ઈસુની સેવામાં પોતાનું જીવન સમર્પણ કરવાની પ્રેરણા આપનાર સિસ્ટર પુષ્પાને અભિનંદન તથા શુભેચ્છા.

**:: શુભેચ્છક ::**

**કોકિલાબેન વિક્ટરભાઈ પરમાર**
**નિમેષ - બ્લોસમ, નિષ્કા, નાઈશા**
**પ્રકાશ - ઉન્નતિ**

**રમેશભાઈ એફ. પરમાર (એડવોકેટ)**
**વિમળાબેન આર. પરમાર**
**આશિષ, શ્રેય મહેશ પરમાર**

**અનિલ ડાભી, કૃપા ડાભી,**
**સ્નેહલ - શેરલ, શૈલેન - માયા,**
**શેન - આર્નવ, સચિન**



# ઈશ્વરનો પુત્ર

✍ ફાધર એન્ડ્રુ સિલ્વેરા એસ.જે.

*ધર્મગુરુ, લેખક, વિવિધ ક્ષેત્રીય તાલીમકાર, માર્ગદર્શક.*

પૂનમની રાતે સોળે કળાએ ખીલેલા ચાંદની મખમલી રોશની અખંડ જલરાશિ ઉપર ચમકતી જોઈને કવિ કાંતનું હૃદય આનંદથી ભરાઈ આવ્યું. ભર્યાં ભર્યાં આનંદથી હૃદયસહજ ઉદ્‌ગાર નીકળ્યા, "આજ મહારાજ જલ પર ઉદય જોઈને ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે." એમના એ આનંદ-ઉદ્‌ગાર વૈફલ્યમાંથી મુક્તિ આપનાર સાક્ષાત્ ઈશ્વરના ઐશ્વર્યની અનુભૂતિની અભિવ્યક્તિરૂપ કે સાક્ષીરૂપ હતા.

મધ્યાહ્‌ન થતાં આખા પ્રદેશ ઉપર અંધકાર છવાઈ ગયો. એ ત્રણ વાગ્યા સુધી રહ્યો. ઈસુ મોટેથી બૂમ પાડી ઊઠ્યા, "હે પ્રભુ, મારા પરમેશ્વર તમે મને કેમ છોડી દીધો?" તેમની સમક્ષ ઊભેલો રોમન સૂબેદાર એમને આવી રીતે આક્રોશ કરીને પ્રાણ છોડતાં જોઈને બોલી ઊઠ્યો, "સાચે જ એ માણસ ઈશ્વરનો પુત્ર હતો." માનવપુત્ર નાઝરેથના માનવી ઈસુમાં ઈશ્વરસમાન દૈવી ખ્રિસ્તના સાક્ષાત્કાર કરનાર આ પહેલોવહેલો માણસ. વિરોધાભાસમાં બિનયહૂદી એટલે કે વિધર્મી. ઈસુના મૃત્યુ પછી એમના વિશે પ્રથમ સાક્ષી આપનાર એ જ હતો. મંદિરનો પડદો ઉપરથી નીચે સુધી ચિરાઈ ગયો. ઈસુ સાચે જ મરી ગયા છે એની ખાતરી કરી લેવા રોમન સિપાઈ એના પડખામાં ભાલો હુલાવે છે અને એમાંથી જળ અને રક્તની ધારા વહે છે. એ જળ અને રક્તની ધારામાંથી જ ધર્મસભાના વહેણ શરૂ થઈ ગયાં. માણસના તારણ માટેની ઈસુની શહાદત મુક્તિકાર્ય માટે એક ચીલો પાડી ગઈ. માણસ, જીવનને સાચવશે તો ખોઈ બેસશે અને શુભસંદેશ અને ઈસુ ખાતર જીવનને હોડમાં મૂકશે તો જ સાચું જીવનસુખ મેળવશે.

યરુશાલેમના યહૂદીઓના પથ્થરરૂપી મંદિરની જગ્યાએ સજીવન થયેલા જીવંત પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ધર્મસભારૂપે વિરાટ વિશ્વમંદિર ઊભું થયું. સજીવન થયેલા પ્રભુ ઈસુના આ મંદિરને ન કોઈ આકાર, ન કોઈ દૃશ્ય સ્વરૂપ, ન કોઈ ઈમારત હોય. અલબત્ત સજીવન થયેલા એ પ્રભુ ઈસુ પવિત્ર આત્મસ્વરૂપે અત્ર, તત્ર, સર્વત્ર સંચરે છે. જે કોઈ એનામાં વિશ્વાસ રાખે છે એનાં હૃદયમંદિરમાં એ વાસ કરે છે. એને નવચેતના અને અવનવી જીવનદૃષ્ટિ આપે છે. માણસ હવે સ્વદૃષ્ટિનું જીવનદર્શન પ્રાપ્ત કરે છે. ઈશ્વરની દૃષ્ટિએ જીવનને જોવા લાગે છે. જ્યાં બે કે ત્રણ સજીવન ઈસુના નામે એમનાં સ્મરણ અર્થે મળીને પ્રભુભોજનમાં સહભાગી થાય છે ત્યાં ઈસુ પ્રગટ થાય છે. ઈસુના શબ્દોમાં કહીએ તો, "તમને હું એક નવી આજ્ઞા આપું છું: પરસ્પર પ્રેમ કરજો. મેં જેમ તમારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ તમારે પરસ્પર પ્રેમ રાખવાનો છે. તમે મારા શિષ્ય છો એમ જગત તો જ જાણશે, જો તમે પરસ્પર પ્રેમ રાખતા હશો." (યોહાન ૧૩:૩૪-૩૫)

ઈશ્વરના માણસ પ્રત્યેના પ્રેમના ઉત્કટ અંતઃસ્પર્શથી ભીંજાયેલા માણસો ઈશ્વરી પ્રેમની પ્રતીતિ પ્રત્યક્ષ પરસ્પર સાથેના નિઃસ્વાર્થ, નિરપેક્ષ અને બિનશરતી પ્રેમભાવમાં કરે છે ત્યારે શુભસંદેશ સાક્ષાત માનવી વ્યવહારમાં પરિણમે છે.

ધર્મસભાનો પ્રથમ સુકાની એમનો શિષ્ય પીતર એટલે ખડક છે. પચાસમાના દિવસે શિષ્યો અને પ્રેષિતો એકત્રિત થઈને પ્રાર્થના કરતા હતા. અચાનક ભારે પવન ફૂંકાયો. ઈશ્વરનો આત્મા સ્વર્ગમાંથી પ્રગટ થયો. તેમનાં હૃદયો પ્રજ્જલિત થયાં. શિષ્યો પવિત્ર આત્માની શક્તિથી સભર થયા. તેમનાં હૈયાં આનંદથી છલકાઈ ગયાં. ભય ગયો અને હિંમત આવી. બંધ બારણાં ખૂલી ગયાં અને તેઓ ઈસુના નામે જયઘોષ કરીને શુભસંદેશની ઘોષણા કરવા જગતના ખૂણે ખાંચરે ફેલાઈ ગયા. સ્તેફાનને લોકોએ ગામબહાર ધકેલીને એમના ઉપર પથરા ફેંકીને માર્યો. શુભસંદેશની ઘોષણા કરતાં કરતાં પીતરને ક્રોસ ઉપર લટકાવવામાં આવ્યો અને સંત પાઉલનો શિરચ્છેદ કરવામાં આવ્યો. શુભસંદેશ પ્રગટ કરવા થોમા ભારત આવ્યો.

સંઘમાં ઈસુના શિષ્યોની સંખ્યા ઝડપથી વધવા માંડી. એટલે ઈસુના શિષ્યોના સૂચન મુજબ લોકોએ શ્રદ્ધા અને પવિત્ર આત્માથી સભર એવા સાત સહાયકોને પસંદ કર્યા. પ્રેષિતોએ પ્રાર્થના કરીને તેમને માથે હાથ મૂક્યા. એમાં સ્તેફાન પ્રભુની કૃપા અને દૈવી શક્તિથી સભર હોવાથી લોકોમાં મોટા ચમત્કારો કરવા લાગ્યો. પણ કેટલાક વિરોધીઓએ સ્તેફાનની ધરપકડ કરીને એને વરિષ્ઠસભા સમક્ષ ઊભો કર્યો. તેને શહેર બહાર ધકેલીને લોકોએ એને પથરાથી મારી નાખ્યો. એમને મારનાર લોકો માટે ક્ષમા કરવા પ્રભુને પ્રાર્થના કરતો એ શુભસંદેશ માટે શહીદ થયો. પ્રેષિતો ઘણા ચમત્કારો કરતા. પોતાના પ્રવચનોથી લોકોને પ્રભાવિત કરતા. લોકો વિસ્મય પામતા. વિશ્વાસીઓ એક થઈ બધું સહિયારું ગણી, એકબીજા સાથે હળીમળીને રહેતા. કેટલાક પોતાની માલમિલકત વેચીને દરેકની જરૂરિયાત પ્રમાણે વહેંચી આપતા. એકમન થઈને મંદિરે જતા. સંઘભોજનમાં સહભાગી થઈ આનંદથી અને સરળતાથી જમતા. ઈશ્વરના ગુણગાન ગાતા. બધા લોકોનો પ્રેમ સંપાદન કરતા. પરિણામે સંઘમાં વિશ્વાસીઓનો રોજ રોજ ઉમેરો થતો હતો.

સોનું કે રૂપું નહિ પણ નાસરેથના ઈસુ ખ્રિસ્તને નામે : મંદિરના દરવાજે એક લૂલો માણસ પીતર અને યોહાન પાસે દાન માગવા લાગ્યો. પીતર બોલ્યો, "સોનું કે રૂપું તો મારી પાસે નથી. પણ મારી પાસે જે કાંઈ છે તે હું તને આપું છું. નાસરેથના ઈસુ ખ્રિસ્તને નામે હું કહું છું કે, ચાલ." એમ કહી પીતરે તેમનો જમણો હાથ પકડીને તેને ઊભો કર્યો. તરત જ તેના પગમાં અને ઘૂંટીઓમાં જોર આવ્યું. તે ચાલતો ને કૂદતો પીતર અને યોહાન સાથે ઈશ્વરની સ્તુતિ ગાતો ગાતો મંદિરમાં ગયો. આ જોઈને મંદિરમાં લોકો છક થઈ ગયા. ત્યારે પીતરે સાક્ષી આપી, "તમે જેમની હત્યા કરી તેમને ઈશ્વરે પોતાના સામર્થ્ય વડે સજીવન કર્યા-એના અમે સાક્ષી છીએ. એ ઈશુના નામ ઉપરની શ્રદ્ધાના કારણે અને તેમના નામને પ્રતાપે આ જે માણસને તમે જુઓ છો અને ઓળખો છો તેને શક્તિ મળી છે.

ત્રીજી સદી સુધી શુભસંદેશ પ્રગટ કરવાની ઝુંબેશ ચારેકોર ફેલાતી રહી. આ ત્રણ સદીઓ દરમિયાન શહીદ થવાના ભોગે ધર્મસંઘમાં જોડાવા લોકો ઉત્સાહથી આગળ આવવા લાગ્યા. પહેલી ત્રણ સદી દરમિયાન ધર્મસભા બેકાયદેસર હતી. રોમન સત્તા જ એકમાત્ર અને સર્વોપરી સત્તા ગણાતી. રોમન પ્રજા અને રોમન સામ્રાજ્યના આધિપત્ય નીચેની પ્રજાઓને પણ રોમના રાજાની દેવસમાન પૂજા કરવી પડી. ખુદ ઈસુ ઉપર પ્રજાને રોમન સામ્રાજ્ય વિરુદ્ધ ભડકાવવાનો આરોપ હતો. રોમન રાજાઓ ઈસુ વિશે કોઈપણ સારી વાત સાંખી શક્તા નહોતા. નીરો ખ્રિસ્તીઓને હિંસક પ્રાણીઓને હવાલે કરતા. અલબત્ત આવી સતામણીના લીધે જ લોકો સામે ચાલીને ઈસુ માટે મરવા ઉત્સાહથી આગળ આવતા. ચોથી સદીમાં ખુદ રોમન બાદશાહ કોન્સસ્ટંટીનોપલનું ધર્માંતર થઈ ગયું. તરત જ એમણે ખ્રિસ્તી ધર્મ રાજધર્મ બનાવીને એને રાજધર્મ તરીકે એટલે કે રોમન કેથોલિક ચર્ચ નામે અધિકૃત માન્યતા આપી. પરિણામે સતામણી સદંતર બંધ થઈ, ઉપરથી ખ્રિસ્તીઓને સવલતો મળવા લાગી. એટલું જ નહિ ખ્રિસ્તીઓને સરકાર તરફથી નોકરીઓ મળવા લાગી. હવે કોઈ પડકારો ન રહ્યા. ધર્મસભા થાળે પડી ગઈ. લોકો આત્મસંતુષ્ટ થયા.

ન કોઈ સતામણી, શહીદ થવાનો ન કોઈ અવકાશ એટલે સંપૂર્ણ ખ્રિસ્તી જીવન જીવવા માગતા સાત્વિક લોકોને પ્રશ્ન ઊભો થયો. એમને થાળે પડેલું ખ્રિસ્તી જીવન પડકાર વગરનું અને મોળું લાગવા માંડ્યું. તેમને તુક્કા સૂજ્યો. ચાલો આપણે જઈએ સિરીયા અને ઈજિપ્ત જેવા રણમાં અને જીવીએ આકરી તપશ્ચર્યાભર્યું જીવન. સ્નાનસંસ્કાર યોહાન પણ એવું જ જીવન જીવ્યા પણ આખરે એમણે સત્યની ખાતર શહાદત સ્વીકારી. એટલે લોકો ઉપડ્યા રણમાં સંપૂર્ણ ખ્રિસ્તી જીવન જીવવા. પ્રભુએ વચન આપેલા દેશ તરફ પ્રયાણ કરવા ઈઝરાયેલી લોકોએ મોશેની આગેવાની હેઠળ ચાળીસ વર્ષો સુધી દુઃખમય-કષ્ટમય પ્રવાસ ખેડ્યો હતો. સ્મશાન વૈરાગ્યના ભાવથી રણમાં જઈને લોકો મઠમાં રહેવા લાગ્યા. એવા લોકો સાધુ કે મહંત તરીકે ઓળખાવવા લાગ્યા. પ્રાર્થના, પરિશ્રમ, આરામ અને આધ્યાત્મિક જીવન સંન્યસ્ત જીવનની ખાસિયતો બની.

એમાંના એક મહંત એથની ધી ગ્રેટે ઈજિપ્તમાં સાધુસંતોને સંઘજીવન જીવવા માટે એક મઠની સ્થાપના કરી. ચોથી સદીમાં સંત બાસીલે અને છઠ્ઠી સદીમાં સંત બેનેદક્ત મઠજીવન માટે નિયમો લખ્યા. સાધુસંતો ચાર દીવાલની અંદરના બંદિસ્ત મંદિરમાં પ્રાર્થના કરવા લાગ્યા. ધીરે ધીરે ચાર દીવાલની અંતર્ગત સંન્યસ્ત જીવનનું પોત પ્રગટવા લાગ્યું. એવી ભ્રામિક માન્યતા ખ્રિસ્તી લોકમાનસમાં પ્રચલિત થઈને દૃઢ થતી ગઈ કે સંન્યસ્ત જીવન ગૃહસ્થ જીવન કરતાં ઉચ્ચતર ગણાય. એકતા, અખંડિતતા, એકાત્મિત અને સંલગ્ન ખ્રિસ્તી જીવન બે ફાંટામાં વહેંચાઈ ગયું. હકીકતમાં બેઉ જીવનમાર્ગ સમસમાન જીવનમાર્ગ છે. બેઉ જીવનમાર્ગના ચાર મુખ્ય પાસાંઓ છેઃ ઈશ્વરના શબ્દ પ્રત્યે આજ્ઞાધીનતા, ઈસુની હાકલ ઝીલીને એમના શિષ્ય થવું, સહજીવન કે સંઘજીવન અને ઈસુએ સોંપેલું પ્રૈષિતિક કાર્ય કરવાની ફરજ.

૧૩મી સદીમાં દોમિનિકન, કાર્મેલાઈટ અને ફ્રાન્સિસ્કન જેવી મઠવાસી મહાન સંસ્થાઓ ફેલાવવા લાગી. આમ ચોથી સદીથી સોળમી સદી સુધી ધર્મસભા મઠોમાં અંતર્ગત રીતે ફેલાતી ગઈ અને એનું સ્વરૂપ સંસ્થાગત બની ગયું. ૧૬મી સદીમાં સંત ઈગ્નાસ લોયોલાએ ઈસુસંઘની સ્થાપના કરી. સંત ઈગ્નાસે ઈસુસંઘ સંસ્થાને મિશનરી સ્વરૂપ આપીને મઠમાં જકડી રહેલી ધર્મસભાને મુક્ત કરીને પ્રૈષિતિક કાર્ય કરવા માટે આક્રમક શૈલી આપી. પ્રૈષિતિક કાર્ય માટે મિલીટરી જવાનની જેમ હંમેશા તૈયાર હોય. એ માટે પોતાની શ્રેષ્ઠત્તમ કર્તવ્યદક્ષતા આપે. સંત ફ્રાન્સિસ ઝેવિયર એમની પ્રૈષિતિક ધગશના કારણે ભારત, જાપાન અને ચીન ખૂંદી વળ્યા.

સંત જોન દે બ્રિતોએ તો ભગવા કપડાં અપનાવીને બ્રાહ્મણ સાથે બ્રાહ્મણ થયા. આરોગ્યની ઐસીતૈસી કરી એટલે પાછા વતનમાં જવું પડ્યું. પણ સાજોસમો થઈને બમણાં ઉત્સાહી પાછો ફર્યો. પાછું સુવાર્તિક કાર્યમાં જીવન હોડમાં મૂક્યું. સામે ચાલીને શહાદત અપનાવી. દીકરાનું શબ પાછું પોતુગલના કિનારે આવી ગયું ત્યારે એમની રાજમાતાએ દીકરાના ગૌરવભર્યા શહીદી મોતની ઉજવણી માટે સોળે સજ્યા શણગાર થાય એવા વસ્ત્ર પરિધાન કરેલાં. ફ્રેંચ ક્રાંતિની આંધીમાં સંન્યસ્ત સંસ્થાઓ ઉપર પાબંધી આવી. સન્યસ્તો ઉપર અત્યાચારની તવાઈ આવી. તેઓ ભૂગર્ભમાં ગયા. એટલે જ ૧૮મી સદીમાં એક ઈસુસંઘી પુરોહિત જોસેફ પીકોટે સ્ત્રીઓની નિર્મલ મરિયમની હૃદયકન્યાઓ નામે સેક્યુલર એટલે કે દુન્યવી સંસ્થા શરૂ કરી. તેમની જીવનશૈલી અને રહેણીકરણી દુન્યવી જનસામાન્ય લોકો જેવી જ હોય. તેઓ એકલા ગમે ત્યાં કે પોતાના ઘરે કે સંઘમાં પણ રહી શકે. તેઓ પોતાની પસંદગીના દુન્યવી કપડાં પહેરે. તેમને કુમારી કે નામથી સંબોધી શકાય. સિસ્ટર કે સાધ્વી તરીકે નહિ. તેઓ મુંબઈમાં નિર્મલા નિકેતન અને વડોદરા ઝેવિયરનગર સોસાયટીમાં તેઓ પ્રશંસનીય કાર્ય કરી રહ્યાં છે. ફેબ્રુઆરી ૧૯૪૭માં વડાધર્મગુરુ પૂજ્ય બારમાએ સેક્યુલર જીવનશૈલીને પવિત્ર્યસભર અને સંપૂર્ણ ખ્રિસ્તી જીવન તરીકે અધિકૃત માન્યતા આપી. ૧૯૮૩ના કેનન લો અનુસાર એને સમર્પિત જીવન તરીકે બહાલી મળી. સેક્યુલર ધર્મગુરુઓ એમના ધર્મપ્રાંતના પ્રાંતીય ધર્મવિભાગનું સંચાલન કરતા હોય.

ખેડા જિલ્લામાં ધર્મની ખાસિયત એ છે કે મહદ્અંશે જેમની પાસે સોનું કે રૂપું નહોતું એવા ગરીબ સ્પેનીશ મિશનરીઓએ એનું ઘડતર અને વિકાસ કર્યો. લોહીનું પાણી કરીને માત્ર આધ્યાત્મિક ખુદ્દારીના આધારે એમણે ગુજરાતી ખ્રિસ્તી ધર્મ ઊભો કર્યો. આ સમાજના હીરામોતી જેવા ધર્મશિક્ષકોએ ધર્મગુરુ સાથે ખભે ખભા મિલાવીને ધર્મસભા માટે તનતોડ મહેનત કરી છે. ધર્મગુરુ બાસીલથી

માંડીને અત્યાર સુધી અનેક ગુરુઓ તેમજ સાધ્વીઓ ધર્મસભાને આપી છે. ખેડા જિલ્લાના ખ્રિસ્તી સમાજે ધર્મસભાને કેટકેટલાં ઉત્તમ વિચારવંતો, લેખકો, કવિઓ, પત્રકારો, કથાકારો, ધર્મશિક્ષકો, સામાજિક આગેવાનો, સંગીતકારો અને મ્હેત્તરોએ પ્રદાન કર્યું છે.

લગભગ ૧૯૬૩માં ભરૂચ ખાતે ધર્મગુરુઓ સમાધા, અરાના, કારીક્સ, ગાલ્ડોસ અને મોરેટા સાથે રહેતા. એટલા ગરીબ કે ખાવા માટે પણ પૂરતા પૈસા ન મળે. તે વખતના ભરૂચ સિવિલ હોસ્પિટલના પ્રખ્યાત ડો. ડિકોસ્ટાએ ફાધરો પ્રત્યે બહુ પ્રેમભાવ રાખતા. તેઓ પ્રેમથી આ ફાધરોને જમવા બોલાવે અને ગાંઠનું કંઈક અનુદાન એમને આપે જ. અંકલેશ્વરથી નેત્રંગ જતી નાની ગાડીના ડ્રાયવર શ્રી ફર્નાન્ડિસ આ મિશનરીઓને પ્રેમભાવથી નેત્રંગ સુધી લઈ જતા અને પાછા લઈ આવતા. નેત્રંગથી ધર્મગુરુઓ પગપાળા સુવાર્તિક કાર્ય માટે પોતપોતાના રસ્તે પડતા. સમાધાએ વખતપુરા ગામે મિશનરી કાર્ય શરૂ કર્યું. એમના કાર્યમાં હીરામોતી જેવા કાયુસ જોન અને જોન માસ્ટરે તેમજ વખતપૂરાના મૂળજી માસ્તરે એમને અને ધર્મગુરુ અરાનાને અમોલ સાથ આપ્યો.

કાયુસ જોન ભરૂચના પ્રથમ કેથોલિક. તેમણે ભરૂચના પાંચબત્તી વિસ્તારમાં અને પછી જોન માસ્તર સાથે ઝઘડિયા વિસ્તારમાં શુભસંદેશનાં કાર્યો કર્યા. અરાનાએ ડેડીયાપાડા, ગાલ્ડોસે ઝંખવાવ, કારીક્સે ઝગડીયા, મોરેટા ભરૂચના સભાપુરોહિત બની ગયા. સમાધાને નવસારી જઈને આદિવાસી છોકરાઓ માટે ડાયમંડ પોલીશીંગ કારખાનું ચાલુ કર્યું. અરાના અને મૂળજી માસ્તરે સાથે મળીને અથાગ કાર્યો કર્યા. મૂળજીના ભાઈ જોસેફ માસ્તર પણ કંઈ કમ નહોતા. એમની પવિત્રતા, નમ્રતા અને સાદગી એ જ ખરી સાક્ષી છે. ધર્મગુરુ ઝુબેલદીયા નાનપુરા ચર્ચ સુરત ખાતે હતા, પણ શુભસંદેશની ઘોષણા કરવા સુરતની બહાર ફર્યા વગર ચેન નહિ પડે. ઠેઠ વ્યારા-કરંજવેલ સુધી જાય અને બળદગાડીમાં બેસીને ઝાંખરી ગામે જાય. પરિણામે વ્યારા, માંડલ અને ઉનાઈ સુધીના ગામડાંઓમાં ફરી વળ્યા. એમણે સુબીર, શામગહન અને પિંપરીમાં અમોલ કામ કર્યું.

એક વખત હું ઉકાઈ નજીકના ઊંચ્છલ તાલુકાની મુલાકાત ગયો. એ તાલુકામાં એકેએક ગામમાં બહુમતી ખ્રિસ્તી લોકોની. દરેક ગામમાં ભાઈઓની મંડળીનું દેવળ. પાળકના અભાવે લોકો જ પાળકીય કામ કરે. ઊકાઈ ડેમ પૂર્વ આ તાલુકાના લોકો ડેમની જગ્યાએ રહેતા. ઊકાઈ પ્રકલ્પ માટે એમના ગામો ડૂબાણમાં ગયાં. તેમને ઊચ્છલ ખસેડવામાં આવ્યા. લોકોને ન કોઈ મિશનરી શાળા, ન કોઈ આર્થિક મદદ, ન કોઈ દવાખાનું અને ન કોઈ પાળક. તોયે લોકો પગભર, સ્વમાની અને સ્વાવલંબી. સોનું કે રૂપું એમની પાસે ન મળે પણ સજીવન થયેલા પ્રભુ ઈસુ એમના હૈયામાં ખાતરીથી મળે જ મળે.

આજની આપણી સ્થાનિક ધર્મસભા સંસ્થાગત ચોખઠામાં અને નીતિનિયમોની આંટીઘૂંટીઓમાં ફસાઈને સ્થગિત થઈ હોય તો અહીં શુભસંદેશ ન પણ મળે. ગુરુઓના પ્રવચનો સત્વશીલ, પ્રભાવશાળી અને સમૃદ્ધ ન હોય તો તોબા તોબા. કારણ સારા અને સત્વશીલ પ્રવચનો કરવા એ જ ગુરુઓનું ખરું સુવાર્તિક કાર્ય અને સાક્ષી છે. ગુરુઓ ધર્મજનો સાથે સમક્ષ અને સમભાવ કેળવીને એમને પ્રેમ, પ્રેરણા, પ્રેત્સાહન અને માર્ગદર્શન આપી શકતા હોય એ જ શુભસંદેશની સાક્ષી કહેવાય. સાંપ્રદાયિકતાનાં રૂઢિગત ઢાંચાના ક્રિયાકાંડી પૂજાવિધિઓમાં ભક્તોની માનસિક ગુંગળામણ ન થાય તો કોઈ નવાઈ ન હોય. અહીં ભગવાનના સાક્ષાત્કાર-દર્શન ન મળતા હોય તો એ બીજે જવાના જ. ગુરુમાં ઈશ્વર ન હોય તો એ એમની પૂજાઅર્ચનામાં જ ન આવે ને?

ધર્મસભાની પ્રથમ ત્રણ સદીઓ દરમિયાન મુખ્યત્વે ધર્મજનો શુભસંદેશ પ્રસારણમાં અગ્રેસર અને મધ્યપ્રવાહમાં હતા. આજે ગુરુ-ધર્મજનો વચ્ચે સમભાવ, સમજદારી, વિનયશીલતા, નમ્રતા અને પ્રમાણભાનનું પર્યાવરણ પ્રવર્તતું હોય તો ઊભયપક્ષે આચરણ એ જ સંદેશ બને. પણ હોદ્દાના રુએ ગુરુતાગ્રંથિથી પીડાતા ગુરુ-ધર્મજનો એકબીજા સાથે ઉગ્ર બને એ અધર્મની સાક્ષી કહેવાય. ઈસુએ નીચા નમીને પાત્રમાં પાણી અને ટુવાલ લઈને શિષ્યોના પગ ધોયા. ગુરુ હોવા છતાંય ચાકર બની ગયા. સાચી ધર્મસેવા કરવી હોય તો પ્રામાણિક વિનયથી જનસામાન્યની કક્ષીએ આવીને સુવાર્તિક કાર્યો પરસ્પર સમભાવ, સંવાદ, સહભાગીદારી અને સક્રિયતા કેળવીએ. એ જ આપણો ધર્મ, આપણી ફરજ, આપણો સંદેશ અને સાક્ષી છે. ન મળે ઈસુ કબરમાં, મળે ખરા પરસ્પર પ્રેમમાં. ●


**સફળ દાંપત્યજીવનની રજતજયંતી**
**નિમિત્તે હાર્દિક અભિનંદન**






**રાજેશ મેકવાન**
**સંગ**
**લીનાબેન મેકવાન**

લગ્ન તારીખ
૭ મે, ૧૯૯૦ - ૨૦૧૫

આવનારાં વર્ષોમાં પ્રભુ આપના દાંપત્યજીવનને વધુ મહેંકાવે, વિકસાવે અને શ્રેષ્ઠ તંદુરસ્તી બક્ષે. આપની દાંપત્યની કેડી પર પુષ્પો પાથરે એવી અમારા સૌની દિલની શુભેચ્છા અને પ્રાર્થના.

**લિ. સમસ્ત આન્દ્રેઆસ પરિવાર - આણંદ**

# ‘મા’ અમૂલ્ય મૂડી

✍ મથુર વસાવા

મ. શિક્ષક સેંટ જોસેફ સ્કૂલ, ઊના

એક વખત છાત્રાલયમાં બીજા ધોરણનો એક વિદ્યાર્થી બીમાર પડ્યો. તાવ, માથું, શરદી અને ખાંસીને કારણે બાળક અશક્ત થઈ ગયો હતો. હજું તો તેણે માંડ પા પા પગલી કરીને માનો ખોળો છોડ્યો કહેવાય. છાત્રાલયમાં રહીએ અને બીમાર પડીએ એટલે મોટે ભાગે ‘જાત મહેનત જિંદાબાદ’ જેવી સ્થિતિ થાય અથવા જિગરી ભાઈબંધ, ગૃહપતિ કે રસોડામાં કામ કરતી બાઈ તેની સંભાળ રાખે. કોઈપણ બાળક બીમાર થાય તો તેના તન અને મન પર અસર થતી હોય છે અને તે જમવું, રમવું, હસવું કે બોલવું વગેરે ક્રિયાઓ કરવામાંથી મન ઉડી જાય. આવી સ્થિતિ પેલા બીજા ધોરણમાં ભણતા બાળકની થઈ. સમી સાંજે ભોજનખંડમાં બાળકને રસોડામાં કામ કરતી એક બાઈએ હળવેથી બાકડે બેસાડ્યો અને થાળીમાં રોટલીના નાના નાના ટુકડા કરી બાળકને ખવડાવવા લાગી. ‘બેટા જમી લે, પેટ ભરીને’ જેવા વહાલભર્યા શબ્દો કહેતી જતી ને અન્ય વાનગીઓ પણ ખવડાવતી જતી અને ત્યારબાદ દૂધ-દવાઓ પણ પીવડાવતી. આ આબેહૂબ દૃશ્ય નિહાળ્યા પછી મનમાં વિચાર જરૂર ઉદ્‌ભવે અને આપણું હૃદય બોલવા લાગે; જાણે કે જન્મ આપનારી સગી જનની બાળકને હૂંફ આપી રહી છે. બાઈમાં પ્રેમ, સેવા અને લાગણી અદ્‌ભુત હતી. ભલે બાઈ બાળકની સગી મા નહોતી પણ બાળકને મા જેવો અહેસાસ કરાવ્યો.’

મા વિશે ઘણું બધું લખાયું છે. વાંચીએ અને લખીએ તો પણ ઓછું પડે. માના શબ્દોમાં સાક્ષાત્ ઈશ્વરનો અનુભવ થાય તેમ લાગે છે કારણ કે માતાની ભાષા બાળક સૌ પ્રથમ શીખે છે અને ત્યારબાદ અન્ય ભાષા શીખે છે. કોઈક વાર ‘એ થેંક્યું હોં’ કહીએ છીએ. અંગ્રેજી ભાષા બોલતા ગુજરાતી શબ્દોનો પ્રયોગ થઈ જાય તો માતૃભાષા માટે ગૌરવની વાત કહેવાય કારણ કે જનનની ભાષા હૃદયમાં સ્થાન પામી ચૂકી હોય છે. જે હૃદયમાં હોય તે જ મુખ માટે બહાર આવતું હોય છે. ક્યારેક હિન્દી ભાષા બોલતાં બોલતાં ગોટાળો કરી બેસીએ છીએ. તૂટ્યું ફાટ્યું હિન્દીમાં ગુજરાતી શબ્દોનો પ્રયોગ થઈ જતો હોય છે. ટૂંકમાં જનનીની ભાષા આપણા મનમાં, દિલમાં, હોંઠ પર કે સર્વત્ર છવાયેલી છે.

‘મા’નો પ્રેમ અખૂટ હોય છે તેથી જ કવિ બોટાદકરે ‘‘જનની જોડ સખી! નહિ જડે રે લોલ’ કાવ્યમાં માતાને મધ અને મેહુલા કરતાં, ધરતી માતા, ગંગાના નીર, વ્યોમ વાદળી તથા ચન્દ્રની ચાંદની કરતા ચડિયાતી બતાવી છે. માતાનો પ્રેમ બારેમાસ એકધારો વરસ્યા કરે છે. ઘરમાં પિતા ગુસ્સો પ્રગટ કરે ત્યારે સૌ પ્રથમ મા જ બચાવ કરતી હોય છે તેથી જ કહેવાય છે કે “મારે ખરી પણ માર ખાવા ન દે એનું નામ ‘મા’. જાણીતા લેખક શ્રી ગુણવંત શાહ ‘મા’ પુસ્તકમાં કહે છે. “માતાનો ખોળો એ તો પ્રેમની યુનિવર્સિટી છે.” તેઓ કહે છે પુરુષ પાસે મસલ પાવર છે. સ્ત્રીઓ પાસે મધર પાવર છે. માતાનો ખોળો વહાલથી ભર્યો ભર્યો હોય છે, બાળક માથી વિખટું પડી જાય ત્યારે કાંઈક ખૂટે છે તેવો અહેસાસ થતો હોય છે.

માતા અનેક કષ્ટો વેઠીને બાળકને જન્મ આપે છે. અનેક ગણાં વધું કષ્ટો વેઠીને માતા બાળકને ઉછેરે છે. મા બાળકની સતત કાળજી રાખતી હોય છે પિતા ધંધા અર્થે જાય ત્યારે માતા જ બાળકને સંભાળતી અને સારા સંસ્કારોનું સિંચન કરતી હોય છે. બાળક બીમાર પડે ત્યારે મા બાળકની સેવા ચાકરી કરવામાં જરાપણ કચાશ રાખતી નથી બાળક ક્યારે સાજુ થાય તેની સતત ચિંતા કરતી હોય છે. માતાનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે કારણ કે બાળક કદરૂપુ કે અતિશય તોફાન-મસ્તી કરતું હોય તો પણ મા બાળક પર સતત પ્રેમ વરસાવતી હોય છે. માના જીવનમાં કભી ખુશી કભી ગમ હોય પણ બાળક પરના પ્રેમમાં કજી ઓટ આવવા દેતી નથી. આજે જનની માટે મમ્મા કે મોમ જેવાં શબ્દોનો પ્રયોગ થતો હોય પણ ‘મા તે મા બીજા બધા વગડાના વા.’ અને દીવાર ફિલ્મના ડાયલોગમાં માનો મહિમા સમજાવતો અર્થપૂર્ણ છે. અમિતાભ બચ્ચનઃ “આજ મેરે પાસ બિલ્ડિંગ હૈ, પ્રોપર્ટી હૈ, બેન્ક બેલેન્સ હૈ, બંગલા હૈ, ગાડી હૈ, તુમ્હારે પાસ ક્યા હૈ?” શશીકપૂર; “મેરે પાસ ‘મા’ હૈ.”

બાળ ઈસુના ઉછેરથી લઈને ક્રૂસ પર મૃત્યુ પામ્યા ત્યાં સુધી માતા મરિયમ ભગવાન ઈસુની સાથે ને સાથે રહ્યાં. આમ માતાનો બાળક પ્રત્યેનો પ્રેમ અખૂટ હોય છે. કોઈપણ સંતાન માટે કેવળ ‘મા’ જ સૌથી મૂલ્યવાન, અમૂલ્ય મૂડી છે. ●

Email: mathurvasava@gmail.com

**લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂરાં કરવા બદલ અભિનંદન**



**ઝવેરબેન પી. સોલંકી સંગ સોલંકી પાઉલ બી.**
**લગ્ન તારીખઃ ૧૦-૦૫-૧૯૬૫**

અમારાં વંદનીય મા, બાપુજી,

આપને લગ્ન જીવનનાં ૫૦ વર્ષ પૂરાં કરવા બદલ હાર્દિક શુભેચ્છા તેમજ ખૂબ જ અભિનંદન. આ શુભદિવસે અમારા બધાની અંતરની અભિલાષા તથા પરમેશ્વર પિતા આપ બંનેને આવનાર વર્ષોમાં આધ્યાત્મિક અને શારીરિક આરોગ્યના આશીર્વાદથી ભરપૂર કરી તંદુરસ્તી બક્ષે અને ઈશ્વર કાર્યો કરવાની શક્તિ, હિંમત, બળ અને પ્રેરણા આપી દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના.

આપના વ્હાલાં બાળકો

| | | |
|---|---|---|
| દક્ષા - મનિષ | દિના - દિનેશ | કાંતિભાઈ - લીનાબેન |
| અંશ | સંદીપ - મનીષ | મસીહ સોસાયટી |
| ચાવડાપુરા, આણંદ | નંદનવન પાર્ક સોસાયટી, પેટલાદ | પેટલાદ |

# ગાડરાંની ભાળવણી

✍ પોલ મેકવાન

*એલ.આઈ.સી. ભૂતપૂર્વ અધિકારી, હાલ કેનેડામાં સ્થાયી*

'ગુજરાતી કેથલિક' એટલે જે ગુજરાતી હોય અને કેથલિક પણ હોય, જેમાં આદિવાસી તથા અન્ય રાજ્યોના કેથલિક જેમણે ગુજરાતને પોતાનું વતન બનાવ્યું હોય એ સૌનો સમાવેશ થઈ જાય. પરંતુ, 'ગુજરાતી કેથલિક' શબ્દ સંભાળતાં આપણા મનમાં જે ચિત્ર ઉપસે છે તે છે શહેરી કેથલિકોનું - શહેરની સોસાયટીઓમાં, ચાલીઓમાં કે દેવળની નજીકના વિસ્તારોમાં વસતાં આપણાં પરિવારોનું, કેથલિક શાળાઓમાં ભણતાં બાળકોનું, આર્થિક અને સમૃદ્ધ વર્ગનું. આ ચિત્રથી અલગ જે ઝાંખુ દૃશ્ય ઉપસે છે તે છે આપણા ગ્રામ્ય સમાજનું - આજીવિકા માટેનો સંઘર્ષ, સરકારી શાળાઓમાં ઉતરતી કક્ષાનું શિક્ષણ મેળવતાં બાળકો, રહેવા અને જીવવા માટેની અપૂરતી સગવડો તથા આરોગ્ય સેવાના નામે શૂન્ય. જેમ સમગ્ર દેશમાં સંચિતો અને વંચિતો વચ્ચે મોટી ખાઈ ઉભી થઈ ગઈ છે તેમ જ આપણી શહેરી અને ગ્રામીણ વસ્તી વચ્ચે મોટો તફાવત પડી ગયો છે. શહેરનાં પરિવારોની આર્થિક સ્થિતિ અને ગામડાંનાં પરિવારોની આર્થિક સ્થિતિમાં ભારે અસમતુલા જોવા મળે છે. શિક્ષણ, રહેઠાણ, રોજગારી અને માનવ વિકાસ એમ દરેક બાબતમાં ગામડું પાછળ રહી ગયું છે. આખા સમાજનું એક સરખું ઉત્થાન ના થઈ શક્યું તે એક દર્દનાક ઘટના છે.

આદિવાસી વિસ્તારને બાદ કરતાં સૌથી વધારે ગ્રામ્ય કેથલિકો અમદાવાદ ધર્મપ્રાંતમાં છે. આ આંકડો ધર્મની કુલ કેથલિક વસ્તીના ૫૦% માની લઈએ તો પણ આશરે ૩૦,૦૦૦ જેટલા ગ્રામ્ય કેથલિકો હશે. એ દૃષ્ટિએ ગામડાંનાં પ્રશ્નો ધારવા કરતાં વધારે મોટા અને તાકીદે ધ્યાન માગી લે તેવાં છે. આગળ વધવાની દોડમાં આપણે પાછળ રહી ગયેલાંને ભૂલી તો નથી ગયા ને?

ગામડાંમાંથી શહેરો તરફ સ્થળાંતર કર્યું તેમનાં સંબંધો સમય જતાં ગામડાં સાથે કપાતાં ગયાં. જે પરિવારો ગામડામાં રહી ગયાં તેમનો વિકાસ સાધી શકે તેવા બાહ્ય કે આંતરિક સ્ત્રોત કે પરિબળોના અભાવે તેઓ છેક છેવાડે રહી ગયા. આજે આપણો સમાજ શહેરી અને ગ્રામ્ય એમ સ્પષ્ટ રીતે બે ભાગમાં વહેંચાઈ ગયો છે. શહેર અને ગામડાંમાં આર્થિક અને શૈક્ષણિક બંને રીતે મોટું અંતર હોવાથી તેમની વચ્ચે ઘનિષ્ટ સંબંધો સચવાય તે શક્ય નથી. શહેરમાં બાળકોને કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, મોબાઈલ, મોઘાં ટ્યુશન, ઉંચી ગુણવત્તાવાળું શિક્ષણ, ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સગવડ વગેરે મળી રહે છે. આણંદ, નડિયાદ, વડોદરા, ગાંધીનગર કે અમદાવાદની મિશન સ્કૂલો જેવું પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ ગામડાંઓમાં મળે તે શક્ય નથી. મોટાં શહેરમાં વસતો સાધનસંપન્ન વ્યક્તિ મોઘામાં મોઘી કાર ખરીદી શકે છે. ગામડાંમાં વસતા કોઈ નિરાધાર વૃદ્ધને બે ટંકનું ભોજન મળી રહે તેવીય કોઈ વ્યવસ્થા નથી. શહેરનો સમાજ પોતાના સંતાનો માટે મોટી રકમનાં ટ્યુશન બાંધી શકે છે જ્યારે ગામડાંમાં લોકો પાસે પાઠ્યપુસ્તક ખરીદવાની પણ મુશ્કેલી છે.

છેલ્લાં દાયકાના સરકારી વહીવટમાં રાજ્યના વિકાસનું જે રળિયામણું ચિત્ર રજૂ કરવામાં આવે છે તે માત્ર મોટાં શહેરોનું જ છે. ગામડાં તો હજીય પછાત છે. વાહન વ્યવહાર, સહકાર, શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવાઓ કાં તો ખાનગી સંસ્થાઓને સોંપાઈ રહી છે અથવા તો સાવ કથળી ગઈ છે. જેનાથી ગામડાંને મોટો ફટકો પડ્યો છે. રાજ્યની લગભગ ૬૦ ટકા વસ્તી જ્યાં વસે છે તેવાં ગ્રામ્ય વિસ્તારમાંથી ૫ વરસમાં માત્ર એક વ્યક્તિ આઈ.એ.એસ. સેવામાં પસંદ થઈ છે. રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં રોજગારીમાં કોઈ વધારો નોંધાયો નથી. મોટા ઉદ્યોગોના ભોગે રાજ્યના એક લાખ જેટલા નાના ઉદ્યોગો બંધ પડે તો પણ સરકારના પેટનું પાણી હાલતું નથી. એટલે ગામડાંઓમાં વસતી એક ખોબા જેવડી ખ્રિસ્તી લઘુમતિનું ભાવી ચિંતાજનક છે.

પ્રગતિની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતી કેથલિકના ત્રણ ચહેરા છે. પ્રથમ ચહેરો તે શહેરોમાં વસતો 'ક્રીમી લેયર' કહી શકાય તેવો વર્ગ. શહેરી વિસ્તારોને માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ સહિતનો મિશનનો પ્રત્યક્ષ લાભ મળ્યો જેથી બીજી-ત્રીજી પેઢીએ જે પ્રગતિ સાધી તે અદ્ભુત છે. આપણે જે પ્રગતિનાં ગાણાં ગાઈએ છીએ તે વાસ્તવિકતામાં શહેરની છે. શહેરનો કેથલિક આત્મવિશ્વાસથી છલકતો જોવા મળે છે, સાધનસંપન્ન છે. એમાં ડોક્ટર, વકીલ, મેનેજર, અધિકારી કે ઉદ્યોગપતિ જેવા ઉચ્ચ હોદ્દા પર પહોંચેલાં લોકો મળવાં મુશ્કેલ નથી. જ્ઞાતિ, વર્ગ કે ધાર્મિક અન્યાયના વાતાવરણમાં સામા વહેણે તરવાનું તેમના માટે પ્રમાણમાં સરળ છે.

બીજો ચહેરો શહેરના માધ્યમ અને નીચલા વર્ગનો. આ વર્ગ સંતોષી, મહેનતુ અને પ્રમાણિક છે. તેની વિચારવાની ઢબની મર્યાદા છે. મહાત્ત્વકાંક્ષા અને આત્મવિશ્વાસના અભાવે કારકુન, નર્સ કે શિક્ષકથી આગળ વધવાના વિચારો એમનામાં વિકસ્યા નથી. આ વર્ગને ક્રાંતિકારી વિચારો આપવાનો સમય વીતી ગયો છે.

ત્રીજો ચહેરો ગ્રામ્ય વિસ્તારનો. શરૂઆતના મિશનનના ૪ ગ્રામ્ય/અર્ધગ્રામ્ય ધર્મવિભાગ (વડતાલ, ગામડી, આમોદ અને કરમસદને) બાદ કરતાં અન્ય ગામને મિશનનો પ્રત્યક્ષ લાભ મળ્યો નથી. પરિણામે ત્યાં જોઈએ એવી પ્રગતિ પણ થઈ શકી નથી. વર્ષો અગાઉ જે સ્થિતિ હતી તે જ સ્થિતિ આજે ગામડાંઓમાં જોવા મળે છે. આજે પણ રોજની ચિંતા રોજ કરવી પડે એવા કપરા સંજોગો છે. મોટા ભાગનાં ગ્રામ્ય પરિવારો ખેતમજૂરી પર નભે છે. લોકોની બદલાઈ રહેલી જીવન શૈલીના કારણે ગામડાંનાં અન્ય ધંધાઓ તૂટી રહ્યાં છે એટલે ખેતમજૂરી બધાંને કઈ રીતે મળી રહે તે પ્રશ્ન છે. પહેલાં મિલ ઉદ્યોગ તથા નાના ઉદ્યોગો ધમધમતાં ત્યારે ગામડાંમાંથી આપણા લોકો શહેરમાં રોજગારી મેળવવા જતા. પછી રોજગારીનું આ સેક્ટર પડી ભાગ્યું અને જે ચાલે છે તેમાં ભારે શોષણ થાય છે.

જે ગામમાં મિશનો સ્થપાયાં હતાં એ મિશનરીઓ પોતાના ધ્યેયને સમર્પિત હતાં. ગરીબ, શોષિત અને કચડાયેલા વર્ગને

આગળ લાવવો એ તેમનું જીવન ધ્યેય હતું. તેમણે જે માળખાની રચના કરી તેમાં ધર્મગુરુના હાથ નીચે બે સંસ્થાઓ હતી. એક દેવળ અને બીજી સ્કૂલ, દેવળની સંસ્થા બે રીતે કાર્ય કરતી રહી. એક તો દેવળમાં રવિવાર અને અન્ય તહેવારોએ સંસ્કારો સાથેનું માનસિક ઘડતર. આથી વહેમો અને અંધશ્રદ્ધા દૂર થયાં. સામાજિક રિવાજોમાં પરિવર્તન આવ્યું. ધર્મના પાયા ઉપર સામાજિક નવઘડતરની ઈમારત ઉભી થઈ. બીજી બાજુ ધર્મગુરુઓએ કુટુંબો સાથે વ્યક્તિગત પરિચય જાળવી રાખ્યો. શિક્ષણ ઉપરાંત, આ ધર્મગુરુઓની હૂંફ અને પ્રેમના સ્પર્શે જેમના જીવનમાં વસંત ખીલી ઉઠી તેમનામાં વધેલા આત્મગૌરવ અને આત્મવિશ્વાસ તથા મહેનત અને પ્રામાણિકતા જેવા સદ્‌ગુણોનો ફાળો મહત્ત્વનો છે.

ત્રીજી બાજુ શાળાઓમાં સમર્પિત શિક્ષકો નીમાયાં. જેમણે ઉછરતી પેઢીની શ્રેષ્ઠ માવજત કરી. બાળકોના ઘડતરનો મજબૂત પાયો નાખ્યો. જે ધર્મશિક્ષકો નીમાયા તેમણે પ્રાર્થનાની નિયમિતતા સાચવી. આ શિક્ષકો મહોલ્લામાં જ રહેતા હોવાથી સ્કૂલ સિવાયના સમયમાં પણ ‘ઘડતર’નું કામ ચાલુ રહેતું. આમ, દેવળમાં થતું સંસ્કરણ, કૌટુંબિક મુલાકાતોની હૂંફ, શાળામાં નંખાતો મજબૂત પાયો અને ઈશ્વરોપાસનાની શિસ્ત એ ચાર સ્તંભ ઉપર નવી પેઢીને નવા યુગમાં લઈ જવાનો સેતુ બંધાયો. બાળકોનું સર્વાંગી ઘડતર થયું. તેમનામાં આત્મવિશ્વાસ વધ્યો. સાત ધોરણ પાસ કરી ખ્રિસ્તી વિદ્યાર્થી જ્યારે ગામની માધ્યમિક શાળામાં જાય ત્યારે તે અભ્યાસ, શિસ્ત અને વિવેક એમ બધી રીતે દીપી ઉઠતો.

અફસોસની વાત કે ત્રણેક ગામડાં સિવાય અન્ય ગામોમાં પરિસ્થિતિ સાવ અલગ રહી. તેમની પરિસ્થિતિમાં કેથલિક શ્રદ્ધા કે કેથલિક સંસ્કારો સિવાય બહુ મોટું પરિવર્તન ના આવી શક્યું. ભૌગોલિક પરિસ્થિતિ, વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારનો અભાવ અને ઘડાયેલ માનવ સંશોધનોની ઉણપ વગેરે ઘણાં કારણો હતાં પણ તે અડચણોને વળોટી જવાનો પ્રયત્ન તો ઠીક, વિચાર સુદ્ધાં થયો નહિ. સદીના અંતે ઈસુસંઘી ધર્મગુરુઓએ ચરોતરનાં ગામડાંઓને નજર અંદાજ કર્યા અને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કર્યા સિવાય આદિવાસી વિસ્તારો તરફ ડગલા માડ્યાં. તેમણે ચરોતરનાં ગામડાંઓમાં ‘ઉદ્ધાર’નાં બીજ વાવવાનું ઉમદા કાર્ય તો કર્યું. પણ તેને ‘ખાતર-પાણી’ આપવાની જરૂરિયાત ઈશ્વર પર છોડી દીધી.

બે ચાર અપવાદોને બાદ કરતાં સમાજના આગળ વધેલા અને સમૃદ્ધ લોકો થકી ગ્રામ્ય સમાજને કોઈ દૂરગામી ફાયદો થયેલો દેખાતો નથી. ગામડાંઓને લગતા કોઈ સર્વે, અભ્યાસ, સંશોધન કે સેમિનાર થયેલા જાણમાં નથી. મિશનરીઓએ શિક્ષણ આપ્યું પણ, સ્વ. જોસેફ મેકવાનના શબ્દોમાં, ‘તેઓ કેવળ અને કેવળ દેવના રાજ્યની ફિકરમાં દૂરદેશી બની શક્યા નહિ’.

શહેરમાં આગળ વધેલા અન્ય સમાજના લોકો આપણી સાથે છૂટથી સંપર્કમાં આવ્યા, જેથી એક તંદુરસ્ત વિચારસરણી સાથે સંસ્કૃતિનું આદાનપ્રદાન થતું રહ્યું. જ્યારે ગામડાંમાં આ પ્રકારનું વાતાવરણ આજેય નથી. વધી રહેલ કોમવાદનાં દુષ્પરિણામો રોજ સમાચારોમાં જોવા મળે છે. એક સમય એવો હતો કે ખ્રિસ્તી નામથી આપણે ગૌરવ અનુભવતા. હવે એ નામ પ્રત્યે નફરત ફેલાવવામાં આવી રહી છે. ખ્રિસ્તી સંસ્થાઓની રંજાડ વધી ગઈ છે અને જો આમ જ ચાલશે તો ભવિષ્યમાં આપણી વ્યક્તિગત સતામણીઓ પણ નહિ થાય તેવું માની લેવાની કોઈ જરૂર નથી.

ભૂતકાળમાં આપણા લેખક સ્વ. જોસેફ મેકવાને ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી તમાકુની ખળીઓમાં કામ કરતાં શોષિત લોકો માટે એક અભિયાન ચલાવ્યું હતું. ઉપરાંત બક્ષીપંચનાં દ્વાર ખોલી આપવાનું ઉમદા કાર્ય કર્યું હતું. જેનો લાભ આપણાં ઘણાં યુવક-યુવતીઓએ લીધો. વડતાલના પારસી-કેથલિક સ્વ. ડોક્ટર વાડિયાએ ૧૯૪૨માં વણાટ સહકારી મંડળી સ્થાપેલી, જેણે અડધી સદી સુધી આપણા સમાજના અનેક પરિવારોને રોજગારી પૂરી પાડેલી. ભૂતકાળમાં સ્પેનીશ મિશનરીઓએ ગુજરાતમાં સવલતો ઉભી કરવા માટે પરદેશથી મોટી આર્થિક મદદ મેળવી હતી. તાજેતરમાં, તારાપુરના નવા બનેલા ધર્મવિભાગમાં શાળાના મકાન જેવી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે કેનેડાથી મોટી રકમનું દાન મેળવી શકાયું છે.

‘ઈન્ફોસીસ’ના સ્થાપક નારાયણ મૂર્તિ ન્યૂયોર્કની એક યુનિવર્સિટીમાં દીક્ષાંત પ્રવચન આપતાં કહે છે, **“મેં અને તમે એવાં વૃક્ષનાં ફળ ખાધાં છે જે આપણે નહોતાં વાવ્યાં. એટલે આપણી સંપત્તિનો સર્વોત્તમ ઉપયોગ આપણાં ઓછાં નસીબવંતા ભાઈબહેનો સાથે વહેંચવા સિવાય બીજો કશો વિકલ્પ નથી.”** (અહીં સંપત્તિનો અર્થ આર્થિક ઉપરાંત આવડત, અનુભવ, દૃષ્ટિ, ઓળખાણ, જ્ઞાન વગેરે લેવાનો છે).

વિશ્વ દિનપ્રતિદિન વધારે હરીફાઈયુક્ત બનતું જાય છે. અત્યંત ઝડપે થઈ રહેલ દુનિયાના પરિવર્તનથી બેખબર ગામડાંમાં માસુમ બાળકો પોતે કંઈ કરી શકે તેમ નથી. વિકસતું અર્થતંત્ર નોકરીઓ કે રોજગારીનું સર્જન કરે તે તક ઝડપી લેવા આપણું ગ્રામ્ય યુવાધન સક્ષમ નથી. જીવનની સંધ્યાએ પહોંચેલા નિરાધાર વૃદ્ધો માટે કે સ્ત્રી-સશક્તિકરણ માટે કોઈ આયોજન અસ્તિત્વમાં નથી. **આપણાં બંધુઓ પોતાનો ઉદ્ધાર જાતે કરી શકે તેમ નથી. એટલે એમનાં વિચારોને નવી ક્ષિતિજો પૂરી પાડવાની અને તેનો હાથ પકડી ઉભો કરવાની નૈતિક જવાબદારી મિશન અને શહેરી સમાજ બંને પર સંયુક્ત રીતે નિર્ભર છે. ધર્મસભા માટે મિશનરીનો ગ્રામ્ય-તબક્કો શરૂ કરવાનો અને આગળ વધેલા સમૃદ્ધ શહેરીજનો માટે ઉદારતાથી ભ્રાતૃભાવ દાખવવાનો આ અવસર છે. એટલું જ નહિ, આપણને પ્રગતિને પંથે દોરનાર મિશનરીઓનું ઋણ ફેડવાનો પણ આ જ એકમાત્ર રસ્તો છે. જો આ બાબતે હજીય ઉપેક્ષા સેવીશું તો પાછળ રહી ગયેલાં આપણા ગ્રામ્યબંધુઓનું સમકક્ષ બનવાનું સ્વપ્ન, સ્વપ્ન જ રહી જવાની સંભાવના છે.**

**એટલે જ પુનરુત્થાન પામેલા ઈસુએ સંત પીતરને કરેલી ભાળવણી (યોહાન ૨૧:૧૫-૧૯) આજે આપણને પણ કરે છે. ‘મારાં ગાડરાંને ચરાવ... મારાં ઘેટાંની સંભાળ રાખ.’ ●**

Email: paulmacwan@hotmail.com

# આપણે ક્યાં જઈ રહ્યાં છીએ?

✍ જયંતી એ. મેકવાન

*નિવૃત્ત અધિકારી, ગાંધીનગર*

માનવ જીવનના ઈતિહાસમાં ભાગ્યેજ જોવા મળતા એવા સાંપ્રત સમયના વિરોધાભાસની માત્ર આ એક ઝલક છે. આપણી પાસે ઊંચા ઊંચા મકાન છે પણ લાગણીઓ કુંઠિત થઈ ગઈ છે. વિચારધારા મુક્ત બની છે પણ દૃષ્ટિકોણ ટૂંકા બન્યા છે. પોતાને માટે ખૂબ જ ખર્ચ કરીએ છીએ પણ બીજાને આપવાની વાત આવે છે ત્યારે ખાલી હોવાનો ડોળ કરીએ છીએ. ઘણી બધી વસ્તુઓ ખરીદીએ છીએ પણ એનો ઉપયોગ કેટલો કરીએ છીએ?

આપણી પાસે મોટાં મોટાં મકાન છે પણ કુટુંબ નાનાં છે. ભરપૂર સગવડો છે. તેનો આનંદ લેવા સમય થોડો છે. ખૂબ ભણ્યાં છીએ પણ ગણ્યાં નથી. ખૂબ જ્ઞાન મેળવ્યું છે પણ નિર્ણાયક્તા ઓછી છે. તજજ્ઞો ઘણા છે પણ સાથે પ્રશ્નો પણ ખૂબ જ છે. દવાઓ વિપુલ છે પણ સાજાપણું ઓછું છે. આપણે ખૂબ દારૂ પીએ છીએ, અવિચારી કરીએ છીએ પણ ભાગ્યે જ હસીએ છીએ. બેફામ વાહન ચલાવીએ છીએ અને તે સાથે ખૂબ જ ઝડપથી ગુસ્સે પણ થઈએ છીએ. મોડે સુધી જાગીએ છીએ અને થાકેલા ઉઠીએ છીએ. ખૂબ જ ઓછું વાંચન કરીએ છીએ, ટી.વી. ખૂબ જ જોઈએ છીએ અને ભાગ્યે જ પ્રાર્થના કરીએ છીએ.

આપણે ખૂબ જ વાતો કરીએ છીએ. ક્યારેક જ પ્રેમ દર્શાવીએ છીએ અને ધિક્કારથી ઘેરાયેલા રહીએ છીએ. જીવન ઢસડીએ છીએ પણ સાચુકલું જીવતાં આવડતું નથી. જીવન લંબાવી શક્યા છીએ પણ તેનું મૂલ્ય સમજી શક્યા નથી. આપણે ચંદ્ર પર જઈને પરત આવ્યાં, પરંતુ આપણી સામે રહેતા પડોશીને રસ્તો ઓળંગી મળી શકતા નથી. આપણે અવકાશ પર જીત મેળવી છે પણ આંતરિક જીત મએળવી શક્યા નથી. મોટી મોટી સિદ્ધિઓ મેળવી છે પણ ઉમદા કાર્યો સિદ્ધ કરી શક્યા નથી.

આપણે હવા શુદ્ધ કરી છે પણ આત્મા દૂષિત કર્યો છે. અણુંને વિભાજીત કરી શક્યા છીએ પણ પૂર્વગ્રહો યથાવત્ છે. આપણે ખૂબ લખીએ છીએ પણ ગ્રહણ ઓછું કરીએ છીએ. મોટાં મોટાં આયોજન કરીએ છીએ પણ સિદ્ધ ઓછું કરીએ છીએ. આપણે દોડવાનું શિખ્યા છીએ પણ રાહ જોવાનું નહીં. આપણી આવકોએ ઉંચાઈઓ સર કરી છે પણ નિતિમત્તા લથડી ગઈ છે.

વધુ ને વધુ માહિતી આપતાં કોમ્પ્યુટર્સ આપણે સર્જ્યાં છે પણ પારસ્પરિક સંપર્ક ઘટી ગયાં છે. બહારના ભપકાથી અંજાઈ જઈએ છીએ, આંતરિક સુંદરતા ઓળખી શકતાં નથી.

પતિ અને પત્ની બન્ને કમાય છે પરંતુ છૂટાછેડાનું પ્રમાણ વધ્યું છે. ઘરો કલાત્મક બન્યાં છે ખરાં પણ તે સાથે ખોખલાંય બન્યાં છે.

આજનો સમય ઝડપી સફરનો, વસ્તુઓ વાપરી ફેંકી દેવાનો અને નિતિમત્તાને એકબાજુ હડસેલી દેવાનો છે. ઝડપથી માલદાર થઈ જવાનો, શરીર પ્રત્યે બેદરકારીનો, શાંતિ, આનંદ અને મૃત્યુ બક્ષતી ગોળીઓનો જમાનો છે. આપણે ક્યાં જઈ રહ્યાં છીએ?

કાલે આપણું મોત થાય તો જે કંપનીમાં આપણે કામ કરીએ છીએ તેને આપણી જગ્યા ભરતાં વાર લાગતી નથી. જેના માટે આપણે લોહી પરસેવો એક કરીએ છીએ તેનો પ્રતિભાવ આવો હોય છે. પરંતુ આપણી પાછળ જે કુટુંબ રહી જાય છે તેને જ આપણી કાયમી ખોટ સાલતી હોય છે.

ફેમિલીનો ખરો અર્થ છે :

"Family –

(F)ather (A)nd (M)other (I) (L)ove You."

Source: Internet


**લગ્નજીવનનાં ૩૦ વર્ષ પૂરા કરવા બદલ અભિનંદન**



**સિમોન જે. પરમાર સંગ રમીલા એસ. પરમાર**
**લગ્ન તારીખઃ ૧૮-૦૫-૧૯૮૫**

અમારાં વંદનીય મમ્મી-પપ્પા,

આપને લગ્ન જીવનનાં ૩૦ વર્ષ પૂરાં કરવા બદલ હાર્દિક શુભેચ્છા.

કઠોર પરિશ્રમ કરી શૂન્યમાંથી સર્જન કર્યું. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આપ હંમેશાં આનંદિત રહ્યાં. આપના અથાગ પ્રયાસથી જ આજે અમે સુખી અને આનંદિત જીવન આપની છત્રછાયામાં જીવી રહ્યા છીએ. આપનો ખાસ આભાર. પ્રભુ આપને તંદુરસ્તી અને દીર્ઘાયું બક્ષે એવી પરમપિતાને પ્રાર્થના.

ખ્રિસ્તી મહોલ્લો, **આપનાં વ્હાલાં બાળકો**
ગામડી-આણંદ **વિન્સી પરમાર (રીન્કુ)**
મો. ૯૬૮૭૨ ૩૪૦૭૫ **વેલેન્ટીના (પિન્કી) - ચાર્લ્સ, પ્રેટ્રિક - ગ્રેસ (યુ.કે.)**







માતૃદિન: ૧૦ મે
હે જગજનની, હે દયામયી
મા મરિયમ તું શરણ લેજે.

**માતા - એક આદર્શ મિશનરી:**

શાળામાં ધર્મશિક્ષકે આઠમા ધોરણના વિદ્યાર્થીઓને એક પ્રોજેક્ટ આપ્યો. દરેક વિદ્યાર્થીઓએ કોઈ એક મિશનરી વિશે ટૂંકનોંધ તૈયાર કરવાની હતી.


કાવ્યાએ ગંભીરતાથી વિચાર્યા પછી, ટૂંકનોંધ તૈયાર કરી.

"ધર્મશિક્ષકે એક મિશનરી વિશે ટૂંકનોંધ તૈયાર કરવા કહ્યું ત્યારે મારા મગજમાં મધર ટેરેસા, સંત ફ્રાન્સિસ ઝેવિયર વગેરે જેવા અનેક જગપ્રસિદ્ધ મિશનરીઓ ઉપસી આવ્યા. પરંતુ મને લાગ્યું, આ મિશનરીઓને હું વ્યક્તિગત રીતે જાણતી નથી."

ત્યારે મને મારી માતા એક આદર્શ મિશનરી તરીકે વધુ યોગ્ય લાગી. બધાંને આશ્ચર્ય થશે, પરંતુ મિશનરી બનવા માટે દીક્ષા લેવી જરૂરી નથી.

મારી માતાનું મિશન. એક આદર્શ ગૃહિણી અને માતા બનવાનું છે. ત્યાગમૂર્તિ એવી મારી માતાએ પોતાનો સ્વાર્થ કદી જોયો નથી. હંમેશા તેણે સંતાનો અને કુટુંબનું જ ભલું ઈચ્છ્યું છે. મેં કદી તેમનાં પ્રેમની અછત અનુભવી નથી. મહાન મિશનરીઓની જેમ, મારી માતાએ પણ ખૂબ જ હિંમત દાખવી છે. મારાં ઉજ્જવળ વિકાસ અને પ્રગતિ માટે તેમણે પોતાની સ્વતંત્રતા અને ઉજ્જવલ કારકિર્દીનો ત્યાગ કર્યો છે. આવી આદર્શ, પ્રેમાળ માતા માટે હું મારી જાતને અત્યંત ભાગ્યશાળી ગણું છું. – કાવ્યા.

સાચે જ, દરેક માતા માટે તેનાં સંતાનો જ તેની મોટી મૂડી હોય છે. સંતાનના ભલા માટે તે ગમે તેવી મુશ્કેલી વેઠવા તૈયાર હોય છે. ચાલો, આપણે સહુ ૧૦મી મેના રોજ ઉજવાતા માતૃદિને આપણી માતાને વંદન કરીએ; તેને આપણા પ્રેમનો અનુભવ કરાવીએ.




**વિજ્ઞાની માતા:**

પોલેન્ડ દેશના મેરી ક્યુરી જગ પ્રસિદ્ધ વિજ્ઞાની હતાં. સાથે સાથે એક આદર્શ માતા પણ. પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક સંશોધનોની વ્યસ્તતા વચ્ચે પણ તેઓ પોતાનાં બાળકોની ખૂબ કાળજી લેતાં.

વિજ્ઞાન પ્રત્યેના પ્રેમ, લગન અને ગહન સંશોધન પછી તેમણે રેડિયમની શોધ કરી હતી. તેમની આ શોધને પરિણામે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ઘાયલ સૈનિકોને બચાવવામાં ઘણી મદદ મળી હતી. રેડિયમની શોધને લીધે મેડમ ક્યુરીને વિજ્ઞાનનું નોબલ પ્રાઈઝ એનાયત થયું હતું.

આદર્શ માતા અને જગપ્રસિદ્ધ વિજ્ઞાની મેડમ મેરી ક્યુરી યુવા વિજ્ઞાનીઓ માટે પ્રેરણાસ્રોત છે.



### આધુનિક યુગની માતાઃ

૫ સપ્ટેમ્બર૧૯૯૭નારોજ સમગ્રવિશ્વનેમધરટેરેસાના મૃત્યુનું દુઃખ અનુભવ્યું. શું તેઓ ભારતના વડાપ્રધાન હતાં? શું તેઓ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ હતાં? કે પછી તેઓ જગતના સૌથી ધનવાન વ્યક્તિ હતાં? જવાબ છે. ના. તેઓ તો વિશ્વજનેતા હતાં.

યુરોપ ખંડમાં યુગોસ્લાવિયા જેવા નાનકડા દેશમાં એક સાધારણ કેથલિક કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. પરંતુ તેમના સેવાકાર્યો અને પ્રેમને લીધે તેઓ સમગ્ર વિશ્વનાં માતા ગણાયાં.

ગરીબમાંયે અત્યંત ગરીબ, સમાજના સૌથી છેવાડાનાં લોકોની સેવા કરવાનો ભેખ ધારણ કરી; ગરીબ, નિર્બળ લોકોની સેવાનું પ્રભુ ઈસુના કાર્યને તેમણે આગળ ધપાવ્યું હતું.

અત્યંત ગરીબ, બીમાર, વૃદ્ધ, અનાથ બાળકો, રક્તપિત તથા એઈડ્સના રોગીઓની સેવામાં તેમણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું. નાતજાત, રંગભેદના ભેદભાવ વિના સમગ્ર વિશ્વને પોતાના પ્રેમાળ પાલવમાં સમાવી લીધું. બીમાર, નિરાધાર, અનાથ લોકોને પોતાના સંતાનો જેવા પ્રેમનો અનુભવ તેમણે કરાવ્યો. આથી જ કોલકોતાના પુનિત ટેરેસાને મધરનું યથાયોગ્ય બિરુદ આપવામાં આવ્યું છે.

મા એ ઠાલો શબ્દ નથી. એમાં વિશ્વનાં સર્વોત્તમ ગુણોનો સરવાળો છે. જેમાં જીવનની મધુર ક્ષણોનો ભંડાર ભરેલો હોય છે.



### એસ્તર રાણી :

જૂના કરારના સમયમાં પર્શિયામાં મહાન રાજવી અહશ્વેરોશનું રાજ હતું. તે સમયમાં યહૂદી પ્રજા આ પ્રાંતમાં સૂસા વિસ્તારમાં રહેતી હતી. એક વખતે રાજા અહશ્વેરોશે પોતાના માટે નવી રાણીની શોધ કરવા પોતાના અમલદારોને આજ્ઞા કરી.

રાજ દરબારમાં મોર્દખાઈ નામે બિન્યામીન વંશનો યહૂદી માણસ કામ કરતો હતો. કાકાકાકીના નિધન પછી તેમની પુત્રી એસ્તરને તેણે ઊછેરી






હતી. મોર્દખાઈએ રાજાની નવી રાણીની શોધ વિશે જાણ્યું ત્યારે તેણે એસ્તરને રાજદરબારમાં મોકલવાનું નક્કી કર્યું. રાજ દરબારમાં યહૂદી સાથે લગ્ન કરવાની મનાઈ હતી. તેમ છતાં તેણે એસ્તરને ત્યાં મોકલવાનો નિશ્ચય કર્યો. એસ્તરને શુભેચ્છા પાઠવતાં મોર્દખાઈએ કહ્યું, "એસ્તર, તું યહૂદી છું, એવું મહેલમાં કોઈને જણાવીશ નહીં."

એસ્તર અત્યંત સુંદર અને બુદ્ધિશાળી હતી. એસ્તરને જોતાંવેંત રાજાને ગમી ગઈ. અહશ્વેરોશે જાહેર કર્યું, "એસ્તર મારી નવી રાણી બનશે." બંને લગ્નગ્રંથીથી બંધાઈ ગયાં.

એક દિવસ મોર્દખાઈએ બે માણસોને રાજાની હત્યાનું કાવતરું ઘડવાની વાત કરતાં સાંભળી લીધા. તેણે એસ્તરને કાને આ વાત નાંખી - રાણી એસ્તરે રાજા અહશ્વેરોશને આ કાવતરા વિશે સજાગ કર્યો. બંને કાવતરાખોરોને પકડી લેવામાં આવ્યા. અને ફાંસીએ ચઢાવી દેવામાં આવ્યા.

રાજા ખુશ થયા અને એસ્તરને કહ્યું, "એસ્તર આજે તેં મારી જિંદગી બચાવી." ત્યારે એસ્તરે કહ્યું, "મહારાજ, હકીકતમાં તમારી જિંદગી મારા પિતરાઈ મોર્દખાઈએ બચાવી છે."

એક દિવસ મોર્દખાઈ રાજમહેલની બહાર બેઠો હતો. ત્યારે રાજદરબારનો સર્વોચ્ચ અમલદાર હામાન ત્યાંથી પસાર થયો. હામાનને જોઈ બધાં લોકો માથું ઝુકાવી સલામ ભરતાં. પરંતુ મોર્દખાઈએ માથું નમાવ્યું નહીં. કારણ તે ફક્ત ઈશ્વર સમક્ષ ઝુકવાનુ જાણતો હતો. ગુસ્સે થયેલ હામાને રાજાની કાન ભંભેરણી કરી બધાં યહૂદીઓની હત્યા કરી નાંખવા જણાવ્યું. આથી રાજાએ પ્રાંતનાં બધાં જ યહૂદીઓની કતલ કરવા ફરમાન બહાર પાડ્યું.

એસ્તરને રાજાના આદેશની જ્યારે જાણ થઈ ત્યારે તેણે મોર્દખાઈના સમજાવ્યા પ્રમાણે યહૂદીઓનો સંહાર રોકવા નક્કી કર્યું. તેણે રાજા અહશ્વેરોશ અને હામાનને જમવા માટે પોતાના મહેલમાં આમંત્ર્યા. રાણીની આગતા-સ્વાગતાથી ખૂશ થઈ, એસ્તર જે માંગે તે આપવા રાજાએ જણાવ્યું. એસ્તરે યહૂદી પ્રજાની રક્ષા અને હામાનને મૃત્યુદંડની માંગણી કરી. રાજાએ એસ્તરની માંગ સ્વીકારી અને યહૂદી પ્રજાને અભયદાન દીધું. હામાનને ફાંસીએ ચઢાવ્યો.

આમ, એસ્તર રાણી વિદેશી ધરતી પર દેશવટો ભોગવતી યહૂદી પ્રજાને માથે ઝઝૂમતું નિકંદન નિવારવામાં સફળ થઈ.



**માના પ્રેમની કિંમત?:**

"જોની, શાકમાર્કેટ જઈ એક કિલો બટાકા લઈ. જમવાનું બનાવવા જોઈએ છે." માતા એલિસે સાદ પાડ્યો.

જોનીને ગુસ્સો આવ્યો, તેણે પ્રતિકાર કર્યો. "પપ્પા અને તમે બંને જણ બધાં કામ મારી પાસે જ કરાવો છો. હું ગણતરી માંડુ તો રોજના સો રૂપિયા જેટલું કામ થાય." જોનીએ ગુસ્સાભેર કહ્યુ.

જોનીના પ્રત્યુત્તરથી એલિસાબહેનને આઘાત લાગ્યો. એકાદ ક્ષણ શાંત રહ્યા પછી મંદ સ્વરે તેઓ બોલ્યાં, "જોની, તું દરેક કામનો હિસાબ માંડે છે. આજ રીતે તારી અને સમગ્ર કુટુંબ પાછળના મારાં કાર્યોનો હિસાબ લગાવું તો... મેં તને મારી કૂંખમાં નવ મહિના સાચવ્યો છે. મારાં ધાવણથી તને ઉછેર્યો છે. તારી સંભાળ માટે રાતદિવસનાં ઉજાગરા વેઠ્યા છે. કુટુંબના બધાં માટે મેં મારી જાત ઘસી નાંખી છે. તને ખબર છે. આ બધાંની કેટલી કિંમત થાય?"

કશી જ નહીં. હા કશું જ નહીં... ફક્ત પ્રેમ. મારા પ્રેમની કોઈ કિંમત નથી. પ્રેમથી હું સમગ્ર કુટુંબને એક તાંતણે બાંધી રાખું છું.”

આટલું બોલતાં જ એલિસબહેનની આંખો ભીની થઈ ગઈ. જોની પણ ગળગળો થઈ ગયો. તેને પોતાની ભૂલનો અહેસાસ થયો. સાચા દિલથી તેણે માતાની માફી માંગી અને શાક લેવા ઉપડ્યો.

**મહેનતનું ફળ :**

મોઝિસ એક દોડવીર હતો. જિલ્લા કક્ષાની દોડસ્પર્ધામાં તેને પ્રથમ ઈનામ મળ્યું. ઘેર પહોંચી પિતાને ટ્રોફી બતાવી. તેમણે શાબાશી આપી.

ત્રણેક મહિના પછી તેના ગામમાં ઉત્સવનું આયોજન થયું. ઉત્સવમાં રમતગમતની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. મોઝિસે દોડવાની સ્પર્ધામાં ભાગ લીધો. તેને પ્રથમ સ્થાનની આશા હતી. પણ તે ઝડપથી દોડી ન શક્યો. ત્રીજા સ્થાનથી સંતોષ માનવો પડ્યો.

તેણે ત્રીજા સ્થાનનો મેડલ બતાવ્યો ત્યારે તેના પિતાએ સલાહ આપી. “મારા વહાલા દીકરા, જો હું મારું હળ. થોડાં દિવસ ન વાપરું તો તેના પર કાટ લાગી જશે. એજ રીતે તારે પણ સતત પ્રેક્ટિસ કરતાં રહેવું પડશે. તો જ તું આગળ વધી શકીશ.”

સતત પ્રયત્ન જ સફળતા અપાવે.

**અવિચારી વાણીઃ**

હાઈવે પર એક નાનકડી હોટલ હતી. હોટલનો માલિક તુંડમિજાજી અને તોછડાબોલો હતો. એક દિવસ એક માથાભારે ગ્રાહક હોટલમાં આવ્યો. તેણે કટલેસનો ઓર્ડર આપ્યો. કટલેસ ખાતાં તેને લાગ્યું કે તે વાસી છે. તેણે માલિકને ફરિયાદ કરી. તેની ફરિયાદ ગણકાર્યા વિના માલિક બોલ્યો, તમને કટલેસ ન ગમી હોય તો સામેની ગટરમાં ફેંકી દો.”

અવિવેકી માલિકનો ઉદ્ધત જવાબ સાંભળી ગ્રાહક ગુસ્સાથી રાતોચોળ થઈ ગયો. તેણે હોટલમાં મૂકેલો કટલેસ ભરેલો થાળ ગટરમાં નાંખી દીધી.

અવિચારી શબ્દો ન ઉચ્ચારો.

**સંગીતાઃ એક રોલ મોડલઃ (સત્યકથા)**

તામિલનાડુ રાજ્યના મદુરાઈ શહેરમાં સંગીતા ધીરાણ ૧૧માં અભ્યાસ કરે છે. તામિલનાડુની પ્રાચીન માર્શલ આર્ટ કળા શિલમ્બમમાં તેણે માહિરતા હાંસલ કરી છે. મુખ્યત્વે આ કળા પુરુષોને હસ્તગત છે. પરંતુ સંગીતાએ આ કલામાં નિપૂણતા પ્રાપ્ત કરી છે. અને રાજ્યકક્ષાએ ઘણાં ઈનામો મેળવ્યાં છે. હવે તે રાષ્ટ્રકક્ષાએ વિજયી બનવાનું સ્વપ્ન સેવે છે. રમતગમતની સાથેસાથે સંગીતા અભ્યાસમાં આગળ પડતી છે. હંમેશા ઊંચી ટકાવારી સાથે પાસ થાય છે.

તે ત્રણ વર્ષની થઈ ત્યારે તેની ત્રીજી વર્ષગાંઠે તેની માતા ગીતાબહેને કહ્યું, “સંગીતા, કેક કાપીને વર્ષગાંઠની ઉજવણી નથી કરવી. ચાલો કાંઈક જુદી જ રીતે તારી વર્ષગાંઠ ઉજવીએ.” આમ કહીં ગીતાબહેન સંગીતાને પાસેના એક વૃદ્ધશ્રમે લઈ ગયા. ત્યાર બાદ સંગીતાને પણ સમાજસેવામાં રસ જાગ્યો. તે વૃદ્ધાશ્રમ, અનાથાલય, સરકારી હોસ્પિટલ, વગેરેની મુલાકાત લેવા માંડી. અનાથાલયમાં તેણે તેની ઉંમરના બીજા બાળકોની મિત્રતા કેળવી છે. હવે સંગીતા તે બાળકોને પેન્ટિંગ, ક્રાફ્ટ જેવી કલા પણ શીખવે છે.

**ચિંતન પુષ્પઃ**

‘એક લક્ષ્યાંક હાંસલ કરવું એ બીજા લક્ષ્યાંક તરફ આગળ વધવા માટેનું પહેલું પગથિયું છે.’

— દોસ્તોયેવ્સ્કી (રશિયન સાહિત્યકાર)

— રાજેશ ક્રિશ્ચિયન
rajesh.christian@yahoo.co.in





# Soldiers Of God

May 2015

## MOTHER'IS MISSIONARY

The Catechism teacher of VIII Std gave an assignment to the students to write a short article on the Missionary whom the had known.

Following short write-up :

When his farmer - father saw the shield he praised his son profusely. Moses was an enthusiastic athlete. He bagged rst prize in the District level sports.


Kavya reacted very seriously. Finally she produced the "When I was asked to write about a missionary I know, a few people crossed my mind, like Mother Teresa. Then I thought, "But I can't write about one of those great people, because I don't really know them".

The person I think is a missionary, and a good one, is my mother. This may sound peculiar, but you don't have to be ordained to be a missionary.

My Mum's mission is to be a housewife and mother to me and our family. My mum has never been sel.sh and put herself .rst before her family. I have never been starved or without her endless love. And just like the famous missionaries, my mother has needed a lot of courage. She could easily have gone off to bingo and left me, but she didn't. She made the supreme sacri.ce of thinking about me before herself. I am very lucky to have a missionary mother.

Yes, one's mother is everything to him/her. She goes out of the way to be the mother to the child.

Let us greet our mother on the
MOTHER' S DAY on
MAY 10, 2015
Best wishes !




## MOTHER SCIENTIST

Mary Curie, from Poland, was a good and dutiful mother. At the same time she was a great scientist. She was attending to the needs of her family, especially to her children, while she was continuing her scientific research.

Thank s to her consistent scientific search andendeavour she discovered radium. This discovery was very helpful to save the wounde d soldiers during the First World War. She was awarded Nobel Prize. Mary Curie, a mother and scientist, serves as an inspiration to the young and budding scienticists.



Mother Of The Modern Time

The whole world mourned the death of MOTHER TERESA of Calcutta on 5th September, 1997. Why? Was she the Prime Minister of India? Was she the President of USA? Was she a multi - millionaire? No, she was a MOTHER to the core. Though she was born in a small country in Europe in an average Catholic family she became the MOTHER OF THE UNIVERSE because of her life - option and loving action. Opting for the poorest of the poor, the most neglected of the society, she committed herself to the mission of Jesus who went in search of the weakest and the lowliest. She thought for the needy, she spoke the language of the downtrodden and she did everything in favour of the scum of the society. She embraced the entire human society as her family, irrespective of caste, colour, continent. Every suffering, sick person became her child in the fullest sense. That is why the word\ MOTHER has naturally and truly has become applicable to Bl.Teresa of Kolkatta. "Mother" is not a mere word, it is a word of words that includes all virtues and fortunes and it is a movement that gains a pro-life momentum.



Once upon a time, there lived King Xerxes, who ruled the city of Susa in the Persian Empire. At that time, the Jews also lived in the city of Susa. King Xerxes was looking for a new wife for himself, So, he asked his princes to search far and wide for a beautiful bride for him. Mordecai was a Jewworking in the King's court. He lived with his cousin, Esther. He had taken care of her, ever since her parents had died. When Mordecai heard about the King's desire






to marry again, he decided to send Esther to the palace.The law of the Kingdom didnot allow any royal member tomarry a Jew. Still, Mordecaiwentahead with his plans. “Wish you luck Esther. But, remember one thing, do not tell anyone that we are Jews”, he warned her.

Esther was a beautiful and intelligent woman. This made King Xerxes fall in love with her at first sight. Immediately the King announced, “Esther will be my new Queen!” Soon, they got married. One day, Mordecai overheard two men hatching a plan to kill the King. Mordecai rushed to Esther and told her everything. Esther, in turn, told everything to the King. The two men were caught and put to death. “You saved my life, Esther”, thanked the King. “It is my cousin Mordecai who saved your life, your highness”, replied Esther.

One day, while Mordecai sat outside the palace, he saw a man being carried on a chair. People were bowing down to him. That man was Haman, the second most powerful man in the Kingdom. But Mordecai did not bow to Haman, as he believed that he needed to bow down before God only. That made Haman convince the king to promulgate a law to kill the Jews.

She decided to save her people. She hosted a banquet for the king and later on for Haman and the King. She had arranged everything so meticulously and tactfully that the king wanted fo fulfil whatever she would like, Using this opportune chance she asked for the release of Mordecai, hanging of Haman and the safety and security of the Jews. All her petitions were granted.

## Caring Hand

“Jonny, go to the market and get us one kilo of potato, we need it urgently for lunch this after-noon!” His mother Alice said loudly. Jonny was hesitating,



he was almost reacting. “You and dad always send me on errands, mummy; I do so much work every day. If you add the cost of all my works it might amount to nearly

100 Rupees every day!”. He said indignantly.

Alice was stunned at his statement. She paused for a while and said : “Johny, you are counting the cost for every little work; suppose I count the cost for what all I have been doing for the family, and in particular for you... I have borne you in my womb for nearly 10 months, I have fed you for so many moths I have kept awake many days and nights for you. I work almost

round the clock for the family...
Do you know how much all these cost for me... NOTHING ... , Yes, nothing ... but Love. I do everything for you and for the welfare of the family.

I live for you, my hand holds the family....! Alice poured out her feelings with tears in her eyes. Johny was moved too and he apolojised to his mother and started going to the market with the bag.

## Use Of Fuse

Moses was an enthusiastic athlete. He bagged first prize in the District level sports. When his farmer - father saw the shield he praised his son profusely.

About 3 months passed. there was a village festival with sports and games. Moses joyously took part in them. But, unfortunately he could not run as fast as he was used to do in the past . He could manage to get only the third prize. When he showed it to his father the latter said, If " You see, my son, if I do not put to use this plough share for a week it will rust; so too you have to keep on practising if you aim at best performance.

PERSEVERANCE Alone PAYS.

## Mind your words.

There was a small wayside hotel. Its owner was an imprudent person. A customer, a ruffian, visited the hotel and got a cutlet which tasted sour. When he complained about it the owner simply said, "If you don't want throw it in the gulters". The ruffian got angry and threw all the cutlets and vessels in the gulters.

Mind your words.

SANGEETHA : ROLE MODEL
(Real Story)
BE DIFFERENT

Sangeetha, at present doing plus one in Madurai (Tamil Nadu), has learnt ' Silambum' ( a martial art, normally displayed by male members) in a superb way, with all its nuances, and has bagged quite many awards at District and State levels and now is aiming at National level. She is equally interested and talented in academic studies.

When she was doing her third standard and was about to celebrate her birth-day her mother Geetha said, "Darling, do not go in for routine things like cutting Birth-day cake, but think of doing something differently!". Saying that she took Sangeetha to an Old Age Home. Then onwards Sangeetha developed deep social concern for the affected and afflicted people of the children's Homes, Old Age Home, Government Hospitals, etc. She also spends quite some time, with her friends, in these Homes and teaches the children grafts work, painting . . .

# શ્રદ્ધાંજલિ આશ્રમ ધર્મગુરુને

✍ **ફાધર જોયલ આર. પાયસ**

*વિકર જનરલ, વડોદરા ધર્મપ્રાંત*

સ્વ. ધર્મગુરુ કિલિયન જીસસ લોપેસનો જન્મ ૮ ઓગસ્ટ, ૧૯૩૭માં માનીઓનિ (પૂર્વ આફ્રિકા)માં થયો હતો પરંતુ તેમનાં માબાપ મૂળ ભારતીય - અવર લેડી ઓફ હોપ પેરીસ. ચિન્ચિણિ ગોઆ મહાધર્મપ્રાંતનાં હતાં. પરિવારમાં ત્રણ ભાઈઓ અને બે બહેનોમાં, એક બહેન મેગી હયાત છે. સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈમાં અભ્યાસ પૂર્ણ કરી મુંબઈ મહાધર્મપ્રાંતમાં જોડાયા અને ૧૯૫૫માં પરેલમાં અભ્યાસનો આરંભ કર્યા. સેંટ પિયૂષ કોલેજ-મુંબઈમાં તત્વજ્ઞાન અને દેવવિદ્યાનો અભ્યાસ પૂર્ણ કરી ૨૧ ડીસેમ્બર, ૧૯૬૫માં સ્વ. ધર્મગુરુ આર્થર મેનેઝિસ સાથે પુરોહિતદીક્ષા ગ્રહણ કરી. ૧૯૬૫માં વડોદરા ધર્મપ્રાંતની રચના થતાં તેઓ મુંબઈ મહાધર્મપ્રાંત છોડી, વડોદરા ધર્મપ્રાંતમાં જોડાયા.

આણંદમાં ગુજરાતીનો અભ્યાસ કરી ૧૯૬૭-૬૮ દરમિયાન ડેડિયાપાડા અને ત્યાંથી વલસાડમાં મદદનીશ સભાપુરોહિત તરીકે નિમણૂક થઈ, ત્યાં જ ૧૯૭૦થી ૧૯૭૫ સુધી મુખ્ય સભાયાજ્ઞિકનો કાર્યભાર સંભાળી, રાજસ્થાનમાં મિશનરી સિસ્ટર્સ ઓફ અજમેરના આધ્યાત્મિક નિયામક તરીકે જવાબદારી વહન કરી. ગુડ શેફર્ડ સેમિનરી - વડોદરાના બીજા રેક્ટર તરીકે ૧૯૭૮માં અને ત્યાંથી ૧૯૮૨માં રોઝારી મહાદેવાલયના મદદનીસ સભાપુરોહિત તરીકે ૧૮ વર્ષ પ્રશસ્ય કામગીરી કરી. ઈ.સ. ૨૦૦૦નું વર્ષ તેમના નિર્ણાયક હતું. સર્વના કલ્યાણ માટે મનમાં રાચતા સ્વપ્નને તેમણે 'દિવ્ય માતા આશ્રય' આમોદરમાં આકાર આપ્યો, જેનાં દ્વાર તમામ માટે ખુલ્લાં હતાં, અહીં તેઓ જીવનના અંત સુધી રહ્યા.

ધર્મપ્રાંતમાં ધર્મજનો તેમને 'આશ્રમ ધર્મગુરુ' તરીકે યાદ કરશે. એક ધર્મપ્રાંતીય પુરોહિત તરીકે તેમણે આશ્રમ જીવન પસંદ કર્યું હતું. સામાન્ય પ્રજાને પ્રાર્થના દ્વારા પરમાત્માનો અનુભવ કરાવવો તે તેમની મહેચ્છા હતી. આશ્રમમાં બે નાનાં દેવળ હતાં. બન્ને કલાત્મક રીતે સુંદર હતાં. એક ગુફા જેવું હતું જ્યાં કલાકો સુધી પ્રીતસંસ્કાર સમક્ષ પ્રાર્થનારત ધર્મગુરુ કિલિયનને મેં જોયા હતા. બીજામાં ભગવાન ઈસુનો દૈદિપ્ય ચહેરો હતો. માત્ર પુરોહિતગણ, સંન્યસ્ત, ખ્રિસ્તીઓ જ નહીં બલકે ઘણા બિનખ્રિસ્તીઓ અવારનવાર આશ્રમની મુલાકાતે આવતાં.

'આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કર્યું છે, તે મારે માટે જ કર્યું છે.' 'લોકો બેવફા બનશે તેમ છતાંયે તેમના પર ભરોસો રાખો.' આ બન્ને તેમના જીવનનાં સૂત્રવિધાન હતાં. પરમાત્મા પરનો અખૂટ વિશ્વાસ અને માતા મરિયમનો નિરંતર આશ્રય તેમનો જીવનતરાહ હતાં, દિવ્યા માતા આશ્રમ નામ પણ સૂચક છે, ગુજરાતમાં અને દેશમાં અનેક પુરોહિતસંઘ તેમજ સંન્યસ્તસંઘને રિટ્રિટ આપવામાં શ્રેય માનતા.

૭૭ વર્ષનું આયખું ભોગવીને સમગ્ર ધર્મસભા જ્યારે ઈસુના યેરુસાલેમના વિજય પ્રવેશ - તાડપત્રનો રવિવાર, પુણ્ય સપ્તાહમાં પ્રવેશ કરી રહ્યા હતા ત્યારે જ તેમણે રાજાધિરાજા ઈસુખ્રિસ્તના આમંત્રણને સ્વીકારી સ્વર્ગીય જેરુસાલેમમાં ૨૯ માર્ચ, ૨૦૧૫ના રોજ પ્રવેશ કર્યા. જ્યાં ધર્મપ્રાંતના સ્વર્ગસ્થ પુરોહિતગણ સાથે મિજબાનીમાં જોડાઈ ગયા.

સૌજન્ય : Boroda Spotlight.April.15


## હેરી કેટરર્સ એન્ડ ડેકોરેશન (રિલેક્સ)

આપના ઘરે ઉજવાતા શુભ પ્રસંગો જેવા કે વર્ષગાંઠ, સગાઈ, લગ્ન તેમજ કૌટુંબિક પ્રેમભોજન કે મંડળીઓની કોન્ફરન્સ, સેમિનાર વગેરે પ્રસંગોમાં જમણવાર તેમ જ ડેકોરેશનની તમામ વ્યવસ્થા અમને સોંપી આપ રિલેક્સ થઈ જાવ.

દરેક પ્રસંગને અનુરૂપ કલાત્મક મંડપ, મેલેમાઈનપ્લેટ, ખુરશી, ટેબલ લાઈટ, લાઈટ ડેકોરેશન તેમ જ મ્યુઝીકલ પાર્ટી બધું જ એક છત નીચે એટલે સરળ પણ પડે તેમ જ સસ્તું પડે. ઉપરની બધી જ જવાબદારી અમને સોંપી આપી રિલેક્સ થઈ જાવ.

**નોંધઃ** નોનવેજ મીનીમમ ૨૫ વ્યક્તિનો ઓર્ડર લેવામાં આવશે.

**હેરી આર્ટીફિશિયલ તેમ જ નેચરલ ડેકોરેશન**
શુભ પ્રસંગે ગાડી, ગેટ, સ્ટેજ રૂમ ડેકોરેશન કરી આપવામાં આવશે.

સંપર્કઃ **કિરીટ ક્રિશ્ચિયન : મો. ૯૯૦૪૭ ૫૨૨૧૨**
**હેતલ ક્રિશ્ચિયન : મો. ૯૯૦૪૩ ૭૨૩૧૬**
ગ્રેસ પેલેસ, ૬૩, અનુપમ નગર સોસાયટી,
ગુરૂકૃપા સ્કૂલના ખાંચામાં, સી.ટી.એમ., અમદાવાદ - ૨૬

# સુખનું સરનામું

✍ પ્રવીણ પ્રવાસી

*પ્રાથમિક શિક્ષક, ભાટિયેલ (પેટલાદ)*

જિંદગી પ્રત્યે કોઈપણ માણસની કોઈ મૂળભૂત અપેક્ષા હોય તો તે સુખ પ્રાપ્ત કરવાની છે. જીવનમાં આપણે સૌ સુખી થવા માંગીએ છીએ. આપણે બધા આનંદની શોધમાં છીએ. આપણા પૂર્વજો પણ સુખની શોધમાં હતા. આપણેય સુખની શોધમાં છીએ. આપણી આવનારી પેઢીઓ પણ સુખની શોધમાં હશે. સુખ આપણા સૌની અપેક્ષા છે. સુખ આપણાં સૌની ઝંખના છે.

પરંતુ સો મણનો સવાલ એ છે કે સુખ કોને કહીશું? સુખ ક્યાં મળે છે? એની દુકાન ક્યાં છે? સુખનું સરનામું ક્યાં છે? સુખ સદીઓથી માણસને સંતાકૂકડી રમાડે છે. બધાંને આનંદ જોઈએ છે. સાચા આનંદ વિશે એવું કહેવાય છે કે એમાંથી પીડાનો જન્મ નથી થતો. જે સુખ વેદના જણે એ સાચું નથી. જે સુખ પીડાને જન્મ આપે એ સાચું સુખ નથી. ઘણીવાર એવું લાગે છે કે ઓછી સમજણથી વધારે સુખી થવાય છે. સમજણ વિસ્તરતી જાય એમ પીડા વિસ્તરતી જાય છે. વધુ ઊંડાણથી જોઈએ તો આ પણ સાચું નથી.

આપણું સુખ ઘણાં છેતરામણાં રંગો ધરાવે છે. ઘણીવાર આપણું સુખ આપણી પાસે શું છે-એની ઉપર આધાર નથી રાખતું. બીજા પાસે શું છે, જે મારી પાસે નથી એના ત્રાજવા પર આધાર રાખે છે. આ સંદર્ભે મને ખૂબ ગમતું એક મુક્તક યાદ આવે છે.

"કિસ્સો આ કેવો મઝાનો છે, બેઉ તરફ સુખી થયાનો છે.
પલ્લું તારી તરફ નમ્યાનો તને, મને આનંદ ઊંચે ગયાનો છે!"

કોઈ પલ્લું નમે એનાથી ખુશ છે, કોઈ પલ્લુ ઉપર જાય એનાથી ખુશ છે. ભીડમાં ધક્કામુક્કી કરીને બસમાં બેઠક મેળવીને ખુશ થઈ શકાય છે. કોઈવાર કોઈ વધારે જરૂરિયાતમંદને બેઠક આપીને પોતે ઊભા થઈ જવાથી પણ ખુશ થઈ શકાય છે. સુખ આપણી સમજણ પર આધાર રાખે છે.

મારા બાપુની વાત કરું. સુખની આજે જે સર્વસાધારણ કલ્પના છે - એવું સુખ મારા બાપુએ જિંદગીમાં કદી જોયું નથી. છતાં, સવારે વહેલા ઊઠીને ભજનો ગાતા. વિઘાનો વાડો સાવરણો લઈને સ્વચ્છ કરે. ભેંસ દો'વે. ચાપાણી કરીને મજૂરીએ જાય. કામ કરતાં પણ ગાતા હોય. "બેટા, ટંકે રોટલો મલે એટલે ઈશ્વરનો આભાર." આવી સાદી સમજણ. જેટલી પણ ગુંજાશ હોય એટલું બીજાનું સારું કરવાનું. કોઈની બગદોઈ નહિ. કોઈની પંચાત નહિ.

જ્યારે કશું નહોતું ત્યારે જે હતું એનાથી બધાં ખુશ હતાં. આજે બધું છે, પણ જે છે એની ખુશી ઝાંખી પડે છે. આજે આપણે આપણી પાસે જે છે એનાથી ખાસ ખુશ નથી. પાડોશી પાસે થોડુંક વધારે છે, એનાથી દુઃખી છીએ. પાડોશમાં કોઈ ગાડી લાવે તો આપણું સુખ ઓછું થઈ જાય છે. આપણા મકાનથી વધુ સારું-મોટું મકાન કોઈ બનાવે તો આપણું સુખ ઓછું થઈ જાય છે. ભાઈ શા માટે? મારાં આંધળી દાદી કહેતાં, "કોઈનો મહેલ જોઈને આપણી ઝૂંપડી તોડી ના નંખાય."

એથી થોડીક જુદી વાત કરું. આપણે ઘણીવાર બીજાની પીડામાંથી સુખ મેળવીએ છીએ. આ પાશવી આનંદ છે. આ આનંદ 'શોલે'ના ગબ્બરના હાસ્ય જેવો છે. મને ખબર છે. અડોશ-પડોશમાં કોઈની દીકરીનો પ્રશ્ન થાય. કોઈ છોકરી ભાગી જાય. તો આજુબાજુ ઉત્સવનો માહોલ બંધાય છે. "તમે કશું જાણ્યું?" એમ કાનમાં કહીને લોકો અરસપરસ મીઠાઈ વહેંચતા હોય એવો આનંદ મેળવે છે. મારી સોસાયટીમાં આવો એક બનાવ બન્યો. એક ભાઈ આનંદભેર મને વધામણી આપવા આવેલો. જે છોકરી ભાગી ગયેલી એના સમાચાર આપવા. મેં એને મીઠાઈનું પડીકું છોડવા જ ના દીધું. જે છોકરી ભાગેલી એના કુટુંબ સાથે મને કોઈ નિસ્બત નથી. છતાં, એ બાપની મને ચિંતા થયેલી. છોકરું છોકરમત કરે એમાં બાપને દંડ આપવાનો? બાપ શું કરે? બાપ હોવું એ મોટી વાત છે. પરંતુ, એમાંય છોકરીના બાપ હોવું એથીય મોટી વાત છે. કશાય સગપણ વગર હું એ દિવસે દીકરીના બાપને મળવા ગયેલો. એમની સાથે બેઠો. થોડીક ઔપચારિક વાતચીત. બીજું કશું નહિ. પરંતુ, મને ખબર છે કે મારી લાગણી એમને પહોંચેલી.

કોકનો સહારો બનવાથી મોટું સુખ બીજું કયું હોઈ શકે? આપણને બીજાનું સુખ જ દેખાય છે, બીજાનું દુઃખ નથી દેખાતું. ભગવાન બુદ્ધે ખૂબ લાંબી-આકરી તપસ્યા પછી જગતને જે દર્શન આપ્યું- તે 'દુઃખ' સત્ય. દુઃખ તો સત્ય છે જ. પરંતુ પછીની બે વાત બહુ અગત્યની છે. દુઃખનું કારણ સત્ય અને દુઃખનું નિવારણ સત્ય. જગતમાં દુઃખ છે જ. એથી જીવન પ્રત્યે ઉદાસીન ન થવાય. સુખનો અનુભવ જ દુઃખ-આધારિત છે. અજવાળાનો મહિમા અંધારાને લીધે છે. ખૂબ કામ કરીને થાકી ગયા હોઈએ ત્યારે 'આરામ' નો અર્થ વધુ સારી રીતે સમજાય છે. કશું કર્યા વગર બેસી જ રહીએ એને આરામ નથી કહેતા. કબીર કહે છે:

"ઘરમેં બસ્તુ નજર નહિ આવત બન બન ફિરત ઉદાસી
આતમ-જ્ઞાન બિના જગ જૂઠા, ક્યા મથુરા - ક્યા કાશી?"

સુખ વિશે આપણી સમજ "કાખમેં છોરા ઔર નગરમેં ઢિંઢોરા" જેવી છે. સુખ એટલે એક દૃષ્ટિકોણ. સુખ એટલે સાંજના સમયે આકાશી-લાલી નિહાળતાં નજરમાં ઉગતો રોમાંચ. સુખ એટલે પ્રભાતે પહેલાં જાગી ગયેલાં પંખીઓનો કલરવ. સુખ એટલે દેવળનો ઘંટ. સુખ એટલે રસ્તામાં સામે મળતાં પરિચિત-અપરિચિત માણસ પ્રત્યે આપણું વેરેલું સ્મિત. સુખ એટલે શેરીમાં રમતાં કોઈ નાનકડાં બાળકને હેતથી ઊંચકી લઈને કરેલું વહાલ. સુખ એટલે આપણે આપણા કાર્યક્ષેત્રમાં સો ટકા પ્રતિબદ્ધતાથી કરેલા પ્રયત્ન.

આપણે સુખના મોટાં મોટાં પ્રસંગો પામવાની ઝંખનામાં સુખના નાનાંનાનાં સેંકડો અનુભવોથી વંચિત રહી જઈએ છીએ. પ્રતીક્ષામાં ને પ્રતીક્ષામાં જ સુખના પ્રવાસીઓ પ્રવાસ પૂર્ણાહુતિએ પહોંચી જાય છે. સુખ પ્રતીક્ષાનો વિષય નથી. સુખ એ ગણિત કે તર્કનો વિષય પણ નથી. સુખ ફિક્સ કરેલી ડિપોઝીટોમાં પણ નથી. સુખ એટલે આજ, આજ ઘડીએ, આ પળે, આપણા આંગણે ઊભેલો શુદ્ધ વર્તમાન. સુખ એટલે આઠો જામ ખુમારી.

એક વખત અંધકારે પરમાત્માને ફરિયાદ કરીઃ "સૂર્ય અમને સતાવે છે. મેં કશું એનું બગાડ્યું નથી. છતાં, એ સતત મારી પાછળ પડ્યો છે. મારા અસ્તિત્વને નષ્ટ કરવા માગે છે. કશા કારણ વગર સૂરજ મારી કનડગત કરે છે." સૂર્યએ પમાત્માને કહ્યુંઃ "આ અંધકાર કોણ છે - એની મને ખબર જ નથી. પછી શત્રુતાનો સવાલ જ નથી. જેને મેં જોયો નથી, જેને હું ઓળખતો જ નથી - એને સતાવવાનો સવાલ જ ક્યાં છે? છતાં હે પ્રભુ, મારી કોઈ ભૂલ થઈ હોય તો હું ક્ષમાયાચના કરવા તૈયાર છું. અંધકારને પ્રભુ કહેજો, એ એક દિવસ મને મળે - મારી મુલાકાત કરે તો હું એની માફી માંગુ."

પરમાત્માએ એ દિવસથી અંધકારને સૂરજ સાથે મળીને સમાધાન કરી લેવાનું કહેણ પાઠવ્યું છે. અંધકારને સૂરજનું નિમંત્રણ છે. અંધારું કદી સૂર્યને મળવા ગયું નથી. સુખ અનુભૂતિનો વિષય છે. એ રાવ-ફરિયાદનો વિષય નથી. આપણી ભીતર સુખનો સૂરજ આપણને નિમંત્રણ પાઠવી રહ્યો છે. ●

(મો. ૮૧૨૮૬ ૭૨૭૩૪)




Maxi Maker

અમારે ત્યાં લગ્ન પ્રસંગે બ્રાઈડલ મેક્ષી તૈયાર મળશે. તથા બનાવી આપવમાં આવશે. આ સાથે ડ્રેસ મટિરીયલ્સ તથા ચણિયાચોલી હાજર સ્ટોકમાં મળશે. બ્રાઈડલ મેક્ષી સાથે આકર્ષક ગીફ્ટ તો ખરી જ.

સુનિલભાઈ ચેનલવાળાઃ નિર્મલનગર ગામડી, આણંદ
મો. ૯૯૨૫૮ ૩૭૯૩૭ / ૯૯૧૩૪ ૩૯૭૪૯

Since : 2009 નર્સીંગ એડમીશન ૨૦૧૫-૧૬ Reg. No. : E20710



MAC EDUCATION

Recognized by Indian Nursing Council, Gujarat Nursing Council, Karnataka State Nursing Council & Govt. of Karnataka Affiliated to ASSNEB, RGUHS, Bangalore & APNC, MCI & UGC Approved

| | | |
|---|---|---|
| ANM નર્સીંગ | ૨ વર્ષ | ૧૨ પાસ |
| GNM (જનરલ નર્સીંગ) | ૩.૫ વર્ષ | ૧૨ પાસ |
| BSc નર્સીંગ | ૪ વર્ષ | ૧૨ પાસ(Sci-B) |
| Post BSc | ૨ વર્ષ | GNM પાસ |
| MSc નર્સીંગ | ૨ વર્ષ | BSc/Pc Bsc પાસ |

★ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ
★ સરકાર માન્ય કૉલેજમાં એડમિશન
★ એજ્યુકેશન લોનની સુવિધા
★ S.C. / S.T. માટે મફત
★ ફ્રી મટીરીયલ્સ
★ 100% જોબ

Other Courses : MBBS, BDS, BAMS / BHMS, BPT, DMLT / BMLT, BE

Head Office: ફસ્ટ ફ્લોર, સ્વરૂપ કોમ્પ્લેક્સ, મહેન્દ્ર શાહ હોસ્પિટલ પાસે, ભાલેજ રોડ, આણંદ, ગુજરાત. મો. : 099257 88663

ઉમરેઠ : મો. : 096243 22314 ખંભાત : મો. : 095107 77584 વડોદરા : મો. : 088660 60013
પેટલાદ : મો. : 099243 34392 અમદાવાદ : મો. : 084607 43914

# સફળ લગ્નજીવન

✍ અનુપ ડાભી

લગ્ન માનવજીવનનું એક અવિભાજ્ય અંગ. આપણે ઘણાં બધાં લગ્નમાં ગયા છીએ, જઈએ છીએ. ઘણાંએ લગ્ન કર્યા છે, ઘણાંને લગ્ન કરવાનાં છે. લગ્ન વૈશ્વિક બાબત છે. એ તો થવાનાં. પ્રશ્ન છે લગ્ન કે લગ્નજીવનની સફળતાનો. હાથમાં કંકોતરી આવી એટલે ઉપર પહેલું જ વંચાય,

"લગ્ન સ્વર્ગમાં નક્કી થાય છે અને પૃથ્વી પર ઉજવાય છે." "સુહામણો દિન પ્રભુએ સજર્યો, પ્રભુનો જયજયકાર." આવી રીતે બાઇબલની કેટલીક કલમ જોવા મળે. લગ્ન સ્વર્ગમાં નક્કી થાય છે તો પૃથ્વી ઉપર તેની ઉજવણીના થોડા વખતમાં કેમ તૂટી જાય છે? 'લગ્નનો' સુહામણો દિન પ્રભુએ સજર્યો તો છૂટાછેડાના ગંભીર દિનમાં એ કેમ ફેરવાઈ ગયો? કંકોત્રીમાં આટલાં સરસ વચન અને કલમ લખો છો તો છૂટાછેડાના સ્ટેમ્પ પર પણ આવી કલમ લખતા હશો... કેમ? એક ભાઈ જેમના છૂટાછેડા થયેલા, મેં એમના છૂટાછેડાનો સ્ટેમ્પ વાંચ્યો અને પછી હસતાં હસતાં પૂછ્યું, તમારી લગ્નની કંકોત્રી તો મેં વાંચેલી, એમાં તો તમે પ્રભુનો જયજયકાર કરેલો તો આ વખતે કેમ નહિ...? એ ભાઈએ મને કંઈ જવાબ ન આપ્યો કારણ કે છૂટાછેડા લઈને આપણે થોડો પ્રભુનો જયજયકાર કરીએ છીએ. એટલે જ આજ સુધી છૂટાછેડાના સ્ટેમ્પ પર આવું કશું લખેલું નથી. કંકોત્રીમાં આપણે જે કલમ વાંચીએ છીએ એ તો ભેગી કરેલી જૂની કંકોત્રીમાંથી ઉઠાવી લઈએ છીએ. બાઈબલ ખોલીને શોધવાનો પ્રયત્ન કરતા નથી. જો શોધતા હોય તો કદાચ બાઈબલની આ કલમો પર પણ આપણી નજર પડે,

"સર્વશક્તિમાન ઈશ્વર કહે છે હું છૂટાછેડાને ધિક્કારું છું."
(મલાખી ૨:૧૬)

"વિવાહિતોને મારી આજ્ઞા છે, મારી નહિ પણ પ્રભુની આજ્ઞા છે કે પત્નીએ પતિથી જુદા ન થવું- સમાધાન કરી લેવું- પતિએ પત્નીને છૂટાછેડા ન આપવા." (૧ કરિંથ ૭:૧૦-૧૧)

મને લાગે છે આ બે કલમ છૂટાછેડા માટે ખરીદેલા સ્ટેમ્પ પર કંકોત્રીની જેમ પહેલાં જ લખવામાં આવે તો...? બાકીનો સ્ટેમ્પ કોરો રાખવો પડે, સમાધાન કરી લેવું પડે, જો સાચે જ ઈશ્વરનો ડર હોય તો....!

સાંપ્રત સમયમાં છૂટાછેડાનો પ્રશ્ન હદ પાર કરી ગયો છે. બધાં સમાજમાં છૂટાછેડાનું પ્રમાણ વધી ગયું છે. આપણા ખ્રિસ્તી સમાજમાં તો ખાસ. ગત વર્ષે ધર્મગુરુ લેન્સી લોબોની આગેવાની હેઠળ છૂટાછેડાના પ્રોજેક્ટ અંતર્ગત સર્વે કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટમાં કામ કર્યું હોય એવા કેટલાંક માણસોને મેં પૂછ્યું, 'સર્વે પરથી શું લાગે છે? છૂટાછેડા કેમ થાય છે? તો એમણે જણાવ્યું ઘણા કેસોમાં છોકરીઓનો વાંક હોય છે તો કેટલાકમાં છોકરાઓનો, તો ઘણી વાર તેમના માતાપિતાનો. અરે... ઘણાંએ તો ધર્મસભાના આગેવાન એવા સાધુ-સાધ્વીઓનો પણ વાંક કાઢ્યો. તેમના તરફથી મદદ મળતી નથી. ઘણાં લોકોને એવું કહેતા સાંભળ્યા છે કે બીજા સમાજમાં તો છૂટાછેડા ઠીક પણ કેથલિક સમાજમાં ધર્મગુરુ આટઆટલી શિબિર ભરાવે, ભાષણો આપે, સમજાવે તોય છૂટાછેડા કેમ થાય? જવાબમાં લોકો કહે, જે ધર્મગુરુએ લગ્ન કર્યા જ નથી એમને લગ્નજીવનની શું ખબર પડે? આવી લગ્નશિબિર તો લગ્ન કરેલાં અનુભવી માણસોએ ચલાવવી જોઈએ. ધર્મગુરુને એમાં ખબર ના પડે. સાંભળવામાં તો આ ભાઈનો જવાબ ક્રાંતિ લાવી દે એવો લાગે પણ એ લોકોને હું પૂછતો, શિબિર ભરતાં પહેલાં પાત્રની પસંદગી કરો છો કે ત્યાર પછી? અને આગળ કહેતો, કદાચ પાત્રની પસંદગી કરવામાં ભૂલ થઈ હોય કે થતી હોય એવું લાગે છે. કહેવાય છે વ્યક્તિ જોઈને વધારે શીખે છે. સમાજમાં વ્યક્તિ રહે છે, જ્યાં તેણે પોતાના માતાપિતા, ભાઈબહેન, સગાઓ કે મિત્રોના અનુભવી લગ્નજીવન જોયાં છે તે વ્યક્તિ હજું લગ્નને સમજતી નથી. તો બેત્રણ દિવસની એ લગ્નશિબિરમાં શું સમજી લેવાની? લગ્નશિબિરમાં તો લગ્નજીવનની ગંભીરતા, જવાબદારી, લગ્નનાં ધાર્મિક મૂલ્યો કે લગ્નજીવનમાં આવનાર પડકારોનો કેવી રીતે સામનો કરવો તેની સમજ આપવામાં આવે છે પણ વ્યક્તિ આ બાબતોને સમજી શકે તો ને...!? સમજદારીની પણ ઊણપ લાગે છે. કેમ કે મોટે ભાગે પરણિત અને અનુભવી માણસો, વ્યક્તિને લગ્નની સાચી સમજ આપવાને બદલે તેમના મનમાં લગ્ન વિશે ડર બેસાડી દે છે. એકલા રહેવામાં મજા છે, લગ્ન કરવામાં સાર નથી, સ્વતંત્રતા છીનવાઈ જાય છે, લગ્ન તો લાડું છે જે ખાય છે તે પસ્તાય છે અને ના મળે તે લલચાય છે. એટલે સાચી સમજ માટે લગ્નશિબિર ચાલે છે તે સારું છે. ધર્મસભાની મદદ નથી મળતી એવા વાંક કાઢનારને હું ચોક્કસ કહીશ, ગુજરાતમાં પેલી કહેવત છે ને કે, "બામણ પરણાવે, ઘરસંસાર થોડો માંડી આપે? "આપણી ધર્મસભા સારી છે જે આટલું કરે છે ખોટ તો છે આપણી સમજદારીમાં અને પસંદગીમાં.

આપણે લગ્નજીવનની સમજદારી વિશે વાત કરીએ છીએ તે સમજદારી લગ્નના દિવસથી નહિ, વ્યક્તિના લગ્નજીવન પહેલાં જ શરૂ થાય છે. જો કે વ્યક્તિએ વ્યક્તિએ મન અલગ, વિચાર અલગ, એટલે સમજદારી પણ અલગ. એકની સમજ પ્રમાણે કોઈ બાબત સાચી હોય તો બીજાની સમજ પ્રમાણે ખોટી પણ હોય. પણ જ્યારે સફળ લગ્ન જીવનનો વિચાર કરતા હોય તો **'મારું લગ્નજીવન સફળ બનાવવા માટે હું શું કરી શકું?'** કદાચ આ પ્રશ્ન આપણને સફળ લગ્નજીવનની સાચી સમજ કે સમજદારી તરફ દોરી જશે. સાચી વાત તો એ કે, સફળ લગ્નજીવન માટે મતભેદ હોય તે ચાલે,

મનભેદ હોય તો ન ચાલે. વ્યક્તિની પોતાની સમજદારી જ કામ આવે. આવી સમજદારી કેળવવા માટે તૈયારી કરવી જરૂરી બને. ફાધર વાલેસની 'લગ્નસાગર'માં લખ્યું છે તેમ આપણે લગ્નની ઘણી બધી બાહ્ય તૈયારીઓ તો કરીએ છીએ જે બીજા લોકો પણ કરી શકે અને કરે છે પણે જેનું લગ્ન થવાનું છે તે પાત્રની પોતાની આંતરિક કે આધ્યાત્મિક તૈયારીનું શું? લગ્નની ઉંમરે પહોંચેલાં કોઈ યુવક-યુવતીને લગ્નજીવન વિશેના કોઈ યોગ્ય પુસ્તક કે બાઈબલ કે તેના જેવા ધાર્મિક ગ્રંથમાં લગ્ન વિશે જે આપ્યું છે તે વાંચવાનું અને તેના પર વિચારવાનું મન થાય છે ખરું? સાચી સમજણ મેળવવા માટે આ પણ એક ઉત્તમ રસ્તો છે.

કહેવાય છે જન્મ, મરણ અને લગ્ન ઈશ્વરના હાથની વાત છે અને આપણે અગાઉ વાત કરી તેમ 'લગ્ન સ્વર્ગમાં નક્કી થાય છે' પૃથ્વી પર તેની ઉજવણી કરતાં પહેલાં આપણે લગ્ન માટેના એ પાત્રને શોધવું પડે છે, પસંદગી કરવી પડે છે કે ઈશ્વરે તમારે માટે કયું પાત્ર પસંદ કર્યું છે નક્કી રાખ્યું છે? આ માટે ઈશ્વર જ આપણી મદદ કરી શકે ને...!? આ માટે ઈશ્વરને યાદ કરી કહીએ છીએ ખરાં કે, 'હે પ્રભુ તે જે પાત્ર મારા માટે તૈયાર રાખ્યું છે તે મેળવવા માટે મને સહાય કર.'

મોટે ભાગે આપણે લગ્ન માટે પાત્રની પસંદગી પરંપરાગત કે કહેવાતી સામાજિક પદ્ધતિએ કરતા હોઈએ છીએ. આવી રીતે થતાં લગ્નને અંગ્રેજીમાં Arrange Marrage કહીએ છીએ. જેમાં પાત્રના માતાપિતા કે સગાં ખાસ કરીને કુટુંબ, ઉંમર, શિક્ષણ, નોકરી, દેખાવ કે ધર્મ જેવાં ધોરણોનો ઉપયોગ કરીને Arrangement કરતા હોય છે. વ્યક્તિનું કુટુંબ કેવું છે? ઉંમર શું છે? લાયકાત શું ધરાવે છે? નોકરી શું કરે છે? કેવો દેખાવ છે? શું ધર્મ પાળે છે (કેવી રીતે પાળે છે તેમાં રસ નથી). લગ્નની વાત થયા પછી પોતાની રીતે પાત્ર માટે ખાનગી તપાસ કરે અને યોગ્ય જણાય તો લગ્ન નક્કી કરાય, લગ્ન થાય ને પાછળથી છૂટાછેડા થાય એવું પણ બને, Arrangement flop. પહેલાંના સમયથી આ રીતે લગ્ન થતાં આવ્યાં છે અને તેમાં સફળતાઓ પણ મળી છે અને હવે આ પદ્ધતિમાં થોડો સારો સુધારો થયો છે કે છોકરોછોકરી એકબીજાને મળે, વાત કરે, એકબીજાને ઘેર જાય-આવે તો પણ જોઈએ તેટલી સફળતા નથી મળતી. કદાચ આખી આ પ્રક્રિયામાં પાત્રનો સાચો અનુભવ મેળવી શકાતો નથી. પાત્ર એકબીજા આગળ કે કુટુંબ આગળ સારી બાબતો તો દેખાડે છે પણ બીજી ઘણી બાબતો છુપાવે જે લગ્ન પછી બહાર આવે. પરિણામ છૂટા પડવાનું. આવી વાતને આપણે હાથીના દાંત સાથે સરખાવી શકીએ.

વાસ્તવમાં આવાં લગ્નોમાં લગ્નની વાત બતાવનાર વ્યક્તિ જે પાત્રો માટે વાત ચાલે છે તેમને ઓળખતાં નથી અને ઓળખતા હોય તો પાત્રના અંગત જીવનથી એકદમ અજાણ હોય. લગ્નની વાત તો ચાલે છે માબાપ કે સગાંની ઓળખાણથી, જેમનાં લગ્ન કરવાનાં છે તે પાત્રની ઓળખાણથી નહિ. અગાઉ વાત કરી તેમ આવા લગ્નમાં પહેલાં તો સફળતાઓ મળી છે પણ વર્તમાનમાં નજર કરીએ તો ઘણાં બધાં લગ્નોનું પરિણામ છૂટાછેડા પર પણ આવ્યું છે.

આ ઉપરથી એવું લાગે છે લગ્ન માટે પાત્રની પસંદગી માબાપ કે સગાની ઓળખાણથી નહિ પણ પાત્રની ઓળખાણથી થવી જોઈએ. પણ આધુનિક એવા આજના માણસોએ આ રીતે થતાં લગ્નને નામ તો સરસ આપ્યું છે, Love Marrage પણ તેની પાછળનો વિચાર આજે પણ જૂનવાણી છે. લોકો આવાં લગ્નની આજે પણ ટીકા કરતાં હોય છે. આ પ્રકારની પસંદગીમાં બે બાબતો પર ખાસ ધ્યાન આપવા જેવું છે, 'પ્રેમ અને સમજદારી.' 'પ્રેમ' ને સમાજમાં આદર્શ માનવામાં આવે છે પણ આજ 'પ્રેમ' શબ્દને લગ્નની પસંદગી માટે વાપરવામાં આવે ત્યારે કહેવાતા સારા માણસો પણ તેની ટીકા કરશે અને કહેશે Love is blind પણ જ્યારે ધર્મ 'ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે' એમ કહીને પ્રેમને સર્વોપરી બતાવે છે ત્યારે આપણે તેને જ ભગવાન માનીને કહીએ છીએ God is love. આ બન્ને વિધાન આપણે સાથે લઈએ તો God is love and love is blind that means God is also blind. ઈશ્વર આંધળો હોઈ શકે ખરો? ના. પ્રેમ આંધળો ના જ હોઈ શકે. પ્રેમ જુએ છે, તે સામા માણસની નબળામાં નબળી કડીઓને પણ જુએ છે, તેમ છતાં તે તેને ચાહે છે. પ્રેમ ક્યારેય ખોટો હોય જ નહિ, અને એમાં ખોટ હોય તો તેને પ્રેમ ન કહેવાય. 'પ્રેમ' દ્વારા થતી પાત્રની પસંદગીમાં પાત્રના માતાપિતાની હૂંફ, સાથ અને યોગ્ય સલાહ કદાચ સફળ લગ્નજીવન માટે કારણરૂપ બની શકે.

પ્રેમ સંબંધ દ્વારા કરેલી પાત્રની પસંદગીમાં ઘણાં પાત્ર એવાં કૌટુંબિક વાતાવરણમાંથી આવતાં હોય છે જ્યાં તેઓ પોતાનાં માતા-પિતા કે સગાઓ સામે પોતાની પસંદગીની વાત મૂકતાં ડરતાં હોય, કદાચ તેમનું ઘડતર એવા વાતાવરણમાં થયું હોય છે. આવા પાત્ર જો આપણી કેથલિક ધર્મસભાના સભ્યો હોય તો ધર્મસભાએ આવા પાત્રો માટે કાઉન્સિલિગ કરી પાત્રના કુટુંબ સુધી વાત પહોંચાડનાર માર્ગ બનવાની જરૂર છે. આવા ઘણાં કિસ્સાઓમાં 'પ્રેમ ક્યાંક' અને 'લગ્ન ક્યાંક' એવું થાય છે. આખરે સામાજમાં છૂટાછેડા વધવાનું એક કારણ પણ બનતું હોય છે. ઘણીવાર સાથે કામ કરતા કે નોકરી કરતા હોય એવા પાત્ર એકબીજાને સારી રીતે સમજી શકતા હોય, અનુકૂળ થઈ શકતા હોય. યોગ્યતા ધરાવતા હોય, લગ્ન માટે પસંદગી કરે તો પણ લોકો તેને Love Marrage નામ આપી વખોડી નાખતા હોય છે. કદાચ તેની પાછળ સાચી સમજણ રહેલી હોય તે સમજવાની જરૂર છે.

વધતા જતાં છૂટાછેડાના પ્રમાણમાં આપણે પસંદગીની કઈ પદ્ધતિને અનુસરીને છીએ તે મહત્ત્વનું નથી, પસંદગી તો Arrange કે Love કોઈપણ પદ્ધતિએ કરી શકાય, જરૂરી છે લગ્નજીવનની ગંભીરતાની, સાચી પસંદગીની અને સાચી સમજદારીની. ●



બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ
લગ્ન માટે મેક્સી બનાવનાર
કમ્યુનિયન સેટ, બેપ્ટિસમ સેટ
**પારૂલ જે. મેકવાન** (ડિઝાઈનર)
ફોનઃ (૦૨૬૯૨) ૨૫૦૫૯૫, ૯૮૭૯૮ ૫૭૭૯૭, ૯૭૨૭૭ ૦૪૧૨૫
*ચંદ્રનિલય, સૂર્યનગર સોસાયટી, પુષ્પવિહાર સામે, આણંદ - ૩૮૮ ૦૦૧*

# અંતર્યામી આત્માનો અવાજ

✍ ફાધર રિચર્ડ લોપીસ, ઈ.સં.

*મ. સભાપુરોહિત, સેંટ ઝેવિયર્સ ચર્ચ, ગામડી-આણંદ, પ્રાધ્યાપક ગુજરાત વિદ્યાદીપ - સેવાસી, વડોદરા*

૨૬ ડિસેમ્બર ૨૦૦૪ના દિવસે ગાડી શ્રીલંકાના કોલંબો રેલ્વે સ્ટેશનથી ગોલ શહેર તરફ જવા ઉપડી. થોડા જ સમય પછી સમુદ્ર કિનારા લગતના પ્રદેશમાંથી જતા રેલ્વે ટ્રેક્સ ઉપર એ ગાડી જ્યારે પૂરજોશમાં દોડવા લાગી ત્યારે એ ગાડીને અથવા એમાંના મુસાફરોને એ વાતની જરાય કલ્પના નહોતી કે એમની આ મુસાફરી થોડી જ પળોમાં ટૂંકાવવામાં આવશે! પૂર્વ અને દક્ષિણ એશિયાના દેશોને પોતાના સપાટામાં લેનાર ત્સુનામીના પંજામાં એ રેલગાડી પણ ઝપડાઈ. ત્સુનામીનું પહેલું મોજું, નાનું હોવા છતાં, ટ્રેનમાં મુસાફરી કરનાર મુસાફરોને ભયભીત કરવા જેટલું મોટું તો હતું જ. શું કરવું એ અહીં સૂઝવાથી એ મુસાફરો ટ્રેનની અંદર જ બેસી રહ્યાં અને બૂમાબૂમ કરવા લાગ્યા. ટ્રેનની બારીમાંથી દેખાતું સમુદ્રનું એ વિકરાળ રૂપ તેઓને મૃત્યુનો સાક્ષાત્કાર કરાવી રહ્યું હતું. પહેલું મોજું એટલે એ મૃત્યુની કેવળ એક ઝલક હતી.

એ સમગ્ર ઘોંઘાટની વચ્ચે થઈને એક કેથલિક માણસ પોતાની પત્ની એને ત્રણ બાળકોને લઈને એ ટ્રેનમાંથી ઊતરી પડ્યો અને સમુદ્રની વિરુદ્ધ દિશામાં દેખાતી એક નાનનકડી ટેકરી તરફ જવા નીકળ્યો ત્યારે ટ્રેનમાં બેઠેલાં સહમુસાફરો એની હાંસી ઉડાવીને એને ઠપકો આપવા લાગ્યાં, “પાગલ થયો છે તું? સમુદ્રના આવા વિકરાળ રુપ સામે રક્ષણ મેળવવા તો આ ટ્રેન સૌથી સુરક્ષિત જગ્યા છે, અને તું ક્યાં જઈ રહ્યો છે મરવા? પાછો વળ!” પણ એ માણસે પોતે ધાર્યા સ્થળે જવાનું ચાલ્યું રાખ્યું. થોડુંક અંતર ચાલ્યા પછી અને ઉપરવાસમાં સુરક્ષિત જગ્યાએ પહોંચ્યો છે એની ખાતરી થઈ ત્યારે એને પાછું વળીને જોયું તો ત્સુનામીનું બીજું પ્રચંડ મોજું એ આખે આખી ટ્રેનને એમાના બધા મુસાફરો સાથે સમુદ્રમાં સ્વાહા કરી ગયું હતું! કેવળ એ એકલો કેથલિક માણસ પોતાના કુટુંબ સાથે બચવા પામ્યો હતો.

જ્યારે એ માણસને પાછળથી પૂછવામાં આવ્યું કે એવું શું હતું કે જેને લીધે એણે એકલાએ પ્રવાહ વિરુદ્ધ જઈને ટ્રેનમાંથી ઉતરી પડવાનો નિર્ણય લેવાનું નક્કી કર્યું? એનો જવાબ ઉત્સ્ફુર્ત અને સચોટ હતો : “મારા અંતરમાંથી પવિત્ર આત્માનો અવાજ મને કહી રહ્યો હતો : ‘નીકળ, ઉપર સુરક્ષિત જગ્યાએ જા’. એ કોલાહલમાં પણ મને એ અવાજ સ્પષ્ટ સંભળાતો હતો. બહારના દબાણને, કોલાહલને, હસીમજાકને ગણકાર્યા વગર હું એ અંતર્યામી આત્માના અવાજને અનુસરતો રહ્યો.” એ માણસ પોતાના કુટુંબ સાથે જીવન પામ્યો.

પવિત્ર આત્મા એ આપણા અંતરના ઉંડાણમાં વાસ કરતો અને આપણને રસ્તો બતાવતો ઈશ્વરનો સત્યસ્વરૂપ આત્મા છે. પરમેશ્વર પિતા પાસેથી અને ઈસુ દ્વારા પ્રગટ થતો પવિત્ર આત્મા જીવનને પવિત્ર બનાવે છે, પ્રકાશિત કરે છે અને સત્યના પંથે દોરે છે.

એ જ પવિત્ર આત્મા શ્રદ્ધાના અબ્રાહમને વચન આપ્યા પ્રમાણેની ભૂમિમાં દોરી જાય છે. પોતાની જન્મભૂમિ, સગાંવહાલાંને અને બાપનું ઘર છોડીને પ્રભુ બતાવે તે દેશમાં ચાલ્યો જવા એ જ પવિત્ર આત્મા અબ્રાહામને પ્રેરણા આપે છે. (ઉત્પત્તિ ૧૨) એ જ પવિત્ર આત્મા અબ્રાહામને પોતાના એકમાત્ર પુત્રનું બલિદાન આપવા પણ શક્તિ આપે છે. (ઉત્પત્તિ : ૨૨).

મોશેને ઝાંખરાના પ્રસંગમાં અગ્નિના રૂપમાં એ પવિત્ર આત્માનું દર્શન થાય છે અને પોતાના લોકોની મુક્તિ અપાવવાનું મિશન મળે છે (મહાપ્રસ્થાન - ૩). એ જ પવિત્ર આત્માના અભિષેકથી અને સંચારથી બધા પયગંબરો પ્રતિકૂળ અને વિપરીત પરિસ્થિતિમાં પણ ઈશ્વરના પ્રેમનો, ન્યાયનો અને મુક્તિનો સંદેશો લઈને જાતની પરવા કર્યા વગર નીકળી પડે છે (યશાયા ૬૧).

એ જ પવિત્ર આત્મા, ઈશ્વરની યોજના લઈને દેવદૂત દ્વારા મરિયમ સમક્ષ પ્રગટ થાય છે અને ઈશ્વરની ઈચ્છાને સમજવા, સ્વીકારવા અને પોતાનું સંપૂર્ણ સમર્પણ કરવા મરિયમને કૃપાથી સભર બનાવે છે, શક્તિ આપે છે અને એમના અંતરમાં પ્રભુ મહિમા ગાન સ્ફૂરે છે. એ જ પવિત્ર આત્માથી સભર બનીને એલિસાબેત મરિયમના ઉદરમાં આકાર લઈ રહેલા ઈશ્વરપુત્ર ઈસુની, સાચી ઓળખાણ કરાવે છે, મરિયમને ઈશ્વરની માતા કહીને સંબોધે છે અને સર્વ સ્ત્રીઓમાં ભાગ્યવંત એવું બિરુદ મરિયમને આપવા પ્રેરણા

આપે છે. એ જ આત્મા યોસેફને મરિયમ અને ઈસુનો સ્વીકાર કરવા અને સંભાળ લેવા પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.

પવિત્ર આત્મા એટલે ઈસુમાં સંચરતી ઈશ્વરી શક્તિ! એ શક્તિ ઈસુને સાથ આપે છે ઈશ્વરના રાજ્યની ઘોષણા કરવા, એની સ્થાપના કરવા અને એને મૂર્તિમંત બનાવવા! પવિત્ર આત્માનો ઉગમ ઈસુમાંથી થાય છે. ઈસુમાંથી પ્રગટતા પવિત્ર આત્માનો સંચાર ઈસુના શિષ્યોમાં થાય છે. પચાસમાના પર્વના દિવસે અવતરેલ પવિત્ર આત્મા બીકણ એવા શિષ્યોમાં હિંમત અને બળ પૂરે છે. એ જ પવિત્ર આત્માની પ્રેરણાથી ધર્મસભાના પ્રથમ શહીદ સ્તેફાન, એવી જ્ઞાનભરી વાણી બોલે છે કે તેમની આગળ કોઈ ટક્કર ઝીલી શકે નહીં. પવિત્ર આત્માની શક્તિથી પ્રેરિત થઈને 'ઈસુ એ પ્રભુ છે' એ સત્યની સાક્ષી પૂરવા ઈસુના શિષ્યો દુનિયાને ખૂણે ખાચરે પહોંચી વળે છે. એ જ પવિત્ર આત્માના દોર્યા ઈસુની ધર્મસભા ઈસુના પ્રેમના અને સેવાના પંથે આગળ ધપી રહી છે.

આપણા અંગત જીવનમાં આપણને પ્રભુના, પ્રેમના અને જીવનના પંથે દોરી જનાર અંતર્યામી શક્તિ તે જ પવિત્ર આત્મા! સ્નાનસંસ્કારના સમયે ઈશ્વર આપણામાં એ પવિત્ર આત્માનું સિંચન કરે છે. જીવનમાં આપણે જ્યારે જ્યારે સંસ્કારો સ્વીકારીએ છીએ ત્યારે ત્યારે એ જ પવિત્ર આત્મા આપણા આત્મા ઉપર સ્નાનસંસ્કાર વખતે અંકાયેલી એમની છાપ વધારે તેજસ્વી બનાવે છે. બળસંસ્કારના સમયે એ છાપ આપણા જીવનમાં વિશેષ તેજથી ઉપસી આવે છે અને આદર્શ ખ્રિસ્તી જીવન જીવવા આપણને શક્તિ આપે છે.

આપણા જીવનના ઘણા એવા મહત્ત્વના પ્રસંગે એ અંતર્યામી આત્માના અવાજના દોર્યા યોગ્ય તે નિર્ણયો લઈ શક્યા છીએ અને ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જીવીને, ઈશ્વરના રાજ્યને આપણા જીવનમાં અને સર્વત્ર મૂર્તિમંત બનાવવા અસરકારક પગલાં લઈ શક્યા છીએ. પવિત્ર આત્માનો સાક્ષાત્કાર મોશેને ઝાખરામાં, એલિયાને તોફાન પછીની શાંતિમાં, મરિયમને પ્રાર્થનામાં, પ્રેષિતોને બંધ ઓરડીમાં, સંત ઈગ્નાસને માન્રેસામાં, મધર ટેરેસાને ટ્રેનની મુસાફરી દરમિયાન થયો હતો તે જ પવિત્ર આત્માનો સાક્ષાત્કાર આપણને આપણા રોજિંદા જીવનમાં થઈ શકે. બહારના કોલાહલની વચ્ચે પણ એમનો અવાજ સાંભળીએ અને જીવન પામીએ.

પવિત્ર આત્મા આપણને એમનાં જીવનદાયી દાનોની ભેટ આપે છે. એમનાં ફળ છે પ્રેમ, આનંદ, શાંતિ, ધૈર્ય, સૌજન્ય, ભલાઈ, વફાદારી, સૌમ્યતા, આત્મસંયમ અને વિવિધ શક્તિઓ! પવિત્ર આત્મા એ એવી અંતર્યામી શક્તિ છે કે જે આપણને જ્ઞાન અને શાણપણ, વિવેક અને વીરતા તેમ જ વિદ્યા અને પ્રભુ પ્રત્યેનો આદર જેવાં દાનો આપે છે. એ જ પવિત્ર આત્મા આપણને એક મન અને એકદિલના બનાવી દે છે. (પ્રે.ચ. ૪:૩૨-૩૭) એજ પવિત્ર આત્મા આપણું સંઘજીવન અને શ્રદ્ધાજીવન ફળદ્રુપ બનાવે છે.

આપણામાં વાસ કરી રહેલ પવિત્ર આત્મા આપણને શુદ્ધ બનાવે, પવિત્ર બનાવે અને પ્રભુના શુભસંદેશ વાહકો બનાવે. એ આત્મા આપણાં અંતર પ્રકાશિત કરે, આપણને મુક્ત કરે, આપણને પ્રોત્સાહન આપે, પ્રેરણા પૂરી પાડે, આપણામાં એમની શક્તિનો સંચાર કરે અને આપણને સબળ બનાવે. આપણને આનંદથી, જીવનથી, સંગીતથી ઓતપ્રોત કરી નાખે.

પવિત્ર આત્માનું પર્વ ઉજવીએ ત્યારે એ અંતર્યામી આત્માનો અવાજ સાંભળવા આપણી જાતને શાંત બનાવીએ. બહારના કોલાહલને એ અવાજ ઉપર પ્રભુત્વ મેળવવા નહીં દઈએ. પવિત્ર આત્માની હાકલ સ્વીકારીએ અને હિંસા ધિક્કાર તેમ જ યુદ્ધથી ભાંગી પડેલ આપણા વિશ્વમાં શાંતિની સ્થાપના કરવા હામ ભીડીએ. અન્યાય અને અત્યાચારની દુનિયામાં ન્યાય અને સત્યનો સૂર્ય ઝળહળવા દઈએ; શેતાની શક્તિઓનો સામનો કરી પ્રભુના પ્રેમનો આદર્શ અપનાવીએ; વિભાજીત અને ભાંગી પડેલ વિશ્વને એકતા અને ભાઈચારાના મૂલ્યોથી ફરી એક બનાવીએ; ઈસુને આપણા પ્રભુ તરીકે સ્વીકારીએ; શેતાન અને તેના રાજ્યને નાકબૂલ કરીએ; આનંદ અને પ્રેમથી અંતર્યામી આત્માના અવાજના પડઘા આખા વિશ્વમાં પાડવા આપણા દિલ ખોલી નાખીએ. Happy Pentecost! ●




**શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર**

ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

**પરવીન એસ.:** 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

**"અન્યાયથી મળેલી ઘણી આવક કરતાં, નીતિથી મળેલી થોડી આવક સારી છે." (નીતિવચનો ૧૬:૮)**

**ક્રાઈસ્ટ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**

"તક આપો અને તફાવત જુઓ."
WE BELIEVE IN GIVING THE BEST

**ઉનાળુ વેકેશન પ્રવાસઃ** ગોવા, મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા, ખંડાલા અને સાપુતારા

**:: બસ પ્રવાસ ::**

**દિવસઃ** ૯ **તારીખઃ** ૨૩-૦૫-૨૦૧૫ થી ૩૧-૦૫-૨૦૧૫
**આખી ટિકીટઃ** રૂા. ૮,૫૦૦/- **અડધી ટિકીટઃ** રૂા. ૭,૦૦૦/-

**ખાસ નોંધઃ** (૧) ફેમિલી દીઠ પર્સનલ રૂમ આપવામાં આવશે. (૨) ગોવામાં રોકાણ **"રિસોર્ટ"**માં આપવામાં આવશે. (૩) ગાઈડની સુવિધા આપવામાં આવશે. (૪) સવારે ચા-નાસ્તો, બપોરનું જમવાનું તથા સાંજનું જમવાનું આપવામાં આવશે.

*મહેમદાવાદ, નડીઆદ, આણંદ, વડોદરા અને સુરતના યાત્રીઓને "Pick Up"ની સુવિધા આપવામાં આવશે.

**:: આયોજક ::**

**જીમ્મીઃ ૯૯૯૮૪ ૫૪૩૨૪ જેક્સનઃ ૯૯૨૫૨ ૨૧૬૬૩**
**રાકેશઃ ૯૬૬૨૦ ૩૬૪૭૭ સંજીવઃ ૭૫૬૭૮ ૭૮૪૯૯**

*જૂજ સીટ બાકી હોવાથી વહેલી તકે બુકીંગ કરાવી લેવું*

# સુખી પરિવારની સાત ચાવીઓ

✍ ઈન્દુ રાવ

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

માનવસમાજમાં પરિવાર એક બુનિયાદ તથા સાર્વભૌમિક એકમ છે. પરિવાર સામાજિક જીવનની નિરંતરતા, એકતા તેમજ વિકાસ માટે અતિ આવશ્યક છે. સામાન્યત : દરેક પરિવાર ઈચ્છતો હોય છે કે પોતાનો પરિવાર સદા-સર્વદા સુખી, સંપન્ન અને સ્વચ્છ રહે. હકીકતમાં સ્વસ્થ પરિવારથી સ્વસ્થ સમાજ બને છે. આમ છતાં આપણા ખુદના પરિવારથી શરૂ કરીને આપણી ચોતરફ નજર નાંખીએ તો દરેકે દરેક પરિવાર કોઈને કોઈ દુવિધામાં પીડાતો નજરે પડે છે. પરિવારની અંદર કોઈને કોઈ વ્યક્તિ ચિંતાગ્રસ્ત કે પછી શારીરિક કે માનસિક બીમારીથી પીડાતી નજરે ચડે છે. વાસ્તવમાં પરિવારને સ્વસ્થ રાખવા પરિવારના દરેક સભ્યે સ્વસ્થ આદતો પાડવાથી સારું સુખી જીવન જીવી શકાય.આપણા પરિવારને કાયમ માટે સ્વસ્થ-સુકી રાખવાની મુખ્યત્વે સાત આ ચાવીઓ છે.

૧) પ્રથમ ચાવી: 'પહેલું સુખ એ જાતે નર્યા'.

સૌથી મોટું સુખ તે તંદુરસ્ત જીવન છે. કહેવાય છે કે 'જેનું મન તંદુરસ્ત એનું તન તંદુરસ્ત'. આપણા ઘરની અંદર-બહાર સ્વચ્છતાની કાળજી લેવી જરૂરી છે. ખાસ કરીને આપણે આપણા ઘરનો કચરો બહાર ગમે ત્યાં ફેંકીએ ત્યારે તો સવિશેષ. અન્યનો વિચાર કરતાં શીખવું રહ્યું. આપણી જીવનરીતિમાં ઘણો બદલાવ લાવવાની જરૂર છે. આપણા દૈનિક આહાર-વિહારમાં, આચાર-વિચારમાં શુદ્ધતા-સ્વચ્છતા રાખવાની તન-મનની તંદુરસ્તી વધે છે. જ્ઞાન અને સમુદ્ધિ માટેની પહેલી શરત સુસ્વાસ્થ્ય છે. આજે ત્રણ વર્ષના શિશુથી લઈને વૃદ્ધાવસ્થા સુધી દરેક વ્યક્તિ તનાવપૂર્ણ જિંદગી જીવતી દેખાય છે. પીઝા, બર્ગર, સેન્ડવીચ ખાતા અને કોકાકોલા પીનારા, અનેક વ્યસનોમાં સપડાયેલા યુવાવર્ગમાં રહેલી અનિયમિતતા તેઓની નાદુરસ્તી માટે જવાબદાર બની રહે છે. માતા-પિતાએ સ્વયં પોતા તરફ અને સંતાનો પ્રતિ કાળજી રાખવી રહી.

ઘણીવાર પરિવારમાં જન્મજાત કે આકસ્મિક આવી પડતી બીમારી કે અન્ય દુઃખિ ઘટનાઓમાં એકબીજા પ્રત્યે સહાનુભૂતિ વલણ દાખવવું રહ્યું. જેથી જે-તે વ્યક્તિ એકલતા-નિરસતા ન અનુભવે કે તન-મનથી ભાંગી ન પડતાં પરિવારના સહકારથી પોતાનું જીવનયાપન કરવાની હામ તેમને પ્રાપ્ત થાય.

૨) બીજી ચાવી : ઘર પ્રત્યેની માયા લગાવ.

'ધરતીનો છેડો ઘર' એ ઉક્તિ અનુસાર આજકાલ દરેક પરિવાર સારા ઘરમાં સુખ-શાંતિપૂર્વક રહેવાની મહેચ્છા રાખે છે. જોકે અત્યારે સારી નોકરી અને સારા પગારને લઈને લોકોનાં ઘર મોટાં-મોટાં થતાં જાય છે પરંતુ મન સાંકડા બનતાં જાય છે એવું લોકો પાસેથી સાંભળવી મળે છે. આર્થિક સંપન્નતા વધારવા માટે લોકો ઘર બહાર વધુ રહે છે. વધતા જતા મોજશોખને કારણે ભૌતિક સુખો મેળવવા જતાં પરિવાર માટે પોતાનું ઘર ઘર ન રહેતાં 'ગેસ્ટહાઉસ' બની ન જાય તેની ખાસ કાળજી પતિ-પત્નીએ રાખવી રહી. ઘરમાં પ્રેમ અને શાંતિ પથરાયેલાં હશે તો પરિવારના દરેક જણને ક્યારે ઘરે પહોંચી જાઉં તેની તાલાવેલી રહેશે. આ ચાવી હાથવગી છે ખરી પરંતુ એને માટે દરેક સભ્યને સમજદારીપૂર્વક સતત આત્મીય સંબંધ છોડની માવજત કરતા રહેવાનું છે. પરિવારજનોમાં પરસ્પર સ્વભાવની ભિન્નતા અનેક તથા અભાવોને લીધે એકતા ન રહેવાથી ત્યાં પ્રેમ, સુખ-શાંતિ છીનવાઈ જાય છે.

સામે છેડે ગરીબીમાં સબડતો સમાજ જીવનનો સૌથી મોટો ઉપહાસ છે. દુઃખિપીડિત સમાજ અનેક દૂષણોનો ભોગ બને છે ને પરિવારમાં અશાંતિ ઊભી કરે છે. પરિવારને એકતાના બંધનમાં બાંધી રાખવા પતિ પત્નીએ સહિયારો પ્રયાસ કરતા રહેવાનું છે.

૩) ઘરમાં સુલક્ષણા સ્ત્રી એ સુખી પરિવારની ત્રીજી ચાવી છે.

સ્ત્રી પરિવારની આધાર છે. સ્ત્રી થકી ઘર શોભી ઊઠે છે. સમગ્ર પરિવારને પ્રેમથી એકતાના સૂત્રમાં બાંધી રાખનાર સ્ત્રી એક પત્ની, માતા, બહેન, દીકરી તરીકેની ઉમદા ફરજ અદા કરે છે. ઘર, બાળકો, નોકરી કે મજૂરી કરતી સ્ત્રીને જો પતિનો કે સાસુ-સસરા કે પછી અન્ય પરિવારજનોનો ગૃહકાર્યમાં સાથ-સહકાર મળતો રહે તો ઘરનું વાતાવરણ પ્રેમ-શાંતિમય બની રહે છે. નહીંતર ઘરમાં કામકાજને કારણે થતા રોજેરોજ કજિયાકંકાસ ઘરને નરક બનાવી મૂકે છે. જે સ્ત્રી પોતાના કુટુંબ પ્રત્યેની ફરજો યોગ્ય રીતે ન બજાવે તો એ ઘર ન રહેતાં માત્ર 'મકાન' બની રહે છે. સ્ત્રીના સ્નેહ-સમર્પણ થકી ઘર સ્વર્ગ બની જતુ હોય છે. સ્ત્રીની સમજશક્તિ પરિવારને જોડી રાખે છે તે પોતાના સંતાનોમાં સુસંસ્કારોનું સિંચન કરતી સન્માર્ગે દોરી જાય છે.

૪) ચોથી ઘરનું પ્રાર્થનામય વાતાવરણ અને પ્રભુમાં દૃઢ શ્રદ્ધા.

પ્રાર્થના થકી પરિવાર ફૂલે ફાલે છે અને સમૃદ્ધ બને છે અહીં આર્થિક સમૃદ્ધિની વાત નથી. ઘરમાં પ્રેમ સુખ-શાંતિભર્યું વાતાવરણ જાળવી રાખવામાં પ્રભુ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘરનું ભક્તિમય વાતાવરણ બાળઉછેરમાં આધ્યાત્મિક પોષણ પૂરું પાડે છે. આપણું દરેક પરિવાર એક નાનકડી ધર્મસભા છે. જ્યાં બાળક નાનપણથી માતા-પિતા પાસેથી પ્રભુની હાજરીનો અનુભવ કરતાં શીખે છે. ઘરમાં રોજ સાંજે વાળુ પહેલાં કે પછી બોલાતી સામૂહિક પ્રાર્થનાઓ જેમકે, ગુલાબમાળાની ભક્તિ, દિવ્યદયાની

ભક્તિ, બાઈબલ પઠન થકી કુટુંબના સભ્યોમાં નિકટતા અનુભવાય છે. એકબીજા પ્રત્યે પ્રેમ-હૂંફ અને વિશ્વાસ વધતાં રહે છે. આજે ટી.વી, સિરિયલમાં બની ગયેલાં કુટુંબો પ્રાર્થના માટે સમય ફાળવી શકતાં નથી. શાંતિપૂર્વક સાથે ન બેસતાં પરિવાજનોમાં ગેરસમજની સાથે સંબંધમાં શુષ્કતા વર્તાય છે. ખરેખર પારિવારિક નાનકડી ધર્મસભા દ્વારા આપણી ધર્મસભા ફૂલે-ફાલે છે.

૫) સમાજમાં કુટુંબનો માન-મરતબો એ પાંચમી ચાવી છે.

પરિવારના દરેક સભ્યે પતિ-પત્નીએ તથા સંતાનોએ એકબીજા પ્રત્યે માન જાળવવું જોઈએ. ધર્મસભાની ચોથી આજ્ઞા છે. 'મા-બાપને માન આપ' મોટા થતાં સંતાનો યુવાનોના પદમાં ઘણીવાર માતા-પિતાને માન આપવાનું ભૂલી જાય છે. પરિવારના દરેક સભ્યે પરિવારની આબરું જાળવી રાખવા જાગૃત રહેવું જોઈએ. આપણા વાણી-વર્તન-વ્યવહારથી આપણા પરિવારનું માન સમાજમાં વધતું રહે છે. સમાજમાં દીકરા-દીકરી માટે યોગ્ય પાત્રની પસંદગી કરતી વખતે કેવું કુટુંબ છે? એની તપાસ પહેલી કરવામાં આવે છે કુટુંબના આજે સારાં સંતાનો હોવાં એ ઈશ્વરની મોટી કૃપા ગણાય છે. 'કૂવામાં હોય તો હવાડામાં આવે જ.' એ કહેવત સારા પરિવાર થકી યર્થાથ થાય છે. પરિવારની પ્રતિષ્ઠા પારિવારિક ખાનદાની પર મોટો આધાર રાખે છે.

૬) પરિવારના સભ્યનું હકારાત્મક વલણ એ છઠ્ઠી ચાવી છે.

જો આપણા પરિવારોમાં હકારાત્મકતા હશે તો એની અસર માત્ર પરિવારમાં જ નહીં અડોશ-પડોશ અને સમગ્ર સમાજ પર પડે છે. મોટેભાગે આપણામાં નકારાત્મકતા વધુ જોવા મળે છે. પતિ-પત્ની વચ્ચે કે બાળકો સાથેના વાણી-વર્તન-વ્યવહારમાં નકારાત્મકતા વ્યક્તિના વિકાસમાં આડખીલીરૂપ બની જાય છે. મા-બાપો જેટલાં હકારાત્મક વલણ દાખવશે એટલો સંતાનોનો સર્વાંગી વિકાસ વધુ થશે. પરિવારમાં નિખાલસતાભરી વાતચીતથી દરેકની મૂંઝવણો અને સમસ્યાઓનું હલ મેળવી શકાય છે. ઘણા પરિવારોમાં એકબીજાને શાંતિપૂર્વક સાંભળવાની તૈયારી રાખતાં નથી. પરિણામે પતિ-પત્ની અને સંતાનો વચ્ચે મોટી ખાઈ ઊભી થાય છે. ઘરમાં જીવનારાં બાળકો જાણે હોસ્ટેલમાં જીવતાં હોય એવું વર્તન કરતાં દેખાય છે. કોઈનો મનમેળ દેખાતો નથી. એવાં પરિવારો માત્ર દેખાવ પૂરતાં પરિવાર બની રહે છે.

૭) સુખી પરિવારની સાતમી અને અંતિમ ચાવી છે :
સમાજ પ્રત્યેની સદ્‌ભાવના

પ્રત્યેક વ્યક્તિનું સમગ્ર જીવન આપેક્ષ  છે. કોઈપણ કાર્ય કરતાં તેની સમક્ષ સમાજ આવીને ઊભો રહે છે. વ્યક્તિની અંદર ધર્મ તથા સમાજ પ્રત્યે રહેલી ઊંડી લાગણી તેને ભલાઈભર્યાં સેવાકાર્યો કરવાં પ્રેરે છે. કુટુંબ પ્રત્યેની પોતાની ફરજો અદા કરતાં કરતાં તે એક ડગલું આગળ વધીને સમાજના વિકાસ-ઉત્કર્ષ માટે પોતાના અમૂલ્ય સમયની સાથે તન-મન-ધન ન્યોછાવર કરવામાં જરાય કચાશ રાખતો નથી. સમાજમાં ઘણાં છૂપાં રત્નો છે જે પોતાના સમાજની સાથે અન્ય સમાજોના વિકાસમાં પોતાનું યથા યોગદાન આપતાં રહે છે. સમાજના વિકાસમાં ક્યાંય પાછી પાની કરતા નથી. સત્તા અને યશ-કીર્તીથી તેઓ ઘણા છેટા રહે છે. જો કે સમાજ પાસેથી એને વધુ સેવાકાર્યો કરવાનું પ્રોત્સાહન બળ મળી રહે એ ઈચ્છનીય છે.

અંતે સુખી-સ્વચ્છ પરિવારો થકી આપણો સમાજ ઉત્તરોત્તર વિકાસ સાધનો રહે એવી અંતરેચ્છા! ●

## લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક સ્માર્ટ, સુંદર યુવતી, ઉંમર વર્ષ ૩૯, રંગ ગોરોવાન, અભ્યાસ M.A., M.Ed., (English) હાલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, હાયર સેકન્ડરી વિભાગમાં ટીચર તરીકે નોકરી કરે છે. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ સંપર્ક કરવો.

**મો. ૯૯૭૯૨ ૮૦૪૦૭**

* * *

*ગુજરાતી કેથોલિક સ્માર્ટ, હેન્ડસમ યુવક, ઉંમર વર્ષ ૩૮, ૫'૮'', રંગ ગોરોવાન, અભ્યાસ M.B.A., M.A. (English) હાલ ડિગ્રી તથા ડિપ્લોમાં કોલેજમાં એડમીનીસ્ટ્રેટર તરીકે ફરજ બજાવે છે. યોગ્ય લાયકાત ધરાવતી યુવતી/વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૭૯૨ ૮૦૪૦૭**

* * *

*ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર વર્ષ ૨૬, ઊંચાઈ ૫'૩'', અભ્યાસ G.N.M. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલમાં સ્ટાફનર્સની નોકરી કરતી યુવતી માટે જીવનસાથીની પસંદગી હેતુસર સુંદર, સુશીલ, સંસ્કારી, ઉચ્ચ અભ્યાસ ધરાવતા અને નોકરી કરતા યુવકોના વાલીઓએ સંપર્ક કરવો. (અમદાવાદ, ગાંધીનગરમાં નોકરી કરતા યુવકો પસંદગીને પાત્ર) જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પસંદગીનો છે.

**મો. ૯૫૩૭૩ ૮૦૭૫૯ / ૯૬૬૨૫ ૩૦૪૦૨**

* * *

*ગુજરાતી રોમન કેથોલિક ડૉક્ટર (B.H.M.S.) યુવક, જન્મવર્ષ ૧૯૮૫, ઊંચાઈ ૫'૪'', રંગ-ગોરોવાન, નડીઆદમાં પોતાનું સ્વતંત્ર ક્લીનીક ધરાવતા યુવક માટે ડૉક્ટર, હાયર સેકન્ડરી ટીચર (ગર્વ. જોબ), પ્રોફેસર, લેક્ચરર, બી.એસ.સી. નર્સિંગ (ટ્યુટર) તથા ઉચ્ચ શિક્ષિત લાયકાત ધરાવનાર યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૨૪૭ ૬૪૬૩૧ / ૯૮૨૫૨ ૯૮૪૦૦**
**Email: hvaghela07@yahoo.com**

* * *

*RC boy 26 years, 5'11" working as Veterinary Research Scientist (Govt. job) at Anand invites proposal from well educated christian girl can contact

**84019 44310 / 83475 08521**

# પવિત્ર આત્માનો સંઘ

✍ **સંકલન: તંત્રીશ્રી**

બે જુવાનો સ્થાનિક સાધુ સંઘ સ્થાપવાની ઉત્કંઠા સેવતા હતા. બ્રધર સેમ્યૂલ જૂન ૧૯૮૨માં વડોદમાં તેમને મળ્યા. અરસપરસ ઈચ્છા જાણી, કેવી રીતે આગળ વધવું. ઈશ્વરઈચ્છા જાણવા, બે વર્ષ રાજુપુરા(વાસદ) મહી કિનારે અવારનવાર મળતા, પ્રાર્થના કરતા, કાંતિ અને અશોક સાથે ત્રીજો યુવાન જોન તેમની સાથે જોડાયો. મૌન સાધના અને પ્રાર્થના બાદ. ૨૨ એપ્રિલ, ૧૯૮૪ના રોજ નવા શરૂ થતા સાધુસંઘને 'પવિત્ર આત્માનો સંઘ' (Society of the Holy Spirit SHS) નામાભિધાન આપી તેના બંધારણનો મુત્સદો તૈયાર કર્યો.

જાન્યુઆરી, ૧૯૮૫માં સ્વ.ધર્માધ્યક્ષશ્રી ચાર્લ્સ ગોમ્સ (અમદાવાદ ધર્મપ્રાંત)ની મુલાકાત કરી. નવા સાધુસંઘનો પ્રસ્તાવ મૂક્યો. તેઓશ્રીએ આનંદથી વધાવી લીધો. આશીર્વાદ આપ્યા: "પ્રભુ ઈસુનાં માતા મરિયમની શક્તિશાળી મધ્યસ્થી વડે તમને તેમજ આપણાં કેથલિક ધર્મજનોને શ્રદ્ધામાં દૃઢ કરવાના અને તેમને પ્રભુ ઈસુના સાચા શિષ્ય બનવા માટે ઉત્તેજન આપવાના તમારા પ્રયત્નને તે આર્શીવાદીત કરે અને તમે પ્રભુ ઈસુના સાચા અને શ્રેષ્ઠ શિષ્યની જેમ તમારી આસપાસના લોકોમાં શુભસંદેશની ઘોષણા કરો."

સમૂહજીવનની તૈયારીરૂપે, ફાતિમા છાયા દેવાલય, ગોઠડામાં ૨૨-૨૪ એપ્રિલ, ૧૯૮૫માં ધર્મગુરુ પરીઝા એસ.જે.ની દોરવણીમાં મૌન સાધના કરી. ૩જી જુલાઈ, ૧૯૮૫થી કરમસદ મહોલ્લામાં સંઘજીવન શરૂ થયું. અભ્યાસ અને ધર્મશિક્ષણના વર્ગથી પ્રૈષિતિક કાર્યનો શુભારંભ કર્યો. ઓગસ્ટ ૧૯૮૫માં ધર્માધ્યક્ષશ્રીની બીજી મુલાકાતમાં, સંઘના બંધારણને કેનન લો તજજ્ઞની સહાય મેળવી અંતિમ ઓપ આપવા સૂચન કર્યું. ૮ સપ્ટેમ્બર, ૧૯૮૫માં પ્રથમ વ્રત અંગીકાર કરવા સંમતિ આપી. નિશ્ચિત દિવસે સંત જોસફ ચર્ચ, કરમસદમાં ધર્મગુરુ જોન ખેંગાર અને ધર્મગુરુ વર્ગીસ મનારકૂલમ્‌ની ઉપસ્થિતિમાં સર્વ ધર્મબંધુશ્રી સેમ્યુલ, અશોક, પોલ, કાન્તિ અને જોને વ્રત ધારણ કરી, માતા મરિયમ મારફતે પ્રભુપિતાને સ્વાર્પણ કર્યું. ધર્મબંધુ અશોક બે વર્ષ માટે સુપિરિયર ચૂંટાયા.

આજીવિકાનો પ્રશ્ન સરળ કરવા બાળકો માટે અંગ્રેજી ટ્યુશન શરૂ કર્યા. ધર્મબંધુ કાન્તિએ આણંદમાં નોકરી સ્વીકારી. ધર્મવિભાગનાં બાળકોને ધર્મશિક્ષણ ઉપરાંત દિવાળી, ઉનાળુ વેકેશન દરમિયાન શિબિરનું આયોજન કર્યું. તપઋતુ દરમિયાન ગોઠડા, ધર્મોપદેશ આપ્યો. ધર્મબંધુ કાન્તિ, સામાન્ય બીમારી માટે મફત ઈલાજ કરતા. નબળા બાળકોને વિટામીનની ગોળી આપતા. બીમારની મુલાકાત લઈ પ્રાર્થના કરતા. ડિસેમ્બર, ૧૯૮૫થી ડો. ખાનાપુરના સહકારથી નબળા બાળકોને પોષ્ટિક આહાર (મમરી) સંઘ દ્વારા વિતરણ કરવામાં આવતો. ૧૦ એપ્રિલ, ૧૯૮૭ના રોજ 'સોસાયટી ઓફ ધ હોલી સ્પિરીટ' નામે સંઘને, ૧૯૫૦ના મુંબઈના સાર્વજનિક ટ્રસ્ટ ધારા નં. ૨૯ પ્રમાણે - એફ ૩૮૫ ખેડા અને ગુજરાતની મંડળીઓમાં નોંધણી કરી ગુજરાત-૫૬૦-ખેડા માન્યતા મળી.

સભાપુરોહિત વર્ગીસની ઉદારતાથી કરમસદ મિશનના મકાનમાં બાળમંદિર શરૂ કરવામાં આવ્યું. પેટલાદ ધર્મવિભાગમાં ધર્મગુરુ પાબ્લોએ સોસાયટીને આમંત્રણ આપ્યું. ઓગસ્ટ ૧૯૮૬થી જીવન જ્યોત સોસાયટીમાં, મિશનમાં નવા કેન્દ્રનો, બ્રધર સેમ્યુલની નિશ્રામાં આરંભ કર્યો.

સંઘમાં જોડાવા માગતા યુવાનોની તાલીમ તેમજ સામાજિક વિકાસના હેતુસર રાવળાપુરામાં ફાર્મ હાઉસનું નિર્માણ ધર્મગુરુ સૂર્યાના આશીર્વાદથી, જાન્યુઆરી, ૧૯૮૮માં શરૂ થયું. ૮ સપ્ટેમ્બર, ૧૯૮૭માં બે વર્ષ બાદ મૌન ધારણ કરી, અનાથોની માતા દેવાલય, ખંભોળજમાં ચારેય ધર્મબંધુઓએ વ્રતનું નવીનીકરણ કર્યું. બ્રધર સેમ્યુલ બે વર્ષ માટે સંઘના સુપિરિયર તરીકે ચૂંટાયા. હાલ પૂરતું કરમસદને મુખ્ય કેન્દ્ર તરીકે સ્વીકારી, ચાર શાળ સાથે વણાટકામ શરૂ કર્યું. ફાંગણી ગામે આમંત્રણ મળતાં, ધર્મબંધુઓ સેમ્યુલ અને કાન્તિએ નવું કેન્દ્ર શરૂ કર્યું.

ધર્મબંધુની સંખ્યા ઘટતાં બાકીનાં કેન્દ્ર બંધ કરી, જૂન-૧૯૯૧થી રાવળાપુરા આશ્રમમાં સંઘના સભ્યગણ એક છત્રમાં રહેવા આવ્યા: જૂન - ૨૦૦૦થી એન્ટર પ્રાઈઝ સોસાયટી, આણંદમાં સંઘે અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરી. શાળા ધોરણ ૧ થી ૮ સુધીની છે. ૨૮૦ વિદ્યાર્થીઓ છે. વેદ્રુના મંડળ તેનું સંચાલન કરે છે.

સંઘના ઉદ્દેશ્ય અને હેતુઓ:

(૧) ગામડાંનાં કેથલિક બાળકોને ધાર્મિકજ્ઞાન આપવું અને તેમની કેળવણીનું ધ્યાન રાખવું - અભ્યાસમાં મદદ કરવી. (૨) શિબિર, ચર્ચાસભા, વાર્તાલાપ તેમજ યુવકમંડળ, મહિલા મંડળ દ્વારા લોકોમાં સામાજિક-ધાર્મિક જાગૃતિ લાવવી. (૩) ધંધાકીય માર્ગદર્શન તેમજ લઘુઉદ્યોગ દ્વારા ગામડાંના બેકારોને કામ મેળવવા મદદ કરવી, સમાજનો આર્થિક વિકાસ સાધવો. (૪) ગામડાંમાં લોકો મધ્યે તેમના જ જીવનધોરણ પ્રમાણે જીવન જીવતાં, રોજબરોજની મુશ્કેલીઓનો અનુભવ કરી લોકોના સહકારથ તેને નિવારવા પ્રયત્ન કરવા. એ રીતે ખ્રિસ્તી મૂલ્ય પ્રસ્થાપિત કરવાં.

સંઘનો મુદ્રાલેખ : સેવા - પવિત્રતા-સાદાઈ

આમંત્રણ: ફસલ ઘણી છે, પણ કામ કરનારા થોડા છે. તમે યુવાન છો? તમારા દિલમાં પ્રભુ પ્રત્યે, ધર્મ પ્રત્યે અને સમાજ પ્રત્યે લાગણી છે? તો આવો આપણે સાથે મળીને ધર્મ અને સમાજના ઉત્થાનનું કાર્ય ઉપાડી લઈએ. બાળકોના શિક્ષણ અને ધર્મશિક્ષણ દ્વારા સર્વાંગી ઘડતર માટે આપને અમારું હાર્દિક આમંત્રણ છે.

સંપર્ક : સેંટ જોસેફ આશ્રમ, રાવળાપુરા, જિ. આણંદ
બ્રધર સમુએલ SHS (મો. ૯૮૨૫૨ ૬૯૭૩૫)
બ્રધર અશોક SHS (મો. ૯૬૨૪૭ ૪૩૭૨૭)

❈ પ્રવેશ જાહેરાત ❈

# ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ

**સેવાસી, વડોદરા**

**રજી. નં. બી.એ.ડી. - ૩૨ ટેક્નિકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય માન્ય.**

**૧. ટી.ઈ.બી. પ્રમાણપત્ર અભ્યાસક્રમ** (સરકાર માન્ય)

| અ.નં. | અભ્યાસક્રમનું નામ | મુદત | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | **ફિટર** | ૨ વર્ષ | ધોરણ ૯ પાસ (એસ.એસ.સી. પાસ/નાપાસ) |
| ૨. | **ટર્નર** | ૨ વર્ષ | ધોરણ ૯ પાસ (એસ.એસ.સી. પાસ/નાપાસ) |
| ૩. | **પ્રેસ ટૂલ્સ એન્ડ ડાઈમેકિંગ** | ૨ વર્ષ | એસ.એસ.સી. પાસ |
| ૪. | **ઈલેક્ટ્રિકલ સર્વિસ ટેકનીશ્યન** | ૨ વર્ષ | એસ.એસ.સી. પાસ |
| ૫. | **એડવાન્સ ઓટોમોબાઈલ્સ એન્જી.** | ૨ વર્ષ | એસ.એસ.સી. પાસ |
| ૬. | **ઈલે. ઈન્સ્ટોલેશન વાયરિંગ એન્ડ જોઈન્ટીંગ** | ૧ વર્ષ | ધોરણ ૯ પાસ (એસ.એસ.સી. પાસ/નાપાસ) |
| ૭. | **સેક્રેટરી આસી. ઈન ઈન્ફો. ટેક.** | ૧ વર્ષ | એસ.એસ.સી. પાસ (અંગ્રેજી સાથે) |
| ૮. | **સર્ટિ. કોર્ષ ઈન સોલાર એનર્જી સર્વિસ ટેકનિશ્યન** | ૧ વર્ષ | ધોરણ ૯ પાસ |

**૨. સંસ્થાકીય અભ્યાસક્રમ**

| અ.નં. | અભ્યાસક્રમનુ નામ | મુદત | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | **ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્કીંગ** | ૧ વર્ષ | એસ.એસ.સી. પાસ |
| ૨. | **સી.એન.સી. - ઓપરેટર (ટર્નિંગ સેન્ટર અને વી.એમ.સી.)** | ૨ માસ | મિકેનિકલ બે વર્ષના અભ્યાસક્રમ (આઈ.ટી.આઈ./ટી.ઈ.બી.) પાસ અથવા ડી.એમ.ઈ. પાસ |
| ૩. | **સી.એન.સી. - પ્રોગ્રામર (ટર્નિંગ સેન્ટર અને વી.એમ.સી.)** | ૪ માસ | મિકેનિકલ બે વર્ષના અભ્યાસક્રમ (આઈ.ટી.આઈ/ટી.ઈ.બી. પાસ અથવા ડી.એમ.ઈ. + **સી.એન.સી. - ઓપરેટર (X.T.I.) પાસ** |

✦ નવા શૈક્ષણિક વર્ષ: ૨૦૧૫-૨૦૧૬ માટેનાં અરજી પત્રક પરત કરવાની છેલ્લી તારીખ - **એસ.એસ.સી. પરિણામ જાહેર થયાના દસમા (૧૦) દિવસ રહેશે.**

✦ અરજી પત્રક **તા: ૦૧-૦૫-૨૦૧૫** થી ઓફિસમાંથી રૂબરૂ મેળવી શકાશે.

✦ માન્ય અભ્યાસક્રમો માટે બસ/રેલ્વે પાસ અને બહારગામના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સગવડ ઉપલબ્ધ છે.

✦ વધુ માહિતી માટે મળો:
**ફોન નં.: (૦૨૬૫) ૨૩૭૦૦૮૪**

**ડાયરેક્ટર શ્રી,**
**ઝેવિયર ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ**
**સેવાસી, તા. જિ. વડોદરા - ૩૯૧૧૦૧**

# સ્નેહધારા કારકિર્દી વિકાસ કેન્દ્ર,

**'સ્નેહધારા' માં એડમીશન મેળવો અને તમારું લક્ષ પ્રાપ્ત કરો.**

ફકત અંગ્રેજીમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે

૧ વર્ષ ના કોર્ષમાં જ મેળવો.

જે વિદ્યાર્થીઓને અંગ્રેજી ઉપરાંત જોબ મેળવવામાં રસ હોય તેવા વિદ્યાર્થીઓ માટે

ફી ફકત ૬૦૦૦/– રૂ.

ફી ફકત ૯૦૦૦/– રૂ.

**સ્પોકન ઈંગ્લીશ**

**ડિપ્લોમા ઈન ઓફીસ મેનેજમેન્ટ**

**એડમીશન મેળવવા માટેની જરૂરી લાયકાત :**

- ઓછામાં ઓછું ધોરણ ૧૨ પાસ / નાપાસ
- વય મર્યાદા, ૨૫ વર્ષથી ઓછી
- રસ પૂર્વક સખત મહેનત તથા સ્વયં શિસ્ત
- અપરણિત

---

- પાસપોર્ટ સાઈઝનો ફોટો
- લીવીંગ સર્ટીફીકેટ તથા ધોરણ ૧૨ની અને છેલ્લે જે અભ્યાસ કરેલ હોય તેની માર્કશીટ(ઓરીજીનલ તથા પ્રમાણિત કરેલ ઝેરોક્ષ કોપી

- અંગ્રેજી ગ્રામર
- બેઝીક કમ્પ્યુટર, એકસેસ તથા ઈન્ટરનેટ
- જનરલ નોલેજ
- (વિવિધ પરીક્ષા લક્ષી તૈયારી તથા ઈન્ટરવ્યુ)

**વિવિધ વિષયો અંગે માહિતિસભર કલાસ**

- બેંકીગ કલાસ
- બીઝનેસ કોરસપોન્ડન્સ
- પોષ્ટલ ઈન્ફોર્મેશન
- એકાઉન્ટન્સી
- ટેલીફોન એન્ડ રીસેપ્શન
- ઓફીસ મેનેજમેન્ટ એન્ડ ફાઈલીંગ
- બેઝીક કાયદાકીય માહિતિ (Legal Awareness)

**એડમીશનઃ**

**ફોર્મ ફી : રૂા. ૧૦૦**

**ફોર્મ ભરવાની તારીખ તથા ઈન્ટરવ્યુ :**

૧૫ તથા ૧૬ જૂન ૨૦૧૫

સમયઃ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦

મેરીટ લીસ્ટ +

**ફી ભરવાની તારીખઃ**

૧૮મી જૂન, ૨૦૧૫

**સેન્ટર શરુ થવાની તારીખઃ**

૨૨મી જૂન, ૨૦૧૫ – સવારે ૯.૦૦ વાગ્યે

**સરનામું:**

**સ્નેહધારા**

શાસ્ત્રી માર્ગ

નાના બજાર

વલ્લભ વિદ્યાનગર

ફોન નં.:

(૦૨૬૯૨) ૨૩૧૪૨૨

**સ્નેહધારાના વિદ્યાર્થીઓ માટેની વિવિધ પ્રવૃત્તિઓ**

- પર્સનાલીટી ડેવલપમેન્ટ તથા લીડરશીપ કેમ્પ
- કવીઝ
- સર્જનાત્મક અંગ્રેજી નાટક
- જૂથચર્ચા
- ઓન ધ સ્પોટ કોઈ પણ વિષય પર બોલવાની તાલીમ
- પબ્લીક સ્પીકીંગ તાલીમ
- વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ તથા
- વિવિધ સ્પર્ધાઓ દ્વારા આત્મવિશ્વાસ વધારવો અને દરેક વ્યકિતની

**અહીં એડમીશન મેળવેલ છોકરીઓ માટે રહેવાની સગવડ મળશે.**

**Loyola Training Centre**

ઈન્દીરા નગર પાસે, લોયોલા રોડ, નડિયાદ–૩૮૭૦૦૨

ફોન નં : (૦૨૬૮) ૨૫૫૮૫૬૫

પ્રવેશ જાહેરાત

# સંસ્થાકીય નોન ફોર્મલ કોર્ષ

(વર્ષ: ૨૦૧૫-૨૦૧૬)

## ફક્ત બહેનો માટે

### સેક્રેટરીયલ કોર્ષ

**(Front Office Management)**

સ્પોકન ઈંગ્લીશ, કોમ્પ્યુટર્સ (D.C.A.), સેક્રેટરીયલ પ્રેક્ટીસ તથા એકાઉન્ટીંગ ના સમન્વય ધરાવતો બહેનો માટેનો સંસ્થાકીય કોર્ષ એટલે

**ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ (સેક્રેટરીયલ કોર્ષ)**

## ભાઈઓ/બહેનો માટે

### Spoken English with Computers

સંસ્થા ખાતેની અદ્યતન ઈંગ્લીશ તેમજ કોમ્પ્યુટર લેબમાં ફટાફટ ઈંગ્લીશ શિખવા સાથે ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન (D.C.A.) તથા એકાઉન્ટીંગ ના સમન્વય ધરાવતો ભાઈઓ તથા બહેનો માટેનો સંસ્થાકીય કોર્ષ એટલે

**સ્પોકન ઈંગ્લીશ વીથ કોમ્પ્યુટર**

કોર્ષની મુદત: ૧૦માસ (જુન- ૨૦૧૫ થી માર્ચ -૨૦૧૬)

પ્રવેશ માટેની લાયકાત: ધો.૧૨ પાસ

વય મર્યાદા ૨૧ વર્ષ સુધીની

પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થી ભાઈ-બહનોએ હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે.

**પ્રવેશ ની વિગત**

- પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ <u>તા: ૧૧/૫/૨૦૧૫ થી તા: ૧૨/૬/૨૦૧૫</u> સુધીમાં સંસ્થાના ઓફિસ કામકાજના સમય દરમ્યાન રૂબરૂમાં પ્રવેશ ફોર્મ ભરીને પરત કરવું.
- ઈન્ટરવ્યુના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- ચાલુ વર્ષે ધોરણ-૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પણ પ્રવેશ ફોર્મ ભરી શકશે.

વિશેષતા:– ઇંગ્લીશ શિખવા માટે ઈંગ્લીશ લેંગ્વેજ લેબ ❋ કમ્પ્યુટર શિખવા માટે અલગ કમ્પ્યુટર લેબ
કમ્પ્યુટર લેબ ખ્રાસ વિધાર્થી દીઠ અલગ–અલગ પર્સનલ કમ્પ્યુટરની વ્યવસ્થા

**વધુ માહિતી માટે ઉપર દર્શાવેલ સરનામે સંપર્ક કરવો.**

---

નર્સિંગ એડમીશન ૨૦૧૫-૨૦૧૬ | Government of India | સરકાર માન્ય સંસ્થા

# નાલંદા પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ

**B.S.S. માન્યતા પ્રાપ્ત કોર્ષ**

શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય સર્ટીફિકેટ . નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) માન્ય

**ધો.૧૦,૧૨(દરેક પ્રવાહ)તથા કોલેજ પાસ–નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ(સેન્ટ્રલ) | ૧૨ પાસ | ૩½વર્ષ |
| ૨ | નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઈન નર્સિંગ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | ડીપ્લોમા ઈન લેબ ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | સેનેટરી ઈન્સપેક્ટર | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૬ | ડીપ્લોમા ઈન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |




[illegible]

વધુ માહિતી માટે સંપર્ક કરો

[illegible]

**WANTED**

St. Xavier's English Medium Primary School, Gamdi, Anand requires three teachers with P.T.C./ B.A./B.Sc./B.Ed. and two teachers for spoken Englsih with good knowledge of English. Send your resume with attached mark sheets within 10 days to Principal St. Xavier's High School, Gamdi - Anand 388001

**Interview is on 15-05-2015**

**WANTED**

St. Francis de Sales English Medium Primary School, Chandasar Rd., Thasara 388450 requires teachers with P.T.C./B.A./B.Sc./B.Ed. with good knowledge of English. Send your resume with attached mark sheets within 10 days to Principal.

**Principal**

## શિક્ષકો જોઈએ છે

આર.સી. મિશન પ્રા. શાળા (નોન ગ્રાન્ટેડ) મહેમદાવાદ માટે P.T.C, B.A. B.Ed., B.Sc. B.Ed., તથા Computer શિક્ષક જોઈએ છે. રસ ધરાવતા ઉમેદવારોએ લાયકાતના પ્રમાણપત્રો સાથે સંપૂર્ણ બાયોડેટામાં **તા.૧૫-૫-૨૦૧૫** સુધીમાં નીચેના સરનામે અરજી કરવી.

**નોંધઃ** અભ્યાસ ચાલુ હોય તેવા ઉમેદારોએ અરજી કરવી નહિ.

આચાર્યશ્રી, સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, સેવાદળ રોડ, મહેમદાવાદ, જિ. ખેડા, ૩૮૭ ૧૩૦
**મો. ૯૪૨૬૫ ૮૮૨૬૨**

## ઉ.મા.વિભાગ (વિજ્ઞાન પ્રવાહ) માટે શિક્ષકો જોઈએ છે

સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, મહેમદાવાદ માટે નીચે દર્શાવેલ વિષયોની જગ્યાઓ માટે શિક્ષકો જોઈએ છે. રસ ધરાવતા ઉમેદવારોએ **તા.૧૫-૫-૨૦૧૫** સુધીમાં લાયકાતના પ્રમાણપત્રો સાથે સંપૂર્ણ બાયોડેટામાં અરજી કરવી.

M.Sc. B.Ed. ગણિત (જગ્યા ૧) M.Sc. B.Ed. ભૌતિક શાસ્ત્ર (જગ્યા ૧)
M.Sc. B.Ed. રસાયણ શાસ્ત્ર (જગ્યા ૧) M.Sc. B.Ed. જીવ વિજ્ઞાન (જગ્યા ૧)

*અનુભવીને પ્રથમ પસંદગી (જૂના શિક્ષકો પણ સંપર્ક કરી શકે છે.)*

આચાર્યશ્રી, સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, સેવાદળ રોડ, મહેમદાવાદ, જિ. ખેડા, ૩૮૭ ૧૩૦
**મો. ૯૪૨૬૫ ૮૮૨૬૨**

## જોઈએ છે
## (સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ખંભાત)

જૂન, ૨૦૧૫માં શરૂ થતી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ) માટે

- M.Sc., B.Ed., (મુખ્ય વિષય રસાયણ વિજ્ઞાન, પદાર્થ વિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર - TAT પાસને અગ્રિમતા)
- ગ્રાન્ટેડ પ્રાથમિક વિભાગ માટે B.Sc., B.Ed., / P.T.C. (મુખ્ય વિષય ગણિત - વિજ્ઞાન TET પાસ)

ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રોની ઝેરોક્ષ અને તાજેતરના ફોટા સાથે સ્વહસ્તાક્ષરમાં **૨૦ મે, ૨૦૧૫** સુધીમાં અરજી મોકલવાની રહેશે.

**અરજી મોકલવાનું સરનામુંઃ**
મેનેજરશ્રી
સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, કરૂણા સદન, પ્રેસ રોડ,
ખંભાત ૩૮૮૬૨૦, જિ. આણંદ
*(જાહેરાત યોગ્ય અનુભવી શિક્ષકની પસંદગી માટે છે.)*

## Admissions Open For 2015-2016

St. Xavier's English Medium Hostel, Borsad, Admissions open for junior KG to 10th Std., both for boys & girls in the hostel as well as in the school from 1st March, 2015. Your children's overall development & education is our priority.

***:: For further details, please contact ::***

**Fr. Jelastin: 98791 54504,**
**94260 24432**
**Fr. Jignesh: 73838 99344**

St. Francis Xavier's Church, Pamol Road,
Tornaumata Road, Borsad, Dt. Anand

**WANTED**

Qualified teachers (B.Ed., P.T.C.) are wanted at St. Thomas School, Bhuj (run by Dioce of Rajkot) food and accommodation available. Those who are interested may send the resume on the following **ID - frregi@rediffmail.com**
**Mob. 98258 51221**

## WANTED TEACHERS

WAYMADE ENGLISH MEDIUM SCHOOL
SAGBARA, DT. NARMADA
**Qualification: B.A., B.Sc., M.Sc., M.A., B.Ed.**
Apply within 10 days to

The Manager
9, Snehratnam Society, Opp. Sunshine Bunglows,
Jitodiya Road, Sangodpura, Anand **Contact No. 73596 93675**

# બાસીલદાદા શિષ્યવૃત્તિ

આથી કરમસદ તાબાના રોમન કેથોલિક શ્રદ્ધાળુઓને જણાવવાનું કે, આપના સુપુત્ર/સુપુત્રી સને ૨૦૧૪-૨૦૧૫ના વર્ષમાં ધોરણ ૧૨ (કોઈપણ શાખા) બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોય તેમને આગળના વધુ અભ્યાસાર્થે સહાયરૂપ સ્વ. બાસીલભાઈ આર્કાડભાઈ પરમારના સ્મરણાર્થે ''બાસીલદાદા સ્કોલરશીપ'' મેળવવા નિયમાનુસાર તા. ૩૦ જુલાઈ, ૨૦૧૫ સુધીમાં અરજીપત્ર સ્વીકારવામાં આવશે.

**અરજીપત્ર (નમૂનો)**

૧. અરજદારનું પૂરું નામ : ______________________ M / F

૨. જન્મ તારીખઃ ______________ ઉંમર : __________

૩. કાયમી સરનામું : ______________________

૪. ફોન નંબર : ______________________

૫. ઉચ્ચ અભ્યાસની વિગત : ______________________

અરજદારની સહી : __________ વાલીની સહી : __________

પાસપોર્ટ સાઈઝનો ફોટો

૬. નિયમો : (૧) અરજી સાથે બાપ્તિઝમ સર્ટિફિકેટ, ધોરણ ૧૨ની માર્કશીટ અને વધુ અભ્યાસાર્થે જે તે કૉલેજમાં મેળવેલ પ્રવેશનો દાખલો અવશ્ય જોડવા.

**ખાસ નોંધઃ** (૧) આ એક પારિવારિક શિષ્યવૃત્તિ યોજના છે. (૨) અમારી કોઈ શાખા કે એજન્ટ નથી. (૩) અરજી ટપાલથી જ મોકલવી. (૪) માત્ર કરમસદ તાબાનાં ગામો (વલાસણ, બાકરોલ, સંદેશર, બાંધણી, મોગરી, કરમસદ, વિદ્યાનગર)માં રહેતા શ્રદ્ધાળુઓએ જ અરજી કરવી. (૫) યોજનાના સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે.

**અરજી મોકલવાનું સરનામુંઃ** ''બાસીલદાદા શિષ્યવૃત્તિ'', C/o શ્રીમતી એસ્તેરબેન બાસીલભાઈ પરમાર,
''એસ્તેર'', શાસ્ત્રી માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦


***Admission Admission Admission***

''વહેલા તે પહેલાંના ધોરણે''

| કોર્ષ | લાયકાત |
|---|---|
| G.N.M. - 3 ½ વર્ષ | ૧૨ પાસ |
| B.Sc. Nursing - ૪ વર્ષ | ૧૨ પાસ (વિજ્ઞાન પ્રવાહ) |
| P.B. B.Sc. Nursing - ૨ વર્ષ | G.N.M. |
| M.Sc. Nursing - ૨ વર્ષ | B.Sc. Nursing |

- ⊙ INC, KNC, કર્ણાટકા, ગર્વમેન્ટ એપ્રુવડ કૉલેજ
- ⊙ ઓછામાં ઓછી ફી, કોઈપણ ડોનેશન વગર.
- ⊙ રેગ્યુલર તથા ઘરે બેઠા કોઈપણ કોર્ષ કરી શકાશે.
- ⊙ ૧૦૦% વિશ્વાસુ કામ, અત્યાર સુધી ૭૦ કરતાં વધારે એડમિશન કરાવેલ છે. તથા બધા પાસ થઈને દેશ-વિદેશમાં નોકરી કરી રહ્યા છે.
- ⊙ પાસ થયા પછી ૧૦૦% નોકરીની ખાત્રી.

:: સંપર્ક કરો ::

**નેવીલ એન. ક્રિશ્ચિયન (નડીઆદ)**

**મો. ૯૯૨૪૮ ૭૨૮૭૪ / ૯૮૯૮૧ ૩૭૩૯૫**

## નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૫-૨૦૧૬

ભારત સરકાર માન્ય કોર્સીસ

INC, KNC, KSNEB, RGUHS માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3½ વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોર્મસ, સાયન્સ) ઈંગ્લીશ સાથે | રૂા. ૪૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૫,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૬૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| M.Sc. નર્સિંગ | ૨ વર્ષ | B.Sc./P.c.B.Sc. પાસ | રૂા. ૧,૦૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ
* એજ્યુકેશન લોન મળશે
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા સ્કૂલ
* ગુજરાતી જમવાનું

**સંપર્ક કરોઃ- રાજેશભાઈ**

**રીચ એજ્યુકેશન ગાઈડ**

૧૧, ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચની પાસે,
સિયોનનગર, મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮

**મો. ૯૮૭૯૯ ૧૯૦૯૧, ૯૩૨૭૪ ૮૮૫૦૧**

# નિવૃત્તિ ટાણે શુભેચ્છાઓ



**વિક્ટરભાઈ સેમ્યુલભાઈ મેકવાન**

કોટિ કોટિ વંદન તમને, આભાર આજ તમારો માનું છું.
અગણિત ઉપકાર તમારો, આશીર્વાદિત **૫૮** વર્ષમાં
પાછું વળીને જોઉં હું, આભાર તણી ઉર્મિઓ મારા હૃદયમાં
ગોવાળ મારા હતા તમે તો, આ આનંદ વર્ષોમાં
સ્વજનોના સાથ ને પ્રેમ, પ્રાર્થનાથી સફળ થયો.
પ્રભુ આ જિંદગીની રાહમાં ક્યાં હતો હું એકલો?
આજ દિન સુધી અર્ધાંગિની ને મારી દીકરી છે હિંમત મારી
દિન ગાળ્યા હતા ચિંતાઓને કશ્મકશમાં, હાશ, હવે...
જીવનગાળી શકીશ નિરાંતે ભક્તિભાવમાં.

**ઈશ્વરનો આભાર માનતા આપના સ્નેહી પરિવાર તરફથી અગણિત શુભેચ્છાઓ**
**સેમ્યુલભાઈ અને મરિયમબેન મેકવાન પરિવાર તેમજ**
**ફાધર દિનેશ મેકવાન (ઓસ્ટ્રેલિયા), સિસ્ટર આગ્નેશ મેકવાન**
પ્રેમલજ્યોતિ સોસાયટી, નડીઆદ

---

**પ્રેરણા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

# પ્રેરણા નર્સિંગ સ્કૂલ

**ને.હા.નં. ૮, DJMIT કૉલેજ રોડ, મોગર, આણંદ દ્વારા આયોજિત**

**એક વર્ષનો નર્સિંગ કોર્ષ**

આરોગ્ય ક્ષેત્ર વિકસાવવાની સરકારની નીતિઓ, મેડીકલ ટુરિઝમ તેમજ વધતા જતાં દવાખાનાં અને નર્સિંગ હોમની સંખ્યાને લીધે દેશમાં તાલીમ પામેલ નર્સિંગની મહદ અંશે ઉણપ વર્તાય છે. આ સંજોગોમાં નર્સિંગની તાલીમ ખૂબ જ અગત્યની બની રહેલ છે અને આ ક્ષેત્રમાં નોકરીની પણ ઘણી ઉજ્જવળ તકો રહેલ છે.

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ ૧૨ પાસ

**કોર્ષના ઉદ્દેશો :** વિદ્યાર્થીઓનું પ્રેક્ટિકલ નર્સિંગમાં કૌશલ્યવર્ધન કરી, દવાખાના તેમજ નર્સિંગહોમમાં નોકરીની તકો પૂરી પાડી સ્વનિર્ભર બનાવવા. વધુમાં સ્પોકન ઈંગ્લીશ, કોમ્પ્યુટર તેમજ વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપી તેઓનો સર્વાંગી વિકાસ કરવો.

**કોર્ષની સમય મર્યાદા :** ૧ વર્ષ (જૂન, ૨૦૧૫ થી નવી બેચ શરૂ કરવામાં આવશે.)

**હોસ્ટેલ સુવિધા :** છોકરીઓ માટે હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ છે.

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

**ટ્રસ્ટ ઓફિસ, ને.હા.નં. ૮, DJMIT કૉલેજ રોડ, મોગર, આણંદ**
**મો. ૯૯૦૯૯ ૨૩૮૫૯ / ૯૭૨૩૮ ૧૧૪૨૬**

# અભિનંદન

## લગ્ન જીવનનાં ૫૦ વર્ષ પૂરાં કરવા બદલ



વ્હાલાં મમ્મી-પપ્પા,

પ્રભુ ઈસુની પરમકૃપાથી આપે જીવનના એક અતિ મૂલ્યવાન સંબંધને જીવી જાણ્યો, આપે ૫૦ વર્ષ પહેલાં સાથે જીવન જીવવાનું વચન ઈશ્વરને આપેલ હતું તે પૂરું કરી રહ્યા છો, જેનો આજે એક પુરાવો તમે ઈશ્વરને આપી રહ્યા છો. પ્રભુ ઈસુ આપને આજે અને આવનાર વર્ષોમાં આશીર્વાદિત કરતા રહે, જેથી આપ આવનાર વર્ષોમાં પણ એક બીજાનો સાથ બની રહો તે માટે ઈશ્વર તમને સારી તંદુરસ્તી અને પ્રેરણા આપે.

**રેગીના જોસેફ સંગ જોસેફ જોન**

**લગ્ન તારીખ : ૨૧ મે, ૧૯૬૫ – ૨૦૧૫**

**:: શુભેચ્છા સહ ::**

**આપનો વહાલો પરિવાર**

---

## ST. XAVIER'S EDUCATIONAL INSTITUTIONS, HIMMATNAGAR

Excellent Scholastic Education, value-based teaching, sports and co-curricular activities are integral features of Educational training imparted at St. Xavier's Educational Institutions, Himmatnagar.

The following are the Sections that we have:

1. K.G. to 10th Standards English and Gujarati Medium School
2. 11th and 12th Science Stream (English & Gujarati Medium)
3. 11th Standard Commerce Stream from June 2015-2016

**Highlights:**

1. Advanced Digital-Classroom teaching
2. Qualified, Trained and Committed Staff
3. State-of-the-art Laboratories
4. High-Tech Computer Labs
5. Good Infra-structure Facilities
6. Fascinating Ambience for study

**HOSTEL FACILITY AVAILABLE FOR GIRLS ONLY RUN BY THE S.M.M.I. CONGREGATION OF SISTERS. (CONTACT SR. ALICE: 02772 223476).**

**WANTED**

1. M.A./B.A, B.Ed or P.T.C., B.A. (English) Teachers
2. B.C.A., M.C.A. or PGDCA Computer Instructor in English Medium School

Send your resume by post to Manager, St. Xavier's Secondary School, Savghad Post, Vijapur Road, Himmatnagar. Sabarkantha District-383 001. Phone: 02772-222979.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મરિયમબેન બી. પરમાર**

સ્વર્ગવાસઃ ૦૧-૦૪-૨૦૧૫

વ્હાલી મા, અમો આપના ઋણી છીએ. અમો ભાઈ-બહેન માટે તમોએ ઘણું બધું કર્યું હતું. તમે અમને મોટાં કરવા અને સફળ બનાવવા માટે તમારું સર્વસ્વ હોમી દીધું. તમે માત્ર અમારા માટે જ જીવ્યાં. તમારું જીવન તો જીવ્યાં જ નહીં. તમે પ્રત્યેક વ્યક્તિ માટે ખૂબ જ પ્રેમાળ હતાં. અન્ય વ્યક્તિ માટે કશુંક કરી છૂટવાનું તમોએ જ અમને શીખવ્યું હતું. દરરોજ પ્રાર્થના એ તમારો નિત્યક્રમ હતો. તમારું જીવન સતત પ્રાર્થનામય અને પવિત્ર હતું. પ્રભુ આપના આત્માને ચિરકાલીન શાંતિ બક્ષે.

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની દૃઢ આશા સાથે."

**લિ. બેન્જામીન એન. પરમાર પરિવાર (ખંભાત)**

જ્યોત્સનાબહેન બી. પરમાર (આચાર્યાઃ શ્રી એસ. ડી. કાપડીયા હાઈસ્કૂલ)
અનિલકુમાર બી. પરમાર (શ્રી માધવલાલશાહ હાઈસ્કૂલ)
મીનાક્ષી નરોતમભાઈ મકવાણા
શૈલેષકુમાર બી. પરમાર (વિમલ મિરિયમ હાઈસ્કૂલ, આણંદ)
અર્પિતા વિજયકુમાર મકવાણા
વિજયકુમાર બી. પરમાર
(શ્રેયસ - પ્રિયાંસી - એનિષા - અવિવા - એરિક)

**જાહેર આભારઃ** અમારા માતૃશ્રી સ્વ. મરિયમબેન બી. પરમારનું તા.૦૧-૦૪-૨૦૧૫, ને બુધવારના રોજ દુઃખ અવસાન થયેલ છે જે ઘણું જ દુઃખદ છે. પરમકૃપાળુ પરમપિતાને ગમ્યું તે ખરું! સ્વર્ગસ્થના નિધન સમયે અમારા પરિવારજનો પર આવી પડેલ અણધારી દુઃખની ઘડીમાં સગાંસ્નેહીઓ, જ્ઞાતિબંધુઓ, શુભચિંતકો, ફાધરો-સિસ્ટરો, ખંભાત તેમજ બહારગામની તમામ શૈક્ષણિક સંસ્થાઓ-સેવાભાવી સામાજિક સંસ્થાઓનાં અગ્રણીઓએ રૂબરૂ મળીને તેમજ ટપાલ-ટેલીફોન દ્વારા અમારા પરિવારને સાંત્વના આપનાર તેમજ સદ્ગતના આત્માને ચિરશાંતિ મળે તે માટે સંદેશા પાઠવનાર નામી-અનામી સર્વેનો અમો ઋણ સ્વીકાર કરી જાહેર આભાર માનીએ છીએ.

# દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ગોરધનભાઈ બી. વાઘેલા**

જન્મઃ ૦૧-૦૩-૧૯૪૫

અવસાનઃ ૧૨-૦૫-૨૦૦૫

"ના આરો છે, ના ઓવારો છે.
સમયની સરિતાને ના કિનારો છે!
હયાતી હલેસાઈ ગઈ વસમી બની,
આપના પુનિત નામનો બસ સહારો છે."

વ્હાલા પપ્પા,

આપ અમારી પાસેથી આમ અચાનક ઈશ્વરના દરબારમાં ચાલ્યા ગયા, દસ વર્ષના વહાણા વિતી ગયાં, છતાં અમારાં મન હજુ માનતાં નથી કે આપ અમારી પાસે નથી.

"દિવ્ય દયા" તમારા આત્માને પરમશાંતિ બક્ષે એજ અંતરની પ્રાર્થના.

તમે હતા તો ઘર ખરેખર ઘર હતું - પપ્પા
એક મીઠુ આંગણું સરોવર હતું - પપ્પા
સાવ ખાલીખલ હતું, પણ તમે હતાં તો,
એમ લાગે ખોરડું પગભર હતું - પપ્પા
ફાયદા-નુકસાનનો હિસાબ શાનો?
તમારું બસ હોવાનું સરભર હતું - પપ્પા...

**લિ. આપનો દુઃખી પરિવાર**
**અમારી મમ્મી કમળાબેન જી. વાઘેલા**
**ડિમ્પલ - ધર્મિષ્ઠા (મો. ૯૮૨૪૩ ૭૧૧૯૧)**

| | | |
|---|---|---|
| **હસમુખ** | **પ્રતિમા** | **ઉષા** |
| **સ્મિતા, રૅમિન્સન** | **મહેશ, મેબલ** | **અમિત, એન્સ** |
| **રોય - રોમા** | **પ્રેમલ - પ્રેમ** | **એન્જલ** |

# શ્રદ્ધાંજલિ



**સ્વ. અંબાલાલ એચ. બૅન્કર**

જન્મ: ૧૦-૦૯-૧૯૪૯

અવસાન: ૨૬-૦૫-૨૦૧૦

આ સંસારરૂપી સાગરમાં ઘણાં સારા માઠા અવસર આવ્યા તેનો તમે ઘણી જ હિંમતથી સામનો કર્યો. જીવનભર કઠોર પરિશ્રમ કરી સાદગીભર્યું જીવન જીવી અમને સુખ શાંતિ આપતાં ગયા. આ તમારી ઉદારતા, કુટુંબ પ્રત્યેનો પ્રેમ અને નિખાલસ સ્વભાવ અમારા હૈયામાં કાયમ માટે રહેશે.

તમારા દિવ્ય આત્માને પરમશાંતિ બક્ષે એજ અમારી અંતરથી પ્રાર્થના.

**તમારી પત્ની મીકુબેન એ. પરમાર**

**આશિષકુમાર એ. પરમાર (પુત્ર)** **અમિત એ. પરમાર (પુત્ર)**
**પૌલોમી એ. પરમાર (પુત્રવધૂ)** **સ્વેતા એ. પરમાર (પુત્રવધૂ)**
**મેહુલ બી. ચૌહાણ (બનેવી)** **ભારતી એ. પરમાર (બહેન)**
**તૃપ્તિ એમ. ચૌહાણ (બહેન)** **આયાન, મન્નતિ, આયુષ**

આઝાદ ચોક, ખડાણા, પેટલાદ

# પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ



**સ્વ. વિશાલ સુરેશભાઈ મેકવાન**

જન્મ: ૧૫-૦૮-૧૯૭૯

અવસાન: ૧૯-૦૩-૨૦૧૫


ખીલી વસંત જ્યાં પાનખર આવી ગઈ
જીવનની જ્યોત અચાનક ઝબકીને બૂઝાઈ ગઈ
સૃષ્ટિના સર્જનહારને આવુ તે શું સૂઝ્યું?
હે પ્રભુ, આપના દરબારમાં ક્યાં ખોટ હતી?
જેની અમારે જરૂર હતી,
તેની તમારે ક્યાં જરૂર હતી?
પ્રભુ, તને સદા પોતાના ચરણમાં રાખે
એજ અરજ અમારી.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. તારી મમ્મી આનંદીબેન સુરેશભાઈ મેકવાન**

**હિના જોયલ મેકવાન** **જૈમીની(નીપા) અક્ષય દરજી**
**જોયલ જોનભાઈ મેકવાન** **અક્ષય પ્રવિણભાઈ દરજી**
**ચિ. એલેક્ષ** **ચિ. પ્રયાગ**

ઈ/૯, આરાધના સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરા

# તૃત્તિય વાર્ષિક પુણ્યતિથિ




**સ્વ. મરીયામબેન મેકવાન**

અવસાન: ૨૫-૦૪-૨૦૧૨

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. આપની દીકરીઓ**

## અશ્રુભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈગ્નાસભાઈ એફ. મેકવાન**
જન્મ: ૦૧-૦૭-૧૯૩૭
અવસાન: ૧૨-૧૧-૨૦૦૫



**સ્વ. રીટા આઈ. મેકવાન**
જન્મ: ૧૯-૦૧-૧૯૭૩
અવસાન: ૩૦-૦૫-૨૦૧૪




**સ્વ. શાન્તાબેન આઈ. મેકવાન**
જન્મ: ૧૯-૦૩-૧૯૪૧
અવસાન: ૧૩-૦૧-૨૦૦૬

"ખીલી હતી વસંત જ્યાં, પાનખર પથરાઈ ગઈ, અમારા રૂડા પ્રેમાળ બાગની સુંદર હસતી, હસાવતી કળી મૂરઝાઈ ગઈ, વિદાય તમારી સૌને કંપાવી ગઈ." દુઃખને દેખાડ્યું નહિ, સુખ છલકાવ્યું નહિ, બસ એક ટૂંકી માંદગીમાં જ આંખ મીંચાઈ ગઈ. તારી વિદાયને એક વર્ષ વિતી ગયું. અંતર હજુ પણ માનવાને તૈયાર નથી. સૂનું થયું ઘર, સૂનાં થયાં અમે, સૂનો થયો પરિવાર. વ્હાલી રીટા અમોને એકલાં મૂકીને તું પણ મા-બાપુ સાથે વિસરી ગઈ. તારું જીવન એક ઉપદેશ છે. વહાલી રીટા તારી શ્રદ્ધા પ્રાર્થનામાં છલકાતી હતી. પ્રથમ શુક્રવારે ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિ, રીટ્રીટ, આરાધના તું ક્યારેય વિસરી નથી. ગુલાબમાળા અને તપઋતુમાં ક્રૂસના માર્ગની ભક્તિ તો તારા હોઠે જ રહેતી.

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની દૃઢ આશા સાથે આપને અશ્રુભીની શ્રદ્ધાંજલિ.
પ્રભુ આપના આત્માને ચિરાકાલિન શાંતિ બક્ષો!!

**લિ. રાજેશ, નિલેશ, સિસ્ટર અનિતા તથા સમસ્ત દુઃખી પરિવાર - ભૂમેલ**

## શ્રદ્ધાંજલિ




**સ્વ. મુળજીભાઈ પ્રભુદાસ પરમાર**
જન્મ: ૧૧-૦૪-૧૯૩૧
અવસાન: ૧૩-૦૩-૨૦૧૫

આંખો હજુ નિહાળે છે આપને
અંતર હજુ પોકારે છે આપને
સ્મરણ થાય છે ત્યારે મન મૂકીને રડાવે છે અમને
આપનું અસ્તિત્વ હવે તસવીર બની ગયું
એ માનવા મન હજુ તૈયાર નથી.
જીવનની દરેક ક્ષણે અમોને આપની ખોટ સાલશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ બક્ષે એવી પ્રાર્થના.

**લિ. થેરેસ્યાબેન તથા દુઃખી પરિવાર**
૭બી, નિલમપાર્ક સોસાયટી, આણંદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




**સ્વ. મનુભાઈ ઈશ્વરભાઈ મકવાણા**
જન્મ: ૩૧-૦૫-૧૯૫૩
અવસાન: ૧૪-૦૫-૨૦૧૪

જિંદગીનો, સમય ઓછો હશે એ ક્યાં ખબર હતી
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી.

આપને ગયે એક વર્ષ વિતી ગયું. માન્યમાં નથી આવતું કે તમે નથી. ઘરમાં તમે ન હોય તો તમે હમણાં બહારથી આવશો એવું લાગે છે. અમને આમ જીવનના માર્ગમાં એકલા મૂકી ચાલ્યા જશો એવી ખબર નહોતી. હજી અમે તો હમણાં જ ચાલતાં શીખ્યા અને તમારી આંગળી છૂટી ગઈ એવી લાગણી અનુભવીએ છીએ. તમારી સાથે વિતાવેલ પળો, સંસ્મરણો તાજા થતાં તમે અમારા હૈયામાં જીવી રહ્યા છો. જીવન જીવવાનું શીખવી એકલા આમ ચાલ્યા જશો ખબર નહોતી. આપે આપેલા સંસ્કારો તથા યાદો સાથે જીવી રહ્યા છીએ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ.પદમાબેન એમ. મકવાણા**
રીકીન - જૈમિની, મિતલ - વિજય, શાંતિલાલ - ગુણવતીબેન
એલીસાબેન - કિરીટભાઈ, મહેન્દ્રભાઈ - પુષ્પાબેન, ધમેન્દ્રભાઈ - દક્ષાબેન
વિન્સી, પ્રાચી, મિત, સલુ, પૂર્વિક, મિકુ, સ્વીટુ, તેજસ, પિન્કી

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પાઉલભાઈ સ્તેફાનભાઈ પરમાર**

જન્મ: ૦૪-૦૮-૧૯૩૨

અવસાન: ૧૭-૦૫-૨૦૧૪

આપની તસવીર જોઈ, આંખો અમારી રડે છે. જીવન સદા એવું જીવ્યા કે, શૂન્યમાંથી સર્જન કર્યું, દુઃખથી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, ઘેઘૂર વડલા સમ બની કુટુંબને શીતળ છાયામાં રાખ્યું. આપે પાથરેલી શીતળ છાયામાં આજે પણ એવું જીવીએ છીએ કે જોનારા જોતાં રહે.

દર્દ સદાયે શાનું રાખો, હૈયું રડે તો છાનું રાખો.
આંસુંઓને સાચવી જાણો, આંખમાં અંગત ખાનું રાખો.
શબ્દ વિનાયે સૂણે ઈસુ, કહેવું છાનુમાનું રાખો.

**"જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ દિલાસો પામશો."**
બાઈબલનાં આ વચનો મુજબ મનને મનાવવાનો પ્રયત્ન કરીએ છીએ અને **"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું"** એ જ અનંત આશા સહ...

**લિ. મોનિકાબેન પાઉલભાઈ પરમાર તથા સમસ્ત પરિવાર**

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પરમાર પ્રકાશભાઈ નાનુભાઈ**


જન્મ: ૨૫-૦૬-૧૯૭૪

અવસાન: ૨૬-૦૫-૨૦૧૦

હૃદયના ઘા કદી રૂઝાશે નહિ,
આંખોના આંસુ કદી સુકાશે નહિ,
સમય તો વિતતો જશે પણ
આપની અણધારી વિદાય કદી ભૂલાશે નહિ
આપની ખોટ કદી પૂરાશે નહિ
પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ
અર્પે એજ પ્રાર્થના.

**લિ. તમારો દુઃખી પરિવાર**
**લુસિયા (મમ્મી), ભાવના (પત્ની), બાળકો: જ્યોતિ અને ભૂમિ**
જયવિજય કોલોની, નડીઆદ

## શ્રદ્ધાંજલિ



**સ્વ. નગીનભાઈ મૂળજીભાઈ પરમાર**

જન્મ: ૩૦-૧૨-૧૯૫૬

અવસાન: ૦૩-૦૫-૨૦૦૨

અમને એ જ સમજાતું નથી,
આવું શાને થાય છે?
આંગળીઓ રહી જાય ને,
અંગૂઠો ખરી જાય છે!
હજી તો તમારા જીવનની વસંત હતી,
પાનખરને તો હજી ઘણી વાર હતી,
ભલે પાનખરમાં પીળાં પર્ણો ખરી પડે,
પણ અહીં તો ભરી વસંતે કુમળી દેહકળી,
અરે! વસંતની ફૂંક માંહી ખરી પડી,
છતાં ઈશ્વરેચ્છા બલિયસી,
પુનરુત્થાનના દિને ફરી મળીશું,
એજ એક આશ્વાસન સહ,

**આપના જ,**
**કનુભાઈ પરમાર**
**તથા સહ પરિવાર**
**પેટલાદ**

## વ્હાલી "મા"ને શ્રદ્ધાંજલિ



**સ્વ. દીવાળીબેન શીવાભાઈ મેકવાન**

અવસાન: ૦૯-૦૫-૨૦૧૩
(મુ. ખડાણા, તા. પેટલાદ, જિ. આણંદ)

વહાલી મા,

વાત્સલ્યનો ઝરો સુકાઈ ગયો,
હેતથી માથે ફરતો હાથ વિલાઈ ગયો.

તું હતી તો ઘર ખરેખર ઘર હતું મા,
એક મીઠુ આંગણે સરવર હતું મા.

આંખો હજી નિહાળે છે તમને,
હૈયું હજી પોકારે છે તમને.

મા, તું પાછી ક્યારે આવીશ?
અમો બધાં તારી રાહ જોઈએ છીએ.

પ્રભુ આપના દિવ્ય આત્માને
ચિરકાલીન શાંતિ બક્ષે.

**લિ. આપના બાળકો**
**શાંતિલાલ, વિમળા, અર્ચના, વંદના (નડીઆદ),**
**પ્રવિણ, નિરૂ, સેલ્વીન, સેરેના (વટવા)**
**વિજય, પારૂલ, તન્વી, સ્મિત (નડીઆદ)**
**કોકીલા, કનુ, ઉમંગ, નિરવ (હાલોલ)**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નિર્મળાબેન અંબાલાલ મેકવાન**

જન્મઃ ૨૮-૦૮-૧૯૫૭

અવસાનઃ ૨૫-૦૫-૨૦૧૪

મમ્મી તમારો સદાય હસતો ચહેરો
અમારી આંખો સામે હંમેશાં તરવરે છે.
આંખો હજી નિહાળે છે તમને
હૈયું હજી પોકારે છે તમને
જ્યારે જ્યારે તમારું સ્મરણ થાય છે
ત્યારે ત્યારે મન મૂકીને રડાવે છે અમને
મન હજી માનતું નથી, તમે અમારી વચ્ચે નથી.
ક્ષણે ક્ષણે યાદ તમારી સતાવે છે અમને.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એ જ અમારી પ્રાર્થના.

**લિ. અંબાલાલભાઈ, સંગીતા, શીતલ**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સવિતાબેન જોન(રમણ) પરમાર**

જન્મઃ ૦૧-૦૨-૧૯૪૬

અવસાનઃ ૨૮-૦૫-૨૦૧૪

પરિવાર તમારું મંદિર હતું, સ્નેહ તમારી શક્તિ
પરિશ્રમ તમારું કર્તવ્ય હતું, પરમાર્થ તમારી ભક્તિ

સદાય પ્રસન્ન રહેતાં એવાં આપને ગુમાવ્યે ૩૬૫ દિવસો વહી ગયા પણ એ ૩૬૫ દિવસમાં એક પણ દિવસ એવો નથી ગયો જે દિવસે અમે આપને યાદ ન કર્યા હોય. નાની જોઈસી તો દિવસમાં એકવાર ''બા''ને અચૂક યાદ કરે છે અને આપના આવવાની રાહ જુએ છે.

પુનરુત્થાનની પ્રભાતે મળવાની આશા સાથે

**જોન બેડા પરમાર તથા સમગ્ર પરિવારની**
**અશ્રુભરી આંખોએ અંજલિ.**

૬, સેંટ જોસેફ સોસાયટી, મિશન રોડ, કરમસદ - ૩૮૮૩૨૫ (મો. ૯૭૩૭૦ ૭૧૮૯૩)

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. દાઉદભાઈ બી. પરમાર**

જન્મઃ ૧૯૩૦ ★ અવસાનઃ ૦૫-૦૫-૨૦૧૪

પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. ગંગાબેન ડી. પરમાર (પત્ની) તથા સમગ્ર દુઃખી પરિવાર**
રાજનગર (હાલઃ સુરત)

**'પાવન હૃદય દૂત'ને મળેલ દાન**

| | | |
|---|---|---|
| સ્વ. શાન્તાબેન એમ. પરમાર | નાવલી | ૫૦૧ |
| મનોજ ડી. ક્રિસ્ટી | નડિઆદ | ૨૦૧ |
| સાયમન એ. ક્રિશ્ચિયન | વટવા | ૨૦૧ |
| સ્વ. વિલ્યમભાઈ ડાહ્યાભાઈ ડાભી | – | ૨૦૦ |
| સ્વ. અશ્વિનભાઈ | કરમસદ | ૧૫૧ |
| મુકુન્દ અને જેક્વેલીનના લગ્ન | કરમસદ | ૧૫૦ |
| જેક્વેલીનના લગ્ન પ્રસંગે | આણંદ | ૧૫૦ |
| સ્વ. વિશાલ સુરેશભાઈ મેકવાન | વડોદરા | ૧૫૦ |
| સ્વ. બીમલ પાઉલભાઈના સ્મરણાર્થે | નડિઆદ | ૧૫૦ |
| કાન્તીભાઈ ઈગ્નાસભાઈ પરમાર | આણંદ | ૧૦૧ |
| રંજન જોન ક્રિસ્ટી | વડોદરા | ૧૦૧ |
| રાજેશ એમ. પરમાર | ઓડ | ૧૦૧ |
| વિક્ટરભાઈ જોસેફભાઈ ખ્રિસ્તી | ઓડ | ૧૦૧ |
| સ્વ. મણીબેન | આણંદ | ૧૦૦ |
| સ્વ. પાઉલભાઈ જોનભાઈ | પેટલાદ | ૧૦૦ |
| વિમળાબેન એ. થોમાસ | ઈન્દોર | ૧૦૦ |
| શાન્તાબેન જેઠાભાઈ મેકવાન | લીંગડા | ૧૦૦ |
| આલોઈસભાઈ એન. પરમાર | નડિઆદ | ૧૦૦ |
| સ્વ. રીટાબેન પાઉલભાઈ મોગેરા | મણીનગર | ૧૦૦ |
| સ્વ. જયંતિભાઈ ગલાભાઈ સોલંકી | લીંગડા | ૧૦૦ |
| ગલાભાઈ મોરારભાઈ સોલંકી | લીંગડા | ૧૦૦ |
| સ્તેફાન વિલ્યમભાઈ પરમાર | કરમસદ | ૧૦૦ |
| સ્વ. ઝુલિયાબેન યાકુબભાઈ | મોગર | ૧૦૦ |

## चोथी श्रद्धांजलि



**स्व. एलीस थोमस**

जन्म: १५-०६-१९५६

अवसान: २४-०५-२०११

आप प्रभुकि मरजीसे स्वर्ग गये लेकिन अब हमारी जिंदगी भाररुप बन गई है। आपके जाने से कमी जो हुई है वह भर न पायेगी। हरपल, हरदिन आपकी याद आयेगी, आपके बीना हरखुशी अधूरी है।

पुनरुत्थान के समय फिर मिलेंगे।

**विमला व. परिवार**
**इन्दोर ( एम.पी. )**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કમળાબેન બાબુભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૬-૧૯૫૦

અવસાન: ૧૪-૦૫-૨૦૧૪

નાનપણથી જ મા આપણને હાલરડું ગાઈને સુવડાવતી હોય છે. મોટા થઈએ ત્યાં સુધી સંસ્કારોનું સિંચન કરતી હોય છે. અને આવુ સ્વજન જ્યારે ના હોય ત્યારે કુદરત મોકો આપવાનું છોડતો નથી, આંખના પલકારામાં તેનું આખું આયખું રીવાઈન્ડ થવાં માંડે છે.

'મા' સાથે વિતાવેલી હરેક ક્ષણને પાછી જગાડે છે. મૃત્યુ તેના ચહેરાને ભૂસી નાંખે છે, તેની સ્મૃત્તીને ઉપસાવે છે.

મૃત્યુ માણસને છીનવી શકે છે પણ એની સાથે ગાળેલી સ્મૃત્તીઓને છીનવી નથી શકતું એટલે અમે જીવીએ છીએ ત્યાં સુધી 'હે મા' તું જીવતી જ છું.

**લિ.**
**બાબુભાઈ ડી. પરમાર**
**મેરી બાબુભાઈ પરમાર (લંડન)**

| | |
|---|---|
| **પારૂલ - હોનેસ્ટ** | **સોનલ(બેન) - રેનીશ(ભાઈ)** |
| **ઈથન (પૌત્ર)** | **નિર્મળા** |
| **(લંડન)** | **(કરમસદ)** |

**"By His power God raised the Lord from the dead, and He will raise us also."**
**(Corinthians 6:14)**



**Late Ashwinbhai Vendelin Macwan**

Village - Karamsad

**DOB: 01-09-1938 • DOD: 20-01-2015**

You have managed all your responsibilities of whole family during your life. Today whatever we are, all are because of your blessing. You have made our life prosperous by your hard work and love. We will always miss you and never forget your blessing and love toward us.

**In Loving memory of Ashwinbhai**

***:: Fondly remembered by ::***

**Roza Ashwindbhai Macwan (Wife)**

| | | |
|---|---|---|
| **Shailesh (son) - Dipika (wife)** | **Leena** | **Urmila (Daugher) - Daniel (husband)** |
| **Harsh - Hena (Children)** | **(Daughter)** | **Jacob (son)** |

*19, Chesterfield Road, Ashford, Middx, TW15-2NE, London*

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### વડાધર્મગુરુ જેલમાં

**વેટિકન :** નમ્રતા અને સેવાનો પદાર્થ પાઠ શીખવવા, વડાધર્મગુરુ ફ્રાન્સિસ પહેલાએ પવિત્ર શુક્રવાર, ૨જી એપ્રિલ, ૨૦૧૫ના રોજ રોમની મુખ્ય જેલમાં બાર મોટેરાં અને એક બાળકના પગ ધોયા હતા. ભગવાન ઈસુએ ક્રોસ પર મૃત્યુને વર્યા તે પહેલાં 'છેલ્લાં ભોજન'ના સમયે શિષ્યના પગ ધોયા હતા તેજ પ્રમાણે વડાધર્મગુરુએ આંસુ સારતા કેદીઓની આગળ ઘુંટણિયે પડીને, જગમાંથી પાણી રેડી પગ ધોયો, અંગૂછાથી લૂછી નાખ્યો અને ત્યારબાદ ચુંબન કર્યું હતું. આ વિધિમાં છ ભાઈઓ રેબિલ્લિયા જેલમાંથી અને નજીકના મહિલા સુધાર કેન્દ્રમાંથી છ બહેનો ઉપસ્થિત રહી હતી જેમાંથી એક માતા એક દીકરાને ખોળામાં લઈને બેઠી હતી અને વડાધર્મગુરુએ એ બાળકનો પગ ધોયો હતો, ચુંબન કર્યું હતું. સમૂહવગા પરિવર્તનના આદર્શ વડાધર્મગુરુએ પુણ્ય ગુરુવારની પરંપરાગત પાદપ્રક્ષાલન વિધિ માટે, દેવળની બહાર, બિનખ્રિસ્તીઓ અને તેમાંયે મહિલાઓની પસંદગી કરીને ધર્મસભાના ધર્માધિકારીઓ અને જગતના શાસકોને ઉત્તમ નમૂનો આપે છે. 'ભગવાન ઈસુએ પ્રત્યેકનાં પાપ પોતાના પર વ્હોરી લીધાં અને એક એકને ચાહીને મુક્તિનું વરદાન આપ્યું છે.' એવો સંદેશ જેલમાં તેમણે આપ્યો હતો. તેમણે આગળ વિનંતી કરી હતી કે, 'ભગવાન ઈસુ મને પણ શુદ્ધ કરે એ જરૂરી છે. મારા માટે પ્રાર્થના કરો જેથી હું માનવજાતનો નમ્ર સેવક બની ઈસુના પગલે અનુકરણ કરી શકું.' — HUFFINETONPOST

### આનંદની લ્હાણી

**વેટિકન :** 'કોઈકનું સ્મિતથી અભિવાદન કરી એક ખ્રિસ્તી શ્રદ્ધાળુ ઈસુના પુનરુત્થાનના આનંદની લ્હાણી કરે છે, રુદન કરનારનાં આસું લૂછે છે અને શ્રદ્ધાના કારણે સતામણીને ભોગ બનનારની પડખે ઉભા રહે છે.' એમ વડાધર્મગુરુએ દ્દ્ઠી એપ્રિલના રોજ, રોમમાં સેંટ પીટર સ્કેવરમાં ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન કરતાં માત્ર તેઓ ખ્રિસ્તી હોવાને કારણે જ તેમની સતામણી કરવામાં આવે છે, દેશનિકાલ કરવામાં આવે છે, હત્યા અને શિરછેદ કરવામાં આવે છે તેવાં આપણાં ભાઈબહેનોના ન્યાય અને રક્ષણ માટે કાર્યરત બનવા અનુગ્રહ કર્યો હતો. વળી આંતરરાષ્ટ્રીય સમુદાયને પણ આવા સંજોગોમાં આંખ આડા કાન ન કરી, માનવ અધિકારનો ભંગ કરવાના દુષ્કૃત્યને અંકુશમાં લેવા આગ્રહ કર્યા હતો.

"સ્નાનસંસ્કારના દીક્ષાર્થી પ્રત્યેક ખ્રિસ્તીજન માટે, ઈસુના પુનરુત્થાનનો આનંદ, રોજબરોજના જીવનમાં અન્યને આપવાનો આદેશ છે. પાસ્ખાપર્વનો આનંદ આપણી લાગણી, વલણ અને અન્ય સાથેના વ્યવહારમાં પ્રગટ થવો જોઈએ. માનવજાતતની અંધકારમય પળને પ્રકાશ આપવા આપણો આનંદ સક્ષમ હોવો જોઈએ. પ્રસન્ન ચહેરે દુઃખી ચહેરાનાં આંસુ લૂછવા, અસહાયની ભીડ ભાગવા અને જીવનનો આનંદ ખોજનાર આગળ આપણો સાક્ષાત્કાર રજૂ કરવા, પુનરુત્થાનનો આનંદ આપણમાં છલકાતો રહેવો જોઈએ." એવી શીખ વડાધર્મગુરુએ આપી હતી. — Press Release

### ભારતીય પુરોહિત - યુદ્ધભૂમિમાં

**એડન (યમન) :** ગૃહયુદ્ધની વચ્ચે પાંચ ભારતીય સલેશિયન પુરોહિત ખડેપગે સેવાવ્રત છે, જેઓ ડોન બોસ્કો - બેંગ્લોર પ્રાંતના મિશનરીઓ છે અને છેલ્લા ૨૮ વર્ષથી દેશનાં ચાર કેન્દ્રનું સંચાલન કરે છે. એડનના ત્રણ માન્યતા પ્રાપ્ત ચર્ચ અને સનાન કેન્દ્રમાં રહીને દુનિયાના વિભિન્ન દેશ, ખાસ કરીને ફિલિપાઈન્સ અને ભારતમાંથી નિષ્ણાત અને નર્સ તરીકે કામકાજ કરતાં ભાઈ-બહેનો માટે ધાર્મિક સંસ્કારની કાળજી રાખે છે. વળી તેમને સહયોગ આપવા એક માત્ર સાધ્વીસંઘ - સિસ્ટર્સ ઓફ ચેરીટી (પુનિત મધર થેરેસાનાં સાધ્વીબહેનો) હાલમાં યમનમાં મૌજૂદ છે. તેઓ માનવતાના ધોરણે હોસ્પિટલ, ઘરડાંઘર, અનાથ બાળકો તેમજ ગરીબ અને મંદબુદ્ધિના યુવાનો માટેનાં કેન્દ્રમાં સેવા આપે છે. શાસકકર્તા વિહોણા દેશમાં અને દેશવિદેશના એલચીઓના સ્થળાંતરને કારણે દિનપ્રતિદિન યમનમાં પરિસ્થિતિ વધારે ગંભીર બનતી જાય છે. વ્યવસાયમાં રોકાયેલી ઘણી કંપનીઓ અને ધનિક પરિવારોએ યમનથી ઉચાળા ભરી દીધા છે. હાલમાં જ એક નર્સિંગ હોસ્ટેલ પર બોમ્બ પડ્યો હતો, પણ તે વખતે ત્યાં કોઈ ન હોવાથી જાનહાનિ થઈ નથી. ૫ થી ૧૦ કી.મી.ની ત્રિજ્યામાં રોકેટ-બોમ્બના અવાજ કાનને ડરાવી જાય છે. તેમ છતાંયે પ્રત્યેક દિન પર નજર રાખતાં સલેશિયન પુરોહિતગણ યમનમાં જ છે, જ્યારે સાધ્વીબહેનોએ તો કોઈપણ પરિસ્થિતિની વચ્ચે પણ યમન છોડશે નહીં એવાં નિર્ધાર કર્યા છે."

— MATTERINDIA


હવે ઈઝરાયેલ જવું બન્યું સરળ...

વર્ક પરમીટ-કેર ટેકર જોબ

- કમાઓ રૂા. ૬૦,૦૦૦/- થી રૂા. ૮૦,૦૦૦/- સુધી મહિને કે ૧૦ લાખ સુધી વર્ષમાં. રહેવા - જમવાની સગવડ ફ્રી
- જોબ ટ્રેનીંગ તથા ઇન્ટરવ્યુ પ્રિપેરેશન ભારત સરકાર માન્ય તેમજ ઇઝરાઇલ એજન્સી ઓથોરાઇઝડ ગુજરાતની એકમાત્ર સંસ્થા દ્વારા હવે આણંદમાં.
- કોઈપણ એજન્સીને કામ આપેલ હોય તો પણ એકવાર અમારી સંસ્થામાં અવશ્ય મુલાકાત લો અને સાચી સલાહ તેમજ માર્ગદર્શન મેળવો.
- દિલ્હી, મુંબઈમાં ઇન્ટરવ્યુ પ્રિપેરેશન માટે મહિના/બે મહીના જવાનું તથા રહેવાનો સમય અને પૈસા બચાવો.
- ૨૪ થી ૪૨ વર્ષ સુધીના ભાઈ-બહેનો જઈ શકશે. ૧૦ થી ૧૫ અઠવાડિયામાં વિઝા. નર્સ તથા સ્પોકન ઈંગ્લીશને પ્રથમ પસંદગી.
- અમારી સંસ્થામાં ટ્રેનીંગ લીધેલા એકપણ ઉમેદવારને ઇઝરાયેલી હાઈ કમીશન દિલ્હી કે મુંબઈ દ્વારા રીફ્યુઝ કર્યા નથી.
- અમારી બીજી કોઈ શાખા નથી અને અમે કોઈ એજન્ટ નિમણુંક કરેલ નથી. કોઈપણ વ્યક્તિ અમારા નામ પર પૈસા કે ડોક્યુમેન્ટ માગે અને આપે તો અમારી જવાબદારી રહેશે નહીં.
- ખેડુતો માટે આધુનિક ખેતી શિખવા તથા જનરલ વ્યક્તિઓ માટે ઓપન વિઝા તથા ૯ મહિનાની Volunteer વિઝા.
- **વર્ક પરમીટ/પી. આર.** :- પોર્ટુગલ, કેનેડા, ઓસ્ટ્રેલિયા તથા ન્યુઝીલેન્ડમાં વર્ક પરમીટ તથા પી.આર.
- **વિઝીટર વિઝા** :- યુ.એસ.એ., યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, જર્મની તથા યુરોપના કોઈપણ દેશમાં ૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ વિઝા

આણંદ કેર ટેકર ટ્રેઈનિંગ સેન્ટર S.K. VISA CONSULTANTS
નથવાણી ચેમ્બર્સ, ત્રીજે માળે, પટેલ માર્કેટ સામે
સરદાર ગંજ, આણંદ-૩૮૮ ૦૦૧
E-mail :anandcentre@yahoo.com

## ધર્મભારતી

### નવા યુવા સામયિકનું અવતરણ

**ઈન્દોર (મધ્યપ્રદેશ) :** શિક્ષણ અને શાંતિના પુરસ્કારનો 'યુનિવર્સલ સોલિડરાટી મૂવમેન્ટ' દ્વારા યુવાપેઢીના ઉત્કર્ષ કાજે 'યુથ એક્શન' (Yuth Action) સામયિકનો શુભારંભ ૭મી માર્ચના રોજ થયો. 'રાષ્ટ્રના વિદ્યાર્થીઓ અને યુવાનોને મૂલ્યશિક્ષણ અને પ્રેરક નેતૃત્વ માટે માગદર્શન આપવાના ભાગરૂપે આ સામયિકનો પ્રયાસ કરવામાં આવ્યો છે.' એમ નવા સામયિકના મુખ્યતંત્રી અને 'ઇન્ડિયન કરન્ટસ વીકલી'. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યતંત્રી ડો. જેકબ કાનીએ આ પ્રસંગે જણાવ્યું હતું. આંતરરાષ્ટ્રીય મહિલાદિનની પૂર્વ સંધ્યાએ 'યુથ એક્શન'નો પ્રથમ અંક બહાર પડ્યો જેમાં યુવા કુ. લીના ધાર - એકવીસ વર્ષની વયે છ પુસ્તકોનાં લેખિકા, જેમાંથી ત્રણ રાષ્ટ્ર કક્ષાએ સૌથી ઉત્તમ વેચાણ ધરાવતાં પુસ્તક છે -ની કથા અને મુખપૃષ્ઠ પર ચિત્ર છે યુવાનોને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલ આ સામયિક હાલમાં દર બે મહિને પ્રકાશિત થશે, યથાસમયે માસિક બનશે, જેમાં જીવનનાં તમામ ક્ષેત્ર વિશે તેમજ યુવાવર્ગ ઉપરાંત માબાપ, ગુરુજન, માગદર્શન, સલાહકાર, નીતિ વિષયક તજજ્ઞ, વગેરે માટે પણ ઉપયોગી બનશે.૧૦૦ પૃષ્ઠ સંખ્યાવાળુ આ સામયિક અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયું છે, તેના વિમોચન પ્રસંગે ઈન્દોરના ધર્માધ્યક્ષશ્રી ચાક્કો યોત્તુમરિક્કા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વાદ તેમજ શુભેચ્છા પાઠવ્યાં હતાં. – Ucan

### અકબંધ ખ્યાતિ

**મેંગ્લોર (કર્ણાટક) :** ૮ માર્ચ, ૨૦૧૫ના આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે મિલેગ્રેસ સેનેટ હોલ ખાતે 'મધર થેરેસા - વાત્સલ્યમૂર્તિ' વિષય પર જાહેર ચર્ચાના કાર્યક્રમનું આયોજન 'પ્રોગ્રેસિવ થિંકર્સ' ફોરમ મેન્ગલુરુ દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો આરંભ કર્ણાટકા-કોંકણી સાહિત્ય એકેડેમીના પ્રમુખ રોય કાસ્તેલિનિયોએ કર્યા હતો. મેંગ્લોર યુનિવર્સિટીના પ્રોફસર ડો. શિવરામ શેટ્ટીએ ઉપસ્થિત સમુદાયને સંદેશ આપ્યો હતો : 'કેટલાંક કટ્ટરવાદી' તત્ત્વો હવે પુનઃગઠિત થયાં છે, જેઓ સ્વાર્થી રાજકરણીઓના હાથા બની સમાજ-દેશમાં વાતાવરણ ડહોળી રહ્યાં છે. મધર થેરેસા એક માતા જ નહીં સંત પણ છે, ધર્મવાદના વાડામાંથી બહાર આવી આપણે પ્રેમ, શાંતિ અને ભાઈચારાથી જીવવું જોઈએ.

સેંટ એન્થોની અનાથાલય - જેપ્પુના નિયામક ફાધર ઓનિયલ ડી'સોઝાએ જણાવ્યું હતું :'કોઈપણ કિન્નાખોર આરોપ, મધર થેરેસાની ખ્યાતિને નુકસાન પહોંચાડી શકે એમ નથી. તેઓ કોઈ એક ધર્મ પ્રત્યે એતરાજ ન હતો. તેઓ ધર્મપરિવર્તનમાં માનતાં જ ન હતાં. મધર થેરેસાના સ્વર્ગવાસના ૧૮ વર્ષ બાદ યાદ કરવા બદલ આ નેતાઓનો આભાર માનવો જોઈએ. નવી પેઢીને હજુ તેમનો પરિચય નથી થયો. ત્યારે 'મધર થેરેસા કોણ હતા?' એવા પ્રશ્ન હવે બાળકો કરે છે. જો બધા આજે જીવતાં હોત તો કદાચ તેમણે પ્રત્યુત્તર વાળ્યો હોત - 'મારા વ્હાલા ભાઈ હું તમને ચાહું છું, તમારી ચિંતા કરું છું. તમે વધારે સારા ઈન્સાન બનો તે માટે પ્રાર્થના કરીશ.'

મિલેગ્રેસ ચર્ચના સભાપુરોહિત ફાધર વેલેરિયન ડી'સોઝાએ, મધર થેરેસાએ જીવનકાળ દરમિયાન બે વખત મેંગ્લોરની લીધેલી મુલાકાતની યાદ અપાવી હતી. તેમણે ઉમેર્યું હતું :'તેમની પ્રત્યેક મુલાકાતે પ્રેમ અને સંભાળનો સંદેશ આપ્યો હતો. માનવીના દિલ-દિમાંગમાં થતા પરિવર્તનને રોકવા દુનિયાની કોઈપણ તાકાત કામયાબ નથી. મધરે અદનામાં અદના આદમીમાં ઈશ્વરનો ચહેરો જોયો હતો. જે દુનિયામાં સંપત્તિને જ સર્વાપરિ માની, ગરીબને કૂતરા કરતાં બહત્તર ગણવામાં આવતાં, તેનું માનસ પરિવર્તન કર્યું. કોઈપણ, કંઈપણ બોલે પણ આપણે તો મધર થેરેસાએ ચીંધેલા રાહે જીવવાનું છે.' – DAIJIWORD

**નવી દિલ્હી :** ભારતના મુખ્ય ન્યાયાધીશે, ૩જી એપ્રિલ, ૨૦૧૫ એટલે કે 'ગુડ ફ્રાઈડે'થી ત્રણ દિવસ માટે, ભારતનાં તમામ રાજ્યના મુખ્ય ન્યાયાધીશની એક બેઠકનું આયોજન કર્યું હતું એ દુભાવ્યપૂર્ણ વ્યવહારની ધ કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયાએ સખેદ નોંધ કરી છે.'પવિત્ર શુક્રવાર'ના રોજ વિશ્વભરના ખ્રિસ્તીઓ, માનવજાત સાથે ઈસુના ક્સારોહણનું પુણ્ય સ્મરણ ભારે ભક્તિભાવથી કરે છે. બિનખ્રિસ્તીઓ પણ સદ્‌ભાવના પૂર્વક 'પવિત્ર શુક્રવાર'ની પવિત્રતા જાણે છે. વળી આ 'પુણ્ય સપ્તાહ' દરમિયાન સદીઓથી જૂની પરંપરા પ્રમાણે ખ્રિસ્તીઓ ઉપાસના વિધિઓમાં ભાગ લે છે ત્યારે અતિ પવિત્ર દિવસે જ ત્રિદિવસીય બેઠકનાં આરંભ કરીને ધાર્મિક લઘુમતીઓની લાગણીને ઠેસ પહોંચાડી છે. ખ્રિસ્તજયંતી, પવિત્ર શુક્રવાર અને પાસ્ખાપર્વ, સમગ્ર ખ્રિસ્તી સમુદાય માટે ભગવાન ઈસુના જન્મ, મરણ અને પુનરુત્થાનું સ્મરણ કરવાના પુનિત તહેવાર છે, આજ દિવસોમાં ઈરાદાપૂર્વક કે અજાણતાં આ પ્રકારના જાહેર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રના ખ્રિસ્તી સમુદાય માટે ચિંતાનું કારણ બને છે. ભારતના માનનીય મુખ્ય ન્યાયાધીશ તેમજ શાસનકર્તાઓને આ પ્રમાણે તહેવારોના દિવસોમાં જ આ પ્રકારના જાહેર કાર્યક્રમનું આયોજન ટાળવા ભારતના ધર્માધ્યક્ષશ્રીઓ અનુરોધ કરે છે. – CBCI

### પાસ્ખાપર્વની શુભેચ્છાઓ

**નવી દિલ્હી :** ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, દેશના ખ્રિસ્તીસમુદાયને પાસ્ખાપર્વના રવિવારે, તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી અને ભગવાન ઈસુ ખ્રિસ્તના શિક્ષણ મારફતે વિશ્વમાં ન્યાય અને સહિષ્ણુતાના પ્રસાર માટે અનુરોધ કર્યા હતો. "દરેકને પાસ્ખાપર્વની હાર્દિક શુભકામનાઓ. આજનો તહેવાર સમાજમાં ભાઈચારો અને બંધુત્ત્વની ભાવના ફેલાવે એ જ અભ્યર્થના." જગતના તારણ માટે, ક્રૂસારોહણ અને ત્યાર પછી મૃત્યુમાંથી સજીવન થયેલા પ્રભુઈસુના પાસ્ખાપર્વની ઉજવણી સમગ્ર ભારતમાં ઠેરઠેર જોવા મળી હતી. 'ઉઠ્યો છે આલ્લેલુયા ખ્રિસ્ત'ના બુલંદ સ્વર અને બેન્ડના અવાજ સાથે પૂર્વભારતનાં ઘણાં રાજ્યમાં સવાર ગાજી ઉઠી હતી. વિભિન્ન ચર્ચ દ્વારા દેવળો અને શેરીઓમાં દિવસ દરમિયાન પ્રાર્થનાઓ તથા જાહેર ઉજવણી કરવામાં આવી હતી.

– Indian Express com

# ધર્મગુર્જરી

## પાસ્ખા પર્વની ઉજવણી

**વડોદરા :** ઝેવિયરનગર, નવા યાર્ડમાં સોસાયટીના કોમન પ્લોટમાં પાસ્ખાપર્વની ઉજવણી ૫મી એપ્રિલના રોજ ઉલ્લાસભેર કરવામાં આવી. વડીલો અને બાળકો માટે સંગીત ખુરશીની રમત આનંદપ્રદ હતી. પ્રાસંગિક પ્રવચન અને આઈક્રિમ પાર્ટી દ્વારા ઉજવણીનું સમાનપન થયું હતું.

— જોયસી ફ્રેડ્રિક મેકવાન

## પરમાર્થ દિન

**અંકલેશ્વરઃ** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, નિત્ય સહાયક માતા કોન્ફરન્સના ઉપક્રમે ૨૧ માર્ચ, ૨૦૧૫ના રોજ તાડપત્રના રવિવારે 'પરમાર્થ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં અંદાજે ૩૦૦ જેટલાં આદિવાસી ભાઈબહેનો સામેલ થયાં હતાં. વળી સેન્ટ્રલ કાઉન્સિલ વસઈ અને અમદાવાદના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

ખ્રિસ્તયજ્ઞ બાદ લાભાર્થીઓ સાથે ક્રૂસના માર્ગની ભક્તિનું આયોજન કર્યું હતું. સમૂહ ભોજન પહેલાં તેમને અનાજ, કપડાં અને રોકડ ભેટ આપવામાં આવી હતી. — મકવાણા રાજેશ એમ. દ્વારા

## હીરક જયંતી

**વડોદરાઃ** જીવનદર્શન ખાતે ધર્મગુરુ સેબાસ્તિયન મનુચેરિલે પુરોહિતદીક્ષાની ૬૦મી વર્ષગાંઠની ઉજવણી પરિવારજનો અને સંન્યસ્તો અને ઈસુસંઘના પ્રાંતધ્યક્ષ ફ્રાન્સિસ પરમાર એસ.જે. સાથે કરી હતી. ઈસુસંઘી હાકલ, પુરોહિતપદ અને ભારત હાઈસ્કૂલ, ભૂજને સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-ભૂજમાં પરિવર્તિત કરવાના ઈશ્વરીય વરદાન માટે ખ્રિસ્તયજ્ઞ દરમિયાન આભાર માન્યો હતો. અભિનંદન.

— ફાધર વિલિયમ પિયુષ

## વેદનામૂર્તિ માતાના મેળામાં

**નડિયાદઃ** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, નિર્મલ મિરિયમ કોન્ફરન્સના ૩૩ લાભાર્થીઓને સામાન્ય રૂા. ૫૦/- ટોકન ચાર્જથી ૧૫ માર્ચ, ૨૦૧૫ના રોજ વેદનામૂર્તિ માતાના મેળામાં - કાટકૂવા યાત્રાનું સફળ આયોજન કર્યું હતું. તેમની સાથે સોસાયટીના સભ્યગણ અને સિનિયર સિટીઝનના સભ્યગણ બસમાં જોડાયા હતા. સવારે કાટકૂવા પહોંચી જતાં જ ક્રૂસના માર્ગની ભક્તિમાં જોડાયા અને વેદના મૂર્તિ માતા મરિયમના ડુંગર પર પહોંચી ખ્રિસ્તયજ્ઞમાં હાજરી આપી હતી. વળતી યાત્રામાં ઉમરપાડા દેવળની મુલાકાત અને સરદાર સરોવર બંધ નિહાળ્યો હતો.

— દાનિયેલ ક્રિસ્ટી.

## યુવા પ્રતિભા પુરસ્કાર

**સુરત :** ૨૧ માર્ચ, ૨૦૧૫ના રોજ સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલને 'યુવા પ્રતિભા પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષામાં, વિશેષ કરીને, વિદ્યાર્થિનીઓનું ૧૦૦% પરિણામ મેળવ્યું હોય તેવી શાળાને, ગુજરાતના મુખ્યમંત્રી તરફથી આ પુરસ્કાર આપવામાં આવે છે. છેલ્લાં પાંચ વર્ષની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, સુરત સતત આ પુરસ્કાર પ્રાપ્ત કરે છે. જેમાં પ્રત્યેક વર્ષ રૂા. ૧૧૦૦૦/- નગદ પુરસ્કાર પણ મળ્યો છે. પરંતુ આ વર્ષ ૨૦૧૪-૧૫નાં આ પુરસ્કાર રૂા. ૫૦,૦૦૦/- છે, વળી સુરત શહેરની ચાર શાળાઓને આ પુરસ્કાર મળ્યો છે, તેમજ સુરત જિલ્લાને પણ યુવા પ્રતિભા પુરસ્કારનું સન્માન મળ્યું છે. અભિનંદન.

— સૌજન્ય : ગુજરાત જેસુઈટ, સમાચાર

## સ્ટાફ માટે રિટ્રીટ

**ઊંટેશ્વરી (કલોલ) :** કૈરા સોશ્યલ સર્વિસ સોસાયટીના ક્રિશ્ચિયન સ્ટાફ માટે તપઋતુ દરમ્યાન તા. ૨૩ થી ૨૫ માર્ચ - ૩ દિવસ માટે બાઈબલના પવિત્ર વચન અને મૂલ્યો સમજાવવા બોચાસણના સભાપુરોહિત ફાધર ડો. આરસકુમાર દ્વારા માતા મરિયમના પવિત્રધામ ઊંટેશ્વરી, કડી-કલોલ ખાતે ભક્તિનું ભાથું પૂરું પાડવામાં આવેલ હતું. ધર્મગુરુ કુમારે ખાસ તો બાઇબલમાંથી નવી દુનિયાના સર્જનની વાત પર ભાર મૂકીને. દરેક ખ્રિસ્તી સામાજિક કાર્યકરે ઈશ્વરની દુનિયા કેવી બનાવવાની છે તે વાત કરી હતી. બીજા દિવસે સામાજિક કાર્ય વિશે, બાઇબલ શું કહે છે તે ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. અને છેલ્લા દિવસે બાઇબલમાંથી નેતાના કાર્યો વિશે અને નેતા કેવા હોવો જોઈએ, વિશે સમજૂતી પાડવામાં આવી હતી.

ત્રણેય દિવસ દરમ્યાન અલગ અલગ રીતે ક્રૂસના માર્ગની ભક્તિ તથા ગુલાબમાળાની ભક્તિ, પ્રીતસંસ્કારની આરાધના, ખ્રિસ્તયજ્ઞ, ધર્મબોધ, ફિલ્મ વગેરે દ્વારા પવિત્રમય વાતાવરણ બનાવવામાં આવ્યું હતું. ધર્મગુરુ ગીરીશ એસ.જે. અને ધર્મગુરુ પ્રસાદ એસ.જે.એ ઊંટેશ્વરી ધામનો ધાર્મિક ઇતિહાસ તથા બાઇબલ દ્વારા ચાલતાં સામાજિક કામ વિશે બાઇબલ શું જણાવે છે તેની ઝીણવટપૂર્વકની સમજૂતિ આપેલ હતી. અમે સહુ ૩૫ જેટલાં સ્ટાફે સંત આન્નાના સાધ્વીબહેનો દ્વારા સંચાલિત જીવનસંધ્યા, ઘરડાંઘર અને માધુર્ય ભુવન - મંદબુદ્ધિના બાળકોની શાળાની પણ મુલાકાત લીધી હતી. આધ્યાત્મિક કસરત દ્વારા ઘોંઘાટિયા વાતાવરણથી દૂર થઈને નિયામકશ્રી ધર્મગુરુ જોસેફ અપ્પાઉના માર્ગદર્શન હેઠળ શાંતિ, નિર્મળતા અને પવિત્રતાના સાંનિધ્યમાં કામથી દૂર રહીને પ્રાર્થનામય વાતાવરણમાં અલગ દુનિયાનો અનુભવ મેળવીને દરેક કર્મચારીએ શાંતિ અનુભવી હતી.

— શૈલેષ જે. ખંભાલિયા

## વિન્શેન્શિયન કાર્યશાળા

નડિઆદ : ૨૧, ૨૨ માર્ચ, ૨૦૧૫ના રોજ સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદના નેજા હેઠળ સમગ્ર વિન્શેન્શિયન પરિવારે, રેવ. ફાધર હેરી પિન્ટોના માર્ગદર્શનમાં, પાસ્ટર સેન્ટર ખાતે એક કાર્યશાળામાં ભાગ લીધો હતો જેમાં ૧૧૦ સભ્યગણે હાજરી આપી હતી. ફાધરે બન્ને દિવસે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા 'નબળાઈઓથી પરિચિત બની વિકાસની સંભાવના' માટે નક્કર માગદર્શન આપ્યું હતું. પોતાની 'મિલકત' અને ફરજનાં લેખાંજોખાં, જીવનના સુખદ

દુઃખદ બનાવ, સમાધાન કરવા અને જવાબદાર બનવા તેમણે અનુરોધ કર્યો હતો. બાઈબલના આધાર ટાંકીને પરમાત્માની અસીમ કૃપા અને શક્તિનો અહેસાસ રોજબરોજના જીવનમાં કરી સ્વયં સુખી બની અન્યને પણ સુખી કરવા આગ્રહ કર્યો હતો. જવાબદારીપૂર્ણ વ્યવહારથી અલિપ્ત કરી કેવી રીતે ઈશ્વરના આયોજનને ધૂળમાં ફેરવી નાખ્યું તેનું અવલોકન કરી પશ્ચાતાપ અને પાપ સ્વીકાર (પ્રાયશ્ચિત સંસ્કાર) માટે તેમણે સભાગણને તૈયાર કર્યા હતા. પાસ્ટર સેન્ટર, સંત જોસફ સેમિનરી, લોયલા અને સેંટ પેરીસ અર્ચના પુરોહિતગણનો ખ્રિસ્તયજ્ઞ તેમજ પ્રાયશ્ચિત સંસ્કાર અંગીકાર માટે લાભ મળ્યો હતો. — સીરિલ મેકવાન

## ષષ્ટિપૂર્તિ મહોત્સવ

પેટલાદ : મરિયામપુરામાં માતા મારિયાની ટેકરીની સ્થાપનાનો ષષ્ટિપૂર્તિ મહોત્સવ ૨૮ માર્ચ, ૨૦૧૫ના રોજ માનનીય ધર્માધ્યક્ષ શ્રી થોમસ મેકવાનના સાન્નિધ્યમાં ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ઉજવાયો મરિયમ ભક્ત ઈસુસંઘી પુરોહિતગણની દીર્ઘદૃષ્ટિએ મરિયામપુરા ગામ, ધર્મવિભાગ અને અખંડ આરોગ્ય માતાતીર્થધામનું નિર્માણ થયું તેનો ઈતિહાસ સાક્ષી છે, વળી રીલિજિયસ ઓફ જિસસ એન્ડ મેરી તેમજ લીટલ ડોટર્સ ઓફ સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરને સાધ્વીસંઘનાં બહેનોએ ઘેર ઘેર ગુલાબમાળાની ભક્તિ કરતાં, જાહેરમાં ભક્તિ માટે માતા મારિયાની ટેકરીની આવશ્યકતા માટે અનુરોધ કરતાં, ૬૦ વર્ષ પહેલાં ૨૫-૦૩-૧૯૫૫માં ભક્તો માટે આ ટેકરીનો આશીર્વાદ થયો હતો.

મહોત્સવમાં ગામના સંન્યસ્તો દીકરા દીકરીઓ તેમજ ધર્મવિભાગના ભૂતપૂર્વ વર્તમાન પુરોહિતગણને તેડાંવ્યાં હતાં, અને બિશપશ્રી સાથે સૌનું શાલ ઓઢાડી સન્માન પણ કર્યું હતું. સામૈયું, ખ્રિસ્તયજ્ઞ અને સન્માન કાર્યક્રમમાં સૌ હરખભેર જોડાયા હતા. ટેકરીના નવીનીકરણમાં બિનખ્રિસ્તી કલાકસબીઓએ પણ વિનામૂલ્યે, અમૂલ્ય સેવા આપી. મા પ્રત્યેનો આદર જાહેર કર્યા હતો.

— રાયમુન્દ સોખડિયા

## નિઃશુલ્ક નિદાન-સારવાર શિબિર

**ઊંટેશ્વરી (કલોલ) :** એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રીમતી શાન્તાગૌરી રસિકલાલ શાહ કોલેજ ઓફ ફિજિયોથેરેપી કડી અને ઊંટેશ્વરી સંમિલિતાલય તાલીમ (વિકલાંગ માટે કામ કરતી સ્વૈચ્છિક ઈસુસંઘી સંસ્થા)ના સયુંક્ત ઉપક્રમે સંધ્યાવિશ્રામના વૃદ્ધ દાદા-દાદી માટે નિઃશુલ્ક નિદાન અને સારવાર શિબિરનું આયોજન ૭મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ કર્યું હતું, જેમાં ઉત્તમ ગુજરાતના પ્રણેતા પૂજ્ય ગારીઝ બાજુ, વર્તમાન સંચાલક ગિરિશબાપુ, ઈરાણા અને બુડાસણ સરપંચશ્રીઓ, સંધ્યા વિશ્રામના સંચાલિકા સિ. રોસાલિયા ઉપસ્થિત રહ્યાં હતાં. શિબિરમાં કમર, ઘૂંટણ, ખભો, ગરદન અને સાંધાના દુઃખાવો, એમ વૃદ્ધાવસ્થાના વિવિધ બીમારીઓનું નિદાન અદ્યતન સાધનો અને નિષ્ણાત તજજ્ઞ દ્વારા કરવામાં આપ્યું હતું, જેમાં ડો. પ્રકૃતિ મોટકા અને ડો. રુચિર પટેલની સેવા મળી હતી.

સંધ્યાવિશ્રામના સિસ્ટર રોઝાલિયા તેમજ આશ્રમનાં ગિરીશબાપુ ઉપરાંત ઉત્તર ગુજરાતના સ્થાપક મિશનરી ગારીઝબાપુની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને આશીર્વાદિત કર્યો હતો. — અશ્વિન સાયમન પરમાર


ST ANN'S GROUP OF INSTITUTIONS
MULKI, MANGALORE - 574 154

- શું તમે ધો. ૧૦ અને ધો. ૧૨ ની ઓછી ટકાવારીથી ચિંતામાં છો ?
- શું તમને સાયન્સના કોર્ષ મેળવવામાં તકલીફ પડે છે ?
- શું તમે ધો. ૧૨ને સમકક્ષ ડીપ્લોમાં કોર્ષમાં એડમીશન મેળવવા માંગો છો ?
- શું તમે ડાયરેક્ટરેટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ પેરા મેડીકલ બોર્ડ તેમજ ગર્વમેન્ટ એપ્રુવ્ડ ડીપ્લોમા કોર્ષમાં એડમીશન મેળવવા માંગો છો ?
- શું તમે ડીપ્લોમા કોર્ષ કમ્પલીટ કરી તેજ વિષયમાં ગ્રેજ્યુએટ થવા માંગો છો ?

જો તમારો જવાબ હા હોય તો, સંપર્ક કરો ....

સેંટ આન્સ પેરા મેડીકલ કોલેજ
મુલ્કી, મેંગલોર – ૫૭૧૫૪
ફોન : ૦૮૨૪ – ૨૨૯૩૮૮૦, ૨૨૯૩૮૮૧, ૨૨૯૦૫૦૫ ફેક્સ : ૦૮૨૪ – ૨૨૯૩૮૮૨
Visit us at www.saintanns.in E-mail : saintanns2003@gmail.com

PRESENTS THE FOLLOWING PROFESSIONAL COURSES IN

1. DIPLOMA in Medical Laborary Technology - DMLT
2. DIPLOMA in X-Ray Technology - DXRT with CT SCAN and MRI

SALIENT FEATURES

- Recognised by directorate of Medical Education Paramedical Board & Govt. Karnataka
- Eligibiliy . S.S.L.C. / X / S.S.C. or equivalent. Duratio : Three Years.
- PUC Science - Duration Two Years
- First Year Syllabus for Xth & PUC - Non Science Candidates are English, Physics, Chemistry & Biology only
- Diploma Certificate obtained is equivalent to XIIth Science Combination
- Qualified Candidates are eligible for B.Sc. Course in Biology
- Qualified Candidates Eligible for Graduate Course in Respective Subjects
- Diploma Courses are recognized by Rajiv Gandhi University of Health Sciences. Bangalore for Pursuing B.Sc. Degree course with second year lateral entry directly
- Qualified candidates can enroll for Graduate Programs On respective Subject. While employed

ERIC. C LOBO
Chairman
Mob... 98451 05181

Rev. Sr. LUCY RODRIGUES
Principal
Mob..: 94483 89287

For further details contact office on all working days between 9.00 a.m. and 5.00 p.m.

GUJARAT REP.
CHARLS MORAS
17, Yogidham Society
University Road,
Rajkot. Mob.: 9426227519

Managed by :
LOBO TEACHERS FOUNDATION
Jos Villa, D. No. 15-13-785, Kadri Cocount Garden Road,
Mangalore - 575 002. Ph. : 0824 2215488

# વિશેષ અહેવાલ

### જિયો દિલસે એવોર્ડના વિજેતા - નિર્મળાબેન પરમાર

મધર ટેરેસાના જીવનથી પ્રભાવિત થઈને ‘જનસેવા એજ પ્રભુ સેવા’ના મંત્રને પોતાના જીવનમાં સાકાર કરી રહેલાં નિર્મળાબહેન ગિરધરભાઈ પરમારને તાજેતરમાં ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૫ અમદાવાદની રાજપથ ક્લબ ખાતે ૯૪.૩ My FM Jiyo Dilse Awards IIIથી સન્માનિત કરાયાં છે. કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે નિર્મળાબહેનને એવોર્ડ અર્પણ કરાયો હતો.

‘માય એફ એમ’એ દેશભરમાંથી ૨૦ એવા લોકોને પસંદ કર્યા હતા, જેઓ બીજા માટે જીવી રહ્યાં છે અને સમાજને નવી દિશા આપી રહ્યાં છે.

આપણા સૌ માટે ગૌરવ લેવા જેવી વાત એ છે કે આણંદ જિલ્લાની રાસનોલ ગામનાં વતની નિર્મળાબહેન છેલ્લાં ૧૫ વર્ષની ગાંધીનગર જિલ્લાના મગોડી ગામમાં નિર્મળ સેવા ટ્રસ્ટ સંચાલિત રાહેલબા (તેઓશ્રીનાં માતૃશ્રીના નામે) વૃદ્ધાશ્રમ ચલાવી રહ્યાં છે. તેઓશ્રી વૃદ્ધો - અશક્તોને આશ્રય, શિક્ષણ સેવામાં મદદ તથા ગરીબોને સહાય કરવામાં પ્રવૃત્ત છે.

તેઓશ્રીનું પ્રશંસનીય કાર્ય, રાહેલબા વૃદ્ધાશ્રમનાં નાત-જાત કે ઊંચનીચના ભેદભાવ વિના જરૂરિયાતમંદ વૃદ્ધ ભાઈ-બહેનોને આશ્રય આપવામાં આવે છે. હાલમાં ૨૬ પુરુષો અને ૧૬ સ્ત્રીઓ છે. તેઓને રહેઠાંણની સાથે દરેક પ્રકારની નાની-મોટી સહાય પૂરી પાડવામાં આવે છે. વૃદ્ધવસ્થાની સાથે સાથે તેઓ છેવાડાના લોકોને બરાબરીનો હક્ક અપાવવા, ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકોનું દાનાર્પણ, મેડિકલ કેમ્પ યોજવા તથા ફિઝિકલી ચેલેન્જ અને ડિપ્રેસનમાં આવેલા લોકોનું કાઉન્સેલિંગ કરવું એ તેમનાં મહત્ત્વનાં કામો છે.

વાસ્તવમાં નિર્મળાબહેનનાં સમાજ સેવા-સાદગી-સમર્પણ સૌ કોઈ માટે સ્ત્રી શક્તિનું દૃષ્ટાંત બની રહે છે. સૌએ એમના વૃદ્ધાશ્રમની અવશ્ય મુલાકાત લેવી જોઈએ. નિર્મળાબહેનનાં વિશિષ્ટ સેવાકાર્યો પર સદા પરમપિતાનો આશીર્વાદ ઊતરતો રહે અને આપણા સૌનો સાથ-સહકાર તેઓને સાંપડતો રહે તેવી પ્રાર્થના અને શુભેચ્છા!

વૃદ્ધજનોની નિઃસ્વાર્થ સેવામાં જીવન સમર્પિત કરનારાં નિર્મળાબહેનને કોટિ કોટિ અભિનંદન!

(સૌજન્ય : સંસ્થાના ઉપપ્રમુખ યશવંતસિંહ ઝાલા)

— ઈન્દુ રાવ

## મૌન રેલી

છેલ્લા દસ મહિનામાં ખ્રિસ્તી સમુદાય પર ૧૫૧ હુમલાઓ થયા છે. તાજેતરમાં રાણાઘાટ પશ્ચિમબંગાળમાં જીસસ એન્ડ મેરી કોન્વેન્ટ સ્કૂલમાં રૂા. ૧૨ લાખની લૂંટ તથા શાળાના સંચાલિકા ૭૨ વર્ષીય સાધ્વીબેન પર નરાધમોએ અમાનુષી બળાત્કાર કર્યો. આ ઘટનાથી સમગ્ર ખ્રિસ્તી સમુદાય આઘાતમાં ડૂબી ગયો છે. અમુક સંગઠનો ‘ઘરવાપસી’ જેવા કાર્યક્રમો યોજી ખ્રિસ્તી સમુદાય તરફ ધૃણા અને તિરસ્કારની લાગણી ફેલાવે છે. આવાં ફાસીવાદી તત્ત્વોએ કાયદો અને વ્યવસ્થા પોતાના હાથમાં લઈ લીધાં છે, અને આ જૂથો દેશના બિનસાંપ્રદાયિક બંધારણને બદલવા માગે છે શું આ છે. માનનીય પ્રધાનમંત્રીનું વિકાસ મોડેલ?

આ વિકટ પરિસ્થિતિમાં આપણો અવાજ ઉઠાવવા આપણા બિશપ પૂજનીય થોમાસ મેકવાનની સૂચનાથી મૌન રેલીનું આયોજન વિચારાર્યું. આપણા સભાપુરોહિત ફાધર આલ્બર્ટના માર્ગદર્શન હેઠળ પેરિશનાં વિવિધ આધ્યાત્મિક મંડળોના હોદ્દેદારો, મહિલા મંડળો તથા આણંદ ડીનરીના પ્રતિનિધિઓની મિટિંગ મળી, તથા રેલીની રૂપરેખાનું આયોજન થયું. સૌથી ગૌરવની વાત તો એ છે કે શ્રી દિનેશ ઓઝા તથા રાજેશ ઝાવિયેરના પ્રયત્નોથી આણંદ શહેરની વિવિધ ખ્રિસ્તી મંડળીઓના પદાધિકારીઓની મિટિંગ યોજાઈ અને સૌએ એકમતે રેલીમાં જોડાવવા ખાતરી આપી.

તા. ૨૬મી એ ‘ખ્રિસ્તી એકતા સમિતિ’ના નેજા હેઠળ સવારે ૯:૩૦ કલાકે ગાંધીજીની પ્રતિમા રેલવે ગોદીથી રેલીનો શુભારંભ થયો. રેલીમાં ગામડી આણંદ પેરિશના ધર્મગુરુઓ, સાધ્વીબેનો તથા મોટી સંખ્યામાં ધર્મજનો જોડાયા. આણંદ ડીનરીના વિવિધ પેરિશ-ખંભોળજ, લીમડાપુરા, જીસસનગર, કરસસદ, ચાવડાપુરાના ધર્મગુરુઓ, સાધ્વીબેનો, ધર્મજનો ઉપરાંત સાલ્વેશન આર્મી, સી.એન.આઇ ચર્ચ, મેથોડિસ્ટ મંડળીઓ તથા વિવિધ મંડળીના પધાધિકારીઓ તથા ધર્મજનો રેલીમાં જોડાયા. રેલીનો એક છેડો અમૂલ ડેરીએ હતો તો અંતિમ છેડો ગાંધીજીની પ્રતિમા પાસે હતો. ૬ થી ૭ હજાર ધર્મજનો રેલીમાં હાજર રહ્યા. ગામડી-આણંદના યુથગ્રૂપે બેનરો તૈયાર કર્યા. સિનિયર સિટીઝન ફોરમે કાળી પટ્ટીની વ્યવસ્થા કરી હતી. રેલીના અંતે સેવાસદન ખાતે સભાપુરોહિત ફાધર આલ્બર્ટ વિવિધ મંડળીના પાળક સાહેબો, શ્રી દિનેશ ઓઝાએ કલેક્ટરશ્રીના પ્રતિનિધિની આવેદનપત્ર આપ્યું. આવેદનપત્ર આપ્યા બાદ શ્રી દિનેશ ઓઝાએ જણાવ્યું કે આપણી લાગણી, રાજ્યસરકાર, પ્રધાનમંત્રી તથા રાષ્ટ્રપતિ સુધી પહોંચવા કલેક્ટરશ્રીને વિનંતી કરી છે. સાલ્વેશન આર્મીના પાળક સાહેબ પ્રાર્થના કરાવી રેલીને સફળ રીતે પૂર્ણ જાહેર કરી.

રેલીને સફળ બનાવનાર તમામ ધર્મજનો, ધર્મગુરુઓ, સાધ્વીબેનો, વિવિધમંડળીના પાળક સાહેબોને અભિનંદન. મીડિયાએ પણ રેલીની નોંધ લીધી. — પીયૂષ એમ. પરમાર

## ફ્લેટની કિંમતમાં તમારું પોતાનું ઘર

## N.A., N.O.C., Title Clear

# Purshottam Park

### ૨ બેડરૂમ + બેઠકરૂમ + રસોડાના અદ્યતન રો-હાઉસ



- દરેક રો-હાઉસની આગળ ૫'૬" જગ્યા.
- દરેક રો-હાઉસને પોતાનો સ્વતંત્ર પાણીનો બોર.
- અગાસીમાં જવા માટે સુવ્યવસ્થિત દાદર કેબિન સાથે.
- સોસાયટીની અંદરના P.C.C.ના પાકા રસ્તા.
- સોસાયટીનો સુંદર મેઈન-ગેટ.
- દરેક રો-હાઉસના સ્વતંત્ર પાર્કિંગ એરિયામાં પેવર બ્લોક.
- સોસાયટીના મેઈન રોડ ૨૫' પહોળા.
- શરતોને આધીન.

### ૩ બેડરૂમ + હોલ + કિચન + ડાઈનીંગના સુઆયોજિત બંગ્લોઝ



- સેમ્પલ હાઉસ રેડી
- દરેક બંગ્લોઝને પોતાનું સ્વતંત્ર કાર પાર્કિંગ.
- દરેક બંગ્લોઝને પોતાનો આગવો પાણીનો બોર.
- અગાસીમાં જવા માટે સુવ્યવસ્થિત R.C.C. દાદર કેબિન સાથે.
- સોસાયટીમાં P.C.C.ના પાકા રસ્તા.
- સોસાયટીના મેઈન રોડ ૨૫' પહોળા.
- દરેક બંગ્લોઝના પાર્કિંગમાં પેવર બ્લોક ફિટિંગ.
- સોસાયટીનો સુંદર મેઈન ગેટ.
- શરતોને આધીન.

**વધારે વિગત માટેઃ**

**૮૮૬૬૧ ૬૮૯૨૭, ૯૯૨૪૬ ૮૬૬૦૦**

**સાઈટ એડ્રેસઃ**

પુરષોત્તમ પાર્ક, ગ્રીનલેન્ડ સોસાયટીની બાજુમાં,
સરકારી વસાહત પાછળ,
મિશન રોડ, નડીઆદ - ૩૮૭૦૦૨



# 'TRIBUTE'

Born
11/03/1946

Left for her heavenly abode
10/03/2015

***Miss Catherine Aloise Macwan*** *(Retired Matron, Petlad Civil Hospital) passed away on 10th March, 2015 at Anand.*

She was a highly respected but simple lady, a gifted person, forgiving and caring, loving and helping and a divine gentle soul.

May her soul find eternal peace in the Lord Jesus whom she trusted and loved till the end.

*A loving tribute on behalf of the big family of friends, neighbors and all her near and dear loved relations created by her at Valasan, Karamsad, Nadiad, Petlad, Kheda, Anand, Ahmedabad and Bhavnagar.*

**Mr. Ignas Carl Macwan**
**and all loved ones at Bhavnagar**
**rualjim@yahoo.com +919426461279**



# ૩૧ મે, ૨૦૧૫

# સંત ફ્રાન્સિસ ઝેવિયર્સ ચર્ચ દૂધની

## દાદરા અને નગર હવેલી

## છાલો રે ચાલો

## ડુંગર માતાના દર્શન માટે ચાલો... દૂધનીનાં ડુંગર પર ચાલો

*માતા મરિયમનું માન સન્માન કરીએ*
*આપણી વિનંતી પ્રાર્થના અર્પણ કરીએ*
*૩૧મી મે આ શુભ તહેવાર ઉજવીએ.*




---

## મુખ્ય મિસ બલિદાનનું આયોજન

## ૧૦.૪૫ કલાકે (મરાઠી)

Main Celebrant: Most Rev. Filipe Neri Ferrao,
*Archbishop of Goa Daman*

## વિવિધ ભાષામાં મિસ બલિદાનનું આયોજન

સવારે : ૬.૦૦ કલાકે - મરાઠી
૭.૦૦ કલાકે - ગુજરાતી
૮.૦૦ કલાકે - મરાઠી
૯.૦૦ કલાકે - અંગ્રેજી
૯.૫૦ કલાકે - પોર્ટુગીઝ
૪.૦૦ કલાકે - મરાઠી (સાંજે)

---

## પ્રાયશ્ચિત સંસ્કાર

સવારે : ૫.૦૦ કલાક થી બપોરે ૧૨.૩૦ કલાક સુધી
સાંજે ૩.૦૦ થી ૪.૩૦ કલાક સુધી
ભાષા: મરાઠી, ગુજરાતી અને અંગ્રેજી

---

***For more Information***

**Contact:**
**Parish Priest, St. Francis Xavier Church, Dudhni**
**Tel: 08156051799**

PAVAN HRUDAYA DOOT, May, 2015 No. of Pages 68 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

# Happy 50th Anniversary





## મોસીસ બી. મેકવાન ★ સુશીલા એમ. મેકવાન

**સ્નેહમિલનઃ ૦૨-૦૫-૧૯૬૫ – ૦૨-૦૫-૨૦૧૫**

**સુ**ખની છાયા અમને આપી વેઠ્યાં દુઃખ હસતે-મુખે,
**શી**તળ ને શાંત તમારા ચહેરામાં મમતાનાં દર્શન કર્યાં અમે;
**લા**લન પાલનથી તારા પાલવમાં શીતળ છાયા મળી અમને.

**મો**ટાં કરી લાડકોડથી સ્વર્ગ સમું સુખ આપ્યું અમને.
**સી**ખામણથી જીવનનાં પાઠ ભણાવી પિતૃછાયા આપી અમને,
**સ**રિતા કેરો સ્નેહ વહાવી પાપા પગલી કરતાં કર્યાં અમને,

**મે**હકાવી સુવાસ પ્રેમની ઘરને મંદિર બનાવ્યું તમે,
**ક**ડી બની ઘર પરિવારને જોડીને રાખ્યું સદા તમે,
**વા**તા સુખદુઃખના વાયરામાં ૫૦ વર્ષથી નિભાવ્યો સાથ તમે,
**ન**મન કરી ઋણ અદા કરે તમારાં બાળ, સ્વીકારી લેજો
અમારાં અંતરનાં અભિનંદન.






**તમારાં બાળકો**

**મેકવાન હર્ષદ એમ.**
**મેકવાન રીટા એચ.**
**સ્ટેફી, શેરોન, સિલ્વિયા**

**મેકવાન રાજેશકુમાર એમ.**
**મેકવાન પ્રતિભા આર.**
**હર્ષ**

**મેકવાન સ્ટિવન એમ. (કેનેડા)**
**મેકવાન પ્રજ્ઞા એસ. (કેનેડા)**
**ઍંજલ (કેનેડા)**

**માસ્ટર પ્રવીણચંદ્ર આર.**
**માસ્ટર સ્મિતા પી.**
**ઈશીતા, ઉર્વિશા**

**૫, જીસસનગર, લોટિયા ભાગોળ, આણંદ**


Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan